છેલ્લા ૩૪ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
પોપટલાલ નેણશી ઘરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
શ્રી દિનેશચંદ્ર મહેતા (૦૭૯-૨૬૮૫ ૪૬૪૪)

**ભારતમાં લવાજમ**

| | | |
|---|---|---|
| ૧ વર્ષના | : | રૂા. ૧૫૦/- |
| ૩ વર્ષના | : | રૂા. ૪૦૦/- |
| ૫ વર્ષના | : | રૂા. ૬૦૦/- |
| આજીવન (૧૫ વર્ષના) | : | રૂા. ૧,૫૦૦/- |

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો
ચેક (**Payable at AHMEDABAD**) /
ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

**મુંબઈમાં લવાજમ/જાહેરાત સ્વીકારવાના સ્થળો**

૧. **રમણભાઈ એન. શેઠિયા**
વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે,
સ્ટેશનની સામે, ડોંબીવલી (ઇસ્ટ),
મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧.
ફોન : ૦૨૫૧-૨૮૬૧૧૬૧

૨. **શેઠિયા ટુર્સ**
૨૫-ડી, ગ્રાઉન્ડ ફ્લોર,
કેશવજી નાયક રોડ, ફુવારાની સામે,
ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩

૩. **રશ્મિન્ ખોના**
સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી,
એલ.બી.એસ. રોડ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

- તંત્રી લેખ : ભારતીય પરંપરા કેટલી બુદ્ધિગમ્ય! ........ અશોક મહેતા ........ ૫
- આવાસ યોજના – ઉદ્‌ઘાટન સમારોહ અહેવાલ ........ દિનેશચંદ્ર જગજીવન શાહ ........ ૭
- આવાસ યોજનાના દાતાશ્રીના પ્રાપ્ત થયેલ દાનોના ઑફરની સંપૂર્ણ નામાવલી ........ ૯
- આવાસ યોજના – લાભાર્થીઓને ફાળવાયેલ ફ્લેટની નોંધ ........ ૧૩

*લેખ વિભાગ* :

**કચ્છ**

- કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત
  કચ્છમાં જૈનોની ધાર્મિક પરિસ્થિતિ (પ્રકરણ-૫) ........ ડૉ. નીતા ઠાકર ...... ૨૧
- આઝાદીના છ દાયકા – કચ્છની વિકાસ ગાથા ........ મુકુંદ કે. મહેતા ...... ૨૪
- પર્યટકો માટે કચ્છના ડુંગરાળ પંથક માટે નિસર્ગદત્ત નિર્મળ સ્થળ ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ...... ૨૭
- તવારીખે કચ્છ (ગુજરાત, મુંબઈ, ભારત) ........ સંકલન : હીરલાલ વી. ઉનડોઠવાલા ...... ૨૮
- સ્વાતંત્ર્યોત્તર કચ્છના નારી સર્જકો (ગદ્ય) (પ્રકરણ-૨) ........ વિરાજ દેસાઈ ...... ૩૦
- ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ ........ પ્રવીણચંદ્ર શાહ ...... ૩૩
- પાંચ સદીના વયના ભુજપુરની સ્થાપના, સ્થાપકો અને વિકાસ ........ ચંદર આભિરી ...... ૩૭
- ઝારાનો ભીષણ સંગ્રામ : આશાપુરા માતાજીનો પૂજારી (પ્રકરણ-૮) .. ઠાકરશી પુરુષોત્તમ કંસારા ...... ૪૦
- આ અંકની સત્યકથા : દાનના ગૌરવશિખરની કચ્છી દાતાની યાત્રા ........ ધન રામપરીઆ ...... ૪૧

**માહિતી**

- કચ્છના રાજવંશની વંશાવલી (પુરાણ અને ભાટ લોકોના મત પ્રમાણે) ........ ૪૩
- જામ લાખા જાડેજાથી મહારાઓશ્રી મદનસિંહજી સુધીની ટૂંકમાં વિગતો ........ ૪૭
- ભારત : રાજ્યપાલો અને મુખ્ય પ્રધાનો ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૪૮
- ફેબ્રુઆરી માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મતારીખ....... ગુલાબચંદ ધારશી રાંભિયા....... ૫૦

**જૈન ધર્મ**

- જૈન પરંપરામાં અહિંસાની સાધનાનું મહત્ત્વ ........ પ્રા.ડૉ. રામજીભાઈ સાવલિયા ...... ૫૧
- હિન્દુ-જૈન સર્વ ધર્મ સમભાવ ........ ડૉ. મોહન પટેલ ...... ૫૪
- સંપ્રદાય વિશેની સમજ : સ્થાનકવાસી આઠ કોટી નાની પક્ષ સંપ્રદાય ........ કિશોર કે. ગડા ...... ૫૫

**જીવન ચરિત્ર**

- બાપૂના 'બા' કસ્તૂરબા ........ પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી ...... ૫૬

**વિચાર-વિમર્શ**

- સ્ત્રી સુરક્ષા ધારો "૪૯૮એ"ના લેખા-જોખા ........ મૂરજી ગડા ...... ૫૭
- ધર્મ અને શ્રદ્ધા ........ શાંતિલાલ સંઘવી ...... ૫૯
- આલ ઈઝ વેલ ........ ચિરાગ મૈશેરી ...... ૬૦
- બાળકની નિષ્ફળતામાં પણ એની પડખે રહો ........ ફાધર વર્ગીસ પૉલ ...... ૬૩
- માતૃભાષાનું મહત્ત્વ ક્યારે સમજીશું? ........ ભરત 'કુમાર' પ્રા. ઠાકર ...... ૬૫
- સંશોધન લેખ શ્રેણી : લેખાંક-૪
  વિસ્થાપિતોના પુનર્વસનના આયોજન / અમલમાં પારાવાર અરાજકતા ........ પ્રવીણચંદ્ર શાહ ...... ૬૭
- જીવન દર્શન ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૭૧
- ધૂળે ઢંકાયેલા રત્નો ........ પ્રેષક : શાંતિલાલ સંઘવી ...... ૭૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સમાજ દર્પણ - સાહિત્ય આચમન


- મારા મુલાકાતીઓ ............ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૭૩
- પુનઃ સ્થાપન (લેખાંક-૪) – સત્ય ઘટના ............ પ્રા. પૃથ્વી શાહ ...... ૭૪
- પ્રેરણામૂર્તિ નારી (સત્ય ઘટના) ............ હીરાલાલ શાહ ...... ૭૫
- અધૂરી સાધના – છાત્રાવાસની અલગારી જિંદગીની સત્ય ઘટના ............ ટોકરશી વોરા ...... ૭૭
- બાળલગ્નથી નુકસાની ............ સંજય પી. ઠાકર ...... ૮૦
- બે વચ્ચેનું રહસ્ય ............ પ્રેષક : શાંતિલાલ ગાલા ...... ૮૨
- સુખની ચાવી સાવ હાથવગી ............ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૮૫
- આજીવન રક્તદાન – મૃત્યુ પછી ચક્ષુદાન ............ કમલેશ બાબુભાઈ શાહ ...... ૮૬
- ચક્ષુદાન કરવા માટેનું કૌટુંબિક ફોર્મ ............ ૮૭
- દેહદાન કરવા માટેનું ફોર્મ ............ ૮૯


## પ્રવાસ વર્ણન


- સફર – કેનેડાના રમણિય પ્રદેશોની (લેખાંક-૧) ............ કમલબહેન શાહ ...... ૯૧


## તંદુરસ્તી


- માલિશ ............ ડૉ. ધીરેન ગાલા ...... ૯૨
- ચંચળતા (Hyperactivity) – એક બીમારી...ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ..... ૯૩


## હળવું વાંચન


- અયોધ્યાનો રાવણ અને લંકાના રામ (લઘુ નવલ) (પ્રકરણ-૧૮) ............ દિનકર જોષી ...... ૯૫
- મુંબઈમાં રહેવું હોય તો – ............ અમૃતલાલ નાનજી માલદે ...... ૯૯
- બાળ વાર્તા : વિક્રમ અને વેતાળ (પ્રકરણ-૧૦) ............ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ... ૧૦૦


## હાસ્ય


- પ્રેમી પંખીડાં! ............ ચિત્રસેન શાહ ... ૧૦૧
- બોઘડદાસ બનશે બૉગોદા! ............ કીર્તિચંદ્ર શાહ ... ૧૦૨
- બાલુડેં જ્યું ગાલિયું ............ ગુલાબચંદ ધારશી રાંભિયા ... ૧૦૪


## નિયમિત વિભાગો


- આંજો કાગર ............ ૧૦૫
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ............ સંકલન : દિનેશ મહેતા ... ૧૧૨
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ............ ૧૧૩
- 'મંગલ મંદિર'ના નવેમ્બર/ડિસેમ્બર-૨૦૦૯ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી............ ૧૧૫
- અન્ય સંસ્થાઓના સમાચાર ............ ૧૧૬
- શબ્દ રમત-૪૫ ............ સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૨૧
- જાણવા જેવું ............ સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૨૨
- સુડોકુ – ૧૦૦૨ ............ હરખચંદ સાવલા ... ૧૨૩
- વલોવતન ............ સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ... ૧૨૪
- સંસ્થા સમાચાર ............ ૧૨૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક સમાચાર ............ ૧૩૫
- ઉડતી નજરે ............ ૧૪૦


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Ashish Offset**, 1 Ajay Industrial Estate, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# ભારતીય પરંપરા – કેટલી બુદ્ધિગમ્ય!

*– અશોક મહેતા*

કહેવાય છે કે કાગળની શોધ ચીનમાં થયેલ હતી.

ફાઉન્ટન પેન કે બોલપેનની શોધ પણ અન્યત્ર થયેલ હતી.

પેન્ટ, શર્ટ, ટાઇ, કોટ એ આપણો મૂળ પહેરવેશ નથી. તે આપણે અપનાવી લીધેલ છે.

એજ રીતે જીવન જરૂરિયાતની અનેક વસ્તુઓની શોધ અન્યત્ર થવા પામેલ છે કે જેનો આપણે આપણાં દૈનિક જીવનમાં ઉપયોગ કરીએ છીએ.

સાઇકલ, સ્કૂટર, મોટર સાઇકલ, કાર, ટ્રક વગેરે પ્રકારની બધીજ શોધો વિદેશી છે.

ટ્રાન્ઝીસ્ટર, રેડિયો, વી.સી.ડી, ટી.વી., ટેલિફોન, કોમ્પ્યુટર, વગેરે આપણે અપનાવી લીધેલ સાધનો ભારતીય ભેજાની શોધ નથી. તેની શોધખોળ અન્યત્ર થયેલ છે.

હેલિકોપ્ટર, વિમાન, રોકેટ, સેટેલાઇટ, ચંદ્રયાન વગેરે મૂળ અન્યત્ર પ્રદેશોની શોધો છે.

અણુબોમ્બ, હાઇડ્રોજન બોમ્બ વગેરે પ્રથમ વિદેશોમાં શોધાયેલ હતા.

આઇઝેક ન્યૂટન, આલ્બર્ટ આઇન્સ્ટાઇન, લુઇ બ્રેઇલ, ગેલીલિયો, ચાર્લ્સ ડાર્વિન, થોમસ એડીસન વગેરે ભારતમાં જન્મેલ નાગરિકો નથી. તેમની શોધોએ દુનિયાને કેટલીય સગવડતા બક્ષી છે.

ગણિત અને વિજ્ઞાનના ક્ષેત્રથી આપણે જોજનો દૂર છીએ. જો કે ભારતીય નાગરીકની પ્રતિભા કોઇપણ વિદેશી કરતા ઓછી નથી. ભારતીય નાગરીકની બુદ્ધિમત્તા ખૂબ જ ઊંચી છે.

આ બુદ્ધિ પ્રતિભાએ વિદેશોમાં એક્કો જમાવેલ છે.

વિદેશમાં તેઓની કુશાગ્ર બુદ્ધિ ઝળકી ઉઠેલ છે.

માત્ર દેશમાં જ તેઓને સાનુકૂળ વાતાવરણ મળતું નથી.

ક્યાંથી મળે?

ભારતીય સમાજનું દાયીત્વ એ દૃષ્ટિબિંદુને લક્ષમાં લઇ વિકસી શકેલ જ નથી.

આપણે તો ક્રિયાકાંડોમાં જ મશગૂલ છીએ.

નવા નવા મંદિરો બનાવવામાં મશગૂલ છીએ.

પગપાળાં સંઘો કાઢવામાંથી ઊંચા આવતા નથી. યજ્ઞ અને હોમ હવન કરવાથી આપણે ધન્ય ધન્ય થઇ જઇએ છીએ.

પાંજરાપોળ અને જીવદયાની પ્રવૃત્તિઓમાં તલ્લીન રહીએ છીએ.

પેડી કરીને માતાજી અથવા પીરની અથવા દેવ-દેવીની કૃપા મેળવવામાં માહેર છીએ.

આપણે આ દુનિયામાં શા માટે આવ્યા, આ દુનિયા શું છે? વગેરેની શોધખોળ કરવી આપણને જરૂરી લાગતું નથી.

**દુનિયાના રહસ્યને પામવાની જરૂરત જ અનુભવતા નથી.**

**ગણિત અને વિજ્ઞાન આપણો વિષય જ નથી.**

**આ વાતાવરણમાં નવી નવી શોધખોળ કરવાનું ઉદ્‌ભવે શી રીતે?**

કોણ છે આ માટે જવાબદાર?

ધર્મગુરુઓ અને સમાજ ધૂરંધરો.

શું તેઓ પોતાની દિશા બદલી શકશે?

રજીનીશજી, બંધુત્રિપુટી, ચંદનાશ્રીજીને પણ ઝાંખા પાડી દે તેવા તેજસ્વી ધર્મગુરુઓ પકવવા પડશે!

સમર્થ સમાજ ધૂરંધરોએ પોતાની વૈચારિક દૃષ્ટિ બદલવી પડશે!

અને ત્યારેજ આપણે બુદ્ધિગમ્ય સમાજની રચના કરી શકીશું!

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૩૦૧૫૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## આવાસ યોજના — ઉદ્‌ઘાટન સમારોહ અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ૬૧મો પ્રજાસત્તાક દિવસ ૨૬ જાન્યુઆરી, ૨૦૧૦ અમદાવાદ મધ્યે બહેરામપુરા વિસ્તારમાં આવેલ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના સંકુલમાં તેમજ સમાજના નબળા પરિવારો માટે નવનિર્મિત 'નવનીત ભવન'ના પટાંગણમાં, બરાબર ૯.૦૦ કલાકે આરતી ગ્રૂપ - મુંબઈના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના હસ્તે ધ્વજવંદન કરીને ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ છેલ્લા ૬૦ વર્ષમાં ભારતે કરેલ પ્રગતિનો ચિતાર આપેલ અને તેમણે કચ્છના મુંદ્રા તાલુકાના ભુજપુર ગામે ગરીબો માટે નવનિર્મિત થનારા ૯૦ જેટલા આવાસ માટે અમદાવાદ સમાજને ફાળા માટે અપીલ કરેલ. **આ પ્રસંગે અમદાવાદ સમાજની ગૃહ ઉદ્યોગની પ્રવૃત્તિ માટે તેઓશ્રીએ રૂા. ૧૧ લાખની દાનની જાહેરાત કરેલ હતી.**

આજના શુભ દિવસે શ્રી કચ્છી જૈન સેવા સમાજની સેવાની કારકિર્દીમાં એક યશકલગી ઉમેરાઈ. સમાજના વડીલોના હૈયામાં સમાજના નબળા પરીવારો માટે હિતની લાગણીઓના ઘોડાપૂર દ્વારા "નવનીત ભવન" બનાવી 'આવાસ યોજના' દ્વારા 'ઘરનું ઘર' વસાવવાના સ્વપ્નો સિધ્ધ થયા.

અમદાવાદના બહેરામપુરા મધ્યે આવેલ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના આવાસ સંકુલમાં તેમની પાસેથી જમીન સંપાદિત કરી, તેના ઉપર ચાર માળનું ૪૦ ફ્લેટ ધરાવતું સંકુલ બનાવવાની યોજના નિર્ધારિત સમય પહેલાં પૂરી કરી, લાભાર્થીઓની આવેલ અરજીઓનું ડ્રો સિસ્ટમ દ્વારા તેમને સમર્પિત કરવાનું આયોજન કરવામાં આવેલ હતું. ગ્રાઉન્ડ વત્તા ચાર માળના બિલ્ડિંગમાં દરેક માળે ૭૦ ચો.વાર (૬૩૦ ચો.ફૂટ)ના આઠ ફ્લેટ એમ કુલ ચાલીસ ફ્લેટ બનાવેલ છે. જેમાં ૧ હોલ, ૧ બેડરૂમ, ૧ કિચન તથા બાલ્કની ટોઈલેટ, બાથરૂમની સગવડ આપેલ છે. તેમજ તેમાં દરેક માળે જવા માટે લિફ્ટની સગવડ પણ કરી આપેલ છે. એક ફ્લેટની જમીન સાથે પડતર કિંમત રૂા. ૫ લાખ થવા પામેલ છે. **પરંતુ તે ફ્લેટો લાભાર્થીઓને નજીવી કિંમતે અર્પણ કરવા માટે આજના શુભ દિવસે એક સુંદર મજાનો સમારંભ રાખેલ, જેનું પ્રમુખ સ્થાન મુંબઈ સ્થિત ઉદ્યોગપતિ શ્રી રમેશભાઈ હીરજી ધરોડે સંભાળેલ.**

સવારના ધ્વજવંદન કાર્યક્રમ બાદ બરાબર ૯.૧૫ કલાકે નવનીત ભવન આવાસ યોજનાનું ઉદ્‌ઘાટન મુરબ્બી **શ્રી વલ્લભજીભાઈ ભાણજી ગડાના** વરદ્ હસ્તે કરવામાં આવેલ. ત્યારબાદ ગ્રાઉન્ડ ફ્લોર તથા અન્ય માળની તક્તીઓનું અનાવરણ વિવિધ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ. જેમાં નવનીત ભવન આવાસ યોજનાના મુખ્ય નામની તક્તીનું અનાવરણ અતિથિ વિશેષ **શ્રી રમણિકભાઈ છગનલાલ દેઢિયા,** (૨) ગ્રાઉન્ડ ફ્લોર પરના નામની તક્તીનું અનાવરણ અતિથિ વિશેષ **શ્રી દીપકભાઈ ધારશી ભેદા** દ્વારા, (૩) પ્રથમ માળ પરના નામની તક્તીનું અનાવરણ અતિથિ વિશેષ **શ્રી પારસભાઈ પદમશી મૈશેરી** દ્વારા (૪) દ્વિતીય માળ પરના નામની તક્તીનું અનાવરણ અતિથિ વિશેષ **શ્રી જયેશભાઈ ભાગચંદ જૈન** દ્વારા તથા (૫) તૃતીય માળ પર નામની તક્તીનું અનાવરણ અતિથિ વિશેષ **શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ** દ્વારા કરવામાં આવેલ.

જન મેદનીની વિશાળ ઉપસ્થિતિમાં સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સમારંભના પ્રમુખ શ્રી રમેશભાઈ હીરજી ધરોડ તેમજ અન્ય અતિથિ વિશેષશ્રીઓ અને આમંત્રિત મહેમાનોને આવકાર આપી, તેઓશ્રીએ આપેલ કરુણાસભર દાન પ્રવાહ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ વતી અભિનંદન આપી, આવકાર આપેલ.

ઉદ્‌ઘાટન સમારંભનો કાર્યક્રમ, શ્રી ગાલા પરિવારના **શ્રી અમરચંદભાઈ ગાલા** તથા અન્યો દ્વારા દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ, કે જેમાં સમારંભ પ્રમુખ **શ્રી રમેશભાઈ ધરોડ, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી અશોકભાઈ મહેતા** વગેરે જોડાયેલ. **આ પ્રસંગે બાકી રહેતા ચોથા માળની તક્તીના નામ માટે સમારંભના પ્રમુખ શ્રી રમેશભાઈ હીરજી ધરોડે રૂા. ૧૧ લાખનું દાન જાહેર કરેલ.** જેને ઉપસ્થિત વિશાળ જનમેદનીએ હર્ષોલ્લાસથી વધાવી લીધેલ.

આ પ્રસંગે નવનીત પરિવારના **શ્રી શાંતિલાલભાઈ ગાલા**એ પરોપકાર અને દાન વિશે જણાવતા કહ્યું કે મદદ માટે ઉઠાવેલ એક હાથ, પ્રાર્થના કરવા જોડાયેલા બે હાથ કરતાં મહાન છે. જ્યારે મુંબઈ સ્થિત યુવા બિલ્ડર **શ્રી નયનભાઈ ભેદા**એ પ્રસંગોચિત પ્રવચન આપતાં જણાવેલ કે કોઈપણ કામ ધગશ તથા સંબંધથી કરવામાં આવે તો તે સુંદર પરિણામ લાવી શકે છે. મુંબઈ સ્થિત દાતા **શ્રી વિશનજીભાઈ હરશી ગાલા**એ જણાવ્યું કે અમદાવાદ સમાજના શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હીરજીભાઈ શાહની મુંબઈમાં થયેલ મુલાકાત દરમ્યાન સંસ્થાની કામગીરીથી પ્રભાવિત થઈ મને સંસ્થા પ્રત્યે અહોભાવ ઉત્પન્ન થયેલ છે. ફળ સ્વરૂપ

*આ સૃષ્ટિનું સઘળું અમી ઈશ્વરે માતાની નજરમાં મૂકી દીધું છે.*

આજે હું આ કાર્યમાં ભાગીદાર બન્યો છું તેનો મને આનંદ છે. આ પ્રસંગે મુંબઈના દાનવીર તથા ધાર્મિક દાતા શ્રી **જયેશભાઈ જૈને** જણાવ્યું કે વિશ્વમાં જૈનોની અલ્પ સંખ્યા (૪૪ લાખ) હોવા છતાં, આજે **ભારતમાં જૈનો દેશના વિકાસ માટે કુલ ઈન્કમટેક્ષના ફાળામાં ૨૭% જેટલો ફાળો આપે છે.**

ત્યારબાદ સમારંભમાં ઉપસ્થિત સર્વે દાતાશ્રીઓનું પુષ્પગુચ્છ મોમેન્ટો તથા શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ. આ બહુમાનના પ્રત્યુત્તરમાં સમારંભના પ્રમુખશ્રીએ તેમના પ્રમુખકીય પ્રવચનના સમયે જણાવ્યું કે, **'મને એ દિવસો યાદ આવે છે કે જ્યારે હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ગીતા મંદિર પરના અતિથિ ગૃહનો વેપાર અર્થે લાભ લેતો, તેનું મને આજે ઋણ ચૂકવવાનો અવસર મળેલ છે.** આ સમયે તેમણે ''નવનીત પરિવાર''ને પોતાના પ્રેરણા સ્રોત માનેલ. તેમણે જણાવેલ કે તમારા હાથમાં શું છે તેના કરતાં તમારા દિલમાં શું છે તે મહત્ત્વનું છે.

ત્યારબાદ સમાજના આવાસ યોજનાના લાભાર્થીઓને ડ્રો સિસ્ટમથી ફ્લેટોની ફાળવણી કરવામાં આવેલ. જેનું સંચાલન સમાજના **શ્રી આણંદજીભાઈ વીરા** તથા **શ્રી મગનલાલ મોતીલાલ સંઘવી**એ સંભાળેલ હતું.

પ્રસંગનો માહોલ જોતાં અન્ય દાતાઓ પણ બાકી રહેતા દાન પ્રવાહમાં જોડાઈ ગયેલ. જેમાં શ્રી વસંતભાઈ બાબુભાઈ નાગડા તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલા તરફથી રૂા. એક એક લાખની દાન રકમ જાહેર કરવામાં આવી. તદુપરાંત બાકી રહેતા ફ્લેટ માટે શ્રી કાંતિલાલભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી ઉગરચંદ ગઢેચાના પરિવાર તરફથી એકેક ફ્લેટની તથા શ્રી જગશીભાઈ છેડા તરફથી બે ફ્લેટ માટે અનુદાનની ઘોષણા કરવામાં આવી. સાથે સાથે સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ ભવિષ્યની ગર્લ્સ હોસ્ટેલ માટેની યોજના રજૂ કરતાં દાનેશ્વરીઓને તે માટે દાનની અપીલ કરવામાં આવેલ. જેનો સુંદર પ્રતિસાદ મળેલ. આ બાબતે શ્રી હરખચંદભાઈ સાવલાએ તરત જ જણાવ્યું કે ગર્લ્સ હોસ્ટેલના કુલ ખર્ચના ૧૦% જેટલી રકમ તેમના તરફથી આપવામાં આવશે.

અંતમાં સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ આભારવિધિ સાથે આવેલ મહેમાનોનું અભિવાદન કરી તેમને તથા સર્વે આમંત્રિત મહેમાનોને ભોજન માટે પાલડી ભવન ખાતે પધારવા આમંત્રણ આપી કાર્યક્રમની સમાપના કરેલ. તેમણે 'સંકલ્પ'નો તેમજ સર્વે કાર્યકરોનો આભાર માનેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુંબઈના પ્રવક્તા શ્રી ગુલાબચંદભાઈ દેઢિયાએ સંભાળેલ.

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*

# આવાસ યોજના

## આવાસ યોજનાના દાતાશ્રીઓના પ્રાપ્ત થયેલ દાનોના ઓફરની સંપૂર્ણ નામાવલી

*આવાસ યોજનાના પ્રાપ્ત થયેલ દાતાશ્રીઓના દાનોના ઑફરની નામાવલી અમે મંગલ મંદિરના જાન્યુઆરી-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરેલ છે. ત્યારબાદ તથા ઉદ્‌ઘાટન સમારોહના સમયે પ્રાપ્ત થયેલ અન્ય દાતાશ્રીઓના દાનોના ઑફરની નામાવલી સહિત અત્રે "આવાસ યોજના" માટે પ્રાપ્ત થયેલ દાનોની ઑફરની **સંપૂર્ણ નામાવલી** પ્રસારિત કરવામાં આવેલ છે.*

| | | |
|---|---|---|
| ❀ મુખ્ય નામના દાતા | રૂા. ૫૧.૦૦ લાખ | નવનીત પરિવાર (અમદાવાદ / મુંબઈ) |
| ❀ ગ્રાઉન્ડ ફ્લોરની તક્તી સામે | રૂા. ૧૧.૦૦ લાખ | સ્વ. તારાબહેન માણેકજી કેશવજી મોતા<br>હા. કલ્પેશ મોતા, નીલેશ મોતા (મુંબઈ - રાપર ગઢવારી) |
| ❀ પ્રથમ માળની તક્તી સામે | રૂા. ૧૧.૦૦ લાખ | અ.સૌ. પદ્માબેન અશોક કલ્યાણજી ભેદા<br>માતુશ્રી ધનબાઈ કલ્યાણજી ભેદા (મુંબઈ - વારાપધર) |
| ❀ દ્વિતીય માળની તક્તી સામે | રૂા. ૧૧.૦૦ લાખ | શ્રીમતી તારામતી વિશનજી હરશી ગાલા<br>હા. કિરીટ અને સ્મિત (મુંબઈ - ડુમરા) |
| ❀ તૃતીય માળની તક્તી સામે | રૂા. ૧૧.૦૦ લાખ | શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ |
| ❀ ચોથા માળની તક્તી સામે | રૂા. ૧૧.૦૦ લાખ | શ્રી રમેશભાઈ હીરજી ધરોડ (મુંબઈ - પત્રી) |
| ❀ ગૃહ ઉદ્યોગ પ્રવૃત્તિના નામ સામે | રૂા. ૧૧.૦૦ લાખ | શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (મુંબઈ - નાના ભાડિયા) |
| ❀ લિફ્ટ પરના નામની તક્તી સામે | રૂા. ૫.૦૦ લાખ | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા (અમદાવાદ - નાની તુંબડી) |
| ❀ બે પરિવારને દત્તક લેવા સામે – બે ફ્લેટ | રૂા. ૫.૦૨ લાખ | શ્રી રાયચંદ હંસરાજ ધરમશી (મુંબઈ - સુથરી) |
| ❀ બે પરિવારને દત્તક લેવા સામે – બે ફ્લેટ | રૂા. ૫.૦૨ લાખ | શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા (મુંબઈ - લાયજા) |
| ❀ બે પરિવારને દત્તક લેવા સામે – બે ફ્લેટ | રૂા. ૫.૦૨ લાખ | શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા<br>(અમદાવાદ - નાની તુંબડી) |
| ❀ બે પરિવારને દત્તક લેવા સામે – બે ફ્લેટ | રૂા. ૫.૦૨ લાખ | શ્રીમતી ચંચળબહેન ઉગરચંદ પોપટલાલ ગઢેચા પરિવાર<br>(અમદાવાદ - ફતેહગઢ) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (અમદાવાદ - ફતેહગઢ) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી રાજબાઈ કેશવજી મોમાયા પરિવાર<br>હા. શ્રી નલિનભાઈ મોમાયા (અમદાવાદ - વરાડિયા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી રતનશી ભીમશી સાવલા પરિવાર<br>હા. શ્રી વાડીલાલભાઈ સાવલા (સૂવઈ, રાપર) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી ગુલાબબહેન નેણશી બાબરિયા (મુંબઈ - લોદ્રાણી) |

*માતાની મમતાનો જોટો મળવો મુશ્કેલ છે.*

| | | |
|---|---|---|
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી મણિબહેન પ્રેમજી મેઘજી નીસર<br>હા. ગણેશ ચિક્કી પરિવાર (અમદાવાદ - વડાલા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી લક્ષ્મીચંદ કેશવજી છેડા<br>હા. શ્રીમતી હેમલતાબહેન લક્ષ્મીચંદ છેડા (મુંબઈ - મુંદ્રા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી ચંપકબહેન છગનલાલ સાકરચંદ શાહ પરિવાર (અમદાવાદ - નાની તુંબડી) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી હંસાબહેન રામજી દેઢિયા પરિવાર<br>હા. શ્રી નરેન્દ્રભાઈ રામજી દેઢિયા (અમદાવાદ - ભુજપુર) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રીમતી લીલાબહેન નવીનચંદ્ર હરિયા (અમદાવાદ - બાડા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી વલ્લભજી ભાણજી ગડા (મુંબઈ - બાડા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી ઠાકરશી મેઘજી શેઠિયા<br>હા. પૌત્ર રાજ, સમીર તથા પુત્રવધૂ કોમલ (મુંબઈ-ભુજપુર) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા (અમદાવાદ - નાની તુંબડી) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી તારાચંદ જગશી છેડા (ભુજ - કાંડાગરા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી રાજેન્દ્ર વીરચંદ શાહ (ભુજ - સુખપર) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી પ્રભાબહેન પ્રેમજી રતનશી ગાલા<br>હા. વીરચંદ પ્રેમજી ગાલા (મુંબઈ - નાના ભાડિયા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી જયેશ ભાગચંદ જૈન (મુંબઈ - કોઠારા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | સંઘવી પ્રેમચંદ લક્ષ્મીચંદ પરિવાર (ભુજ-કોટડી મહાદેવપુરી) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | સ્વ. જે.વી. શેઠિયા<br>હા. માતુશ્રી લક્ષ્મીબહેન જે. શેઠિયા (રાજકોટ - લાખાપર) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી શામજી હીરજી ગોગરી (મુંબઈ - પત્રી) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી રમેશ હીરજી ધરોડ (મુંબઈ - પત્રી) |
| એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | મે. એન્કર ગ્રૂપ (મુંબઈ - કુંદરોડી) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી કિશોર શામજી છેડા (મુંબઈ - ડોણ)<br>(પ્રિન્સ પ્લાસ્ટિક) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી પ્રવીણભાઈ ગડા (મુંબઈ - નારાયણપર) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી વલ્લભજી માલશી ગાલા (મુંબઈ - નાના આસંબિયા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી જગદીશભાઈ લાલજી શાહ (મુંબઈ - કોડાય)<br>(લિબર્ટી જ્વેલ બોક્સ) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રીમતી હેમલતાબહેન પ્રેમજી (બચુભાઈ) રાંભિયા (મુંબઈ - રામાણિયા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી લીલાવંતી લાલજી શાહ (કલકત્તા - નાની ખાખર) |

*કોઈનું દિલ દુભાય એવું વિચારવું, વદવું કે વર્તવું નહિ.*

| | | |
|---|---|---|
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી મૂલબાઈ મીઠુભાઈ (મુંબઈ - રાયધણજર) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી મકાબાઈ ભીમશી છેડા (મુંબઈ - પુનડી) (એસ.પી.એમ. ગ્રૂપ) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી કસ્તૂરબહેન મોરારજી કેશવજી સાવલા (મુંબઈ-વાંકી) (ડિલક્ષ ડાયમંડ) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | શ્રી નેમજીભાઈ ગંગર (મુંબઈ - કાંડાગરા) |
| ❀ એક પરિવારને દત્તક લેવા સામે – એક ફ્લેટ | રૂા. ૨.૫૧ લાખ | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) પરિવાર (અમદાવાદ / મુંબઈ - નાની ખાખર) |
| ❀ સ્વજન દાતા | રૂા. ૧.૦૦ લાખ | શ્રી નરેન્દ્ર પ્રીતમલાલ શાહ (મુંબઈ - માંડવી) |
| ❀ સ્વજન દાતા | રૂા. ૧.૦૦ લાખ | ગૌરક્ષક શહીદ ગીતાબહેન રાંભિયાની સ્મૃતિમાં હા. એક ગૌભક્ત |
| ❀ સ્વજન દાતા | રૂા. ૧.૦૦ લાખ | શ્રીમતી જયાબહેન નેમચંદ ગડા (વડોદરા - લાયજા) હા. પૌત્ર રીંકુ, સેજલ તથા પુત્રવધૂ નયના |
| ❀ સ્વજન દાતા | રૂા. ૧.૦૦ લાખ | બાબુભાઈ ભગવાનજી શાહ (ખાંડવાલા) પરિવાર (અમદાવાદ - અંજાર) હા. હસમુખભાઈ ખાંડવાલા |
| ❀ માનદ્ દાતા | રૂા. ૫૧,૦૦૦/- | શ્રી લબ્ધિભાઈ મોમાયા (ગાંધીધામ - જખૌ) |
| ❀ માનદ્ દાતા | રૂા. ૫૧,૦૦૦/- | શ્રીમતી રંજનબહેન રવિલાલ નારાણજી દોશી પરિવાર (મુંબઈ - અંજાર) |
| ❀ માનદ્ દાતા | રૂા. ૫૧,૦૦૦/- | મંજુલાબહેન મણિલાલ લક્ષ્મીચંદ વોરા (મુંબઈ - મુંદ્રા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | મેસર્સ નવભારત સાહિત્ય મંદિર (અમદાવાદ - ફતેહગઢ) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી સોમચંદ વેલજી લોડાયા (મુંબઈ) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી (ઝરિયા - મુંદ્રા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી શાંતિલાલ કેશવજી શાહ હા. ડો. ધીરેન શાહ (અમદાવાદ - રામાણિયા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | માતુશ્રી લક્ષ્મીબહેન વિશનજી મોનજી દેઢિયા હા. મનહરલાલ વિશનજી દેઢિયા (અમદાવાદ – નવા વાસ, દુર્ગાપુર) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી અજિતભાઈ મોતા (મોતા ચીપ્સ) (મુંબઈ - ભુજપુર) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી મહેન્દ્રભાઈ દેવજી ખોના (અમદાવાદ - આરીખાણા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | માતુશ્રી કંકુબહેન હીરજી જેઠાભાઈ ગાલા (મુંબઈ-ભુજપુર) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | એક સદ્‌ગૃહસ્થ તરફથી (અમદાવાદ - બિદડા) |

*પહેલાં લાયકાત મેળવો પછી જ ઈચ્છા કરો.*

| | | |
|---|---|---|
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | એક સદ્‌ગૃહસ્થ તરફથી (અમદાવાદ) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રીમતી હસુમતીબહેન ધીરજલાલ સંઘવી (અમદાવાદ-મુંદ્રા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | માતુશ્રી પાનબાઈ શીવજી ધનજી ગડા (મુંબઈ-નાના ભાડિયા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | માતુશ્રી કંકુબહેન મગનલાલ ધનજી ગડા (અમદાવાદ - નાના ભાડિયા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી નાગજી પલણ (પૂના - બેરાજા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી નવીનચંદ્ર જસરાજ વસા (અમદાવાદ - વાંકી) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી (અમદાવાદ - મુંદ્રા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા (અમદાવાદ - બાંઢિયા) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી ગુલાબચંદ ધનજી દંડ (અમદાવાદ - પરજાઉ) |
| ❀ શુભેચ્છક દાતા | રૂા. ૨૫,૦૦૦/- | શ્રી મનુભાઈ ભવાનજીભાઈ શેઠ પરિવાર (અમદાવાદ-કાંડાગરા) |
| ❀ ત્રણ ઇંટના દાતા | રૂા. ૧૧,૦૦૦/- | માતુશ્રી મેઘબાઈ પદમશી મોતા (વારાપધર - મુંબઈ)<br>હા. તન-મન ટૂર |
| ❀ એક ઇંટના દાતા | રૂા. ૫,૦૦૦/- | શ્રી દિનેશભાઈ મણિલાલ શાહ (અમદાવાદ - ભુજ) |

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ઉપરોક્ત ઑફર કરનાર સર્વે દાતાશ્રીઓનો આભાર માને છે.*

**અશોક મહેતા**
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પ્રતાપ દંડ**
ટ્રસ્ટી અને માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | રવિવાર, તા. ૭-૨-૨૦૧૦<br>સવારમાં ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | ટ્રસ્ટ મંડળની મિટિંગ |
| ● | રવિવાર, તા. ૧૪-૨-૨૦૧૦<br>સવારમાં ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | તબીબી સારવાર સમિતિ આયોજિત નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ. |
| ● | મંગળવાર, તા. ૨૩-૨-૨૦૧૦ તથા<br>બુધવાર, તા. ૨૪-૨-૨૦૧૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડીથી રવાના<br>(તા. ૨૨-૨-૨૦૧૦ના રાત્રે<br>૧૨.૦૦ વાગે બસ ઉપડશે.) | વયસ્ક સમિતિ આયોજિત રાજસ્થાન યાત્રા પ્રવાસ. |
| ● | ગુરુવાર, તા. ૨૫-૨-૨૦૧૦ તથા<br>શુક્રવાર, તા. ૨૬-૨-૨૦૧૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડીથી રવાના<br>(શુક્રવાર, તા. ૨૫-૨-૧૦ના સવારમાં<br>૭.૦૦ કલાકે બસ ઉપડશે.) | 'સંકલ્પ' આયોજિત પાલિતાણા છ-ગાઉ યાત્રા |
| ● | સોમવાર, તા, ૧-૩-૨૦૧૦<br>સવારમાં ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | 'સંકલ્પ' આયોજિત ધૂળેટી ઉત્સવ. |

*રૂપિયાથી જગતને ખુશ કરી શકાય છે. મા તો પ્રેમથી જ ખુશ થાય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ

## આવાસ યોજના – લાભાર્થીઓને ફાળવાયેલા ફ્લેટની નોંધ

| | | | |
|---|---|---|---|
| • **ગ્રાઉન્ડ ફ્લોર** : | ૦૩ | શ્રી નવીનચંદ્ર ભવાનજી મૈશેરી | (કુવાપધર-અબડાસા) |
| | ૦૪ | શ્રી ધીરજલાલ ભાઇચંદભાઇ શાહ | (પલાંસવા-રાપર) |
| | ૦૫ | શ્રી રમેશ ભવાનજી મૈશેરી | (કુવાપધર-અબડાસા) |
| | ૦૬ | શ્રી ધીરજલાલ ખીમજી સંગોઇ | (નાગલપુર-માંડવી) |
| • **પ્રથમ માળ** : | ૧૦૨ | શ્રી રતિલાલ અમુલખભાઇ મહેતા | (આડેસર-રાપર) |
| | ૧૦૩ | શ્રી હસમુખભાઇ કાંતિલાલ મહેતા | (ભુટકિયા-રાપર) |
| | ૧૦૬ | શ્રી ખુશાલ પદમશી ગોસર | (બાયડ-માંડવી) |
| | ૧૦૭ | શ્રી પ્રભુલાલ મણિલાલ વોરા | (ભરૂડિયા-ભચાઉ) |
| | ૧૦૮ | શ્રી નરેશકુમાર મણિલાલ ગરમાણિયા | (પલાંસવા-રાપર) |
| • **બીજો માળ** : | ૨૦૧ | શ્રીમતી રીટાબહેન યોગેશભાઇ દેઢિયા | (ભુજપુર-મુંદ્રા) |
| | ૨૦૨ | શ્રી શૈલેષભાઇ શામજીભાઇ નાગડા | (નલિયા-અબડાસા) |
| | ૨૦૩ | શ્રી અલ્કેશભાઇ કાંતિલાલ શાહ | (માંડવી) |
| | ૨૦૪ | શ્રી ભાણજી લીલાધર કેનિયા | (બારોઇ-મુંદ્રા) |
| | ૨૦૫ | શ્રી કિશોરભાઇ રતનશી શાહ | (દેવપુર-માંડવી) |
| | ૨૦૬ | શ્રી રજનીભાઇ બાબુભાઇ ત્રેવાડિયા | (સણવ-રાપર) |
| | ૨૦૭ | શ્રી મનીષ કરમશી દેઢિયા | (ભુજપુર-મુંદ્રા) |
| | ૨૦૮ | શ્રી મોનીશભાઇ ભૂપેન્દ્રભાઇ વોરા | (અંજાર) |
| • **ત્રીજો માળ** : | ૩૦૧ | શ્રી નીતિનભાઇ કાંતિલાલ શાહ | (સાંયેરા-અબડાસા) |
| | ૩૦૨ | શ્રી મિલન પદમશી ગોસર | (બાયડ-માંડવી) |
| | ૩૦૩ | શ્રી હસમુખભાઇ અમૃતલાલ કોરડિયા | (ફતેહગઢ-રાપર) |
| | ૩૦૪ | શ્રી કુલીનભાઇ ખેતશી ધરમશી | (જસાપર-અબડાસા) |
| | ૩૦૫ | શ્રી ભવાનજીભાઇ રવજીભાઇ નાગડા | (લઠેડી-અબડાસા) |
| | ૩૦૬ | શ્રી દિનેશ લખમશી મૈશેરી | (મોટી સીંધોડી-અબડાસા) |
| | ૩૦૭ | શ્રી શાંતિલાલ દેવરાજભાઇ દંડ | (સાંધવ-અબડાસા) |
| | ૩૦૮ | શ્રી ધર્મેન્દ્ર બાબુભાઇ ગાંધી | (લાખાપર-મુંદ્રા) |
| • **ચોથો માળ** : | ૪૦૧ | શ્રી જિતેનભાઇ કાંતિલાલ શાહ | (સાંયેરા-અબડાસા) |
| | ૪૦૨ | શ્રી પરેશ હસમુખલાલ દોશી | (કાનમેર-રાપર) |
| | ૪૦૪ | શ્રી ચંદ્રકાંત ભવાનજી મૈશેરી | (કુવાપધર-અબડાસા) |
| | ૪૦૫ | શ્રી પ્રવીણકાંત દામજી નાગડા | (પરજાઉ-અબડાસા) |
| | ૪૦૬ | શ્રી ભાવેશ હીરજી ગડા | (કપાયા (મોટા) - મુંદ્રા) |
| | ૪૦૭ | શ્રી દિનેશભાઇ પ્રેમજી દેઢિયા | (ભુજપુર-મુંદ્રા) |
| | ૪૦૮ | શ્રી નવીનચંદ્ર રામજી સતરા | (ડોણ-માંડવી) |

- **બાકી રહેતા ફ્લેટ** : પ્રથમ માળ :- ૧૦૧/૧૦૪/૧૦૫,
  ચોથા માળ :- ૪૦૩
- **રહેવા માટે અપાયેલ ફ્લેટઃ** ૦૭/૦૮
- **ગૃહ ઉદ્યોગ માટે** : ૦૧/૦૨

*તમારા ખિસ્સામાં પૈસા હોય તો તમે ડાહ્યા છો, તમે રૂપાળા છો અને તમને સારું ગાતા પણ આવડે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## આવાસ યોજના ઉદ્‌ઘાટન સમારોહ

**મંગળવાર, તા. ૨૬-૧-૨૦૧૦**



ધ્વજવંદન કરાવતા
શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી



ધ્વજવંદન - ઉપસ્થિત નારી શક્તિ



ધ્વજવંદન - સંકલ્પબદ્ધ પુરુષ વર્ગ



શ્રી વલ્લભજી ભાણજી ગડા - નવનીત ભવનના ઉદ્‌ઘાટન સમયે
ડાબેથી : ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી રમેશભાઈ ધરોડ (પાછળ),
શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી વલ્લભજીભાઈ ગડા,
શ્રી ડુંગરશીભાઈ ગાલા (પાછળ), શ્રી છોટુભાઈ ગાલા તથા શ્રી અશોક મહેતા



નવનીત ભવનના ઉદ્‌ઘાટન બાદ
આવાસની વિગતો સમજાવતા શ્રી અશોક મહેતા (ડાબે)
તથા શ્રી અમરચંદભાઈ ગાલા (વચ્ચે) અને શ્રી ડુંગરશીભાઈ ગાલા



"નવનીત ભવન"ની
મુખ્ય તકતીના
અનાવરણ બાદ
ગ્રૂપ ફોટો



'નવનીત ભવન'ની મુખ્ય તકતીના અનાવરણ બાદ
ડાબેથી ડો. ચંદ્રકાંત દેઢિયા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા,
શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી રમણિકલાલ છ. દેઢિયા, શ્રીમતી મધુરીબહેન ગાલા,
શ્રીમતી વિમલાબહેન ગાલા તથા શ્રીમતી દેવકાંબહેન ગાલા



આવાસ યોજના - શિલાન્યાસ સમારોહ




દીપ પ્રાગટ્ય - શ્રી અમરચંદભાઈ ગાલા (વચ્ચે)



સમારંભ પ્રમુખ અને આવાસ યોજનાના એક દાતા
શ્રી રમેશભાઈ ધરોડ (જમણે)નું સ્વાગત કરતા શ્રી અશોક મહેતા



આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રી (નવનીત પરિવાર) તથા અતિથિ વિશેષ
શ્રી ડુંગરશીભાઈ ગાલા (જમણે)નું સન્માન કરતા ડો. ચંદ્રકાંત દેઢિયા



આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રી (નવનીત પરિવાર) તથા અતિથિ વિશેષ
શ્રી ડુંગરશીભાઈ ગાલા (જમણે)નું સન્માન કરતા શ્રી હીરજી પાસુ શાહ



આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રી (નવનીત પરિવાર) તથા અતિથિ વિશેષ
શ્રી છોટુભાઈ ગાલા (જમણે)નું સન્માન કરતા શ્રી જગશીભાઈ છેડા



આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રી (નવનીત પરિવાર) તથા અતિથિ વિશેષ
શ્રી શાંતિભાઈ ગાલા (જમણે)નું સન્માન કરતા શ્રી કાંતિભાઈ સાવલા



આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રી (નવનીત પરિવાર) તથા અતિથિ વિશેષ
શ્રીમતી દેવકાંબહેન ગાલા (જમણે)નું સન્માન કરતા શ્રીમતી ચંદ્રિકાબહેન ટેડિયા



આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રી (નવનીત પરિવાર) તથા અતિથિ વિશેષ
શ્રીમતી મધુરીબહેન ગાલા (જમણે)નું સન્માન કરતા શ્રીમતી પ્રભાબેન કાં. સાવલા



આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રી (નવનીત પરિવાર) તથા અતિથિ વિશેષ
શ્રીમતી વિમળાબહેન ગાલા (જમણે)નું સન્માન કરતા શ્રીમતી ચંદ્રિકાબહેન ટેડિયા



મંચ પર રસપ્રદ ગુફતેગુ
શ્રી રમેશભાઈ ધરોડ (ડાબે) તથા શ્રી ડુંગરશીભાઈ ગાલા



ઉદ્‌ઘાટન સમારોહ - ઉપસ્થિત માનવ સમુદાય



ગુલાબનું ફૂલ - પુષ્પહારમાં ખીલી ઉઠ્યું



મંચસ્થ મહાનુભાવો. ડાબેથી શ્રી પારસભાઈ મીરોરી, શ્રી રમણિકભાઈ ટેડિયા,
શ્રી જયેશભાઈ જૈન, શ્રી વલ્લભજીભાઈ ગડા, શ્રી નવીનભાઈ પોલડિયા, શ્રી છોટુભાઈ ગાલા,
શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી અશોક મહેતા, શ્રી રમેશભાઈ ધરોડ,
શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી વિસનજીભાઈ ગાલા, શ્રી શાંતિભાઈ ગાલા, શ્રી જગશીભાઈ છેડા
શ્રી નવનભાઈ ભેદા, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા, શ્રી મહેન્દ્રભાઈ સંઘોઈ,
ડૉ. ચંદ્રકાંત ટેડિયા, શ્રીમતી ચંદ્રિકાબહેન ટેડિયા



અતિથિ વિશેષ તથા દાતાશ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (જમણે)નું
સન્માન કરતા શ્રી નવીનભાઈ હરિયા



અતિથિ વિશેષ તથા દાતાશ્રી વિશનજીભાઈ ગાલા (જમણે)નું
સન્માન કરતા શ્રી હસમુખભાઈ ખાંડવાલા



અતિથિ વિશેષ તથા દાતાશ્રી નયન ભેદા (જમણે)નું
સન્માન કરતા શ્રી કે. ડી. શાહ



અતિથિ વિશેષ શ્રી જગશીભાઈ છેડા (કાયમી ટ્રસ્ટી) (જમણે)નું
સ્વાગત કરતા શ્રી રમણિકભાઈ ગોસર



અતિથિ વિશેષ શ્રી રમણિકભાઈ છ. દેઢિયા (જમણે)નું
સ્વાગત કરતા શ્રી નરેન્દ્ર છ. શાહ



અતિથિ વિશેષ શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા (ડાબે)નું
સ્વાગત કરતા શ્રી હસમુખભાઈ ગઢેચા



અતિથિ વિશેષ તથા દાતાશ્રી વલ્લભજીભાઈ ગડા (ડાબે)નું
સન્માન કરતા શ્રી નવીનભાઈ પોલડિયા



અતિથિ વિશેષ તથા દાતાશ્રી જયેશ જૈન (જમણે)નું
સન્માન કરતા શ્રી શાંતિભાઈ સાવલા



અતિથિ વિશેષ શ્રી દીપકભાઈ ભેદા (જમણે)નું
સન્માન કરતા શ્રી મગનભાઈ સંઘવી



અતિથિ વિશેષ શ્રી પારસ પદમશી મૈશેરી (જમણે)નું
સન્માન કરતા શ્રી મનુભાઈ શાહ



અતિથિ વિશેષ શ્રી મહેન્દ્રભાઈ સંઘોઈ (જમણે)નું
સન્માન કરતા શ્રી આણંદજીભાઈ વીરા



પ્રાસંગિક પ્રવચન - શ્રી શાંતિભાઈ ગાલા



પ્રાસંગિક પ્રવચન - શ્રી નયન છેડા



પ્રાસંગિક પ્રવચન - શ્રી વિશનજીભાઈ ગાલા



આવાસ યોજનાના આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ (ડાબે)નું સન્માન,
સમારંભ પ્રમુખ શ્રી રમેશભાઈ ધરોડના હસ્તે



આવાસ યોજના ડ્રોની ચીઠ્ઠી ઉપાડતા
મુખ્ય દાતા શ્રી અમરચંદભાઈ ગાલા



આવાસ યોજના ડ્રોની ચીઠ્ઠી ઉપાડતા
શ્રી છોટુભાઈ ગાલા (ડાબેથી બીજા) તથા
શ્રીમતી મધુરીબહેન ગાલા (જમણે)



પંચ મળે ત્યાં પરમેશ્વર -
ડાબેથી શ્રી મનોજ સાવલા, શ્રી સંદીપ ગાલા,
શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી કાંતિલાલભાઈ સાવલા
તથા શ્રી કલ્પેશ ગાલા



આવાસ યોજનાનું આવાસ
શ્રી નવનીત ભવન
ત્રણ ફ્લોર પરના દાતાશ્રીઓની તકતીઓ

# 15-20
# 4-COLOUR PAGES

(પ્રકરણ-૫) કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત

# કચ્છમાં જૈનોની ધાર્મિક પરિસ્થિતિ

• ડૉ. નીતા ઠાકર •

કચ્છમાં જૈનોની ધાર્મિક પરિસ્થિતિ વિશે સળંગ કોઇ માહિતી મળતી નથી. પણ ઉપલબ્ધ કથાસૂત્ર અને મુનિઓના યાત્રાવર્ણનો પરથી છૂટીછવાઇ માહિતી મળે છે. તેથી સ્વાભાવિક છે કે ધાર્મિક પરિસ્થિતિ વિશેની એકસૂત્રતાઓનો અભાવ ઐતિહાસિક દૃષ્ટિએ જોવા મળે. પરંતુ સાંસ્કૃતિક ક્ષેત્રે તીર્થોનું મૂલ્ય અને શ્રદ્ધાનું વાતાવરણ સમગ્ર જૈનોએ જાળવ્યું છે.

લાંબું રણ અને અમુક વખતે જ ઊતરાતું હોવાને કારણે કચ્છનાં સાધ્વીઓ આ પહેલાં પ્રાયઃ કચ્છમાં જ રહેતાં. હવે તેઓ કાઠિયાવાડ-ગુજરાતમાં અવરજવર કરવા લાગ્યા છે. શરૂઆતમાં કચ્છ બહારથી મુનિશ્રીઓનો વિહાર અલ્પ હતો. પણ હવે પરિસ્થિતિ બદલાઇ છે.

મહારાવ ગોડજીના સમય દરમ્યાન કચ્છમાં સ્થાનકવાસી સંપ્રદાયના લોકાગચ્છીય મૂલચંદ ઋષિનો વિહાર કચ્છમાં સવિશેષ હતો. ધાર્મિક એકતાને બદલે ધાર્મિક જડતાને જ્યારે તેમણે પ્રાધાન્ય આપ્યું ત્યારે વિદ્યાસાગરસૂરીએ મૂલચંદજીને મહારાવ ગોડજીની રાજ્યસભામાં બોલાવીને તેમની સાથે પ્રતિમા-સ્થાપના વિષયક શાસ્ત્રાર્થ કર્યો. જૈન શ્રુતમાંથી અનેક પ્રમાણો ટાંકીને આચાર્યે મૂર્તિ-વિધાનનું ભારે પ્રતિપાદન કર્યું. મૂલચંદજી આ ધર્મ સંવાદોમાં ટકી શક્યા નહીં. તેઓ નિરુત્તર બની ગયા. આ પ્રસંગ સં. ૧૭૭૫ (ઇ.સ. ૧૭૧૯) માં બન્યો અને પછી મૂલચંદજી કચ્છમાંથી ચાલ્યા ગયા. વિદ્યાસાગરસૂરીએ અનેક દુર્વાદીઓને ધર્મ સંવાદોમાં પરાસ્ત કર્યા હતા, તે હકીકતનો વાચક લાવણ્યચંદ્ર કૃત 'વીર વંશાનુક્રમ' નામક અચલગચ્છીય પટ્ટાવલીમાં ઉલ્લેખ છે.'

**કચ્છના જૈનોનું સૌભાગ્ય રહ્યું છે કે જ્યારે પણ એવી કોઇ ધાર્મિક પરિસ્થિતિ સર્જાઇ ત્યારે સુધારક મુનિઓએ જૈનોમાં એકતા સાધવાનો અચૂક પ્રયાસ કર્યા છે.**

જ્યારે માંડવીમાં એક જંગી જાહેરસભા હતી. ત્યાંના જૈન, જૈનેતર અને જાહેર સમાજના આગેવાનોએ મુનિશ્રી નાનચંદ્રજીનું વ્યાખ્યાન રાખેલું. જૈન સાધુ માટે અને તેમાંય કચ્છ જેવા પછાત લેખાતા પ્રદેશમાં વ્યાખ્યાનનો આ પહેલો જ પ્રસંગ હતો. વડીલ ગુરુભાઇ પાસેથી સુશિષ્ય રજા મેળવી ચૂકેલા, પણ શ્રાવક આગેવાનોને ખબર પડતાં જ તેમણે મુનિ નાનચંદ્રજીને ટોક્યા અને રોક્યા : "કોઇ પણ જૈન સાધુએ કચ્છમાં આ રીતે જાહેરમાં કદી વ્યાખ્યાન આપ્યું નથી. તમે નવા અને યુવાન સાધુ છો. માટે ન જશો." એમણે તો ના કહેવડાવી પણ દીધી. નાનચંદ્રજી મુનિએ શ્રાવકજીને સવિનય પણ રોકડું પરખાવી દીધું : "જુઓ, તમે ધોરી અને ભાવનાશાળી આગેવાન શ્રાવક છો. શાસ્ત્રમાં શ્રાવક-શ્રાવિકાઓને સાધુઓનાં મા-બાપ લેખાવ્યાં છે. એટલે હું તમારું અપમાન નહીં કરું, પણ હવે કદી આવું ન કરશો. આમાં જૈનધર્મ અને જૈન સાધુજીવન બન્નેનું ઘોર અપમાન છે. જૈનધર્મ તો વીતરાગ તીર્થંકર કેવળજ્ઞાનીનો ધર્મ છે. તેથી તે સર્વાંગ સંપૂર્ણ અને વિશ્વધર્મ છે. આથી જ સાધુ-સાધ્વીઓને માત્ર સર્વે માનવોનાં જ નહીં, બલકે પ્રાણીમાત્રનાં મા-બાપ કહ્યાં છે, ધર્મસ્તંભ કહ્યા છે. એટલે ધર્મમાં કોઇ વિકાર પેસે તો તેને દૂર કરવાનું કામ સર્વ પ્રથમ તેમનું છે. એ જાહેરસભામાં સમાજકારણ અને રાજકારણની વાતો જરૂર થાત, પણ મારે તેમાં ધર્મનો પુટ આપવાનો રહેત. જૈન જૈનેતરો તથા સર્વક્ષેત્રોમાં જૈનધર્મનું ઊંડાણ રજૂ કરવાનો આવો મોકો આપણાથી કેમ ગુમાવાય, અને તમે તો શાસન-ઉદ્ધારક પૂ. અજરામરજી સ્વામી, લીંબડી મોટા ઉપાશ્રયના શ્રાવક છો એટલે જાણો જ છો કે ગુજરાતભરમાં આ સંપ્રદાયના સ્થાપકે વિદ્યાભ્યાસને માટે સુરતમાં શ્રી પૂજ્ય (ગોરજી) પાસે જવામાં પણ ન્હાનપ નહોતી માની તેથી જ આજે આ સ્થાનકવાસી જૈન ફિરકામાં પંડિત, વિદ્વાન અને તેમાંય ઉદાર-સાધુ-સાધ્વીઓ વિશેષ પાક્યાં છે." શ્રાવકજી સરળ હતાં તેઓ પોતાની ભૂલ તરત જ સમજી ગયા. માફી પણ માંગી લીધી. ધર્મક્રાંતિનું બીજ આ રીતે માત્ર પોતાનામાં જ નહીં પણ કચ્છના સારાયે સમાજમાં તેમણે રોપી દીધું. આ પ્રસંગ નાનચંદ્રજી મહારાજે પોતાના અનુભવોમાં નોંધેલો છે.

જૈનધર્મમાં 'ક્રિયોદ્ધાર'ની એક ભવ્ય પરંપરા છે. 'ક્રિયોદ્ધાર' એટલે ધર્મક્રાંતિ, ધાર્મિક નવજાગરણ. **વિવિધક્ષેત્રે વિશિષ્ટ પ્રભાવ પાથરતી અનેક વિભૂતિઓથી જૈન શાસનનો ઇતિહાસ સમૃદ્ધ છે.** 'ક્રિયોદ્ધાર' કરનારા આચાર્યો, મુનિઓ પોતાના આધ્યાત્મિક પ્રદાન અને પુરુષાર્થ દ્વારા તેમાં આગવું સ્થાન ધરાવે છે. જૈનસંઘમાં દોઢસો વર્ષ પૂર્વે 'ક્રિયોદ્ધાર'નું એક મોજું આવ્યું. તેના એક સમર્થ અગ્રણી એવા શ્રી કુશલચંદ્રજી મહારાજ, માત્ર પાર્શ્વચંદ્રગચ્છના જ નહીં, જૈન જગતના એક ચિરસ્મરણિય મહાપુરુષ હતા. ધર્મસુધારણાનું ઉત્તરદાયિત્વભર્યું કાર્ય હાથમાં લઇને એમણે પોતાના ધર્મશૌર્યના દર્શન કરાવ્યાં હતાં.

જો કે દરેક ગચ્છમાં શિથિલાચાર અને ક્રિયોદ્ધારની ઘટનાઓ અનેકવાર બની છે. નાગોરી તપાગચ્છમાં શ્રી પાર્શ્વચંદ્રસૂરી, તપાગચ્છમાં શ્રી આનંદ વિમલસૂરી, અચલગચ્છમાં શ્રી ધર્મમૂર્તિસૂરી, ખરતરગચ્છમાં શ્રી જિનચંદ્રસૂરી-આ આચાર્યો વિક્રમની સોળમી સદીના પ્રમુખ ક્રિયાદ્ધારકો હતા. ફરી અઢારમી સદીમાં ક્રિયોદ્ધાર થયાં અને છેલ્લે વિક્રમની વીસમી સદી પણ આવા ક્રિયોદ્ધારકની સાક્ષી બની. શ્રી કુશલચંદ્રજી મહારાજ આવા ક્રિયોદ્ધારક મહાપુરુષોની માળાના એક તેજસ્વી મણકા હતા.

**કચ્છમાં 'સંવેગી' સાધુઓનો વિહાર અલ્પ હોવાથી ધાર્મિકક્ષેત્રે યતિઓનું-ગોરજીઓનું વર્ચસ્વ હતું.** શ્રાવકોમાં અજ્ઞાન અને કુરિવાજો વ્યાપક બન્યાં હતાં. આવા સમયે શ્રી કુશલચંદ્રજી મહારાજે સામાજિક અને ધાર્મિક વ્યવહારોમાં સુધારા દાખલ કર્યા. કચ્છના શ્રાવકવર્ગ અને સાધુવર્ગે સ્વયંભૂ ભક્તિથી પ્રેરાઇને 'વાચનાચાર્ય',

*આચારમાં ઉતાર્યો હોય તેટલો જ ઉપદેશ આપો.*

'મંડલાચાર્ય', 'ગણિ' જેવી માનવાચક પદવીઓથી તેમને નવાજ્યાં. સમગ્ર કચ્છે તેમને ગુરુ માનેલા. ગચ્છભેદને ભૂલીને અને તેઓ કચ્છના 'કુલગુરુ' બની રહ્યાં.

**શ્રી કુશલચંદ્રજી કચ્છના કોડાય ગામનાં હતાં.** ધર્મક્રાંતિનાં સહસૂત્રધાર તેમના મિત્ર શ્રી હેમરાજભાઇનું સ્થાન પણ અદ્વિતીય છે. કથાસૂત્ર અનુસાર કચ્છનાં માંડવીથી પાંચ યુવાનો પાલિતાણા શ્રી હર્ષચંદ્રસૂરીજી પાસે સંવત-૧૯૦૭ (ઇ.સ. ૧૮૫૧) કારતક સુદ ૧૩, ના મુનિવેશ પહેર્યો અને માગશર સુદ બીજના આ પાંચેય યુવકોની વિધિવત 'સંવેગી' દીક્ષા થઇ. પાલિતાણા પહોંચેલાં પાંચ યુવકોના નામ હતા : હેમરાજભાઇ, કોરશીભાઇ, ભાણાભાઇ, વેરશીભાઇ અને આસધીરભાઇ. દીક્ષા વખતે પાંચેના નામ અનુક્રમે : હેમચંદ્ર, કુશલચંદ્ર, ભાનુચંદ્ર, બાલચંદ્ર અને અગરચંદ્ર એ પ્રમાણે પાડવામાં આવ્યા. પરંતુ, તેઓએ ઘરના સભ્યોની મંજૂરી વગર અને કહ્યા વગર દીક્ષા લીધી હોવાથી તેઓના માતા-પિતા પાલિતાણા ગયાં અને પાંચેયને સમજાવ્યાં. પણ વ્યર્થ. કુશલચંદ્રજીના પિતા અને અગરચંદ્રજીના પિતાએ અંતે આ બંનેને આત્મકલ્યાણ માર્ગે જવાની છૂટ આપી. પણ બાકીના ત્રણના માતા-પિતા તે સ્વીકારવા તૈયાર નહીં, તેથી તેમને કચ્છ લઇ આવ્યાં.

કચ્છમાં આવ્યાં પછીયે ત્રણેયની હઠને કારણે કચ્છના મહારાઓશ્રી દેશળજી પાસે લઇ જવાયા અને મહારાઓશ્રીએ જાતે ત્રણેને સમજાવ્યાં, દમદાટી આપી. આ પરિસ્થિતિમાં બે યુવાન ઢીલા પડ્યા — ભાણાભાઇ અને વેરશીભાઇ. પણ હેમરાજભાઇ ટકી રહ્યા. મહારાઓશ્રીએ હેમરાજભાઇને જેલની કોટડીમાં પુરાવ્યાં અને "હઠ છોડે નહીં ત્યાં સુધી એને બહાર કાઢવો નહીં" એવો આદેશ આપ્યો. પણ તેની દ્રઢતા જોઇ રાઓશ્રી દેશળજીએ તેના પિતા ભીમશીભાઇને કહ્યું : 'આ છોકરો નોખી માટીનો છે, એને જેમ કરવું હોય તેમ કરવા દેજો.' અંતે હેમરાજભાઇ બીજી વખત શ્રી હર્ષચંદ્રસૂરીજી પાસે દીક્ષા લેવા ગયાં. પણ આ વખતે તેને દીક્ષા ન આપી. શા માટે ન આપી તે વિશે કોઇ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. પણ હેમરાજભાઇની સેવાપ્રવૃત્તિ એક સાધુ જેવી જ રહી હતી.

શ્રી કુશલચંદ્રજીએ પાર્શ્વચંદ્રગચ્છમાં સંવેગી સાધુ સંસ્થાનો પુનરારંભ કર્યો, તેમ તેમણે સાધ્વીસંઘની પણ પુનઃનવરચના કરી. કચ્છમાં તે સમયે સાધ્વીસંઘ હતો જ નહીં. પાર્શ્વચંદ્રમાં પણ નહોતો. સર્વપ્રથમ કચ્છ-કોડાયના ત્રણ બહેનોએ સં. ૧૯૪૭ (ઇ.સ. ૧૮૯૧) માં જામનગર મુકામે તેઓશ્રીના હસ્તે દીક્ષા લીધી. તેમનાં નામ પડ્યા : શિવશ્રીજી, જ્ઞાનશ્રીજી અને હેમશ્રીજી.

શ્રી ભ્રાતૃચંદ્રસૂરીજીએ નોંધ્યું છે કે, જ્યારે તેઓ માંડવીમાં ચાતુર્માસ રહેલા ત્યારે સંઘમાં સંપ જોવા મળતો હતો. અને ભુજમાં મંત્રી-દરબારી અને શાસક પણ જૈન મુનિઓનો આદર કરે છે. ત્યારબાદ તેઓએ મોટીખાખરમાં પણ ચાતુર્માસ કરેલો. શ્રી ભ્રાતૃચંદ્રસૂરીજીના વિશિષ્ટ વ્યક્તિત્વથી અને સાધુત્વથી પ્રભાવિત થયેલા કચ્છના મહારાજાના વિદ્વવદ્‌મંડળે ભુજમાં સં. ૧૯૪૨ (ઇ.સ. ૧૮૮૬)માં તેમને 'ભારતભૂષણ'ના બિરુદથી બિરદાવ્યાં હતાં અને નગરશેઠ સાકરચંદ પાનાચંદ તથા વકીલ વિશનજી માનસંગ અને મોણશી ઓધવજી ઇત્યાદિ આગેવાન ગૃહસ્થોની વિનંતી સ્વીકારી સં. ૧૯૪૩ (ઇ.સ. ૧૮૮૭)નું ચોમાસું ભુજમાં જ કર્યું હતું. અને જ્યારે તેઓ અબડાસા ગયા ત્યારે ત્યાં કચ્છી દસા ઓશવાળની જ્ઞાતિમાં જે રાગદ્વેષ હતા તે દૂર કરવાનું કાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરીજીએ કર્યું હતું.

કચ્છમાં ધાર્મિક એકતા મજબૂત કરવામાં શ્રી વ્રજપાલજી સ્વામીનું સ્થાન પણ ચિરસ્મરણીય છે. શ્રી વ્રજપાલજી સ્વામી કચ્છનાં આઠકોટી મોટીપક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં એક મહાન વિભૂતિ તરીકે પ્રસિદ્ધ છે. તેઓશ્રી સ્થાનકવાસી સંપ્રદાયના તો કહેવાતા એટલું જ, ખરી રીતે તો તેઓ ગચ્છ-મતથી પર હતાં. તમામ ફિરકાના જૈનો તેમજ જૈનેત્તરોના તેઓ પૂજનીય હતાં.

કચ્છમાં પ્રથમ સ્થાનકવાસીમાં આઠકોટિનો જ સમુદાય હતો. **એ વખતે કચ્છમાં રાગદ્વેષની પ્રણતિ ઘણી જ ઓછી હતી. પરદેશથી આવનાર કોઇપણ સાધુઓની સમાનભાવે સેવા કરવામાં આવતી. બહારથી આવનાર તેમજ સ્થાનિક સાધુઓ સાથે જ રહેતા. આહારપાણી તેમજ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ પણ સાથે જ કરતા. બધાં સમભોગી તરીકે હળીમળીને સાથે જ રહેતા હતા.**

શરૂઆતમાં સ્થાનકવાસીના ત્રણ સમુદાય એક ધર્મસિંહમુનિનો સમુદાય, જે આજે દરિયાપુરી સમુદાય તરીકે ઓળખાય છે. બીજો લવજી ઋષિનો સમુદાય તે હાલે ખંભાત સંઘાડાવાળો સમુદાય કહેવાય છે. તેની એક શાખા માળવામાં છે. ત્રીજો સમુદાય ધર્મદાસજી મહારાજનો તે ધર્મદાસજી સરખેજના ભાવસાર હતા.

સંવત ૧૯૩૨ (ઇ.સ. ૧૮૭૬) માં ગોંડલ સમુદાયના પૂજ્યશ્રી દેવજી સ્વામીના શિષ્ય જયચંદ્રજી સ્વામી અને તપસ્વી માણેકચંદ્રજી કચ્છમાં વ્રજપાલજી સ્વામી પાસે આવ્યાં હતાં. આ બન્ને શિષ્યો બે વર્ષ કચ્છમાં રહીને સૌરાષ્ટ્રમાં ગયા, છતાં એ કચ્છને ભૂલ્યા ન હતા. કચ્છના શ્રાવકોની ઉદારતા અને સત્કારને એ ઠેકઠેકાણે યાદ કરતા. **ઘણીવાર ભર વ્યાખ્યાનમાં તે બોલતાં કે : "માંડવીના સંઘ જેવો સંઘ જો અમારા હાથમાં હોય તો અમે સ્થાનકનાં સોનાનાં નળિયાં કરાવીએ."** આ પરથી સહજ સમજી શકાય છે કે એ સમયે માંડવીના સંઘની જાહોજલાલી કેવી હશે!

શ્રી વ્રજપાલજી સ્વામીએ કચ્છમાં દેરાવાસી અને સ્થાનકવાસી વચ્ચેનું વૈમનસ્ય તો દૂર કર્યું, પરંતુ એક વાત એમના અંતરમાં સદા ખટકતી હતી. એ વાત હતી નાની પક્ષના સાધુઓની અતડા રહેવાની પ્રવૃત્તિની. નાનીપક્ષ અને આઠ કોટીપક્ષ વચ્ચે ઐક્ય સાધી શકાયું નહીં.

### • યુગદીવાકર શ્રી ધર્મસૂરીશ્વરજીને કચ્છમાં થયેલ અનુભવ :

જ્યારે યુગદીવાકર પૂજ્ય શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ કચ્છયાત્રાએ આવેલાં ત્યારે તેમને જે રમૂજી રસપ્રદ અનુભવ થયેલો તે તેમની જ નોંધ મુજબ :- જ્યારે તેઓ પલાસવા પધાર્યા. અને ત્યાંથી ગાગોદર થઇને કટારિયાતીર્થ તરફ જતાં હતાં ત્યારે ગાગોદરના ભાઇઓએ પૂજ્યશ્રીને જણાવ્યું હતું કે, "આપને અહીંથી કટારિયા જ જવું જોઇએ. કેમકે માર્ગમાં કોઇ જૈન વસતિનું ગામ નથી." આથી શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ કટારિયાના લક્ષ્યથી જ વિહાર માટે નીસર્યા હતા. પણ અધવચ્ચે આવ્યાં ત્યાં એક ખેતરમાંથી ગામઠી લઢણમાં કોઇ ખેડૂતે બૂમ મારી "મહારાજ! અમને ટાળીને ક્યાં ચાલ્યાં? અમારા ગામ ચાલો. અમેય જૈન છીએ."

શ્રમણ સમૂહમાં સૌથી આગળ શ્રી

*જેણે પણ તમારી પર વિશ્વાસ મૂક્યો હોય, તેના વિશ્વાસનો ભંગ ન કરવો, એનું નામ નીતિ.*

ધર્મસૂરીશ્વરજીની ટુકડી હતી. તેઓ આશ્ચર્યપૂર્વક અવાજની દિશા તરફ જોઇ રહ્યાં. ત્યાં તો પેલો ખેડૂત જેવો લાગતો ભાઇ પૂજ્યશ્રીની નિકટ આવીને નમી રહ્યો. પૂજ્યશ્રીએ પૂછ્યું, "અહીં જૈનોનું ગામ ક્યાંથી? ગાગોદરમાં તો અમને સ્પષ્ટ જણાવ્યું હતું કે હવે જૈન વસતિ કટારિયામાં જ મળશે."

**પેલો ભોળો ખેડૂત બોલ્યો, "ઇ જ તો વાંધો છે બાપુ. અમે ઓસવાલ જૈનો છીએ અમારો ધંધો ખેડૂતનો છે. એટલે ઇ ઉજળિયાત કોમના માણહ અમને જૈન નથી ગણતા. દરેક મહારાજને બાર્યો બાર્ય કટારિયા મોકલી દે છે. હવે તમે તો અમારા ગામ હાલો."**

એની ભાવના જોઇ પૂજ્યશ્રીએ હા ભણી. તમામ શ્રમણો નિર્ધારિત લક્ષ્ય મોકૂફ રાખી ખેડૂતે દર્શાવેલ નવા ગામે આવ્યા. એ ગામ હતું થોરિયાવી. એ ભદ્રિક જૈને ગામમાં દાંડી પિટાવીને તમામ વાણિયાને બીજે દિવસે ખેતી બંધ રાખવાની જાહેરાત કરાવી. એ લોકોએ પૂજ્યશ્રીને બીજે દિવસે ફરજિયાત રોકવા 'છમછરી' (સંવચ્છરી)નો કાર્યક્રમ ઘડી કાઢ્યો. એ સહુ સાથે મળી પૂજ્યશ્રી પાસે આવ્યા, ને વાત રજૂ કરી. પૂજ્યશ્રી તો આશ્ચર્યચકિત થઇ ગયા કે અત્યારે પોષ માસમાં 'છમછરી' ક્યાંથી આવે? જરા ઊંડાણથી પૂછતા રહસ્ય સમજાયું કે વર્ષોબાદ ગુરુમહારાજ આવ્યા હોવાથી ખેતીના ધંધા બંધ રાખીને એકત્ર થવાપૂર્વક જમણ કરવું (સાધર્મિક વાત્સલ્ય કરવું) તે એમને મન 'છમછરી' હતી!

પૂજ્યશ્રી રમૂજ પામી ગયા અને આ ભોળા જીવોની ભાવના ખાતર વિના આનાકાનીએ તરત સ્થિરતા માટે સંમત થઇ ગયા. બીજે દિવસે નવી રમૂજ સર્જાઇ. 'છમછરી' ઉજવતા તેઓ શ્રમણોને વહોરાવવા લઇ ગયા. આજે કોઇના ઘરે ચૂલો ફુંકાયો ન હતો. બધાય જૈનોનું જમણ અહીં જ હતું. ઘી થી લથપથ શીરો એમણે ભાવથી વહોરાવ્યો. એ વહોર્યા બાદ ગોચરીએ ગયેલ શ્રમણોનાં આશ્ચર્ય વચ્ચે રહસ્ય ખૂલ્યું કે આ ભદ્રક જીવોની 'છમછરી' માં શીરા સિવાય સમ ખાવા પૂરતુંય બીજું દ્રવ્ય ન હોય બસ, કેવળ શીરોજ! બીજું તો ઠીક પણ શ્રમણધર્મની મર્યાદા અનુસાર ગોચરીનાં તમામપાત્ર શ્રમણે સ્વયં સ્વચ્છ કરવાના હોય અને એમાં ઘી ની સ્નિગ્ધતા દૂર કરવા તેને યોગ્ય દ્રવ્ય જોઇએ તેનું શું કરવું? એ વિચાર ગોચરી વહોરનાર શ્રમણોને થઇ પડ્યો. તેઓ વસતિમાં આવ્યાં ત્યાં સાથે આવેલા પૂ. શ્રી પ્રતાપસૂરીજીનું અનુભવજ્ઞાન ઉપયોગી બન્યું. એમણે ચણાનો લોટ વહોરી લાવવાનો માર્ગ દર્શાવ્યો. એ મુજબ કરાતા સમસ્યા હલ થઇ ગઇ. પૂજ્યશ્રી વગેરે રમૂજ અનુભવી રહ્યા. આ ગ્રામ્યજનોની અજબ-ગજબની 'છમછરી'થી બેય દિવસ રાત્રે એ લોકોને સમજાય એવો ઉચિત ધર્મોપદેશ પૂજ્યશ્રીએ ફરમાવ્યો.

**શ્રી ધર્મસૂરીશ્વરજીને કચ્છના અબડાસા વિસ્તારની યાત્રા-વિહાર દરમ્યાન એક વરવો અનુભવ પણ થયેલો** જે તેમની નોંધ મુજબ :- એક દિવસ સાંજના વિહારમાં મોથારા ગામથી સણોસરા ગામ જવાનું હતું. વિહારો રોજ સુદીર્ઘ હોવાથી શ્રમણો સમય થયે અનુકૂળતા અનુસાર વિહાર આરંભી દેતા. પૂજ્યશ્રી તથા એમની સાથે પડછાયાની જેમ રહેતા બાલમુમુક્ષ સેવંતીકુમાર લગભગ હંમેશને માટે વસતિમાંથી સૌથી છેલ્લા નીકળે અને ઝડપ એવી ધરાવે કે સામેના ગામે સર્વથી પ્રથમ પહોંચે. આ દૈનિક ક્રમ મુજબ મોથારાથી પણ પૂજ્યશ્રીએ સૌથી છેલ્લો વિહાર આરંભ્યો. સાથે એકમાત્ર બાળમુમુક્ષ સેવંતીકુમાર પાણીની નાની મટકી લઇને સજ્જ હતા. ગામના પાદરે પહોંચ્યાં. ત્યાં બે માર્ગ દેખાયા. એ જ સમયે કૂવા પર એક બહેન પાણી ભરતાં હતાં. પહેરવેશથી એ મુસ્લિમ જેવા જણાતા હતા. પૂજ્યશ્રીએ માર્ગની પૃચ્છા કરતા અ-કારણ જૈન શ્રમણના દ્વેષી જાણે બની ગયા હોય એમ એ બહેને જાણી-બૂજીને વિપરીત માર્ગ પૂરી ઠાવકાઇથી દર્શાવી દીધો. અપરિચિત પૂજ્યશ્રી તો સરળભાવે માર્ગ સાચો સમજીને આગળ વધ્યાં. લગભગ સાડા પાંચ કિ.મી. જેવું અંતર એ ગલત માર્ગે આગળ વધી ગયા. હવે તો કોઇ માર્ગ જ જણાતો ન હતો. કેવળ કાંટા ઝાંખરા અને ડુંગરનો સીમાપ્રદેશ આવી ગયો. પૂજ્યશ્રીને પણ આશંકા થવા માંડી હતી કે ક્યાંક ગલત માર્ગે ચડાવી દેવામાં આવ્યાં છે. ત્યાં દૂરના ખેતરમાંથી કચ્છી ખેડૂનો અવાજ આવ્યો. એણે નિકટ આવીને કહ્યું કે અહીં તો કોઇ માર્ગ છે જ નહિં. ઠેઠ પાછા મોથારાના પાદર સુધી જાવ અને ત્યાં જણાતાં બીજા માર્ગે આગળ વધશો તો જ સણોસરા આવશે! પૂજ્યશ્રી જરાય અસ્વસ્થ થયા વિના પાછા ફરીને ઝડપથી વિહાર કરવા માંડ્યાં. મોથારા આવ્યું ત્યારે પૂરા અગિયાર કિ.મી. નો ફોગટનો ફેરો પૂરો થયો. હજુ સણોસરા ૮ કિ.મી. તો બાકી હતા. ત્યાં પહોંચવું અનિવાર્ય હતું. કેમકે આદિમુનિવરો ત્યાં પહોંચી ચૂક્યા હતા. તેઓને પણ ચિંતા પેઠી કે સૌથી પ્રથમ પહોંચનાર પૂજ્યશ્રી કેમ હજુ પહોંચ્યા નથી. ક્યાંક ગલત માર્ગે ચડી ગયા હશે. શ્રાવકો ઘોડેસવાર થઇને એક હાથમાં લાકડીને ફાનસ તો બીજા હાથમાં લગામ પકડીને માર્ગ ખુંદતા આગળ વધ્યાં. ત્યાં રસ્તામાં તેમનો ભેટો થયો. શિયાળાના એ વહેલા આથમી જતા દિવસે પૂજ્યશ્રી માંડ સાડા સાત વાગ્યે સણોસરા પહોંચ્યાં. **એક અણસમજુ વ્યક્તિએ ઇરાદાપૂર્વક ગલતમાર્ગે ચડાવી દીધા તોય પૂજ્યશ્રીએ એની જરાય ટીકા કરી નહિં કે અણગમોય દર્શાવ્યો નહિં. તેઓ માત્ર એમજ બોલ્યા કે, "હશે, આજે આવો અનુભવ મળવાનો હશે."**

છતાં કચ્છ પ્રદેશની આ યાત્રા દરમ્યાન ભારતીય પરંપરા જ્યાં ધબકતી રહી છે એવા નાનાં નાનાં ગામડાંઓની જૈન પ્રજાની કેટલીક લાક્ષણિક્તાઓનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે. તે મુજબ :-

વિહાર- માર્ગમાં આવતા નાનકડા અનેક ગામોમાં પૂજ્યશ્રી સ્થિરતા કર્યા વિના માત્ર પ્રભુભક્તિ-ચૈત્યવંદનાદિ કરીને આગળ વધવાનું વિચારતા હોય ત્યાં ચૈત્યવંદનાદિ થતા સુધીમાં તો જૈનોનો સમૂહ તરત જ આપોઆપ એકત્ર થઇ જાય. એ સમૂહ રોકાવાની વિનંતી કરે. વિનંતી ન સ્વીકારાય તો છેવટે માંગલિક અને નાનકડું પાંચ-સાત મિનિટનું પ્રવચન સાંભળવાનો આગ્રહ તો અચૂક રાખે. વિહારમાર્ગનું લગભગ કોઇ ગામ એવું નહિં હોય કે જ્યાં પૂજ્યશ્રીનું માંગલિક અને નાનકડું પ્રવચન ન થયું હોય. **એ સમયે લગભગ દરેક ગામમાં અડધો અડધ વસતિ જૈનોની જોવા મળતી.** વિશેષમાં નોંધ્યું છે કે જ્યાં પણ પૂજ્યશ્રી વગેરે શ્રમણો પધારે ત્યાં વગર કહ્યે પૂજારી થાળી- ડંકો વગાડીને જૈન વસતિમાં શ્રમણો પધાર્યાની જાણ કરી દે જેથી શ્રાવકવર્ગ શ્રમણોની વૈયાવચ્ચાદિની બાબતે ઉચિત સજ્જતા તરત કેળવી લે. આ સિવાય ભદ્રિક્તા ને ભાવુક્તા તો ડગલે ને પગલે દૃષ્ટિગોચર થતી હતી તેવી નોંધ કરેલી છે. આવા સમર્થ સંઘનાયક શ્રી ધર્મસૂરીશ્વરજી વિ.સ. ૨૦૩૮ (ઇ.સ. ૧૯૮૨)માં સ્વર્ગવાસી થયા.

*(ક્રમશઃ)*

*દુઃખનું મૂળ ઈચ્છા છે. મૂર્ખાઓની ઈચ્છા વધતી જાય છે, ડાહ્યાઓની ઈચ્છામાં ઘટાડો થતો રહે છે.*

# આઝાદીના છ દાયકા - કચ્છની વિકાસ ગાથા

• મુકુંદ કે. મહેતા 'અલ્પ' •

આઝાદી બાદના છ દાયકા દરમ્યાન કચ્છે આજે જે વિકાસની હરણફાળ ભરેલ છે તે ખરેખર કલ્પનાતીત છે. કચ્છના બુઝુર્ગો જેઓ આઠ દાયકા નજીક પહોંચવાને આરે છે તેઓ આજે કચ્છને હેરતથી જોઈ રહ્યા છે.

ક્યાં રાજાશાહીની કૂપમંડુકતા અને ક્યાં આજનું કચ્છ?

ખરા અર્થમાં તો કચ્છના રાજવીઓએ કચ્છના વિકાસની ક્યારે પણ ખેવના કરી હોય તેવું રાજાશાહીના ઇતિહાસના ભૂપૃષ્ઠો જોતાં લાગતું નથી.

એક તો કચ્છ સૂકો મુલક, વરસાદની અનિયમિતતા અને રાજાઓનો સ્વલક્ષ્ય અભિગમ. આવા સંજોગોમાં વિકાસની દૃષ્ટિએ અને અન્ય દરેક રીતે પ્રગતિની દૃષ્ટિએ કચ્છ ખૂબ જ પાછળ રહી જવા પામેલ.

પરંતુ દેશને આઝાદી મળ્યા બાદ અને તેમાં પણ કચ્છ ગુજરાતમાં ભળ્યા બાદ કચ્છના વિકાસની નવી નવી કેડીઓ કંડારાઈ અને ગાંધીધામ - કંડલાની સ્થાપના બાદ કચ્છના વિકાસના અવનવા દ્વાર ઉઘડવા માંડ્યા.

વિકાસના પ્રથમ પગથિયારૂપ જો કંઈ ગણી શકાય તો તે કંડલા બંદરને જ ગણી શકાય.

જેમ જેમ કંડલા બંદરનો વિકાસ થતો ગયો તેમ તેમ વિકાસની કેડી પર કચ્છ મક્કમપણે આગળ વધવા માંડ્યું.

આમ પણ કચ્છ વિપુલ ખનીજ સંપત્તિનો વણખેડ્યો ભંડાર હતો. કચ્છનો લિગ્નાઈટ બેનમૂન અને વિપુલ છે. આ લિગ્નાઈટ વિદ્યુત ઉત્પાદન અને સિમેન્ટ ઉદ્યોગને વિકસાવવામાં બહોળા પ્રમાણમાં ઉપયોગી સાબિત થયો. જેના ફળ સ્વરુપે પાનધ્રો વિદ્યુત મથક કાર્યરત થયું.

આમ તો આઝાદીના છ દાયકા દરમ્યાન શરૂઆતના વર્ષોમાં વિકાસનો વેગ ખૂબ જ ધીમી ગતિમાં હતો પરંતુ કંડલા બંદરની આંતરરાષ્ટ્રીય બંદર તરીકે કરાંચીની અવેજીમાં મહાબંદર તરીકેની હરોળમાં ગણના થવા માંડતા વિકાસની નવી કેડી ઉપલબ્ધ થવા માંડી એમાં શંકાને કોઈ જ સ્થાન નથી.

***કચ્છના વિકાસના પાયાના પથ્થરરૂપ ઉદ્યોગોનો વિચાર કરીએ તો :***

૧. ગાંધીધામ કંડલાની નવા સ્વરૂપે સ્થાપના.
૨. કંડલા મહાબંદર તરીકેનો જગતના નકશા પર પ્રગટીકરણ.
૩. ઈફકો ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કોર્પોરેશનની સ્થાપના.
૪. કંડલા સ્પેશિયલ ઇકોનોમી ઝોન.
૫. અદાણી પોર્ટ - મુંદ્રા
૬. નિમક ઉદ્યોગ
૭. સાંઘી સિમેન્ટ
૮. ખાણ અને ખનીજ
૯. ટિમ્બર ઉદ્યોગ
૧૦. નવા નવા બાંધકામો
૧૧. હોટલ ઉદ્યોગ
૧૨. વિદ્યાધામો
૧૩. રેલવે અને રોડ ટ્રાન્સપોર્ટ

વિકાસની ગતિને વેગ આપવામાં મુખ્ય પરીબળ સમાન આ મુદ્દાઓની ક્રમસર સરાહના કરીએ તો સૌથી પ્રથમ ભારત પાકિસ્તાન ભાગલા થતા સિંધમાં સ્થાયી થયેલા હજારો સિંધી કુટુંબોને પહેરેલ લૂગડે હિજરત કરવી પડી અને તેઓને ભારતમાં સ્થિર થવા માટે યોગ્ય સ્થળે જમીનની જરૂરિયાત ઊભી થઈ. સિંધી જવાંમર્દ, નેક ઈન્સાન, ભાઈ પ્રતાપની દૂરંદેશી, જાતિ પ્રત્યેનો અનન્ય લગાવ અને અંગત રાજકીય પ્રભાવને કારણે કચ્છમાં મહાબંદર કંડલા (જો કે તે સમયે કંડલા મહાબંદર ન હતું)ની આજુબાજુ વિશાળ હજારો એકર બિન ખેડવાણ જમીન પડેલ હતી. તે પર ભાઈ પ્રતાપની નજર ઠરી અને કચ્છના મહારાવશ્રી મદનસિંહજી મહારાજે ભાઈ પ્રતાપને ટોકન મૂલ્યથી હજારો એકર જમીન સપ્રેમ હવાલે કરી અને ભાઈ પ્રતાપે સિંધુ રિ-સેટલમેન્ટ કોર્પોરેશનની સ્થાપના કરી, સુંદર હરિયાળું અને આધુનિક ગાંધીધામ - આદિપુર - ગોપાલપુરી જેવી ભવ્ય વસાહતો ઊભી કરી. આ રીતે કચ્છના વિકાસના પગરણ આ શહેરના નિર્માણથી શરૂ થયા એમ કહી શકાય.

## • કંડલા મહાબંદર :

કરાંચી બંદર ભારતનું મુંબઈ પછીનું બીજા નંબરના બંદર તરીકે ગણાતું, પરંતુ તે પાકિસ્તાનમાં જતા, આ બંદરની હરીફાઈમાં ઊભી શકે અથવા તો કરાંચી બંદરને ટક્કર મારી શકે તેવા બંદરની તાતી જરૂરિયાત ઉપસ્થિત થઈ અને શોધને અંતે પસંદગીનો કળશ કંડલા બંદર પર ઢોળાયો અને જોતજોતામાં કંડલા બંદરનું નામ જગતના નકશા પર ચમકવા માંડ્યું.

કચ્છના વિકાસ પ્રગતિનું આ દ્વિતીય સોપાન ગણી શકાય. અત્યારે તો કંડલા બંદર દેશના કમાઉ, શક્તિશાળી અને સુવિધાયુક્ત બંદરમાં અનેરું સ્થાન પ્રસ્થાપિત કરી ચૂક્યું છે.

## • ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોર્પોરેશન :

ભારત સરકારની દૂરંદેશીને કારણે કંડલા બંદરના વિકાસ સાથે નવા નવા ઉદ્યોગ ધંધા શરૂ કરવાના આશય સાથે ઈફકો ખાતરના કારખાનાની સ્થાપના થઈ અને વિશાળ પાયે ખાતરનું મહાકાય સંકુલ ઊભું થઈ ગયું. હજારો ટન ખાતર ઉત્પન્ન થઈ દેશ-વિદેશ નિકાસ થવા માંડ્યું. કંડલાનું ખાતરનું આ કારખાનું અત્યારે વિશ્વકક્ષાએ પોતાનું સ્થાન પ્રસ્થાપિત કરી ચૂકેલ છે અને કચ્છના ઉદ્યોગોમાં અગ્રસ્થાને બિરાજે છે. એટલું જ નહીં, નજીકમાં જ મહાબંદરની

*પરેપૂરી સમજ્યા વિના સ્ત્રીને ધિક્કારતા પુરુષો પાછળથી ભરપૂર પસ્તાતા હોય છે.*

સુવિધા હોવાથી આયાત - નિકાસમાં હૂંડિયામણ કમાવી આપવામાં દેશની ધનવૃદ્ધિમાં ટેકારૂપ ફરજ બજાવી રહેલ છે.

- **સ્પેશિયલ ઇકોનોમી ઝોન - કંડલા :**

ફ્રીટ્રેડ ઝોન - કંડલા ઇકોનોમી ઝોન વિકાસને જોમબદ્ધ અને ઉદ્યોગ ધંધાને પ્રોત્સાહિત કરવા મુક્ત વ્યાપાર વિસ્તારના વિશાળ સંકુલની સ્થાપના, એ સરકારશ્રીનું ગણનાપાત્ર ઉદાર કદમ હતું અને જુદી જુદી વસ્તુઓના ઉત્પાદનમાં વિશાળ કારખાનાઓ કાર્યરત થયા અને મુક્ત વ્યાપાર અને ઝોન હોવાથી ઉત્પાદિત માલને સંપૂર્ણપણે નિકાસ કરવામાં ઉર્ધ્વગતિ મળી અને એ રીતે સરકારશ્રીને હૂંડિયામણ કમાવી દેવામાં મુક્ત વ્યાપાર વિસ્તારના કારખાનાંઓ દેશના અર્થતંત્રને મજબૂત કરવામાં ભાગ ભજવવા માંડ્યા. જોકે હાલમાં મુક્ત વ્યાપાર વિસ્તારની પરિસ્થિતિ બહુ વખાણવાલાયક નથી અને છતાં શહેરમાં અને રાજ્યમાં આવેલ બહોળા પ્રમાણમાં અન્ય ઉદ્યોગોને કારણે આ મુક્ત વ્યાપાર ઝોન લંગડાતી ચાલે કદમ ભરી રહેલ છે.

- **અદાણી પોર્ટ - મુંદ્રા :**

કચ્છના વિકાસની સિકલ ઘણી રીતે બદલી નાખવામાં જો કોઈએ ખૂબ જ અગત્યનો ભાગ ભજવેલ હોય તો તે અદાણી પોર્ટને ગણી શકાય. માત્ર એક દાયકા જેટલા ટૂંકા ગાળામાં અદાણી પોર્ટે પ્રગતિના જે સોપાનો સર કરેલ છે તે ખરેખર હેરત પમાડનાર અને અદ્ભુત છે. મુંદ્રા બંદરના અદાણી પોર્ટનો ભવ્યાતિભવ્ય વિકાસ થયેલ છે અને કચ્છની બંદરીય આયાત નિકાસની પ્રગતિમાં ખરેખર એક નવું પ્રકરણ ઉમેરાયેલ છે. અદાણી પોર્ટ પોતાની આગવી રેલવે ટ્રેક, વિશાળ ડબલ સાઈડ જેટ્ટીઓ, વિદ્યુત થર્મલ સુવિધાઓ, જહાજમાંથી પરબારે ગુડ્ઝ ડબ્બામાં માલ ઠલવાય તેવી સંપૂર્ણ સવલતો, કર્મચારી ગણ માટે સુવિધાયુક્ત આવાસો, આ તમામ સગવડો યુક્ત અદાણી પોર્ટ અત્યારે કચ્છમાં શિરમોર સ્થાન સર કરી ચૂક્યું છે. એટલું જ નહીં, પરંતુ ગુજરાતની વિદ્યુત માંગને પહોંચી વળવા વિશાળ પાયે વિદ્યુત ઉત્પાદનની પ્રક્રિયા ચાલુ છે. તાજેતરમાં કચ્છના પાટનગર ભુજમાં તા. ૨૬-૧-૨૦૦૧ના વિનાશક ધરતીકંપ બાદ વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈશ્રીએ વડાપ્રધાનના ફંડમાંથી અંગત રસ લઈ, આપેલ રૂા. સવા અબજને ખર્ચે ઊભી થયેલ જનરલ હોસ્પિટલ અને મેડિકલ કૉલેજનો કારભાર શ્રી ગૌતમભાઈ અદાણીજીએ ઉત્સાહ અને ધગશપૂર્વક સંભાળવાની જવાબદારી સ્વીકારેલ છે. કચ્છના વિકાસની આ શિરમોર ઘટના છે.

- **નિમક ઉદ્યોગ :**

નિમક ઉત્પાદનમાં કચ્છનો અવ્વલ નંબર આવે છે. ચીરઈ, તૂણા, કંડલા – આ બધા બંદરો કચ્છ નિમક ઉત્પાદનના મુખ્ય મથકો છે. આ સ્થળે મબલક નિમક ઉત્પાદનના કારખાનાઓ કાર્યરત છે અને લાખો - કરોડો ટન નિમક રેલવે માર્ગે અને રોડ માર્ગે દેશ-વિદેશમાં નિકાસ થાય છે.

- **સાંઘી સિમેન્ટ :**

કચ્છમાં લિગ્નાઈટના વિશાળ ભંડારો – અબડાસા, જખૌ, પાનધ્રો, વગેરે વિસ્તારને સમૃદ્ધ અને ધમધમતા કરવામાં પાયારૂપ ભાગ ભજવી રહ્યા છે. સાંઘી સિમેન્ટનું વિશાળ કારખાનું દરરોજનું હજારો ટન સિમેન્ટનું ઉત્પાદન કરી સિમેન્ટ ઉદ્યોગને નવી કાર્યશીલતા બક્ષવામાં મહત્તમ ભાગ ભજવી રહેલ છે અને હજારો ટન સિમેન્ટ દેશ અને વિદેશમાં નિકાસ થાય છે તેમજ અન્ય રોજમદાર કામદારોને કામ પર નોકરીએ રાખી રોજીરોટી પૂરી પાડવામાં મદદરૂપ થઈ રહેલ છે.

- **ખાણ અને ખનીજ :**

કચ્છની ધરતીમાં ઠેકઠેકાણે વિશાળ પ્રમાણમાં ખનીજ ધરબાયેલું પડેલ છે. કચ્છમાં ઉત્પન્ન થતું લિગ્નાઈટ બેનમૂન અને ઉત્તમ પ્રકારનું છે. અબડાસામાં લખપત તાલુકાઓની જમીનમાં કેટકેટલી જાતના ખનીજ ધરતીના પેટાળમાં ધરબાયેલા પડેલ છે. પાનધ્રો અને માતાના મઢની લિગ્નાઈટની ખાણો દરરોજ હજારો ટન લિગ્નાઈટનું ઉત્પાદન કરે છે અને હજારો ખટારા (ટ્રકો) મારફતે આ લિગ્નાઈટનું વહન અવિરતપણે ચાલુ છે.

લિગ્નાઈટ ખાણોમાં સંશોધનને આધારે એવું ફલિત થાય છે કે લિગ્નાઈટનો જથ્થો ૩૩૦૦ લાખ ટનથી વિશેષ જથ્થામાં ઉપલબ્ધ હોવાની શક્યતા નકારી શકાતી નથી. બે દાયકા પહેલાં એકસો કરોડની મૂડીરોકાણ સાથે બેલ્ટ ટ્રાન્સપોર્ટ મશીનરી આધારિત નોન કન્વેન્શનલ માઈનિંગની રીતનું વિસ્તરણ હાથ ધરેલ. તેણે આ મશીનરી બેસાડવાથી ખૂબ જ ટેકો મળેલ છે.

આ લિગ્નાઈટ પરિવહનમાં કચ્છના ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને નવું જીવન મળેલ છે.

- **ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ :**

ટ્રાન્સપોર્ટ ઉદ્યોગે તો હરણફાળ ભરેલ છે. પાનધ્રો, કંડલા, મુંદ્રા, સાંઘી સિમેન્ટ ઉદ્યોગ – આ બધા ઉદ્યોગ વિસ્તારને કારણે કચ્છનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ કચ્છની કરોડરજ્જુ સમાન બની જવા પામેલ છે. આ બધા વિસ્તારો ટ્રક ટેન્કર ટેલરોના ધમધમાટથી રાતદિવસ અવિરતપણે ગાજતા રહે છે. ૨૫થી ૩૦ હજાર ટ્રક અને ટેલર્સ સતત દોડતા રહે છે અને કચ્છમાં દસ બાર અબજ રૂપિયાનું ખાનગી રોકાણ આ વ્યવસાય પાછળ રોકાયેલા હોય એવું અંદાજિત અનુમાન લગાવી શકાય અને મહિને દહાડે ઓછામાં ઓછા એકથી દોઢ ટન અબજનો ધંધો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ કમાવી આપે છે. કચ્છમાં વરસાદની અનિયમિતતા અને પાણીની અપૂર્ણતાને કારણે ઘણા ખેડૂત ભાઈઓ ખેતીનો વ્યવસાય પડતો મૂકી ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં પડ્યા છે.

- **ટિમ્બર ઉદ્યોગ :**

ભારત સરકારે ૧૯૮૫ની સાલથી ઑપન જનરલ લાઈસન્સથી ઈમારતી લાકડું આયાત કરવાનું નક્કી કર્યું. આ લાઈસન્સ મળ્યા બાદ કંડલા બંદર પર લગભગ ૭૦૦૦ ક્યુબીક મીટર ઈમારતી લાકડું મલેશિયાથી પહેલ વહેલુ ઉતર્યું. કંડલા પહેલાં આ ઈમારતી લાકડું ભાવનગર બંદર પર ઊતરતું હતું પરંતુ કંડલા બંદર પર યોગ્ય સુવિધા પ્રાપ્ત થતાં કંડલા બંદર પર ઈમારતી લાકડું બહોળા પ્રમાણમાં ઊતરવા મંડ્યું. આ રીતે ૧૯૮૭થી ઈમારતી લાકડાની આયાત કંડલા બંદરેથી શરૂ થઈ. આયાતની પ્રતિક્રિયાને સુગમતા રહે તે માટે અને આ અંગે અન્ય ઉપસ્થિત થતા પ્રશ્નો તાત્કાલિક હલ થઈ શકે તે માટે કંડલા ટિમ્બર

*આભૂષણથી નહિ, નિર્મળ ચારિત્ર્યથી દેહ દીપે છે.*

એસોસિએશનની સ્થાપના કરવામાં આવી.

સુપ્રીમ કોર્ટના જનાદેશ પ્રમાણે જંગલો કપાતા હોવાથી હવે કચ્છના વુડન હબ (કંડલા તથા મુંદ્રા બંદરે ઈમ્પોર્ટેડ લોગ્સ - લાકડા આવતા હોવાથી) સિવાય એટલે કે ભચાઉ / ગાંધીધામ / અંજાર / મુંદ્રા સિવાય ભારતભરના કોઈ પણ સ્થળે નવી સૉ મિલ નાખવાની પરમિશન આપવામાં આવતી નથી. નવા લાઈસન્સ આપવામાં આવતા નથી.

ગાંધીધામ કંડલા વિસ્તારમાં આજની તારીખમાં લગભગ ૩૦૦થી વિશેષ સૉ મિલ્સ કાર્યરત છે. નીચેના કેટલાક આંકડાઓ પરથી આ ઉદ્યોગની પ્રગતિનો ખ્યાલ આવી શકે તેમ છે.

| | |
|---|---|
| *૧૯૯૭-૯૮* | *૮.૪૭ લાખ ક્યુબીક મીટર* |
| *૧૯૯૮-૯૯* | *૯.૦૧ લાખ ક્યુબીક મીટર* |
| *૧૯૯૯-૨૦૦૦* | *૧૨.૫૪ લાખ ક્યુબીક મીટર* |
| *૨૦૦૦-૨૦૦૧* | *૧૨.૯૪ લાખ ક્યુબીક મીટર* |
| *૨૦૦૧-૨૦૦૨* | *૧૩.૪૦ લાખ ક્યુબીક મીટર* |
| *૨૦૦૨-૨૦૦૩* | *૧૪.૧૨ લાખ ક્યુબીક મીટર* |
| *૨૦૦૩-૨૦૦૪* | *૧૪.૧૨ લાખ ક્યુબીક મીટર* |
| *૨૦૦૪-૨૦૦૫* | *૧૬.૫૮ લાખ ક્યુબીક મીટર* |
| *૨૦૦૫-૨૦૦૬* | *૧૬.૮૪ લાખ ક્યુબીક મીટર* |
| *૨૦૦૬-૨૦૦૭* | *૧૯.૧૩ લાખ ક્યુબીક મીટર* |
| *૨૦૦૭-૨૦૦૮* | *૨૦.૪૨ લાખ ક્યુબીક મીટર* |
| *૨૦૦૮-૨૦૦૯* | *૨૩.૫૦ લાખ ક્યુબીક મીટર* |

સાલવારમાં આંકડાઓ જોતાં આ ઉદ્યોગની પ્રગતિ અને વિકાસનો ખ્યાલ સહેજે આવી જાય તેમ છે. મોટાભાગનું ઈમારતી લાકડું મલેશિયા, ઈન્ડોનેશિયા, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાથી આયાત થાય છે. આ ઉદ્યોગને કારણે લગભગ ૨૫૦૦૦થી ૩૦૦૦૦ કામદારોને રોજીરોટી માટે આજીવિકાનું સાધન પૂરું પાડે છે.

- **કન્સ્ટ્રક્શન (નવા બાંધકામ) :**

કચ્છમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧માં મહાવિનાશક ભૂકંપ આવ્યો. ભુજ, ભચાઉ, રાપર અને કચ્છના અન્ય શહેરો માનવહાનિ, આર્થિક હાનિ અને માનસિક હાનિથી તબાહીમાં ધકેલાઈ ગયા. પરંતુ કંઈક રીતે કચ્છની સમગ્રતયા કાયાપલટમાં અને કચ્છનો ચહેરો સંપૂર્ણ રીતે બદલી નાખવામાં આ ભૂકંપ આશીર્વાદરૂપ નીવડ્યું એમ આજની કચ્છની સુરત જોતાં બેશક રીતે કહી શકાય. ખાસ કરીને પાટનગર ભુજ, ભચાઉ, રાપર, ગાંધીધામ અને કચ્છના ગામડાંઓમાં નવું બાંધકામ થયું. સાંકડી ગલીઓ જે વિશાળ રસ્તાઓમાં ફેરવાઈ પહોળા રસ્તાઓ બની ગયા. સરકારી અને આમજનતા માટે જે ભવ્ય ઈમારતો અને વસાહતો ઊભી થઈ તેણે ધરતીકંપની વરવી યાદને ભૂલાવી દીધી. પરદેશ - દેશ તરફથી વહેલ રાહતનો ધોધ, સ્થાનિક કંડલા પોર્ટ જેવી સંસ્થાઓ અને સરકારશ્રીનો સહકારભર્યો અભિગમ, ધરતીકંપમાં તબાહ થયેલા કચ્છને તદ્દન નવા સ્વરૂપે ઊભા કરવામાં ખૂબ જ મદદરૂપ થયું અને સમગ્રતયા કચ્છની કાયાપલટમાં અગ્રભાગ ભજવી ચૂક્યું અને કચ્છની પૂર્વ ક્ષિતિજે સોનાનો સૂરજ ડોકાયો.

- **હોટલ ઉદ્યોગ :**

ખાસ કરીને કંડલા અને મુંદ્રા - અદાણી બંદર ધમધમતા થતાં હોટલ ઉદ્યોગને ખીલવવામાં નવી દિશા મળી અને ટૂરિઝમનો વિકાસ થતા સંપૂર્ણ સુવિધાયુક્ત તદ્દન આધુનિક હોટલો ઊભી થઈ ગઈ. શહેરોની સમૃદ્ધિ અને ભવ્યતામાં હોટલ ઉદ્યોગનો સિંહફાળો દૃષ્ટિગોચર થાય છે.

ખાસ કરીને ગાંધીધામ વિસ્તારમાં નીચેની કેટલીક હોટલો શહેરની શોભા સગવડતા અને ભવ્યતામાં ચાર ચાંદ લગાવે છે.

★ શર્મા રિસોર્ટ, ફોર સ્ટાર હોટલ જે અત્યંત લક્ઝુરિયસ સુવિધાયુક્ત કોન્ફરન્સ હોલ, બિઝનેસ સેન્ટર, પાર્ટીપ્લોટ્સ વગેરે સગવડતા ધરાવે છે.

★ હોલીડે વિલેજ - થ્રી સ્ટાર હોટલ પણ અત્યંત તમામ પ્રકારની સગવડો ધરાવતી હોટલ છે.

★ આ ઉપરાંત શિવ રેજન્સી, ચંદન હોટલ, ગોકુલ હોટલ, યુનિવર્સલ, નટરાજ, ફલેમિંગો, બોનાન્ઝા, ઈલાઈટ, મધુબાન, પ્રશાંત ઈન્ટરનેશનલ વગેરે હોટલો.

*ભુજમાં આધુનિક હોટલ્સ :*

પ્રિન્સ, ઈલાર્ક, સપ્તઋષિ, કે.બી.એમ., લેઈક વ્યૂ, અક્ષ જેવી નવી હોટેલ્સ વિક્સાવવામાં આવેલ છે.

આ તમામ હોટલો અત્યંત લક્ઝુરિયસ, તમામ પ્રકારની સુવિધાઓ ધરાવતી અને અદ્યતન હોટલો કચ્છની રોનકમાં વધારો કરે છે.

- **શૈક્ષણિક ફલકો - વિદ્યાધામો :**

આઝાદી પૂર્વે કચ્છમાં શિક્ષણનો વ્યાપ નહિંવત્ હતો. છેલ્લા છ દાયકા દરમ્યાન શિક્ષણના વ્યાપમાં ગણનાપાત્ર વધારો થયેલ છે અને તેમાં પણ છેલ્લા એક દાયકા દરમ્યાન તો કચ્છમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, માધ્યમિક અને કૉલેજ કક્ષાનું શિક્ષણ ફાલ્યું ફૂલ્યું છે તેમ કહી શકાય.

આઝાદી પહેલાં માત્ર ચાર શહેર — ભુજ, માંડવી, અંજાર અને મુંદ્રા મધ્યે માત્ર માધ્યમિક હાઈસ્કૂલો હતી. કોલેજનું સ્વપ્નું તો છેક આઝાદી બાદ ૧૯૫૩માં આર.આર. લાલન કૉલેજની સ્થાપના થતા સાકાર થયું. કચ્છની આ પ્રથમ જ આર્ટસ અને સાયન્સ કૉલેજ હતી. જયાં કૉલેજ જ એક હોય ત્યાં યુનિ.ની કલ્પના ક્યાંથી થઈ શકે? સ્વતંત્રતાના સૂર્યોદય બાદ ૧૯૬૯માં કચ્છના માજી કલેક્ટર અને નિવૃત્તિ બાદ લોકસભાના સભ્ય શ્રી તુલસીદાસ મૂળજી શેઠના માર્ગદર્શન હેઠળ કચ્છમાં શિક્ષણનો વ્યાપ વધારવા સારસ્વતમ્ સંસ્થાની સ્થાપના થઈ અને આ સંસ્થા દ્વારા કચ્છના ગામડાંઓમાં અંદાજિત ૨૨ જેટલી માધ્યમિક શાળાઓ કાર્યરત થઈ. એ રીતે વિચારીએ તો ૧૯૬૯ બાદ કચ્છમાં શિક્ષણનો વ્યાપ વરસો વરસ વધતો ગયો અને આજની તારીખમાં વિચારીએ તો જયાં પ્રાથમિક શિક્ષણની સુવિધાના ફાંફા હતા ત્યાં કૉલેજ શિક્ષણ અને યુનિ. કક્ષાનું શિક્ષણ ઉપલબ્ધ છે.

કચ્છની શિક્ષણ સંસ્થાઓ અને વિસ્તરણ વિશે વિગતે શિક્ષણના વ્યાપ વિશે લખવા બેસું તો પાનાના પાના ભરાય તેમ છે અને તેમ થતા આ લેખ ખૂબ જ લાંબો થઈ જાય તેમ હોઈ, ટૂંકમાં કહું તો કચ્છમાં અત્યારે ૨૭૫થી વિશેષ હાઈસ્કૂલો, તમામ પ્રકારના વિષયોને આવરી લેતી લગભગ ૪૦ ઉપરાંતની કૉલેજો અને કચ્છની ખાનગી યુનિ. શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી કાર્ય કરતી થઈ ગયેલ છે અને કચ્છની શિક્ષણ ભૂખની પ્રતીતિ કરાવતી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)**

*મૌન પાળવું સરળ છે, ઓછું બોલવું અઘરું છે.*

# પર્યટકો માટે દર્શનીય કચ્છના ડુંગરાળ પંથકમાં નિસર્ગદત્ત નિર્મળ જળ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

નૈસર્ગિક આપત્તિઓ તો કચ્છ અને કચ્છીઓને કોઠે પડી ગઇ છે. કચ્છની ભૂમિનું સૌંદર્ય નિરાળું છે કે જ્યાં રણ, ડુંગર અને દરિયાનું આગવું પ્રાકૃતિક સૌંદર્ય અને કુદરતના અજોડ કરિશ્મા નિહાળવા મળે છે. કચ્છના દુર્ગમ ડુંગરાળ પ્રદેશોમાં લોકોને તથા પશુ પક્ષીઓને જીવાડવાની અનુપમ શક્તિ તો માત્ર નિસર્ગ જ ધરાવે છે.

સામાન્ય રીતે કચ્છ જિલ્લો સૂકા દુષ્કાળ માટે ખૂબ જ જાણીતો બન્યો છે. પાણી, એ તો લોકોની જીવાદોરી છે. કચ્છમાં કારમા દુષ્કાળ સમયે પણ કચ્છના ડુંગરાળ પંથકમાં વિવિધ નિસર્ગદત્ત જળની વીડી દ્વારા મનુષ્યોને તથા પશુઓને આ નિર્મળ નૈસર્ગિક જળ સ્રોતો સુખેથી જીવાડે છે. સારા વરસાદ સમયે આ વીડીઓમાં પાણીનું સ્તર ઘણું ઊંચું આવી રહે છે. પર્યટકો, પ્રવાસીઓ કે સહેલાણીઓ માટે આવા દુર્ગમ ડુંગરાળ સ્થળોએ આવા કુદરતના કરિશ્મા નિહાળવાનો લહાવો અદ્‌ભુત છે. જેમ પૂર્ણિમાની સફેદ ચાંદનીમાં કચ્છના મીઠા આચ્છાદિત રણને નિહાળતાં પર્યટકો વાહ, વાહ પોકારી ઊઠે છે, તેવું જ કંઇક આ અદ્‌ભુત નૈસર્ગિક સૌંદર્ય સભર આ સ્થળ કહી શકાય.

**ભુજ તાલુકાના રૂદ્રમાતા જાગીરથી નખત્રાણા તાલુકાના થાન જાગીર વચ્ચે પથરાયેલા આ વિસ્તારમાં કચ્છની લોક સંસ્કૃતિ ખીલી ઊઠી છે.** અત્રેની હસ્તકલા કારીગરીએ તો હવે વિદેશોમાં પણ કચ્છી કૌવત અને કલા કૌશલ્યને દીપાવ્યું છે. આ વિસ્તારોની ઉત્તરે અફાટ રણ ફેલાયેલું છે તો દક્ષિણે લાંબી લાંબી ડુંગરોની હારમાળાઓ ફેલાયેલી છે. કાયમી પાણી સંગ્રહ માટે કોઇ વિશાળ બંધોની જ્યાં જોગવાઇ નથી ત્યાં આ સૂકા ભટ્ટ ડુંગરાળ પંથકમાં કુદરતના કરિશ્મા સમી પાણીની પ્રાકૃતિક રચાયેલી વીડીઓ અતિશય આકર્ષણ રૂપ બની રહેલી છે. રાજાશાહી સમયે કચ્છ રાજ્યના વિવિધ પરગણા હતા. ખાસ કરીને કંઠી, ગરડો, પાવરપટ્ટી, અબડાસો, માકપટ, વાગડ આદિ વિસ્તારો ચોક્કસ નામ ધરાવતા વિસ્તારો હતા. ડુંગરાળ વિસ્તારોના કેટલાક કાળમીંઢ ખડકો વચ્ચે લીલા નાળિયેર જેવા નિર્મળ મીઠા અખૂટ જળની પ્રાપ્તિ એ જ કુદરતની કચ્છીઓ પરની કૃપાનો અહેસાસ કરાવે છે. કચ્છના પાવરપટ્ટી વિસ્તારમાં મુખ્યમથક નિરોણાનો સિંચાઇ યોજનાના આડબંધના ઓગનેથી પશ્ચિમ દિશા તરફ આગળ વધીએ તો નાની પગદંડીઓથી થોડા ઉપરના વિસ્તારમાં ડુંગરોની ધાર પર જતાં જ ત્યાં ચરતા ઘેટાં-બકરાંઓની ઘંટડીઓના સુમધુર કર્ણપ્રિય સ્વરો અને માલધારીઓની જંત્રી વાદ્યના સુમધુર સ્વરો, ઠંડી હવાની લહેરો આદિથી પ્રવાસીઓના મન પુલકિત થઇ જાય છે. આ સુંદર ડુંગરાળ સ્થળે વીડીના દર્શન થાય છે. જૂની કલાત્મક ધર્મશાળા પણ મોજૂદ છે. આ દર્શનીય સ્થળ એટલે ભગતવીડી. **આ ભગતવીડી જમીનની સપાટીથી ઉપર ઊંચાઇએ આવા ડુંગરાળ વિસ્તારમાં હોવા છતાં માત્ર પંદરેક ફૂટની ઊંડાઇએથી મીઠા પાણીનો અખૂટ ભંડાર પ્રાપ્ત થયો છે.** તેનાથી ચાલીસ પચાસ પગલાં દૂર સેલોર વાવ પણ છે, જેમાં પગથિયાથી નીચે ઉતરી જળ ભરી શકાય છે. દોઢેક સદી પૂર્વે શ્રી ડુંગરશી ભગત આ ડુંગરાળ વિસ્તારમાં ભગવાનનું ધ્યાન ભજન કરતા. આ વિસ્તારના ગામના બાળકોને પ્રસાદ પણ વહેંચતા. પરંતુ એક સમયે આ બાળકો ખૂબ જ તરસ્યા થયા, પાણી માટે વલખાં મારવા લાગ્યા ત્યારે આ ભગતે ભગવાનનું સ્મરણ કરી આ ડુંગરની ટેકરી પર ખાડો કરી વીડી બનાવી. જેમાં મીઠું પાણી પ્રગટ થયું. તે બાળકોને હોંશે હોંશે પાયું. ત્યારથી આ વીડી 'ભગતવીડી' કહેવાય છે, આ વીડીની તળેટીની પછવાડે એક વીડી છે. **ત્યાં મોર પાણી પીએ છે તેથી તે 'મોરવીડી' તરીકે પ્રખ્યાત છે. તેની સમીપે સદરપીરની દરગાહ છે તેની સમીપની વીડી સદરપીરવીડી કહેવાય છે.**

કચ્છમાં થાનની ઉત્તર પશ્ચિમે ડુંગરાળ પંથકમાં 'સિદ્ધવીડી' તથા 'ધોકાવીડી' આવેલા છે. એક કથાનક અનુસાર સાડા તેરસો વર્ષ પૂર્વે બાર વર્ષ સુધી ધોરમનાથે અત્રે તપશ્ચર્યા કરેલી. તેમના દર્શનાર્થે નવ નાથ તથા લગભગ એંસી જેટલા સિદ્ધપુરુષો પધારેલા. ડુંગરની આસપાસ ઘૂમી રહ્યા હતા. ત્યારે એક નાથને ધોરમનાથની કસોટી કરવાની ઇચ્છા થઇ. સાથેની મશકનું પાણી ઢોળી નાખ્યું. સર્વસંતો એક વૃક્ષ નીચે બેસી ચલમ ભરવા લાગ્યા. ચલમ પીવા તેના મુખ આગળ દેવાના કપડાંને ધોવા પાણીની જરૂરત ઊભી થઇ. પાણી હતું નહિ. પાણી ઢોળી નાંખનાર નાથે કહ્યું કે, "આપણે ધોરમનાથના અતિથિ છીએ, એ વ્યવસ્થા કરશે." **આ સાંભળી ધોરમનાથ સફાળા ઊભા થયા 'અલખ નિરંજન' બોલી ચીપિયો જમીન પર પછાડ્યો. ત્યાંજ જમીનમાંથી પાણી પ્રગટ થયું. તે 'ચીપિયાવીડી' કહેવાય છે.** તળેટીની બખોલમાં પાણી ટપકે છે ત્યાં લાકડાનો ટુકડો નાંખીને હલાવતાં જ પાણીનો પ્રવાહ સતત ચાલુ રહે છે. તેને 'ધોકાવીડી' કહે છે, આ વીડી પાસે 'કવજ્ઞ' નામની વનસ્પતિ ઊગે છે. જે દમ શ્વાસના રોગમાં ખૂબ જ ઉપયોગી છે. ભૂસ્તરીય વિજ્ઞાનનું જ્ઞાન ધરાવતા વિદ્વાનો જણાવે છે કે કેટલાક ડુંગરો અને ખડકોમાં વિશિષ્ટ પ્રકારના પથ્થરો આવેલા છે જે 'સાગ પથ્થર' કહેવાય છે. આવા પથ્થરો નીચે અચૂક મીઠું પાણી સંગ્રહાયેલું રહે છે.

આવા કુદરતીય રમણીય સ્થળો જે કચ્છમાં અનેક છે અને કચ્છની લોક સંસ્કૃતિથી રણોત્સવોને કારણે દેશવિદેશના પર્યટકો ખૂબ જ આકર્ષાઇ રહ્યા છે ત્યારે હવે તો પ્રવાસીઓના લાભાર્થે આ વિસ્તારમાં પહોંચવા સારા રસ્તાઓ, લાઇટ અને નિવાસો અર્થાત્ રહેવા જમવાની સુવિધાઓ અચૂક પ્રાપ્ત થવી જોઇએ. પ્રવાસન વિભાગ, વહીવટીતંત્ર, રણોત્સવ નિર્માણ સમિતિઓના સહિયારા પ્રયત્નો આ ક્ષેત્રને અજવાળવા તત્પર બને એ સમયની માંગ છે.

*૬ એ લીમડા લાઇન, સંસ્કારનગર, ભુજ (કચ્છ)*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*મૃત્યુ એ ચાલુ જીવનનો થાક ઉતારવાનું અને નવા જીવનની તાજગી મેળવવાનું એક સાધન છે.*

# તવારીખે કચ્છ
# (ગુજરાત, મુંબઇ, ભારત)

*જન્મભૂમિ-મુંબઇમાંથી વર્ષ ૧૯૩૮ થી વર્ષ ૧૯૪૬ સુધીના કેટલાક અહેવાલો અત્રે રજૂ કરવામાં આવેલ છે કે જે વાંચીને કોઇપણ સંવેદનશીલ વ્યક્તિ ઊંડા વિચારમાં ગરકાવ થઇ જશે.*

*કચ્છ, ગુજરાત, મુંબઇ તથા ભારત દેશમાં વર્ષ ૧૯૪૦ની આસપાસના ભાવો અને હાલે વર્ષ ૨૦૧૦માં પ્રવર્તમાન ભાવો વચ્ચેની સરખામણી કોઇને પણ વિસ્મયજનક લાગશે.*

*એજ રીતે એ વખતના સમાચારો વાંચી આજે પણ અચરજતા વ્યાપી રહેશે.*

*વાંચો એ વખતના જન્મભૂમિના અહેવાલો ટૂંકમાં.*

**૧. શુક્રવાર, તા. ૩૦-૧૨-૧૯૩૮**

## કચ્છની સ્ત્રીઓનો નિર્ધાર

કચ્છી પ્રજાકીય પરિષદના અધિવેશનનું કામકાજ પૂરું થતાં પરિષદના પ્રમુખ શ્રી મહેરઅલીએ કચ્છી પ્રજાજનોને એક પ્રાણવાન સંદેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પરિષદનું આ અધિવેશન કચ્છી પ્રજાની જવાબદાર રાજતંત્રની લડતમાં એક સીમાસ્તંભ જેવું થઇ પડશે. શ્રી મહેરઅલીએ ફંડ માટે અપીલ કરતાં જ ૧,૧૦,૦૦૦ કોરીનું ઉઘરાણું એકઠું થઇ ગયું હતું. સ્ત્રીઓએ પોતાના દાગીના ઉતારી આપ્યા હતા. જવાબદાર રાજતંત્ર ન મળે ત્યાં સુધી દાગીના નહિ પહેરવાની કેટલીયે બહેનોએ પ્રતિજ્ઞા લીધી હતી.

**૨. સોમવાર, તા. ૨-૧-૧૯૩૯**

## ગુજરાતમાં અઢળક સોનાની શોધ

ગુજરાતના વિશાળ વિસ્તારોમાં ઉદ્યોગ તરીકે નફાકારક થઇ પડે એટલા મોટા પ્રમાણમાં સોનાનું અસ્તિત્વ હોવાની શોધ થઇ છે. આ પીળી ધાતુની શોધમાંથી ઔદ્યોગિક લાભ ઉઠાવવા ટૂંક સમયમાં એક કંપનીની સ્થાપના થશે. આ કંપની સ્થાપવામાં મુંબઇ સરકાર પણ કદાચ હિત ધરાવશે. આજે હિંદમાં માત્ર દક્ષિણ હિંદની કોલારની ખાણોમાં જ સોનું ઉત્પન્ન થાય છે. વિશ્વના સોનાના વાર્ષિક ઉત્પાદનમાં હિંદનો હિસ્સો માત્ર એક ટકા જેટલો જ છે. આ સાહસને મુંબઇ પ્રાંતની રિસર્ચ સિન્ડિકેટનું પીઠબળ છે. આ સંસ્થાના મુખ્ય સૂત્રધાર શ્રી ગુલામ હુસેન સોનાવાળા છે. સિન્ડિકેટમાં તેમના ઉપરાંત મુંબઇના શ્રી મહમંદ મુરાદ અને ગોધરાના ખાનબહાદુર આદમેદીર મહંમદી પણ જોડાયા છે. સોનું મળવાની જ્યાં શક્યતા છે એ સ્થળ ગોધરા તાલુકામાં વાવડી, બુજારગ અને બામરોલી ખાતે ગોધરા ગામથી બે માઇલ દૂર છે.

**૩. વર્ષ ૧૯૪૦નો એક અહેવાલ**

## કચ્છનો વેપાર વણજ

કચ્છમાં આયાત અને નિકાસ માટે મુખ્ય બંદર માંડવી હતું. આ ઉપરાંત સલાયા, મુન્દ્રા, જખૌ, લખપત અને તુણા પણ મહત્ત્વના બંદર હતા. કચ્છને ઝંગબાર, મસ્કત, દારે સલામ, મૌખા, બહેરીન અને દીબાઇ, બસરા, ઓરમઝ, અબ્બાસ, લીંગા, બુશાયર, જુદ્દા, સિંધ, દમણ, મદ્રાસ, કોચીન, ગુજરાત, ગોવા તેમજ અન્ય આરબ તથા આફ્રિકાના દેશોથી આયાત નિકાસનો સંબંધ હતો અને ત્યાં કચ્છના વેપારીઓએ પોતાના આડતિયાઓ રાખ્યા હતા. અને તે માટે ૪૦થી ૫૦ વેપારીઓ પોતાના વહાણોનો ઉપયોગ કરતા તેમજ એ સિવાય ૪૦ થી ૫૦ વહાણો ભાડે ફરતાં/મળતાં હતાં.

કચ્છથી વરસ દહાડે લગભગ ૧૫૦૦૦ ગાંસડીઓ રૂ નિકાસ થતી હતી. ૧૦ મણની ગાંસડી કે જેના પર સાડા ત્રણ કોરી જકાત હતી. ૩૦ કચ્છી ઢીંગલાનો શેર ગણાતો અને એવા ૫૦ શેરના મણ રૂ ની કિંમત ૧૦ થી ૨૦ કોરી હતી. રૂ ની ઊપજની અછત વખતે એ ભાવ ૨૫ થી ૩૦ કોરી થતો. માંડવીના રૂના વેપારીઓમાં શ્રી મુરારજી શા, ગુલાબચંદ શા, કચરા પ્રધાન, રણછોડ ખેતાણી અને જુઠા શા મુખ્ય હતા. રૂ ની નિકાસ ખાસ કરીને ચૈત્ર, વૈશાખ અને જેઠ મહિનાઓમાં થતી. માંડવીમાં અબડાસા, વાગડ, પચ્છમ અને મારવાડથી રૂ આવતું.

એવી રીતે ઉપર્યુક્ત શહેરો ઉપરાંત ભુજ અને જેસલમેરથી માંડવીમાં ઊન આવતું કે જે ત્યાંથી નિકાસ થતું. વરસમાં બે વખત, ભાદરવા અને ચૈત્રમાં ઊન ભેગું કરવામાં આવતું. સરેરાશ ૧૦૦ ઘેટાં પરથી ૧ મણ ઊન મળતું. ઊન ઉપરાંત ઘેટાંનું દૂધ અને ઘી પણ વપરાતું અને વેચાતું. ૧૦૦ ઘેટાંઓની રખેવાળી માટે બે માણસો રાખવામાં આવતા અને એક માણસ એમનાં બચ્ચાઓની સંભાળ માટે રાખવામાં આવતો. એક ઘેટાની કિંમત કચ્છમાં તે વખતે પાા થી ૬ કોરી હતી અને એક મણ ઊન ૧૫ થી ૧૬ કોરીએ વેચાતું. ઊનમાં સફેદ અને કાળા રંગનું ઊન ઊપજતું; જેમાં કાળા રંગના ઊનની કિંમત લગભગ બમણી હતી.

કચ્છથી ગાય અને ભેંસનું ઘી પણ નિકાસ થતું હતું. ૧ કોરીનું ૩ શેર ઘી મળતું. વાગડથી રાયશી પોતરા ઊંટ પર ઘી માંડવીમાં વેચવા લઈ આવતા.

તેલોમાં તલનું તેલ મુખ્ય વપરાતું અને નિકાસ થતું. ૧ કોરીનું પાંચ શેર તલનું તેલ મળતું.

*ખરેખર, બાળકો ઉછેરવાની યોગ્યતા આપણે કેળવીએ, ત્યાં સુધીમાં તો એ બાળકોને ઘેર પણ બાળકો થઈ ગયા હોય છે.*

રાતા ચોખા, સફેદ ચોખા, મઠ, મુંગ, ઘઉં, ઉડદ અને ચણા પણ કચ્છમાં ઊપજતાં અને નિકાસ થતા. ૧ કોરીની ૬ાા પાટઇ રાતા ચોખા, ૧ કોરીની ૫ પાટઇ સફેદ ચોખા; ૧ કોરીના ૧૧ પાટઇ મઠ; ૧ કોરીના ૮ પાટઇ મગ, ૧ કોરીના ૮ પાટઇ કાઠા ઘઉં, ૧ કોરીના ૧૦ પાટઇ વાજીની ઘઉં, ૧ કોરીના ૮ પાટઇ ચણા અને ૧ કોરીના ૭ પાટઇ ઉડદ વેચાતા.

જુદી જુદી જાતના સુતરાઉ રેશમી કાપડ પણ કચ્છમાં વણાતું અને વેચાતું, નિકાસ થતું.

મુંબઈથી કચ્છ માંડવીમાં હળદર આવતી કે જે મસ્કત અને મકરાન બંદરે નિકાસ થતી. ૧ કોરીની પાંચ શેર હળદરનો ભાવ હતો. જીરૂ મારવાડથી આવતું અને તે ૧૨ થી ૨૦ કોરીનું મણ મળતું. મલબારથી કાળા મરી આવતાં કે જે મસ્કત નિકાસ થતા. ૧ કોરીમાં ૨ થી ૨ાા શેર મરી વેચાતા. ૧ થી ૧ાા કોરી શેર સૂંઠનો ભાવ હતો.

ઇરાનથી અને બીજેથી અફીણ આવતું કે જે માંડવીમાં ૨૦ થી ૨૫ કોરીએ શેર મળતું.

ગોવાથી સોપારી આવતી અને તે ૫ થી ૯ કોરીએ મણ વેચાતી.

કચ્છમાં વરસ દહાડે ૧૦ લાખ નાળિયેરો આવતા કે જે ૧૦ થી ૧૨ કોરીએ ૧૦૦ વેચાતાં.

ખજૂર અને ખારેક બહારથી આવતા જેમાં ૫ થી ૭ કોરીએ મણ ખજૂર અને ૧૦ થી ૧૨ કોરીએ મણ ખારેક વેચાતી.

૫૦ કોરીએ ૧ મણ લવંગ અને લોબાન મળતું. ૩૨ કોરીએ મણ દાલચીની, ૧૦૦ કોરીએ મણ એલચી; ૫૦ થી ૬૦ કોરીએ મણ છીંકણી; ૧ કોરીએ ૧ શેર ચંદન મળતું.

આ ઉપરાંત, બીજી વસ્તુઓનો પણ વ્યાપાર થતો/ચાલતો; તેમાં ઝંગબારથી વરસે દહાડે લગભગ ૨૦૦ ગુલામો વેચાવા આવતા કે જે માટે ૬ વહાણો વપરાતા. ગુલામોમાં મોટી ઉંમરની વ્યક્તિઓ કરતાં ૧૪ થી ૧૫ વર્ષની ઉંમરના છોકરાઓ વધારે લઇ આવતા, કે જે કચ્છમાં ૨૦ થી ૨૫ કોરીએ વેચાતા.

***કચ્છમાં પ્રથમ*** :

- ★ કચ્છમાં પ્રથમ મોટર બસની સેવા સને ૧૯૨૧ના શરૂ થઇ.
- ★ કચ્છમાં પ્રથમ વિમાની સેવા સને ૧૯૩૭માં શરૂ થઇ.
- ★ કચ્છમાં પ્રથમ ટેલિફોનની સેવા સને ૧૯૩૬થી શરૂ થઇ.
- ★ કચ્છમાં પ્રથમ વિજળીની પધરામણી સને ૧૯૧૫થી શરૂ થઇ.
- ★ કચ્છમાં પ્રથમ ડામર રોડ ભુજ ખાતે કર્નલ વેવને સને ૧૯૩૯માં બનાવ્યો.

**૪. બુધવાર, તા. ૧૨-૯-૧૯૪૦**

## હવે ટૂંક સમયમાં જ સત્યાગ્રહ

ટૂંક સમયમાં જ હિંદમાં સત્યાગ્રહ આંદોલન શરૂ થશે! એવી મતલબની આગાહી પંડિત જવાહરલાલ નેહરુએ, કોંગ્રેસ સ્વયંસેવક દળ સમક્ષ ભાષણ કરતાં કરી હતી. પ્રસંગ હતો તાલીમ છાવણીની પૂર્ણાહુતિનો. પંડિતજીએ જણાવ્યું હતું કે સેવાદળના પ્રશ્ન પર સત્યાગ્રહ શરૂ કરવાની આપણી ઇચ્છા નથી, કારણકે સત્યાગ્રહ માટે જ આ દળને તાલીમ આપવામાં આવી નથી, છતાં પરિસ્થિતિ એવી છે કે ટૂંક સમયમાં આપણે લડતમાં ઝંપલાયેલા હોઇશું. કેટલાક મૂળભૂત પ્રશ્નો જોતાં કદાચ પરિસ્થિતિ વેગવાન પણ બને. અહિંસા પર ભાર મૂકતા પંડિતજીએ કહ્યું હતું કે મહાસભા કોમી સંસ્થા નથી. મહાસભાએ રાષ્ટ્રીય સરકારની માગણી કરી છે, પણ એનો અર્થ એ નથી કે એને કોંગ્રેસ સરકાર ખપે છે. સરકાર, પ્રજા જ પસંદ કરે એટલી જ અમારી ઇચ્છા છે.

**૫. મંગળવાર, તા. ૨૯-૬-૧૯૪૩**

## શહેરના બે પોલીસ અધિકારી સસ્પેન્ડ

પાયધુની પોલીસ સ્ટેશનના બે અધિકારીઓ જોસેફ અને લોબોને તેમણે હજમ કરેલી રૂા. ૩,૦૦૦ ની રકમ બાબત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પોલીસ કમિશનરે પોતે તપાસ હાથ ધરી છે.

એક વેપારીની તેના ૩,૦૦૦ રૂપિયા ગુમ થયાની ફરિયાદ અને તેણે આપેલા એક શકમંદના નામ પરથી આ અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી. તેમણે શકમંદ પાસે ગુનો કબૂલ કરાવી તેની પાસેથી રૂા. ૩,૦૦૦ મેળવ્યા હતા અને પોલીસ ખાતાને ચોપડે આ કેસ 'અનડિટેક્ટેડ'ની નોંધ કરી તપાસ બંધ કરી હતી.

પણ શકમંદે જેની રકમ ઓળવી હતી ત્યારે પેલી રકમ અધિકારીઓ પાસેથી મળી ગયા વિશે પૂછપરછ કરતાં અધિકારીઓનો ભંડો ફૂટી ગયો હતો.

**૬. બુધવાર, તા. ૧૦-૪-૧૯૪૬**

## તાતા એરલાઇન્સના ભાડાં

તાતા એરલાઇન્સ — તેમનાં વિમાનો હવાઇ ઉડ્ડયન કરે છે. ભાડાં નીચે મુજબ છે : હૈદરાબાદ જવાનું ભાડું રૂા. ૮૫, મદ્રાસ- રૂા. ૧૫૫, કોલંબો- રૂા. ૨૫૦, અમદાવાદ રૂ. ૬૦, કરાંચી રૂા. ૧૫૫, દિલ્હી રૂા. ૧૫૦ : રોજ વિમાનોની સર્વિસ ચાલુ છે. ટિકિટો મળવાની ખાતરી રહે છે.

**૭. શનિવાર, તા. ૯-૩-૧૯૪૬**

## કચ્છના ઉતારુઓ માટે ભારે સગવડ

જામનગર એન્ડ દ્વારકા રેલવે, તા. ૭મી માર્ચ, ૧૯૪૬થી ઓખા અને માંડવી વચ્ચે બોટ સર્વિસ ચાલુ કરે છે. ઓખા અને માંડવી વચ્ચે ઉતારુ ભાડું નીચે મુજબ છેઃ ૩ જો વર્ગ રૂા. ૨, બીજો વર્ગ રૂા. ૪ અને ૧ લો વર્ગ (કેબિનો) રૂા. ૬ રેલવેના નિયમો પ્રમાણે મફત સામાનની છૂટ, વધારાના સામાન અને પાર્સલો માટે બંગાળી મણના રૂા. ૦-૯-૦. ઉતારુઓ માટે ઓખા ખાતે વિના ચાર્જે મફત રહેવાની અને ઘણા વાજબી ભાવે જમવાની સગવડ છે. સમય : ઓખા ઊપડશે સવારે ૮.૦૦, માંડવી પહોંચશે સવારે ૧૦.૦૦, માંડવી ઊપડશે બપોરે ૨.૦૦, ઓખા પહોંચશે સાંજે ૫.૦૦.

***(પ્રેષક : હીરાલાલ વેલજી ઉનડોઠવાલા)***

***સ્ત્રીઓ આપણને કવિ બનાવે છે, બાળકો આપણને ફિલસૂફ બનાવે છે.***

# સ્વાતંત્ર્યોત્તર કચ્છના નારી સર્જકો (ગદ્ય)

(પ્રકરણ-૨)

• વિરાજ દેસાઈ •

**• યશોદાબહેન પલણ :**

પોતાની કલમથી સાહિત્ય ક્ષેત્રમાં કંઇક વિશિષ્ટ પ્રદાન કરી એક લેખિકા તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરવામાં સમર્થ એવા યશોદાબહેનનું લેખનકાર્ય પણ નોખું તરી આવે એવું છે.

શ્રી ઉમાશંકર જોશીની –

*"જે જે થતો પ્રાપ્ત ઉપાધિ યોગ,*
*બની રહો તે જ સમાધિ યોગ."*

એ પંક્તિઓ યશોદાબહેનનનાં જીવન અને તેમનાં લેખન કાર્ય પર નજર કરતાં સાથે સાર્થક થતી લાગે છે. અંજારનાં વતની અને મુંબઇ નિવાસી એવાં યશોદાબહેન પર ફક્ત સાત વર્ષની કુમળી વયે કુદરતે કઠોર આઘાત કર્યો. રુમેટાઇડ આર્થરાઇટીસની બીમારીએ તેમને સાવ પથારી વશ બનાવી દીધાં. પિતા સિવિલ એન્જિનિયર હતા, પણ પિતાની છત્રછાયા બહુ નાની ઉંમરે તેમણે ગુમાવી દીધી. ડૉક્ટર બનીને દેશ-વિદેશ ફરવાનું તેમનું સ્વપ્ન કુદરતની કારમી થપાટો સામે વેરણ-છેરણ બની ગયું. પરંતુ તેમનાં માતા હિંમત હારે તેમ ન હતાં. અનેક કષ્ટો સહન કરીને પણ તેમણે યશોદાબહેનને શાળાએ મોકલ્યાં. યશોદાબહેને પણ અજબ હિંમત દાખવી બી.એ. સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો. તેમનાં એકાકી અને શૂન્યતાથી ભરેલાં જીવનમાં વાચન અને લેખનના શોખે પ્રાણ પૂર્યાં. કલમ જ તેમના જીવનનો આધાર બની. ૧૯૭૦થી લેખનની શરૂઆત કરી. તેમની પ્રથમ વાર્તા 'ભાભીમાં' 'સુધા'માં પ્રગટ થઇ. એ ઉપરાંત નવનીત સમર્પણ, મુંબઈ સમાચાર, દિવ્ય ભાસ્કર જેવાં પ્રતિષ્ઠિત સામયિકોમાં તેમની લઘુનવલો અને નવલિકાઓ પ્રગટ થઈ છે. આકાશવાણી - મુંબઈ પર પણ તેમની વાર્તાઓ અને નાટિકાઓને સ્થાન મળ્યું છે. યશોદાબહેનની આત્મનવલકથા 'એકદંડિયો મહેલ' 'સુધા'માં પ્રસિદ્ધ થઈ. પુસ્તકરૂપે પ્રસિદ્ધ પ્રકાશિત પણ થઈ છે. 'કચ્છ શક્તિ સાહિત્યરત્ન એવૉર્ડ' પ્રાપ્ત કરનાર યશોદાબહેનનો વાર્તાસંગ્રહ 'ઓક્ટોપસ' ભાવકોનો સારો એવો આવકાર પામ્યો છે. 'ઓક્ટોપસ' નવલિકા સંગ્રહની વાર્તાઓમાં યશોદાબહેને સમાજમાં પ્રવર્તતા દંભ ઉપર તીવ્ર કટાક્ષ પણ કર્યો છે અને માનવીય સંવેદનાઓનું બારીક આલેખન પણ કર્યું છે. 'ઓક્ટોપસ' વાર્તામાં લેખિકાએ આપણા સમાજની નસેનસમાં વ્યાપી ગએલ દંભ અને ભ્રષ્ટાચારને શિકારની શોધમાં નીકળેલા ઓક્ટોપસ સાથે સરખાવ્યો છે, જેની ભીંસમાં આવી જનાર વ્યક્તિના બચાવનો કોઇ ઉપાય નથી. 'આવજે' વાર્તામાં સાચા પ્રેમ અને એકબીજાને પૂરક વિચારસરણીના કારણે ભર્યું-ભર્યું જીવન જીવતાં માનસી અને ક્ષિતિજના પ્રસન્ન દાંપત્ય જીવનની વાત છે. આમ તો માનસીનાં સગપણ દેવાંગ સાથે થયાં હોય છે, પણ એ સંબંધમાં આકંઠ છલકાવી દે તેવી ઉષ્માનો અભાવ માનસી સતત અનુભવે છે. દેવાંગની લાગણીશૂન્યતા સહન ન કરી શકતી માનસી તેની સાથેના સગપણ ફોક કરે છે. 'મેઇડ ફોર ઇચ અધર' જેવાં ક્ષિતિજ અને માનસી લગ્નગ્રંથિથી જોડાય છે. ક્ષિતિજને ગંભીર બીમારી લાગું પડે છે. ત્યારે માનસીના આવનાર ભવિષ્યની ચિંતા કરતા ક્ષિતિજને માનસી કહે છે :-

"હું દેવાંગને પરણી હોત તો હસ્તમેળાપ વખતે જ વિધવા બની હોત. તેં મને ઘણું આપ્યું, ક્ષિતિજ. એક સ્ત્રી ઇચ્છે તે બધું તારી પાસેથી મળ્યું છે. મારો એક પણ ખૂણો ખાલી નથી રહ્યો. હું બંને કાંઠે છલોછલ છલકાઇ ગઇ છું, ક્ષિતિજ."

જીવનની અંતિમ ક્ષણોમાં ક્ષિતિજ માનસી પાસે કંઇક માંગવા ઇચ્છે છે, પણ હવે તેના શ્વાસ તેને સાથ નથી આપતા. છાતીના દુઃખાવાથી પીડાતા ક્ષિતિજને માનસી કહે છે :

"આવજે ક્ષિતિજ, ચાર મહિના બાદ તું તારાં નવાં શિશુ સ્વરૂપે મારી સમક્ષ ફરી આવીશ. તારા એ નવા સ્વરૂપની હું પ્રતીક્ષા કરીશ, ક્ષિતિજ."

અત્યંત સરળ ભાષામાં લખાયેલી આ વાર્તામાં માનસી અને ક્ષિતિજનો દાંપત્ય પ્રેમ અને અંતે માનસીના એકલા પડી જવા છતાં ક્ષિતિજનો પ્રેમ તેની સાથે જ હોવાની અનુભૂતિ- આ બધાના આલેખનમાં યશોદાબહેન ભાવકને પોતાની કલમના પ્રવાહમાં ખેંચી જવામાં સફળ રહ્યાં છે. એ જ આ વાર્તાની વિશેષતા છે.

આ નવલિકા સંગ્રહની અન્ય એક વાર્તા 'તમાચો'માં બાલ્યાવસ્થામાં જ આર્થરાઇટીસની બીમારીનો ભોગ બનેલી એકલી પડી ગયેલી પિન્કી સતત પોતાની માતાનો સહવાસ ઝંખે છે, પરંતુ તેની માતા પિન્કીને સારવાર માટે વિદેશ લઇ જવા ઝંખે છે અને એના માટે સતત કામ કરી બેન્ક બેલેન્સ વધારવું એ જ તેનું લક્ષ્ય બની રહ્યું છે. વાર્તાના અંતે આ વાર્તાની નાયિકા પિન્કીની માતાના હાથમાં પિન્કીએ લખેલી ચિઠ્ઠી આવે છે, જેમાં માતા સામે આંસુભીની ફરિયાદ વ્યક્ત કરતાં "પપ્પાની જેમ હું પણ મરી જાઉં તો" એવી હૃદયવિદારક ઇચ્છા વ્યક્ત કરી છે. તેના આ શબ્દો માતા માટે જોરદાર તમાચા જેવા સાબિત થાય છે. વાસ્તવિક પરિસ્થિતિનું આલેખન યશોદાબહેન આ વાર્તામાં ખૂબ ઝીણવટથી કરી શક્યાં છે.

પોતાની નવલિકાઓ વિશે પુસ્તકની પ્રસ્તાવનામાં યશોદાબહેન લખે છે :-

"મારી નવલિકાઓમાં મેં હંમેશાં ભિન્ન ભિન્ન પ્રકારના, સ્વભાવના, સંસ્કૃતિના બૌદ્ધિક સ્તરના વિષમ સંજોગો અને પ્રસંગોની વચ્ચે ઝઝુમતા માનવીની શ્રદ્ધા અને શક્તિની વાતનું નિરૂપણ કરવા પ્રયત્ન કર્યો છે. આસુરી તાકાતને ખંખેરીને ઊભો થતો, ઇશ્વરના દૂત સામો, માણસ, 'ઓક્ટોપસ'માં ક્યાંક કોઇ

*દરેકમાંથી સારી ચીજો શોધીને આપણામાં ઉતારવાનો પ્રયત્ન કરવો.*

વાંચકને મળી જાય, તો મારું સદ્‌ભાગ્ય ગણાશે.''

રુમેટાઇડ આર્થરાઇટીસને કારણે લગભગ છપ્પન વર્ષની પથારીવશતાને યશોદા બહેને 'જેલની કાળી કોઠડી કરતાંય વિશેષ પીડાદાયક' ગણાવી છે. પણ આ પથારીવશતા યશોદાબહેનના મનને બાંધી શકી નથી. શબ્દોને સથવારે તેમણે પોતાના મન પંખીને મુક્તાવકાશમાં વિહરતું રાખ્યું છે. સંજોગો સામે યશોદાબહેન ઝૂક્યાં નથી. ફિનિક્સ પક્ષીના મનુષ્યાવતાર સમા યશોદાબહેન પાસે હજી વિપુલ અને શ્રેષ્ઠ સર્જનની ભાવકોને અપેક્ષા છે.

### ● ડૉ. ભાવનાબહેન મહેતા :-

કચ્છની આધુનિક લેખિકાઓમાં ડૉ. ભાવનાબહેન મહેતાનું નામ અત્યંત સમ્માનીય છે. સર્જનાત્મક લેખન અને ઇતિહાસ એમ બંને સાવ ભિન્ન ક્ષેત્રોમાં પ્રદાન કરનાર ભાવનાબહેનની સર્જનયાત્રા વિપુલ અને અર્થસભર લેખનકાર્યથી સભર રહી છે. તેમનો એક વાર્તાસંગ્રહ 'ખોવાયેલી ઓળખ' પ્રકાશિત થયો છે. 'કચ્છ શક્તિ' ઍવૉર્ડ મેળવનાર ભાવનાબહેનનાં અન્ય લેખન કાર્યની ચર્ચાનો આગળ વિગતવાર વિચાર કરશું, પણ અહીં તેમની નવલિકાઓનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

આ સંગ્રહની 'ખોવાયેલી ઓળખ' વાર્તામાં નાયિકા વિભા એક તેજસ્વી યુવતી છે જે રાજકોટમાં અભ્યાસ કરીને પ્રોફેસર બને છે. ત્યારબાદ અમેરિકા જઇ આગળ અભ્યાસ કરે છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરમાં આવી, તે કોસ્મેટિક સર્જરી કરાવી પોતાનું સૌંદર્ય વધારીને ભારત પાછી આવે છે, ત્યારે તેનો મિત્ર તેને કહે છે :- 'વિભા ખૂબ સુંદર છે, પણ આ અમારી વિભા નથી.' આંતરસૌંદર્યનું મહત્ત્વ સમજાવતી આ વાર્તામાં ભાવનાબહેનની વિચાર સૃષ્ટિ અને સરળ છતાં આકર્ષક શૈલીનો પરિચય મળી રહે છે.

'પુનરાવર્તન' આ સંગ્રહની અન્ય એક નોંધપાત્ર વાર્તા છે. તેમાં આજના સમાજની સળગતી, કદાચ શાશ્વત કહી શકાય તેવી, સમસ્યા 'કન્યા ભ્રૂણ હત્યા' ની વેધક રજૂઆત ભાવનાબહેને કરી છે. આ વાર્તામાં કચ્છના જાડેજા કુટુંબના વૃદ્ધ દાદીમા સોનોગ્રાફી કરાવ્યા બાદ 'કન્યા ભ્રૂણ હત્યા' કરવા તૈયાર થયેલા પોતાના પૌત્ર અને પૌત્રવધૂને અટકાવતાં કહે છે, 'હવે જમાનો બદલાઇ ગયો છે, હવે દીકરીને 'દૂધ પીતી' કરવાની ન હોય.'

'ઉસર રણ' આવી જ સમાજને ઢંઢોળતી અને સ્ત્રીની સંવેદનાઓને રજૂ કરતી સુંદર વાર્તા છે. એક મુસલમાન કુટુંબમાંથી પુત્રવધૂને સંતાન ન થતાં 'ઉસર રણ'-વેરાન રણ કહી કાઢી મૂકવામાં આવે છે. નિરાશ અને એકાકી બનેલી યુવતીને વિદ્યાપીઠમાં અભ્યાસ કરીને આવેલો મુસલમાન યુવક મળે છે જે દરિયાના પાણીથી વનસ્પતિ ઉગાડવાનો પ્રયોગ કરતો હોય છે. આ યુવક નાયિકાને સહારો આપે છે. સમય જતાં બંને લગ્ન કરે છે. યુવકના દરિયાના ખારા પાણીમાં વનસ્પતિ ઉગાડવાના પ્રયોગ ચાલુ જ છે, ત્યારે તે એક દિવસ ઘરે આવે છે, ત્યારે નાયિકા મીઠાંના ઢગલા પર બેઠી-બેઠી કંઇક ગણગણતી હોય છે. એ જોઇ એ યુવક અને ભાવક બન્ને સમજી જાય છે કે અલ્લાએ તેમના પર મહેરબાની કરી છે! વાર્તાનું શીર્ષક પ્રતીકાત્મક છે. જે વાર્તાના ભાવજગતને તીવ્રતાથી પ્રગટ કરે છે.

'ખોવાયેલી ઓળખ'ની આ વાર્તાઓ તથા અન્ય વાર્તાઓ વાંચતા ભાવનાબહેનના પ્રગતિશીલ વિચારો અને સંવેદનશીલ ભાવ વિશ્વનો પરિચય મળી રહે છે.

### ● મુક્તાબહેન ખત્રી :-

મુક્તાબહેનની કલમે સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં મુક્ત વિહાર કર્યો છે. પરંતુ અહીં મુક્તાબહેને લખેલા એક લાગણીભીના નિબંધની વાત કરવી છે. 'શબ્દસૃષ્ટિ'ના 'નારીલેખન વિશેષાંક'માં મુક્તાબહેને તેમના સસરા અને સમર્થ સર્જક તથા તેવા જ સફળ તબીબ ડૉ. જયંત ખત્રીને અત્યંત લાગણીભીની સ્મરણાંજલિ અર્પણ કરતાં 'પીડા મિશ્રિત રોમાંચ' સ્મરણલેખ લખ્યો છે. આ લેખમાં મુક્તાબહેને પોતે ફક્ત ચૌદ વર્ષનાં હતાં ત્યારે ડૉ. જયંત ખત્રીએ તેમને જીવલેણ ટાઇફોઇડમાંથી કેવી રીતે ઊગાર્યા એનું રોમાંચિત વર્ણન કર્યું છે. બારમા ધોરણમાં ભણતાં મુક્તાબહેન ડૉ. જયંત ખત્રી પાસે માર્ગદર્શન લેવા ગયાં હતાં ત્યારે જયંતભાઇએ કહેલું 'કલમ ઉપાડીશ તો વેલણ બાજુ પર રહી જશે.' ત્યારે બંનેમાંથી કોઇ જાણતું ન હતું કે ભવિષ્યમાં મુક્તાબહેન જયંતભાઇના ઘરમાં પુત્રવધૂ તરીકે પગ માંડવાનાં છે. મુક્તાબહેનના આ શબ્દો ''લેખક તરીકે અધાનો લાભ પામી છું, પરંતુ સસરા તરીકે માત્ર પાંચ મિનિટ માટે અધા કહીને બોલાવ્યા હોત તો?'' ડૉ. જયંત ખત્રીના રોમાંચિત સ્મરણ સાથે લેખિકાના મનમાં ઉદ્‌ભવતી પીડા વર્ણવી જાય છે. મુક્તાબહેનનો આ લેખ ભાવકોના મનોજગતને સદૈવ ઝંકૃત કરતો રહે એ કક્ષાનો છે.

### ● રમીલાબહેન મહેતા :-

રમીલાબહેન મહેતાનું નામ એક સફળ વાર્તાકાર ઉપરાંત પ્રતિભાસંપન્ન શિક્ષિકા, સાહિત્યકાર અને સમાજસેવા સાથે સંકળાયેલા તેમનાં કાર્યો માટે જાણીતું છે. 'કચ્છમિત્ર'ના મહિલા વિભાગ 'કંકાવટી'ના સંપાદિકા તરીકે તેમણે કરેલું કાર્ય પણ પ્રશંસનીય રહ્યું છે. ઇ.સ. ૧૯૯૭માં શ્રેષ્ઠ શિક્ષિકા તરીકેનો રાજ્યપાલશ્રીનો ઍવૉર્ડ તથા ઇ.સ. ૧૯૯૯માં શ્રેષ્ઠ શિક્ષિકા તરીકેનો રાષ્ટ્રપતિશ્રીનો માનવંતો ઍવૉર્ડ પણ તેમણે મેળવેલ છે. રમીલાબહેનનો એક વાર્તાસંગ્રહ 'વાર્તા-લહેર' પણ પ્રકાશિત થયો છે. રમીલાબહેનની વાર્તાઓમાં સામાજિક પ્રશ્નો તેમજ સ્ત્રીઓની સમસ્યાઓને તીવ્ર વાચા મળતી જોવા મળે છે. મધ્યમ વર્ગની, સુશિક્ષિત તેમજ સમાજમાં પ્રવર્તતા દંભ અને કુરિવાજોનો સામનો કરતી 'અનેરી' જેવી સ્ત્રીનું સુરેખ પાત્રાલેખન કરવામાં રમીલાબહેન સફળ રહ્યાં છે. તો 'પૂજાનું ફૂલ' વાર્તામાં ગાંધીજી પ્રેરિત અંતિમજનોના ઉદ્ધારની વાત લેખિકાએ માર્મિકતાથી કરી છે. 'આયખાંભરની કમાણી' સાગરખેડૂઓના જીવનની કારમી વાસ્તવિક્તા રજૂ કરતી વાર્તા છે. લેખિકાના વતન માંડવીની કથાનો ભીનો સ્પર્શ આ વાર્તામાં અનુભવી શકાય છે.

વિષય વૈવિધ્ય અને આલેખન એ બંને દૃષ્ટિએ આ વાર્તા સંગ્રહ દ્વારા રમીલાબહેનનો એક સંવેદનશીલ અને જાગૃત સર્જક તરીકેનો પરિચય મળી રહે છે.

ભુજને પોતાની કર્મભૂમિ બનાવનાર રમીલાબહેને ત્રણ વખત યુ.એસ. અને યુ.કે.ની મુલાકાત લીધી છે. ત્યાંનું સામાજિક જીવન અને શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ કરી તુલનાત્મક લેખો પણ લખ્યા છે.

### ● નિરૂપમાબહેન મહેતા :-

શ્રીમતી નિરૂપમાબહેન મહેતાનું નામ

*સામે પગલે ચાલીને સારાં કામનાં સાથીદાર બનો.*

કચ્છનાં આધુનિક સ્ત્રી સર્જકોમાં સિદ્ધહસ્ત લેખિકા તરીકે જાણીતું છે. નિરૂપમાબહેનની નવલિકાઓ "પથિક", "ચાંદની", "સુધા" અને "કચ્છમિત્ર" જેવા સુપ્રતિષ્ઠિત સામયિકો અને સમાચારપત્રોમાં નિયમિત પ્રકાશિત થતી હતી. આકાશવાણી-ભુજના 'મહિલા જગત' વિભાગમાં નિરૂપમાબહેનના વાર્તાલાપ તથા નાટકો પણ પ્રસારિત થયાં છે. 'વૈકુંઠ નથી જાવું' અને 'નદી, નાવ-સંજોગ' જેવી તેમની વાર્તાઓમાં સ્ત્રીહૃદય તથા માનવીય સંવેદનોનું સૂક્ષ્મ આલેખન થયેલું જોવા મળે છે. 'સુધા'માં પ્રગટ થયેલી તેમની ધારાવાહિક નવલકથા 'ઘૂંઘટ કે પટ ખોલ' પ્રકાશિત થઇ હતી. લેખિકાના પિતા ડૉ. મહિપતરાય મહેતાના જીવન પ્રત્યેના વૈજ્ઞાનિક અભિગમને કેન્દ્રમાં રાખી ડૉ. મહેતાએ જ કલ્પેલા કથાવસ્તુને આધારે નિરૂપમાબહેને લખેલું નાટક 'મૂઠી ઊંચેરા માનવી' પુસ્તકરૂપે પ્રકાશિત પણ થયું છે. મલ્લિકા સારાભાઇ સંચાલિત ટી.વી. ચેનલ 'તારા' પર નિરૂપમા બહેનની વાર્તાઓ 'એક મોતી એકલવાયું' ધારાવાહિક રૂપે પ્રકાશિત થઇ છે. નિરૂપમાબહેનની વાર્તાઓમાં હંમેશાં મૂલ્યનિષ્ઠ અને જીવન સિદ્ધાંતોને દઢતાથી સ્થાપિત કરતા વિષયો કેન્દ્રમાં રહેલા જોવા મળે છે. ર.વ. દેસાઇ, શિવકુમાર જોષી, શરદ સાહિત્ય અને રવીન્દ્ર સાહિત્યથી પ્રભાવિત નિરૂપમાબહેનનું જીવન કાર્ય શિક્ષણ અને સમાજ સેવા સાથે સંકળાયેલું રહ્યું છે. નિરૂપમાબહેનની સાહિત્યયાત્રા હજુ પણ વણથંભી ચાલુ જ છે, ત્યારે કચ્છના ભાવક જગતને તેમની પાસે વધુ માતબર અને વ્યાપક લેખન-કાર્યની અપેક્ષા રહે તે સ્વાભાવિક છે.

### • હસમુખબહેન મહેતા :-

કચ્છની આધુનિક લેખિકાઓમાં સ્વ. હસમુખબહેનની કલમે બતાવેલો ચમકારો પણ ધ્યાનાકર્ષક રહ્યો છે. ભુજની ઑલ્ફ્રેડ હાઇસ્કૂલનાં કાર્યકારી આચાર્ય રહી ચૂકેલાં હસમુખબહેનનાં લેખ અને વાર્તા 'કચ્છમિત્ર', 'ગ્રામ-વિકાસ', 'સુધા' અને 'ઓજસ'માં અવારનવાર રજૂ થતાં. 'નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી'ના ઉપક્રમે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં તેમના નિબંધને પ્રથમ સ્થાન મળ્યું હતું. હસમુખબહેનની સંકલ્પનામાં ગૃહજીવન અને આદર્શ નારી કેન્દ્ર સ્થાને રહેલ છે. આ સિવાય શાળાના વિદ્યાર્થીઓને અનુલક્ષીને તેમણે લખેલા સુવિચારો અને રત્નકણિકાઓ પણ મનનીય રહ્યાં છે. હસમુખબહેનના સર્જનનો વ્યાપ બહોળો નથી જોવા મળતો, પણ તેમાં રહેલું ઊંડાણ તેમનાં સર્જનને મનનીય બનાવે છે.

### • શ્રીમતી વિરાજબહેન મહેતા (દેસાઇ) :-

આ લેખ લખનાર શ્રીમતી વિરાજબહેન મહેતા અંજારની શ્રી કે.કે.એમ.એસ. ગર્લ્સ હાઇસ્કૂલમાં ગુજરાતી વિષયનાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. એક પ્રતિભાસંપન્ન શિક્ષિકા તો છે જ, ઉપરાંત કચ્છની આધુનિક લેખિકાઓમાં તેમનું લેખનકાર્ય નોંધનીય રહ્યું છે. તેમનો વાર્તાસંગ્રહ 'પરિતોષ' ગુજરાત સાહિત્યના અકાદમીના અનુદાનથી પ્રકાશિત થયો છે. આ ઉપરાંત તેમના નાના અને કચ્છના સુપ્રતિષ્ઠિત સાંસદ સ્વ. ડૉ. મહિપતરાય મહેતાએ સંસદમાં આપેલા ઐતિહાસિક ભાષણોનો સંગ્રહ "Dr. Mahipatray Mehta in the Parliament" વિરાજબહેને સંપાદિત કર્યો છે, જે કચ્છની રાજકીય તવારીખ તેમજ કચ્છના નર્મદા, રેલવે, વિકાસબોર્ડ જેવા પ્રાણ પ્રશ્નોના અભ્યાસ માટે અધિકૃત સંદર્ભગ્રંથની ગરજ સારે છે.

વિરાજબહેને ગાંધીધામથી શ્રી ભાર્ગવ ભટ્ટ દ્વારા પ્રકાશિત સામયિક "Power of Judgement"માં અંગ્રેજી ભાષા શિક્ષણની લેખમાળા પણ સંપાદિત કરી હતી.

લેખિકાના "પરિતોષ" વાર્તાસંગ્રહમાંની વાર્તાઓ મલ્લિકા સારાભાઇ દ્વારા સંચાલિત ટી.વી. ચેનલ પર પણ પ્રસારિત થઇ ચૂકી છે.

આ સંગ્રહની 'ડૉ. હેમા' વાર્તામાં વિરાજબહેને ભારત વર્ષની શાશ્વત સળગતી સમસ્યા કન્યા ભ્રૂણ હત્યાની વાત સુશિક્ષિત સ્ત્રી 'ડૉ. હેમા'ના પાત્ર સાથે ખૂબ જ કુશળતાપૂર્વક રજૂ કરી છે. ક્યાંય સીધો ઉપદેશ આપ્યા વગર શિક્ષણ અને સ્વાવલંબન જ સ્ત્રીઓની બધી જ સમસ્યાઓનો ઉકેલ છે તેવી રજૂઆત લેખિકા તેમની સહજ અને સરળ ભાષા શૈલીમાં ચોટદાર રીતે કરી શક્યાં છે.

'મોહનદાસનો બેટો' વાર્તામાં શ્રીમંતાઇની હોડ અને પૈસા પાછળની દોડમાં આંધળાં બનેલા આજના યુવાનની વાત કરવામાં આવી છે. જરાયે પરસેવો પાડ્યા વિના પૈસાદાર થવાની ઘેલછા આપણા દેશના યુવાનોને પતનના અંધકારની કેવી ઊંડી ગર્તામાં ધકેલી રહી છે તેની રજૂઆત વિરાજબહેન આ વાર્તામાં કરી શક્યાં છે. **'હણોના પાપીને, લડો પાપ સામે'** એ વાત જીવનમાં સ્વીકારી પુત્રને સન્માર્ગે પાછો વાળતા પિતાની વાત વાર્તાનું મુખ્ય કેન્દ્ર છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને જેમણે બહુ જ નજીકથી જોયો છે અને સમજ્યા છે એવાં માતા-પિતાને મન મહેનતનું, આદર્શનું મૂલ્ય ઘણું છે. શસ્ત્ર વેચવા જેવી ભયાનક આતંકવાદી પ્રવૃત્તિમાં સપડાયેલા પુત્ર વિજયને પિતા મોહનદાસ 'ઝેર પી લેવાની' કઠોર સજા આપવા પણ તૈયાર થાય છે. પિતાનું આવું સ્વરૂપ પુત્રનું હૃદય પરિવર્તન થવાનું કારણ બને છે અને તે 'તાજનો સાક્ષી' બનવા તૈયાર થઇ જાય છે. વાર્તાના અંતે સ્તબ્ધ બનેલાં માતા ગીતાબહેનની સ્થિતિનું વર્ણન કરતાં લેખિકા લખે છે :- 'વાત સાંભળી સ્તબ્ધ બનેલાં ગીતાબહેન સામે બાપુની તસવીર ઝૂલતી હતી, બોખા મોનું મીઠું હાસ્ય જાણે કહી રહ્યું હતું **'રાહ ભૂલ્યો હતો હવે પસ્તાવો કરે છે. ક્ષમા આપી દો, ક્ષમા'.** વાર્તાનું શીર્ષક પણ પ્રતીકાત્મક ધ્વનિત થાય છે.

જીવનમાં ક્યારેક કોઇક ઘડી એવી આવે છે કે જ્યારે નજર સામે જ દેખાતી ભવ્ય તુષ્ટિકર અને અત્યંત પ્રિય પ્રાપ્તિને જતી કરવાનો કઠોર નિર્ણય લેવો પડે છે. અને ક્યારેક પોતાના એ નિર્ણય માટે સંશય જાગે કોઇ પ્રિયજનની મીઠી યાદ સતત 'પોતે ભૂલતો નથી કરીને!' એવી આશંકા જગાવે અને ઘણાં વર્ષો પછી જ્યારે અનુભવ થાય કે 'ના, એ નિર્ણય સાચો નિર્ણય જ હતો' એ અહેસાસ એ અનુભૂતિ વાર્તાના નાયકને 'પરિતોષ'ની અનુભૂતિ કરાવે છે. પ્રેમ, વાસ્તવિક્તા, આદર્શ અને સમર્પણ જીવનના આ તમામ પાસાંઓને વિરાજબહેને આ વાર્તામાં અત્યંત સહજતાથી છતાં રસપ્રદ રીતે ગૂંથી લીધાં છે.

'દોસ્તી' અને 'સાન્નિધ્ય' પણ આ સંગ્રહની સુંદર વાર્તાઓ છે. જેમાં સફળ દાંપત્ય જીવન માટે જરૂરી 'દોસ્તી' અને માનવજીવન માટે જરૂરી પોતાનાઓનાં 'સાનિધ્ય'ની વાત વિરાજબહેને હૃદયસ્પર્શી રીતે આલેખી છે.

*(ક્રમશઃ)*

*તમારી પાસે કેટલું છે તેના પર સંતોષનો આધાર નથી, સંતોષનું મૂળ તો છે માનવીનું મન.*

**જાન્યુઆરી-૨૦૦૧**
**જાન્યુઆરી-૨૦૧૦**
**વચ્ચેના ૯ વર્ષના કચ્છ પુનઃનિર્માણ અને વિકાસને ઝાંખા પાડનાર કૌભાંડોનું દસ્તાવેજી વિહંગાવલોકન કરે છે**
**પ્રવીણચંદ્ર શાહ**
**(૧)**

# ★ ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ ★

**પ્રવીણચંદ્ર શાહ**

*ગુજરાત ૨૦૦૧*
*કચ્છ ૨૦૦૧.*
*કચ્છ-ગુજરાત ભૂકંપ - ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧.*
*ભૂકંપ પછીના કચ્છના ૯ વર્ષ.*
*કાળચક્રના કાંટા આગળ વધતા રહ્યા.*
*હંમેશની જેમ.*
*જાન્યુઆરી, ૨૦૧૦*

૨૦૦૧ અને ૨૦૧૦ વચ્ચેના ૯ વર્ષ દરમ્યાન ભૂકંપ-રાહત, પુનર્વસન કે વિકાસ યા ઔદ્યોગિકીકરણ જેવા સુષ્ઠુ - સુષ્ઠુ શબ્દો કે નામો હેઠળ આચરાયા અભૂતપૂર્વ નાણાકીય, વહીવટી અને બીજા ભ્રષ્ટાચાર.

એ ભ્રષ્ટાચારના ભૂત, ચૂડેલ, ડાકણ અને ખવીસની જયાફતના, ખાણી-પીણીના જંગી દેગ અને કડાયા હેઠળની ભઠ્ઠી હજુય ભડભડ બળે છે, ધગધગે છે. તેમાંથી બહાર ઉભરાઇ છલક્યું છે, **કચ્છ-ભુજનું જથ્થાબંધ બજાર નવનિર્માણનું જમીન કૌભાંડ — આશરે ૭૦ કરોડ રૂપિયાનું. ૧૭ એકર જમીનનું અંદાજે ૪૭૯ લાભાર્થીઓ અને ૧૫૦ જેટલા અસરગ્રસ્ત, લાભથી વંચિત વેપારીઓ સાથે સંકળાયેલું કહેવાતું કૌભાંડ.** સાત સાત વર્ષો સુધી સરકારી ફાઇલો, વેપારીઓની ફાઇલો, બેન્કોની ફાઇલો અને જમીનના દસ્તાવેજોના રહસ્યમય ઢાંકણ હેઠળ ધરબાયેલા રહેલા આ જથ્થાબંધ-મારકેટ પ્રકરણ (જેની મુખ્ય વિગતો આ પછીના પાનાઓ પર અપાઇ છે) તેના દઝાડનારા અંગારા અને રેલા લાંબે સુધી પથરાઇ, ફેલાઇ વળ્યા છે. વિનાશક ધરતીકંપમાં ચોમેરથી ધ્વસ્ત થયેલા કચ્છને નવેસરથી ધબકતું કરવામાં જેમના ઝડપી નિર્ણયો તથા વહીવટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપેલું તે, તે વખતના કચ્છ કલેક્ટર પ્રદીપ શર્મા આ જમીન-કૌભાંડમાં સંડોવાઇ ગયા છે. જથ્થાબંધ બજારને ભૂકંપ પછીના વર્ષે, ૨૦૦૨માં ફાળવાયેલી જમીનમાં કૌભાંડ થયું હોવાના તેમની સામે પોલીસના આક્ષેપ છે. એમની ધરપકડ ભાવનગરથી કરાઇ કચ્છ-ભુજ લવાયેલા અને પોલીસ-રિમાન્ડ માટે રજૂ કરાયેલા (તા. ૮ જાન્યુઆરી, ૨૦૧૦). **એમની સાથે ભુજના ત્રણ વેપારીઓને પણ પોલીસે સાંકળ્યા છે; ભુજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અરવિંદ હીરજી ઠક્કર, મંત્રી પ્રબોધ દયાળજી કોઠારી અને મહામંત્રી શંભુલાલ રતનશી પોપટ.** પોલીસે અદાલતમાંથી ૪ દિવસનાં રિમાન્ડ મેળવ્યા ત્યાં સુધીની કાર્યવાહીના મુખ્ય મુદ્દાઓ આગળ ઉપર સમાવાયા છે. 'મંગલ મંદિર'ના આ અહેવાલ અને લેખનો હેતુ અને આશય માત્ર ભુજ જથ્થાબંધ - મારકેટ - નવનિર્માણના કહેવાતાં કૌભાંડ પર જ અખબારી સર્ચલાઇટ તાકવાનો નથી.

આ અહેવાલના પ્રારંભના (ભાગ-૧)નો હેતુ અને ઉદ્દેશ ૨૦૦૧ના કચ્છ-ભૂકંપ પછીના વર્ષોમાં જે આર્થિક અને વહીવટી કૌભાંડોની દઝાડતી ઝાળ-ઝપટ કચ્છના લોકોએ, આમ જનતાએ, સહન કરી છે, ભોગવી છે, તેના કસૂરવારો ઉપર પણ જરૂરી પગલાં લેવાની માંગને દોહરાવવાનો છે અને ભૂકંપ પછીના ૯ વર્ષો દરમ્યાનની કચ્છની આર્થિક-સામાજિક પરિસ્થિતિનું વિહંગાવલોકન કરવાની છે.

જાન્યુઆરી ૨૬, ૨૦૦૧ પછીના ૯ વર્ષો દરમ્યાન શું કોઇ એક જ આર્થિક કે વહીવટી કૌભાંડ આચરાયું છે? ના, જી, ના! અનેકાનેક કૌભાંડો આચરાયાં છે. કચ્છના, ગુજરાતના કે બીજી ભાષાનાં રાષ્ટ્રીય દૈનિકો, સામયિકોએ તેના સંબંધે ખતરાની ઘંટડીઓ જ માત્ર નહીં, મોટા ધીંગા ઘંટનાદો પણ કર્યા છે.

'સેઝ' (સ્પેશિયલ ઇકોનોમિક ઝોન), ગૌચર- જમીન, ઔદ્યોગિકીકરણ, ભૂકંપ-રાહત કામગીરીઓ, સરકારી, અર્ધસરકારી કે બિનસરકારી (NGO)ની કામગીરીઓ, ભૂકંપ પછીના કેશ-ડોલ્સ, વેપારીઓ કે વ્યવસાયિકો (નાના-મોટા ખુદ કામ કરનારાઓ), કાટમાળ ખસેડવાના કોન્ટ્રેકટરોની કામગીરી, ટાઉન પ્લાનિંગ કે કપાત અંગેની કામગીરી—વ્યક્તિગત, સમૂહગત, સંસ્થાગત કે સરકારી કર્મચારી-અધિકારીઓની સંડોવણીવાળા પારાવાર ગોટાળાઓ, હેરાફેરી અને કૌભાંડોના ભૂકંપ-પછીના-કચ્છમાં ખડકલા, ઢગલા થતા છેક અમદાવાદના ગાંધીનગર સુધી પણ લંબાયેલા રહ્યા છે.

'સેઝ' સ્પેશિયલ ઇકોનોમિક ઝોનની વેદી ઉપર કચ્છના મુંદ્રા તાલુકાના લગભગ સાડા ત્રણ કરોડ કરતાં વધુના ચેર-વૃક્ષ-ઝાડીઓનો સોથ વાળી નંખાયો છે. 'સેઝ' વાળી પનોતીએ કપાઇ ચૂકેલાં અને કપાઇ રહેલાં દરિયાઇ કાંઠાળ જમીનના પર્યાવરણ-રક્ષક ચેરના જંગલો આજ સુધી કપાતાં રહ્યાં છે અને ખાતરી રાખજો, વાચકમિત્રો, કે હમણાંની ગુજરાત સરકારના ઉન્માદ અને ઘેલછાભર્યા, ટૂંકી બુદ્ધિનાં, 'વિકાસ' નામના ઝનૂનવાળી નીતિ-રીતિઓની છત્રી હેઠળ, કપાતાં જ રહેશે.

સરકારી ખરાબાની જમીન, દરિયા કિનારાની કે પડતર જમીન, ગૌચર જમીન, રક્ષિત જંગલો, રાજાશાહી-સમયની દીર્ઘદૃષ્ટિવાળી રખાલોના વિનાશ વેરાતા રહ્યા છે. વનતંત્રની બદમાશીઓ હેઠળ કરોડો ચોરસ મીટરની જમીનો સેઝ, બંદર કે ઉદ્યોગોને, આમ પ્રજાના હિતોના ભોગે, દલા તરવાડીની રસમે અપાતી રહી છે. ઉદ્યોગોના 'વિકાસ'ને

*મૂઢ તે માનવી છે, જે કરે શોક અશોચ્યનો, એક દુઃખે બીજું દુઃખ ઉમેરી, તે વિશેષ દુઃખી બને!*

નામે જે બેહદ, બેહદ, બેહદ ભ્રષ્ટાચારો આચરાયા છે તેની માહિતી શું છેલ્લા ૯ વર્ષની ગુજરાત સરકાર પાસે નથી? છેલ્લા ૯ વર્ષમાં ૪૫થી વધુ વાર કચ્છની મુલાકાતે આવી ચૂકેલા મુખ્યમંત્રીશ્રીની કચેરીને નથી? દરેક મુલાકાતો વખતે મસમોટાં વચનો આપતા રહેવાની આદતવાળા ગુજરાતનાં કે કચ્છના રાજકીય અગ્રણીઓ, સંસદ સભ્યો, વિધાન સભ્યો કે રાજકીય પક્ષોના ઉપલા સ્તરના આગેવાનો સમક્ષ નથી? સરકારી કોમ્પ્ટ્રોલરો, ઓડિટરો, 'કેગ' કે 'એજી'ના દફતરો પર નથી? છે, છે, છે. પૂર્ણવિરામ!

ભૂકંપ-સંબંધિત કૌભાંડો જેટલા ગંભીર કૌભાંડો કચ્છના ઔદ્યોગિક 'વિકાસ'ના ઓઠાં હેઠળ આચરાતાં રહ્યા છે, આજે પણ આચરાય છે અને જો ઉપરવાળા, ગાંધીનગરના અને આકાશ નગરવાળાની સંમતિ હશે, તો જો ભગવાન! આચરાતા જ રહેશે. ઉદ્યોગોએ પ્રદૂષણ-સંરક્ષણની તમામ લાજ-મર્યાદાઓ છેદી નાખી છે. કચ્છનું ભૂતળનું પાણી, વોટર ટેબલ, દરરોજ, દર કલાકે કલાકે વધુને વધુ નીચું ઉતરતું જાય છે કારણકે ઉદ્યોગોના વપરાશ માટેનું પાણી પૂરું પાડવાના સરકારી આયોજનનાં વચનો પળાયાં નથી. પાણી કે વીજળી વગર તો ઉદ્યોગો શ્વાસ પણ ન લઇ શકે. ઉદ્યોગોની રોજેરોજની પાણીની જંગી જરૂરત પૂરી કરવા પોતે બનાવેલા બોર-વેલ કે બીજાઓના બોર-વેલમાંથી પાણી ખેંચ્યા સિવાય કરોડોના કે લાખોના રોકાણવાળા ઉદ્યોગો પાસે બીજો કોઇ ઓલ્ટરનેટિવ પર્યાય નથી, રસ્તો નથી, ઉકેલ નથી.

ગ્રામીણ કચ્છના પરંપરાગત વ્યવસાયો, ખેતી, પશુપાલન, બાગાયત, મત્સ્યોદ્યોગ, માટી કામ, જેવા અનેકાનેક વ્યવસાય-ક્ષેત્રોને વધુને વધુ ટૂંપા દેવાઇ રહ્યા છે. કાયમના માટે આવા વ્યવસાયો દફનાવાતા જાય છે, યા 'સંથારા' કરે છે અને સ્મશાનવત્ થઇ રહ્યા છે. તેના મૂળમાં શું છે? ભૂકંપ પછીના ધ્વસ્ત કચ્છને ફરીથી બેઠું કરવાના કહેવાતા હેતુઓ વાળી સરકારના નીતિ-નિયમો અને તેની સાથેની સ્વાર્થી વર્ગોની સાંઠ-ગાંઠ. વેપારીઓ અને ઉદ્યોગપતિઓ અને એમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો કે કોસ્ટ એકાઉન્ટન્ટો વચ્ચે, ગૂસપૂસભર્યા શબ્દોમાં પ્રચલિત, 'માસ્ટર-કી' જેવું દૃષ્ટાંત જેનો સાચો કે ખોટો યશ રિલાયન્સ ઉદ્યોગગૃહના મૂળ સ્થાપક સ્વ. શ્રી ધીરુભાઇ અંબાણીના નામે ચડાવાતો રહ્યો છે તે શબ્દો છે : **સરકાર સાથે જે ઉદ્યોગપતિ કે વેપારીને પનારો હોય, આજના ભારતમાં, એમણે એક જ કુશળતા કેળવી લેવી જોઇએ : એ કુશળતા છે પ્રત્યેક સરકારી સત્તાધારીની છાતીના શર્ટના ડાબા પડખાંનાં ખિસ્સાં ઉપર તેની કિંમતનો અદૃશ્ય બિલ્લો વાંચી લેવાની આવડતવાળા ઉદ્યોગપતિ-વેપારીનું કામ એકસો એક ટકા સફળ થઇ જ જાય છે! કચ્છ કે ગુજરાતના મોટાભાગના ઉદ્યોગપતિ-વેપારીઓએ આ અંબાણી-મંત્ર સિદ્ધ કરી લીધો છે.**

કોઇ કહેતા કોઇએ, કચ્છના રાજકીય નેતાઓ — પછી બીજેપીના હોય કે કોંગ્રેસના હોય, આજના કચ્છની, ભૂકંપ પછીના ૯ વર્ષોવાળાં કચ્છની આંતરિક હોળી - વેદના દૂર કરવા, ઠારવા, એકેય અસરકારક હરફ ઉચ્ચાર્યો નથી. આંદોલન કરવાની તો વાત જ ભૂલી જાઓ. દેખાડાની સભા કે કાર્યક્રમ કે શિબિરોમાં છાપેલા કાટલાં કચ્છની કહેવાતી 'ચિંતા'નો દેખાડો કરતા હશે. પણ પરિણામલક્ષી કોઇ કામગીરી? રામ બોલો, ભાઇ રામ! કાર્યક્રમ પત્યો નથી કે પ્રેસ-નોટ બનાવી નથી, ફોટા પડાવ્યા નથી અને દૈનિક અખબારવાળાઓને પોતાની પ્રસિદ્ધિના ફોટા-અહેવાલ છાપવાની વિનવણી, ભલામણોના ફોન કર્યા નથી! **માત્ર રાજકીય બહેરા, મૂંગા, દૃષ્ટિહીનો જ નહીં પણ કોઇ પણ પ્રતિષ્ઠિત, સુસંબંધિત સંસ્થાઓ, NGO, પર્યાવરણ પરસ્તો, વૃક્ષપ્રેમીઓ, કચ્છપ્રેમીઓએ કરાઇ રહેલા કચ્છના સત્યાનાશ સામે, ન્યાયના પક્ષે હરફ પણ ઉચ્ચાર્યો નથી. મોટાભાગના ડ્રોઇંગરૂમ-લીડર્સ અને પ્રેસ-સ્ટેટમેન્ટ-સિકંદરો છે.**

પણ અંધારા આકાશ-વાદળની સોનેરી કિનાર, સિલ્વર લાઇનિંગ ઑફ ધ ડાર્ક ક્લાઉડ, જેવા થોડાક અપવાદો કચ્છમાં હયાત છે ખરા. કેટલાક તો ખરા યોદ્ધાઓ જેવા પણ છે. કચ્છના પર્યાવરણ વિનાશ સામેની, વૃક્ષ-છેદન સામેની કચ્છના દૈનિક અખબાર 'કચ્છમિત્ર'ની ઝુંબેશ અનન્ય પુરવાર થઇ છે. 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી કીર્તિ ખત્રી અને એમના રિપોર્ટરોની ટીમ આ બાબતે હાર્દિક ધન્યવાદને પાત્ર નીવડી છે. અખબાર-નવેશ મુંદ્રા-સ્થિત અશ્વિનભાઇ ઝિંઝુવાડિયા છે. ભૂકંપ પછીના વર્ષો દરમ્યાન કચ્છનાં હિતોની જાળવણી, કચ્છના પર્યાવરણની સાચવણી, કચ્છના પરંપરાગત વ્યવસાયો-મત્સ્યોદ્યોગ, બાગાયત, માટીકામ, ખેતી વગેરેના રક્ષણ માટે અને મોટા ઉદ્યોગોના સામાજિક દાયિત્વ, સામાજિક જવાબદારીની આલબેલ પોકારવા માટેના ભારે જહેતમ, ખર્ચ અને જોખમોની દરકાર કર્યા વગર જે સંશોધન-અહેવાલો એમણે 'કચ્છમિત્ર' દ્વારા પેશ કર્યા છે અને 'કચ્છમિત્ર'ના તંત્રી શ્રી કીર્તિ ખત્રીએ જે પત્રકારિક પવિત્ર ઝુંબેશ સ્વરૂપે પ્રકટ કર્યા છે તે કચ્છના પત્રકારત્વના ઇતિહાસમાં વિશિષ્ઠ સ્થાન મેળવશે. (એક ફૂટ-નોટ, પાદનોંધ : આ લેખના લેખકે કચ્છ-પત્રકારત્વનો છેલ્લા દોઢસો વર્ષોનો સંશોધિત દસ્તાવેજી ઇતિહાસ લખેલો છે જેનો કેટલોક ભાગ પ્રકાશિત થઇ ચૂક્યો છે) આખી દુનિયાના બધા જ વિકસિત અને વિકાસશીલ દેશોની સરકારોની મુખ્ય ચિંતા પર્યાવરણ-જાળવણીની સામાજિક ન્યાય અને કલ્યાણની જાળવણી માટેનો અખબારી સામાજિક ધર્મ બજાવતા રહેનાર અખબાર-નવીસ તરીકે અશ્વિનભાઇ ઝિંઝુવાડિયા જો અમેરિકા કે યુરોપમાં હોત તો એમના વિવિધ માન-સન્માન થયાં હોત અને ઍવૉર્ડોથી નવાજાયા હોત.

કચ્છમાં ભૂકંપ પછીના નવ વર્ષો દરમ્યાન વિકાસ અને ઔદ્યોગિકીકરણના નામે સરકારી નીતિ-રીતિની છત્રછાયા હેઠળ અનેકાનેક ગેરરીતિઓ આચરાઇ રહી છે. અત્યંત ઊંડા નિશ્વાસ સાથે કચ્છ-હિતરક્ષક, પત્રકાર અશ્વિનભાઇ ઝિંઝુવાડિયા કહે છે કે **'કચ્છની પવિત્ર ધરતીને વાંઝણી કરવાવાળાં તત્ત્વોની સાથે કમનસીબે ખુદ કચ્છીઓ પણ સામેલ થઇ રહ્યા છે.** સ્થાનિક, સામાન્ય, સરેરાશ અદનો માણસ માત્ર લાચાર, અસહાય, મૂક પ્રેક્ષક બની ગયો છે. જ્યારે કોઇ 'કચ્છની ખમીરવંતી પ્રજા' એમ બોલે છે ત્યારે એ, કદરના શબ્દો નથી લાગતા, પણ ગાળ લાગે છે.

કચ્છના ટેક્સ-હોલી ડે ની લાખો કે કરોડોની આવક સેરવી લેતા ઉદ્યોગગૃહોએ, અપવાદ બાદ કરતાં, સામાજિક ઉત્તરદાયિત્વમાંથી રીતસરનાં હાથ ઊંચા કરી લીધા છે. એમને પૂછનારું, ટોકનારું, ટપારનારું કોઇ રહ્યું નથી. ડાયાબિટીસની માત્રા વધારી નાખતી ઘટનાઓના આપણા જેવા સરેરાશ સામાજિક હિતચિંતકોએ, આપણને, તમને અને મને કમનસીબે મૂક સાક્ષી બની બેસી રહેવું પડે છે. જાણ્યા અને સમજ્યા પછીની સહાયતા અને હતાશાનું પારાવાર દુઃખ, ભીની આંખે, પી જવું પડે છે.

કચ્છમાં વસવાટ કરતા કે કચ્છ બહાર વસતા કચ્છ હિતેચ્છુ, પહોંચતા-પામતા,

*સામાનું દૃષ્ટિબિંદુ સમજવાથી સંઘર્ષ નિવારી શકાશે.*

સમતોલ વિવેકબુદ્ધિથી વિચારનારા, બૌદ્ધિક, વ્યવસાયિક, ધંધાદારી અને સામાજિક રીતે જાગૃત કચ્છીઓના આંતરમનની મથામણ અત્યંત દુ:ખદ અને વિષાદ ભરપૂર છે. ઠગ, લુચ્ચા, મીંઢા, પીંઢારા, ચુગલીખોર, ખોટાબોલા, ખુશામતિયા, અદેખા, નપાવટ અને લેભાગુ તત્વો એવી સિફતપૂર્વક ગોઠવાઇ ગયા છે અને એમના એવા ગાળિયામાં, ફાસલામાં ફસાઇ પડ્યું છે કે એમને ખદેડવા લગભગ અશક્ય જણાય છે. ભૂકંપ પછીનું કચ્છ જે મેળવી રહ્યું છે તેથી વિશેષ ગુમાવી રહ્યું છે. લડવાનું ઝમીર ન હોય તેવા, કહેવાતા રચનાત્મક, હકારાત્મકીઆઓ, સરકાર સાથે કે આપસ આપસમાં સહયોગની સૂફિયાણી સલાહો આપતા રહે છે.

**દેશ, પરદેશ, વિદેશોમાં સફળ ઉદ્યોગ-ધંધા ખીલવી બેઠેલા કચ્છીઓ કાંઇ ઔદ્યોગિકીકરણના આંધળા વિરોધીઓ નથી. સમતોલ ઔદ્યોગિકીકરણ જેમાં પૂરા સમાજના હિતો પણ જળવાતા રહે અને બધા ફૂલતા-ફાલતા રહે, એવા 'વિકાસ'ને બધા જ કચ્છીઓનું સમર્થન હોય જ, અને છે જ.** પણ ઔદ્યોગિક વિકાસને નામે, ભૂકંપ પછીના ૯ વર્ષો દરમ્યાન જે રીતે સરકારી નીતિ-રીતિઓની સાંગા-મલબારી ચાલતી રહી છે, ખિલવાડ ચાલતો રહ્યો છે, તે શું આખાય કચ્છના હિતમાં છે? ૨૫-૩૦ વર્ષોથી ગાજતી નર્મદા-યોજના માટે રૂા. ૨૮૦૦૦ કરોડ ખર્ચાઇ ચૂક્યા પછી પણ કચ્છ સુધીની કચ્છ બ્રાન્ચ કેનાલ હજુય પૂરી ખોદાઇ પણ નથી તો કચ્છની ખેતીને નર્મદાનું પાણી તો ક્યાંથી જ મળે? કચ્છના સંદર્ભે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ અમદાવાદ, છેલ્લા પાંચ વર્ષથી સરકારી શિથિલતા માટે નર્મદા-પ્રોજેક્ટના વહીવટીતંત્રને ચેતવ્યા કરે છે, કાન આમળ્યા કરે છે. પાણીના અભાવે ખેતી વિકસી શકતી નથી જેને કારણે દર વર્ષે કચ્છને રૂા. ૧૮૦૦ કરોડની ધનહાની થઇ રહી છે તેની વિગતો, ગણતરીઓ અને માહિતી સરદાર સરોવર નિગમ સમક્ષ રજૂ કરાતી રહી છે. આજના ગુજરાતના પ્રધાનમંડળમાં નર્મદા-જળનો હવાલો પણ મુખ્યમંત્રીશ્રી હસ્તક જ હોવા છતાં નર્મદા-નિગમનું કે નર્મદા-મંત્રી જે મુખ્યમંત્રી પણ છે, તેમના પેટનું પાણી હલતું જણાતું નથી. એવા મુખ્યમંત્રી જેમણે ૯ વર્ષ દરમ્યાન ૪૫થી વધુ વખત કચ્છનો પ્રત્યક્ષ પ્રવાસ ખેડ્યો છે, જેમણે જાહેરમાં કહ્યું છે કે કચ્છ માટે એમને ખાસ અનુરાગ છે, તે એટલે સુધી કે એમનું અનુમાન છે કે ગયા જન્મમાં એ કચ્છી માતાના પેટે જન્મેલા અને હવે એવી તમન્ના ધરાવે છે કે આવતા જન્મમાં પણ કચ્છી જનેતાના સંતાન બને. પણ નર્મદાના પાણી માટેના કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ (કે.ડી.સી.)ના ચેરમેન અશોક મહેતાના પત્રોના જવાબ તો શું, પહોંચ લખવાની પણ દરકાર એમની ઓફિસ કરતી નથી. નર્મદા યોજના માટે ગુજરાત સરકારે ૨૮૦૦૦ કરોડ ખર્ચી કાઢ્યા છે. હજુ રૂા. ૮૦૦૦ કરોડની તાતી જરૂર છે. દરમ્યાનમાં કચ્છ રણોત્સવ અને કાર્નિવલ, જેમાં મુખ્યમંત્રીશ્રીએ બે દિવસ અને બે રાત જેટલો સમય ફાળવ્યો હતો તેનો ખર્ચ રૂા. ૨ કરોડ ૭૧ લાખ ૬૦ હજારનું કરી નાખવામાં ગુજરાતના પ્રવાસન-નિગમને કોઇ છોછ થયો નથી. નર્મદાના સરદાર સરોવર નિગમના લાંબી મુદતના બોન્ડો જેમણે ખરીદેલા, તેમને તગડું ડિવિડન્ડ મળવાનું તો કોઇ ઠેકાણું નથી. ઊલટું, અર્ધા, પોણા નાણા પાછા લઇને જાન છોડાવી લેવાના સંકેતો અપાઇ રહ્યા છે.

આ માહોલમાં કચ્છીઓના અંતરનો અજંપો કેમ હેઠો બેસે? કચ્છના રણના, બન્નીના કે પચ્છમના ભૂંગા-ભૂંગીઓ, ત્યાં રહેનારાઓનાં ભાતીગળ પહેરવેશો, ત્યાંની મહિલાઓના અહા! હા! મનમોહક ભરતકામની કળા, અને લીંપણ કળા અને રણના વાદ્યોની વાતોને અને ભૂતકાળને કચ્છીઓ ક્યાં સુધી વાગોળ્યા કરશે? ભૂકંપ પહેલાના ૪૦ વર્ષ, જ્યારે ગુજરાતના વાઘ સાથે કચ્છની બકરીને એક પછાત જિલ્લા તરીકે બાંધી લેવામાં આવી અને ત્યાર પછી પણ પૂરા કચ્છને પીવાનું પાણી પણ પહોંચાડી શકાયું નથી. ખેતી માટેના પાણીની તો વાત જ ભૂલી જાઓ, સાહેબ!

પીવાનું પાણી ઉપલબ્ધ નથી કરી શકાયું પણ પાણીના ભાવે ઉદ્યોગોને કરોડો ચોરસ મીટર જમીનની લહાણી કરવાની સરકારી નીતિ પૂરજોશમાં અમલી રહ્યા કરી છે. પાણીના ભાવે સરકારશ્રીએ નવાજેલી જમીનનું પછી શું થાય છે? તેનું સંશોધન ગુજરાતના ગાંધીવાદી, અલગારી, નખશિખ લોકસેવક ચુનીભાઇ વૈદ્યે જાતે પોતે કચ્છ આવીને કરેલું. નિષ્પક્ષ, અધીરાં માસિક 'લોક સ્વરાજ'ના મે ૨૦૦૮ના અંકમાં એમણે પોતાના જાત-તપાસની વિગતોનો અહેવાલ લખ્યો છે. એમના જ શબ્દો માં :

**"...અંબાણીની વાત કર્યા પછી હવે આપણે અદાણીની વાત કરીએ. કેન્દ્ર સરકારનો નિયમ એવો કે 'સેઝ' માટે ખેતીની જમીન ૧૦ ટકાથી વધારે ન લેવાય અને જો બળજબરી કરવામાં આવશે તો એમને મંજૂરી નહીં અપાય.**

**..અને છતાં ગુજરાત સરકારે અદાણીને માત્ર અને માત્ર ૧ ચોરસ મીટરના રૂા. ૧ થી રૂા. ૨૫ ના ભાવે કુલ્લે જમીન આપી — કેટલી? ૫ કરોડ, ૨૪ લાખ, ૭૪ હજાર અને ૨૫૧ મીટર સરેરાશ રૂા. ૧૧ ના ભાવે!**

**..અદાણીએ આ જમીનના પ્લોટ પાડ્યા અને વેચ્યા એક મીટરના રૂા. ૮૦૦ થી રૂા. ૨૦૦૦ ના ભાવે અને ખરીદનારામાં કેન્દ્ર સરકારના જાહેર સાહસો જેવાં કે આઇ.ઓ.સી. અને એચ.પી.સી.એલ. વગેરે! છે ને મજા!**

**...મુંદ્રા તાલુકામાં અત્યારે જમીનના ભાવ એકરના રૂા. ૫ લાખથી માંડીને રૂા. ૧.૫ (દોઢ) કરોડ, મુંદ્રા અને ઝરપરા વચ્ચે ધ્રબ ગામ છે ત્યાં અત્યારે દોઢ કરોડના ભાવ ચાલે છે અને ત્યાં ગુજરાત સરકારે અદાણીને માત્ર અને માત્ર રૂા. ૪૦૦૦૦ ચાલીસ હજારના ભાવે જમીન આપી! અને અખબારી સમાચાર સાચા હોય તો અર્ધી રકમ સરકાર અદાણીને સબસિડી આપશે. છેને મજા!.."**

છેલ્લા ૯ વર્ષ દરમ્યાન, જાન્યુઆરી, ૨૬, ૨૦૦૧થી જાન્યુઆરી ૩૧, ૨૦૧૦ વચ્ચેનાં વર્ષો દરમ્યાન એક એકથી ચડિયાતાં કૌભાંડો આચરાયાં છે, જેની મૂળ ગંગોત્રી સરકારી પોલિસી-નીતિ નિયમો છે. "ભૂકંપ કૌભાંડો..સજા ક્યારે?" શીર્ષકથી તંત્રી કીર્તિ ખત્રીના વિસ્તૃત લેખમાં (૭ જાન્યુઆરી, ૨૦૧૦) કાટમાળ કૌભાંડનો એક કિસ્સો એમણે ટાંક્યો છે. કિસ્સો એવો હતો જેમાં ગામમાં કુલ મકાનો હતાં એનાથી વધુ સંખ્યાના મકાનોના કાટમાળ ખસેડવા માટે નાણા કોન્ટ્રેક્ટરને ચૂકવાયા હતા. આવું તો જ બને જો છેક સુધીના અધિકારી (કૌભાંડમાં) સામેલ હોય." તંત્રીશ્રી કીર્તિ ખત્રીએ એમ પણ નોંધ્યું છે કે, "ભૂકંપ ભ્રષ્ટાચાર કે ગેરરીતિઓ સામે ફરિયાદો નોંધાયા પછી કાયદાની અદાલત સુધી ભાગ્યે જ કોઇ કેસ પહોંચ્યો છે અને તેથી જ રાજ્ય સરકાર કૌભાંડકારો સામે પગલાં લેવાનું રાજકીય

*મારું માનવાથી મરશો, તારું માનવાથી તરશો.*

મનોબળ ધરાવે છે એવું ક્યારેય લાગ્યું નથી. આવી અધકચરી તપાસ કે ફરિયાદ સંદર્ભે એક ધારણા એવીયે વ્યક્ત કરવામાં આવી હતી કે ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓની વાત એશિયન ડેવલપમેન્ટ બેંક કે વિશ્વબેંક સુધી જો પહોંચી જાય તો તેમની સમક્ષ બચાવ કરી શકાય એટલા ખાતર જ તપાસ-ફરિયાદો થાય છે. બાકી પગલાં લેવા બાબતે સરકાર જરાય ગંભીર નથી..'' આજ તંત્રી લેખમાં નોંધાયું છે કે ''..૨૦૦૧ ના ભૂકંપને પગલે રાહત પ્રવૃત્તિ અને નવસર્જનની પ્રક્રિયામાં છડેચોક ભ્રષ્ટાચાર અને ગેરરીતિ આચરાયા છે એનો કોઇ ઇનકાર કરી શકે તેમ નથી..''

ઉપર જેમનો ટૂંક પરિચય અપાઇ ચૂક્યો છે, તે શ્રી અશ્વિનભાઇ ઝિંઝુવાડિયાએ કચ્છની વાસ્તવિક, માનસિક, સામાજિક, આર્થિક, પરિસ્થિતિનો આબેહૂબ ચિતાર ઉપસાવતું એક અફલાતુન-અંગ્રેજી શબ્દ : EXCELLENT - અવલોકન ચિત્ર ત્રણ વર્ષો પહેલાં (મે ૧૭, ૨૦૦૭ના 'કચ્છમિત્ર'ની 'આરપાર' કોલમમાં) લખેલું, જે આ લેખના લેખકના અભ્યાસ, ચિંતન અને નિચોડ સાથે ચપોચપ બંધબેસતું હતું અને છે. **કચ્છના પ્રાદેશિક, મર્યાદિત અખબારી ક્ષેત્રમાં આવા અવલોકનો પ્રમાણમાં જવલ્લેજ સાંપડે છે.** એટલે તેમાના મુખ્ય અંશોને અહીં ટાંકવાથી વિચારવંત વાંચકો વધુ ચિંતન-શ્રીમંત બનવાના છે. શ્રી ઝિંઝુવાડિયાનો અભ્યાસ, ચિંતન, વેદના અને અભિવ્યક્તિ એમના જ શબ્દોમાં, અખબારી સૌજન્યના નમ્ર સ્વીકાર સાથે :

તા. ૧૩-૫ની રવિવારની પૂર્તિમાં જશુભાઇ સોનીનો 'મહિલાઓનું સાચું સશક્તીકરણ' ના શીર્ષક સાથેનો લેખ ગમ્યો. ફૂટપાથ, લારીગલ્લા કે ઘેરબેઠાં સ્વરોજગાર કરતી વડોદરાની બહેનોની મહિલા ગ્રામીણ બેન્કના માધ્યમથી મદદરૂપ થવાની વિગતો અનુકરણીય છે. પ્રસિદ્ધ થવાની વિગતો અનુકરણીય છે.. પ્રસિદ્ધ થયેલા લેખનો પકડવા જેવો મુદ્દો એ છે કે આ પ્રકારના અહેવાલો ચર્ચા વિચાર વિનિમય વગેરે છાપાંઓમાંથી ક્રમશઃ સ્થાન ગુમાવતા જાય છે.. અદના ગ્રામ્યજનો કે વંચિતોની વ્યથાની તરફદારી સીમિત બની છે. માત્ર મહિલાઓ જ નહીં પણ ગ્રામ્ય વિસ્તારનો ખેતમજૂર, ગ્રામ્ય કારીગર, શ્રમિક, સૂકી ખેતી ઉપર નભતો ખેડૂત પણ પોતાની સમસ્યાઓ માત્ર આંખોથી વ્યક્ત કરી શકે છે.

..અત્યારે છાપાંઓ વાંચવાથી એક એવી ખોટી માન્યતા બંધાતી જાય છે કે ગરીબોની સમસ્યાઓ અને તેની સંખ્યા ઘટી રહી છે. આ વર્ગ પણ હવે પ્રગતિ-વિકાસના રસ્તે આગળ વધી રહ્યો છે પણ આ ફરેબ છે. ઝાકઝમાળ અને વૈભવી તમાશામાં શોષિત અને પીડિતની વ્યથાને આયોજનપૂર્વક દાબી દેવાનો પ્રયત્ન છે. **મોબાઇલ કે કોમ્પ્યુટરની કિંમત ઘટી પણ જીવન ટકાવી રાખવાની પ્રાથમિક જરૂરિયાતની મૂળભૂત વસ્તુઓની કિંમતમાં કેટલા ઘણો વધારો થયો છે?..** આ મુદ્દે ચિંતા સેવનારો વર્ગ દિન-પ્રતિદિન સંકોચાતો જાય છે તેનો છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ કોન્ટ્રાક્ટરના સ્વરૂપમાં બદલાતી જાય છે. સરકારની વિવિધ યોજનાઓની માહિતી પણ અસંઘઠિત વંચિતો સુધી પહોંચાડવાનું કામ સ્વૈચ્છિક સંસ્થાઓ કરતી નથી કે તેની મદદે આવતી નથી અને જે અને જ્યાં કામ થાય છે એ પણ અપેક્ષા કરતાં ખૂબ જ ઓછું થાય છે.

..આઝાદીના ૬૦ વર્ષ પછી પણ અદના-છેવાડાના-ક્યુની છેલ્લી વ્યક્તિને માત્ર પીવાનું પાણી પણ આપી શકાયું નથી. મુંદ્રાની નાગ તરાવડી વિસ્તારમાં આજે ૫૦૦ વર્ષથી બેઠેલા ઇંટ પકવનારા અને માછીમારોની વસાહતના શ્રમિકો, 'અમારા બધા વચ્ચે પાણીનું ૧ નળ આપો'ની માંગણી સ્થાનિક ગ્રામ પંચાયત સમક્ષ કરી રહ્યા છે. ત્યારે તેમને કહેવામાં આવે છે કે, તમે સરકારી જમીન ઉપર દબાણ કરી ગેરકાયદે બેઠા છો તમને પાણી આપી ન શકાય.

'ફોર્બ્સ' સામયિકમાં વિશ્વના અબજોપતિઓની યાદીમાં ૨૬ ભારતીયોનો સમાવેશ થઇ ચૂક્યો છે. **વિશ્વના સૌથી ધનાઢય ૧૦૦ વ્યક્તિઓની યાદીમાં ૭ ભારતીયો છે. રાજ્યના મુખ્ય સચિવનો ૩૫ વર્ષની નોકરી પછીનો પગાર ૪૮,૭૫૦/- રૂા. છે. અમદાવાદના ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટના સ્નાતક થયેલા યુવક યુવતીને દેશના વાર્ષિક ૧ કરોડ રૂા.ના પગારની ઓફર કંપનીઓ કરી રહી છે..જ્યારે સામા પક્ષે શહેરમાં ૬.૭૦ કરોડ લોકો અને દેશની કુલ વસતિના ૨૩.૬૨ ટકા લોકો ગરીબી-રેખા નીચે આવે છે. તા. ૩૧-૩-૦૬ની સ્થિતિએ ગુજરાતમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની સંખ્યા ૨૩ લાખ ૨૯ હજારની છે.** ઉપરાંત ગરીબી રેખા નીચે હોય છતાં સમાવવાના રહી ગયા હોય તેવા કુટુંબોની સંખ્યા અલગ.

..(આજે) અદના માણસને બે છેડા ભેગા કરવામાં નાકે દમ આવી જાય છે. અવ્યક્ત રોષને વાચા મળવાનું પણ બંધ થતું જાય છે.

..બાંગ્લાદેશના મોહંમદ યુનુસ કે વડોદરાના સનત મહેતાએ જે કામ કર્યું એવું કે એ પ્રકારના વંચિતોને સધિયારો આપવાના કામોનો સંદેશો કેમ સમાજ ઉપર ઝીલાતો નથી? આપણે ઝડપથી સંવેદનાઓ ગુમાવી રહ્યા છીએ અને હજુ પણ આ મુદ્દે નિસબત ધરાવતો સીમિત વર્ગ પણ જ્યારે જ્યારે આવી કોઇ વાત કરે છે ત્યારે લુપ્ત થઇ રહેલી આશાના દીપકને થોડું તેલ મળે છે. અર્થશાસ્ત્રના પુસ્તકમાં વાંચેલું કે ગરીબ માણસો ગરીબ હોય છે.. કારણ કે, એ ગરીબ છે. ટૂંકમાં ગરીબી, બેકારી, લાચારી અસંતોષ, અન્યાય, અભાવના માહોલમાં જીવન ગુજારતો આ વર્ગ ખરા અર્થના સમાજ સેવકની રાહમાં ઊભો છે. જવાબદાર નિસબત ધરાવતા વર્ગે એને ખાતરી આપવી પડશે કે, એની આ બદતર સ્થિતિ માટે તેનું કિસ્મત નહીં પણ આપણી ખાતરી ભરેલી આર્થિક નીતિઓ જવાબદાર છે.

...સામાજિક ન્યાય માટેની લડતના સેનાપતિઓ મળવા મુશ્કેલ બન્યા છે. ગામડાંઓની બદતર હાલતનો ચિતાર એ.સી. ઓફિસોમાં બેઠા બેઠા મેળવી શકાય નહીં. ઉપભોક્તાવાદે રહી-સહી સાદગીનો મૃત્યુઘંટ વગાડી નાખ્યો છે..''


★

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૧૦ વચ્ચેના ૯ વર્ષો દરમ્યાનની ભૂકંપ પછીના કચ્છમાંના ભ્રષ્ટાચારોની વણઝાર કેવી ચાલતી રહી છે અને કચ્છની આર્થિક-સામાજિક પરિસ્થિતિનું વિહંગાવલોકન કરવાનો હેતુ અને ઉદ્દેશ આ વિસ્તૃત લેખનો હતો તે અહીં આટોપાય છે.

આ લેખના હવે પછીના (૨) બીજા અને (૩) ત્રીજા વિભાગમાં ભુજ જથ્થાબંધ મારકેટ નવનિર્માણની જમીન સંબંધેના કૌભાંડની અને અંદાજે ૨૦૦ કરોડના બીજા ભૂકંપ-ભ્રષ્ટાચારની મુખ્ય માહિતીના મુદ્દા તમે જાણી શકશો.■

*(ક્રમશઃ)*

*ઉન્નતિ એ જ કરી શકે છે, જે સ્વયં પોતાને ઉપદેશ આપે છે.*




*પુરાતત્ત્વીય સંશોધક*
*કલ્યાણજી ખીમજી સ્વાલીના માહિતી સંચયની*
*એક સદી જૂની એક્સરસાઈઝ બુક*

# પાંચ સદીની વયના ભુજપુરની સ્થાપના, સ્થાપકો અને વિકાસ :

**શૂરા અને સતીઓનાં પાષાણી સ્મૃતિચિહ્નો**

**ચંદર આભિરી**

પ્રચલિત અર્થમાં જેને ચુસ્તપણે પણ ન કહી શકાય, પરંતુ આ બંને વચ્ચેના કદની દૃષ્ટિએ સારું મોટું ગામ બેશક કહી શકાય એવાં ગામ ભુજપુરની મૂળ સ્થાપનાને લગભગ ૫૬૦-૫૭૦ વર્ષો જેટલો અરસો થયો હશે, તેવાં અનુમાન પર આવી શકાય તેવા ઐતિહાસિક સંદર્ભો સાંપડતા રહ્યા છે.

આવો એક સંદર્ભ, મૂળ કચ્છ મુંદ્રાના એક લગભગ સાવ ઓછા જાણીતા ગૃહસ્થ ઠક્કર કલ્યાણજી વિ. ખીમજી સ્વાલીના સ્વહસ્તે લખાયેલી સોએકથી વધુ વર્ષો જૂની અનજાન ઈતિહાસપ્રેમી ધૂળધોયાની પુરાણી એક્સરસાઈઝ બુક છે. આ એક્સરસાઈઝ બુક આ લખનારને થોડાં વર્ષો પહેલાં ભૂકંપી-ભંગારમાં ધ્વસ્ત થયેલા સાહિત્યના ઢગલામાંથી સાવ જ અકસ્માતે પ્રાપ્ત થયેલી. આ વિચિત્ર ઘટનાની ઝીણવટવાળી વિગતો ખૂબ રસપ્રદ છે ખરી, પણ આ લેખમાં તેનો સમાવેશ ઉચિત નથી.

માત્ર એટલું જ નોંધવું ઉપયોગી છે કે આ એક્સરસાઈઝ બુકમાંની ચીવટભરી રીતે નોંધાયેલી માહિતી છેક ઈ.સ. ૧૮૯૮-૯૯માં નોંધાઈ હતી. આ કામગીરી શ્રી સ્વાલીને તે વખતની રાજાશાહીના કોઈ સિનિયર અધિકારી દ્વારા સોંપાયલી એમ તેમાંની વિગતો પરથી જણાય છે. આવી જવાબદારીની કામગીરી પાછળનો મુખ્ય આશય કચ્છના ગામ-ગામડાંઓમાં એ અરસામાં ઠેર ઠેર પથરાયેલા પાળિયાઓમાંના લખાણોમાંથી જેટલું વાંચી શકાતું હોય તેની નોંધ કરાવવાનો, ગામ-ગામડાંમાંના મોટી વયના જૈફ હયાત ગામાઈઓના મુખેથી એ-તે ગામની સ્થાપના, ઘર, જ્ઞાતિઓ, ગામલોકોની વ્યવસાયિક પ્રવૃત્તિઓની જાણકારી અને મધ્યયુગીન કચ્છમાં વિવિધ વિસ્તારોના ભાયાતો, જાગીરદારો, ગરાસદારો, વેપારી-કોમોની રાજકીય, સામાજિક ગતિવિધિઓ જાણી, એકઠી કરવાનો હોવાનું જણાય છે. પાળિયાઓની વિગતોમાં સતીઓના પાળિયા સંબંધેની વિગતોની નોંધ કરવાની કાળજી લેવાતી રહી હોવાનું જણાય છે. કચ્છના વાગડ, અંજાર, વરસામેડી વોંધ-વગેરે વિવિધ સ્થળો અંગેની વિસ્તૃત નોંધોની સાથે ભુજપુર ગામના આગલા ઝાંખા-પાંખા ઈતિહાસની ઝલક અને પાળિયાઓની માહિતી પણ નોંધવામાં આવી છે. એ વિસ્તૃત વિગતોમાંનો ભુજપુર-મોટી અને નાની- એ બન્નેની વિગતોનો કેટલોક ભાગ અહીં નીચે નોંધ્યો છે.

વિગતો નોંધનાર ઠક્કર કલ્યાણજી વી. ખીમજી સ્વાલી (કચ્છ મુંદ્રાવાળા) જેઓ પોતાના નામની સાથે અંગ્રેજી બે અક્ષરો I.A. પણ જોડતા હતા, જેનો અર્થ એવો થાય કે તેઓ 'ઇન્ડિયન અન્ટિક્વેરિસ્ટ' (ઐતિહાસિક બાબતો એકઠી કરી નોંધનાર) હતા.

એમણે ભુજપુર માટે ઈ.સ. ૧૮૯૮-૯૯, એટલે લગભગ એકસો દસ-અગિયાર વર્ષો પહેલાં, **એવું અનુમાન નોંધેલું છે કે ભુજપુર ગામના મૂળ સ્થાપકો જેસર સમુદાયના રાજપૂતો હશો.** ભુજપુરની સ્થાપના વિક્રમ સંવત ૧૫૦૦ વાળા સૈકા દરમ્યાન, એટલે કે હમણાંથી અંદાજિત સાડા-પાંચેકસો વર્ષો પહેલાં થયેલી. આ ગામ વિ.સં. ૧૭૯૧ના જેઠ સુદ પક્ષમાં કચ્છના રાઓ વહીવટ હેઠળ આવેલું.

ભુજપુરમાં હમણાંથી સો-સવાસો વર્ષ પહેલાં, જ્યારે શ્રી સ્વાલીએ પોતાની નોંધો લખવા માંડેલી, ત્યારે વીસા ઓસવાળ વણિક સમાજના લગભગ ૪૦૦ ઘર-પરિવારો હતા. આ સમાજના પૂર્વજો સિંધ બાજુથી આવેલા છે, જે વિ.સ. ૧૫૦૦ દરમ્યાન બનેલું.

એ અરસામાં સુમરા હમીરના દીકરાનું રાજ્ય હતું. હમીર સુમરાના પરિવારના પૂર્વજો વિ.સં. ૧૪૦૦ આસપાસમાં પારકર થઈને સિંધ ગયા. ત્યાં સોએક વરસ રહ્યા પછી કચ્છમાં આવ્યા. સિંધમાં ખેતી તથા વેપારની પ્રવૃત્તિમાં વીસા ઓસવાળોનો સમૂહ જોડાયેલો હતો. પરંતુ તે વખતના સિંધના રાજ્ય તરફથી

*કુળ દેખાય આચારે, અન્ન દેખાય દેહમાં, વિદ્યા દેખાય વાણીમાં, સ્નેહ દેખાય નેત્રમાં!*

કનડગત થતાં કેટલાક કચ્છ તથા (સૌરાષ્ટ્ર- તે વખતના કાઠિયાવાડના) જામનગરવાળા પ્રદેશમાં ગયા. હાલારમાંથી થઈને કચ્છમાં આવી વસ્યા તેઓ હાલાઈ (અથવા હાલારી) કહેવાય છે. તેમાંના કેટલાક કચ્છના અબડાસા વિસ્તારમાં પણ વસેલા. જેઓ સિંધથી પરબારા કચ્છ આવેલા તેઓ કચ્છના ૬૦ (સાઠ) ગામમાં વસે છે.

● **પહેરવેશ :**

સિંધથી આવ્યા તે વખતના તેમના પહેરવેશની રૂઢિ-રિવાજ સંબંધે પણ ઠક્કર કલ્યાણજી ખીમજી સ્વાલીએ નોંધ કરેલી છે. 'ઓરત લોકો'-એટલે મહિલાઓ-ચીંણવાળા ઘાગરા પહેરે છે તેવા ઘાઘરા ભરવાડ સ્ત્રીઓ પહેરે છે તેવી કાંચળી (યા કંચૂકી) અને માથા પર ભરવાડ-બૈરાંની માફક ચોરસો 'ઓઢવાનો ચાલ હતો.' પુરુષો હંમેશાં માથા પર ધોળું (સફેદ) બાંધતા. આમ સ્ત્રી-પુરુષ બધાના પહેરવેશ શોકજનક રહેતો. આનું કારણ એવું જણાવાતું હતું કે સિંધમાં હમીર સુમરાના વખતમાં રૈયત સુખી હતી, પણ તે દેવશરણ થતા, અવસાન પામતાં - તે સમયે જે શોકગ્રસ્ત પહેરવેશ પહેરાતો તેવા જ પહેરવેશ સાથે તેઓ-જૈનો કચ્છમાં આવી વસ્યા. ત્યારથી એજ રૂઢિ-રિવાજ ચાલ્યા કર્યો. વર્ષો વીતી જવા બાદ, છેક સંવત્ ૧૮૫૬માં ભુજપુરમાં પારેખ શા. ભીમશી કોરમશીએ તે પહેરવેશનો શોક ઉતરાવી હમણાં જે પહેરાય છે તેવા પહેરવેશની લઢણ ચાલુ કરાવી. સંવત ૧૮૧૨માં શા કોરશીંએ નાત તેડું કરાવી પર (બાવન) ગામને તેડાવેલા. સંવત ૧૮૪૧માં રતાડિયાના જાડેજા આશારિયાજી ભુજપુર ઉપર ચડી આવ્યા તે વખતે જેસર રાજપૂતોનું રાજ્ય હતું. આ ઘર્ષણ લડાઈમાં જેસર પ્રાગજી, જેસર મુરુજી વસ્તાજી તથા તેના માતાજી વગેરે મરાણા. મુરુજી વસ્તાજીના માતાજીનું પાળિયું અહીં ભુજપુર ગામની બજારમાં (ઇ.સ. ૧૮૯૮-૯૯ વાળા અરસામાં) છે એવું નોંધાયું હતું. આ પાળિયું લાસું-લીસ્સું છે અને તેના પર અક્ષરો નથી યા ઘસાઈ ગયા છે. જેસર પ્રાગજીનો પાળિયો જેસરપીરની જગ્યામાં છે. તે વખતે ભુજપુરના પટેલ કોરશી આણંદને કેદ કરી રતાડિયા લઈ જવાયેલા. ત્યાં છ માસ અટકાયતમાં રાખ્યા બાદ રજા અપાયેલી - મુક્ત કરાયેલા. તે અરસામાં સદરહુ પટેલે કચ્છના રાવશ્રીની મદદ માંગેલી. એટલે રાવે પોતાના સૈનિકો દ્વારા રતાડિયો ભાંગેલો, એટલે રતાડિયાને હરાવી, પોતાના કબજામાં કરેલું. રતાડિયાના બજારમાં ગઢની એક રાંગ (ગઢનો એક ભાગ) ખેદાનમેદાન કરાવેલો અને સાવ સપાટ બનાવડાવી ગઢમાં હળ ફેરવાવેલાં. તે આઠ માસના રાખેલ પંચકેશ ત્યાં ઉતરાવી બાદમાં ભુજપુરનું પાણી પટેલે પીધેલું.

**વિ. સંવત ૧૩૬૫માં શા. રણમલે ગામ ભુજપુરમાં અવાડો (હવાડો) બંધાવેલો.** કચ્છ તથા હાલારના બધા જ્ઞાતિ ભાઈઓને તેડાવી જમણવાર કરેલા. તેમના કાકા ડુંગરશીએ ત્રણ દેશમાં ઘીની લહાણી કરેલી. સદરહુ રતાડિયાવાળાના ઝઘડામાં ઓઢાનો ચારણ હરઘોળ શૂરો થઈ (એટલે કે શૂરવીરતાથી લડતાં લડતાં) મૃત્યુ પામ્યો. તેની પાછળ તેની બે બહેનો સતીઓ થયેલ. (આનો અર્થ એવો થાય કે સતીઓ માત્ર પત્નીઓ જ થતી, એવી માન્યતા ભૂલભરેલી છે. એકબીજા માટે લાગણી ધરાવનારા પણ સતી થતા.) એ બે બહેનોના પાળિયા ગામની (ઉઢાની) ઉત્તર દિશાએ દેરી તથા પાળિયા છે. તેના પરના કોતરેલા, અક્ષરો વંચાય છે : 'અપીઓ છે, રતાડિયા સાથે!'

ઇ.સ. ૧૮૯૮-૯૯ની આસપાસમાં મેળવાયેલી માહિતીના આધારે કરાયેલી નોંધમાં જણાવાયું છે કે શરૂઆતમાં ભુજપુરમાં એક ઘર લુહાણાનું હતું. તેઓ સિંધના ઉમરકોટથી થઈને પાલીનગરમાંથી (જે રાજસ્થાનમાં પડતું) થઈને હાલારમાં ગામ ભાણદાડ ગયા. ત્યાંથી કચ્છ કુંદરોડીમાં આવ્યા. એમની નુખ (અટક) રાચ હતી. (જે પછીથી કદાચ રાચમાંથી રાછ થયેલી) તેઓના કુલ્લે ત્રણસો ઘર કચ્છમાં છે.

● **ગામની બીજી હકીકત :**

ગામની ઉત્તર બાજુમાં ખેતાસર નામનું તળાવ છે. તેની પાસેની આશરે ૨૫ (પચીસ) પરાજા (પ્રાજા)ની જમીન જેસર રાજપૂતો પાસેથી લઈ ગૌચર તરીકે કરેલ છે. અદ્યાપી પર્યંત (એટલે કે આ નોંધ લખાતાં સુધી) એ જમીન એ જ ગૌચર તરીકે પડેલી છે. સંવત ૧૭૦૦માં ગામથી આશરે સવા ગાઉ દૂર ભોજાસર નામે પડતર જમીન છે. તેમાં પથ્થરની ખાણો છે, જેમાંથી પથ્થર નીકળે છે. એજ દિશામાં ચૂનો થાય એવા મરડિયા કાંકરા મોટા જથ્થામાં નીકળે છે. ત્યાં ચૂનાની ભઠ્ઠીઓ છે. સદરહુ ભોજાસરની સીમમાં ઓગાળિયું નામથી એક જગા ઓળખાય છે. તેનું એવું નામ પડવાનું કારણ એ છે કે સદરહુ સીમની નજીક એડા નામે ગામ હતું જે જેસર ભોજાસર પડ્યું. તે જમીન હાલ ગૌચર છે. તેની પશ્ચિમ બાજુના સેડા તરફ ઓગાડા નામે તળાવ હતું. તે તળાવ પર એક અતીત (ગોસાઈ બાવા)એ ૧૨ વર્ષ તપશ્ચર્યા કરી. તે પરથી તેનું નામ ઓગાડિયું પડ્યું. (મોએડાની હકીકત ભીમજી સાબુને ખબર છે.)'

મોએડા ભુજપુરના ભાયાત ભોજરાજજીના હતા. તેઓ નિર્વંશ ગયેલા. તેનો અહીં ટીંબો છે. તેઓ નિર્વંશ જતાં તે જમીન આશરે ૭૦ (સીત્તેર) પરાજા (પ્રાજા) છે તે ભુજપુરના પેટાની છે પણ અહીં રતાડિયાવાળા ખાય છે. (એટલે કે તેનો ઉપભોગ કરે છે.) 'આશરે ત્રણેક વર્ષ પહેલાં (ઇ.સ. ૧૮૯૮-૯૯ પહેલાં) ઓગાળિયામાંથી એક પાળિયું નીકળેલું. તેના પર અક્ષર છે તે ભુજપુરના દ્વારમાં આવેલ છે. રા. ધ્રુવ વિસનજીના વખતમાં પૂર્વ દિશાએ જેસરપીરની જગ્યા છે.

'દક્ષિણ દિશાએ ઓઢા ગામ છે તેની હકીકત ચારણો પાસેથી મળશે.' તાયાણ નામે વાડી છે તેમાં પાળિયો છે. ત્યાં ગામનો (ઓઢા યા ઊંઢાનો) વાસ પહેલાં ત્યાં હતો. પશ્ચિમ દિશાએ દાદુવાળી વાડી તથા મોડાઈ વાડીની વચ્ચે એક અસાંબા પીરની જગ્યા છે ત્યાં બીજી પણ કબરો છે. નદીનું નામ નાગમતી છે ત્યાંથી થઈ ભુજંગ નાગ ભુજના કિલ્લામાં ગયેલા. તે પરથી નામ નાગમતી.

જેસરપીરના પાળિયા છે તે પરના નામોની વિગત : (૧) સંવત ૧૭૬૦ ના વરખે (વર્ષે) બાકીના અક્ષર ઉકલતા નથી. સતીનો પાળિયો. (૨) સંવત ૧૭૫૧ (પછીના અક્ષર ઉકલતા નથી) નકરાનો પાળિયો. (૩) સંવત ૧૮૧૩ના ફાગણ સુદ ૭, ભટ્ટ માણક કલુઆણીની સ્ત્રી (તે પછીના અક્ષર ઉકલતા નથી) (૪) સંવત ૧૭૨૬ વરખે (વર્ષે) આસુ સુદ ૧૦ના તે ગામથી ભુજપુર મધ્યે જેસર પ્રાગજી મોડજી શૂરવીરપણે રતાડિયાનો કટક (એટલે કે દુશ્મનોના આક્રમક સૈનિકોનો

*સુખ અને દુઃખ એ બંને મનની કલ્પના છે.*

હુમલો) આવ્યો તેથી જુંજી (ઝઝૂમી) રામશરણ થયા છે. તેની પ્રતિષ્ઠા સંવત (અક્ષર અસ્પષ્ટ)ના અષાઢ સુદ ૨, પુજનીક શૂરવીરની સ્થિતિમાં થયા છે. (જેસર કરશનજી તથા પબાજી વારસ છે.) (૫) સંવત ૧૭૭૬ વરખે (વર્ષે) આસુ સુદ ૧૦ દિને (ના દિવસે) જેસર રવા દેસરાણી શૂરવીર થયા છે. રાવશ્રી પ્રાગજી (પ્રાગમલજી?)ની વાટ (સમયમાં) કુંવર ગોડજીએ મુંદ્રા ઉપર કટકાઇ (હુમલો) કિધી તેમાં કામ આવ્યા છે (એટલે કે તેમાં તેમનો ભોગ લેવાયો છે) જેસર મમુજી મેરામણજી વારસ છે. (૬) ગો-ઘો-ડેસ્વાર છે ને ગળે સરપ (સાપ) છે. સંવત ૧૭૪૮ વરખે (વર્ષે) મહાવીર ૧ દને (દિવસે) જેસર પ્રાગજી મેઘરાજ જીઆણી કટકી (હુમલો) બદડા ઉપર હાલેજી એ કિધી તે ઉપર શૂરવીર થયા. (વારસ જેશર આશુજી દુજાજી) (૭) સુરા (શુરા, શુરવીર, ધીંગાણામાં જેમણે બહાદુરી બતાવીને મૃત્યુશરણ થયા હોય) જેસર દાદુજી..(પછીના અક્ષર ઉકલતા નથી) પાળિયો જૂનો છે. આશરે સદી ૧૬મીનો. એ સનદનો સતીનો બીજો પાળિયો ફાટેલ તળાવ પર છે (અક્ષર ઉકલતા નથી). સતીનો સંવત ૧૭૫૦ (બાકીનું લખાણ ઉકલતું નથી) (૯) સતીનો સંવત ૧૮૪૧માં રાજગોર તેજાજી કેડે (એટલે કે, માટે) ગોરબાઇ સતી થયા છે. (૧૦) સતીનો સંવત ૧૭૪૫ રાજગોર ખીમજી કેડે (એટલે કે માટે) ગોરબાઇ સતી થયા છે. નવીનાળના નેસ ઉપર કટારી ખાધી છે (એટલે કે સ્વહસ્તે કટારથી પોતાના જીવનનો અંત આણ્યો છે.)

જૂના પાળિયા બરાઇએ છે તેમાં વધારે હકીકત છે. ચોથો સતીનો પાળિયો છે. અક્ષર ફીટી ગયા છે.

ભુજપુરમાં પાળિયો : શ્રી ગણેશાય નમઃ આગરીઆ.. નીસર છે. સંવત ૧૮૪૧ના કારતક વદ ૮ ના રોજે રાજગોર તેજાજી કેડે (માટે) પોપાંબાઇ સતી થયાં છે તેનો પાળિયો છે. સંવત ૧૮૯૪ના સુદ ૫ નું કીધું છે (એટલે કે આ સતીકર્મ કર્યું છે.)

## ● ગામ નાની ભુજપુર (ઓઢો) :

બે પાળિયા સતીના છે. તે સંવત ૧૮૦૦ના સૈકાના છે. તે પરના અક્ષર થોડા થોડા દેખાય છે. ૧ પાળિયો શૂરાનો છે. ત્રીજો પાળિયો સતીનો છે. વધુ એક પાળિયો શૂરાનો સંવત ૧૮૩૯નો, હરધોળ માણસોનો, ચોથો સતીનો છે (આ બધા પરના અક્ષરો ભૂંસાઇ ગયા છે).

નાની ભુજપુર સંવત ૧૫૬૫માં ચારણોને દાનમાં મળેલ. તે વખતે ઓઢા નામના બારોટે વસાવેલ છે. એ ચારણોનો કબજો હાલ પણ (ઇ.સ. ૧૮૯૮-૯૯) છે. (બોરાણામાં ખીમરાજ રાજીઆણી ઉત્પત્તિની બધી હકીકત જાણે છે.

## ● ચારણની ઉત્પત્તિ :

શિવના પોઠિયા ચાર. તેમાંથી ચારણ શેષનાગની દીકરી પરણ્યા. તેનાથી નવ બાળક થયા. એક અધૂરો બાળક જન્મ્યો. તે તુંબડામાં નાખી દરિયામાં તારી દીધો છે (એટલે કે વહાવી દીધો) તે અસપત, ગજપત નરપત અને ભુપતને હાથ ચડ્યો (એટલે કે મળ્યો) તેમાંથી એકે છોકરો લીધો. બીજાઓએ ચાર પૂતળાંઓના લીધા. (આ અંગે વિવિધ લોકોક્તિઓ પ્રચલિત છે.)

*<u>નોંધ</u> : ભુજપુરનો આ રાજકીય, સામાજિક, શાસકીય કે આર્થિક ઈતિહાસ નથી. પાળિયાઓની સ્થિતિ, તેના પરની નોંધો અને જે કાંઇ જ્યાંથી મેળવી શકાયું તેના મૌખિક વૃત્તાંતના આધારે, ખૂબ જહેમતપૂર્વક તૈયાર કરાયેલી આ નોંધો છે જે પરિશ્રમ અને લગન માટે ઠક્કર કલ્યાણજી વિ. ખીમજી સ્વાલી કચ્છ મુંદ્રાવાળા, ઇન્ડિયન એન્ટીક્વેરિઅનનું કચ્છ ઋણી છે.* ■

---

**આઝાદીના છ દાયકા - કચ્છની વિકાસગાથા**

**(અનુસંધાન : પાના નં.-૨૬ ઉપરથી ચાલુ)**

વિકાસની છડી પોકારી રહેલ છે.

## ● રેલવે અને ટ્રાન્સપોર્ટ :

કચ્છના ટ્રાન્સપોર્ટ ઉદ્યોગના વિકાસ અંગે મારા આ લેખમાં આગળ મેં ચર્ચા કરેલ છે એટલે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ વિશે અહીં પુનરાવર્તન કરતો નથી.

રેલવે વિશે વાત કરું તો રાજાશાહીમાં કચ્છમાં માત્ર ભુજથી અંજાર, ભચાઉ અને જૂના કંડલા, તૂણા સુધીની સુવિધા હતી અને તે પણ નૅરોગેજ રેલવે લાઈન હતી.

અત્યારે રેલવે સુવિધામાં બહોળા પ્રમાણમાં વધારો થયેલ છે. કચ્છની બ્રોડગેજ રેલવે ભુજ કચ્છથી સમગ્ર દેશમાં ઠેઠ સુધી કલકત્તા, ચેન્નાઈ, યુ.પી. — ટૂંકમાં દેશના ખૂણે ખૂણે પહોંચતી થઈ ગયેલ છે. કંડલા બંદર અને અદાણી બંદરનો આયાતી માલ દેશના ખૂણે ખૂણે રેલવે ગુડ્ઝ મારફતે પહોંચતો થઈ ગયેલ છે. કચ્છના મુખ્ય શહેરો ગાંધીધામ - ભુજ - અંજાર વગેરે અત્યંત સુવિધાયુક્ત રેલવે સ્ટેશનો થકી કચ્છની પ્રગતિની છડી પોકારે છે.

ટૂંકમાં મારા આ લેખની પૂર્ણાહુતિ કરતા પહેલાં કહું તો આઝાદીના છ દાયકા દરમિયાન કચ્છે સાધેલી પ્રગતિની આછેરી ઝલક આપવાનો મારો આ નમ્ર પ્રયાસ માત્ર છે. આ વિશે હજુ ઘણું બધું લખી શકાય તેમ છે. ખાસ કરીને ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧માં કચ્છમાં આવેલા મહાવિનાશક ભૂકંપ બાદ કચ્છે આઝાદીના ૫ દાયકા દરમ્યાન જે પ્રગતિ અને વિકાસ સાધેલ હતો તેથી દસ ગણો વિકાસ, કચ્છે છેલ્લા એક જ દાયકામાં સાધેલ છે તેમ કહું તો તેમાં કોઈપણ જાતની અતિશયોક્તિ નથી.

ધરતીકંપ બાદ ટેક્ષ હોલીડેનો લાભ કચ્છને મળતા કચ્છમાં મહાકાય ઉદ્યોગોનું મોટા પ્રમાણમાં આગમન થયેલ છે અને અત્યારે કચ્છમાં ૩૦૦થી વિશેષ મોટા ઉદ્યોગો કાર્યરત છે. ગાંધીધામ, ભચાઉ, કંડલા, સમગ્ર વિસ્તારમાં ભિન્ન ભિન્ન વસ્તુઓ ઉત્પાદન કરતા કારખાનાઓ ચોતરફ વિસ્તરેલ છે અને ઔદ્યોગિક ક્રાંતિની છડી નિર્દેશે છે.

ટૂંકમાં અત્યારે તો એવું દેખાય છે કે જગતના નકશા પર કચ્છનું નામ એકવાર ફરી સુવર્ણ અક્ષરે ઝળહળી ઊઠવા માટે હવે બહુ લાંબા સમયની રાહ જોવી નહીં પડે.

***એસ.બી.એક્સ. ૮૨-૮૩,***
***આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.***
***ફોન : (૦૨૮૩૬) ૨૬૧૮૮૮, મો. ૯૯૦૯૭ ૨૩૯૮૩***

***(<u>નોંધ</u> : ઉપરોક્ત ૧ થી ૧૩ નંબરના ક્રમના કારણે કચ્છ, ગુજરાત કે ભારત દેશનો ગ્રોથ રેશિયો કદાચ વધેલ હશે, પરંતુ એ વિગત જણાવી શકાય કે તેના કારણે દરેક વિભાગમાં કેટલા પ્રમાણમાં કચ્છીઓને નોકરી મળી? કેટલા કચ્છીઓની રોજીરોટીમાં વધારો થયો? દરેકની સરેરાશ આવક શું હશે? વગેરે વગેરે....***

***– મુખ્ય તંત્રી)***

*અંધકાર ગમે એટલો ગાઢ હોય પણ દરેક જો એકએક દીપ પ્રગટાવે તો અંધારાને મીણની જેમ ઓગાળી શકાય છે.*

ઝારાનો ભીષણ સંગ્રામ

(પ્રકરણ-૮)

# આશાપુરા માતાજીનો પૂજારી

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

ગાયોનું ધણ સીમમાંથી ગામ તરફ પાછું ફરતું હતું. સૂરજ હજી આથમ્યો ન હતો, પણ આથમવાની તૈયારી હતી. આ વખતે સિંધુપતિ ક્લોરાનું સૈન્ય ગામડાંઓમાં લૂંટફાટ કરી ધન તથા સોનું-ચાંદી વગેરેનાં ઘરેણાં, અનાજ ઘાસચારો વગેરે વસ્તુઓ લોકો પાસેથી બળજબરી કઢાવતું અને અનાજની ગુણો વગેરે ઊંટો પર લાદવાનું તથા બીજા અત્યાચારો કરી ગામના લોકો તથા ત્યાંના અધિકારીઓને ત્રાસ આપી આગળ વધ્યે જતું હતું. ઝારાના યુદ્ધની સમાપ્તિને ચાર દિવસ વીત્યા હતા. સૈન્ય પ્રત્યેક ગામમાંથી લોકોને પડપૂછ કરતું તથા સરખા જવાબ ન આપે તેને ત્રાસ આપીને જરૂરી માહિતી મેળવી આગળ વધી રહ્યું હતું. દીવાન ગિદુમલને બોલાવી ગુલામશાહે માતાના મઢની જાગીર વિશે વિગતો જાણવા ઇચ્છા દર્શાવી. સેનામાંથી કેટલાકને એવા ખબર મળેલ કે મઢની જાગીરના મઠાધીશ પાસે પુષ્કળ ધન, સોનું રૂપું તથા રત્નો, અનાજ તથા ઘાસચારો વગેરેના ભંડાર છે તથા નવરાત્ર-પર્વ તેમજ બીજા પ્રસંગોએ સેંકડો યાત્રાળુ આવતાં તેઓ મૂલ્યવાન ભેટો તથા રોકડ નાણું મઠાધીશના ચરણે ધરી જતાં. તેથી એમની પાસે વિપુલ સંપત્તિ હતી.

**માતાના મઢનું સ્થાન એટલે કચ્છના જાડેજા રાજવીઓના કુળદેવી આશાપુરાજીનું પુરાતન પવિત્ર સ્થાન.** મહામાયા શ્રી આશાપુરાજીની સ્વયંભૂ પ્રકટેલ મનાતી પ્રતિમા ધરાવતું પ્રાચીન મંદિર. ઇતિહાસ-પ્રસિદ્ધ સમા જામ લાખા ફુલાણીના પિતા સમા જામ ફુલના **કારભારીઓ અજો તથા અણઘોર નામે કરાડ વણિકભાઇઓએ ઇસુની દસમી સદીના પ્રારંભ સમયે આ મંદિર બંધાવેલ હોવાનું કહેવાય છે.** દંતકથા એવી પણ છે કે સિંધના સમા જામ બાંભણિયાએ માતા આશાપુરાજીની સ્વયંભૂ પ્રતિમાની વિધિસર સ્થાપના કરી હતી. સમાવંશની એક શાખા-જાડેજા કુળના જામ હમીરજી-કચ્છના કાર્તિકેય રાવ શ્રી ખેંગારજીના પિતાએ દેવીની કૃપા યાચેલ એમાં સફળતા મળતાં એમણે મઠાધીશને 'રાજા'નો ઇલકાબ આપી રાજ્ય તરફથી પુરસ્કાર-ધન તથા જાગીરની નવાજેશ કરેલી તેમજ ખુદ રાજવી એમને નમન કરે એટલું ઉચ્ચ પદ આપી સન્માનેલ હતા અને એ પરંપરા એમના વંશજો-રાજવીઓના વખતમાં ચાલુ હતી. કચ્છના વિખ્યાત સંત મહાત્મા મેકણે માતાના મઢ સ્થાનકમાં બિરાજેલ સર્વમંગલ માંગલ્યકારિણી તથા સર્વાર્થસાધિકા મહામાયા આશાપુરાજીના દર્શન કરી તથા મઠાધીશના આશીર્વાદ મેળવીને પોતાની ગિરિનારયાત્રા શરૂ કરી હતી.

**બીજા કેટલાક જાગીરદારોની માફક માતાના મઠ ગામે જઇને, એ સ્થાનકની જાગીરના મઠાધીશને પકડીને બાનમાં લેવાની તથા એમને ખંખેરવાની ક્લોરાની ઇચ્છા હતી એવું જ્યારે દીવાન ગિદુમલે જાણ્યું ત્યારે એ સ્તબ્ધ બન્યો તથા ચોંકી ઊઠ્યો.** ધર્મના સ્થાન પર અત્યાચાર થાય એ એને પસંદ ન હતું, પણ માતાજીનું મંદિર કે માતાજીની પ્રતિમાને કંઇ નુકસાન પહોંચાડવાની કોઇ વાત ન હતી, માત્ર મઠાધીશને જ બોલાવીને એમને ખંખેરવા હતા, એમની પાસેથી ધન-દોલત, સોનું-રૂપું, અનાજ વગેરે કઢાવવાં એટલી જ ગુલામશાહની સેનાના નાયકોની ઇચ્છા હતી એમ જણાયું ત્યારે એમ થતું અટકાવવા દીવાન ગિદુમલ લાચાર હતો. જોકે મંદિરને નુકસાન થવા વિશેની એની ચિંતા દૂર થઇ હતી.

મઢગામ હજી દૂર હતું, પરંતુ ત્યાં સેનાના નાયકોની ઇચ્છાના પડઘા બહુ વખત પહેલાં જ સંભળાયા અને મઢગામમાં તથા જાગીરમાં ફફડાટ વ્યાપ્યો. ક્લોરાનું સૈન્ય ગામની નજીક આવે એનાથી પહેલાં જ ગામ ખાલી થવા લાગ્યું. લોકો પોતાનાં માલ-મિલકતો લઇને દૂરનાં સ્થળોએ ચાલ્યા જવા લાગ્યાં. મઢ જાગીરના મઠાધીશને ઝારાના યુદ્ધમાં કચ્છની સેનાની ભયંકર ખુવારી થયેલ હોવાના અને ગુલામશાહ ક્લોરો પોતાની સેના સાથે ગામડાંઓમાં લૂંટફાટ કરતો કચ્છમાં આગળ ધસતો હોવાના સમાચાર મળ્યા. રસ્તામાં કેટલાક જાગીરદારોને એણે ત્રાસ આપીને ખંખેરેલ હોવાના સમાચાર મળતાં તથા માતાના મઢ સ્થાનક તરફ એ ધસી આવતો હોવાની વાતો એમણે સાંભળી ત્યારે એઓ બહુ ચિંતિત બન્યા. એમણે માતાજીના મંદિરમાં નિત્ય વિધિપૂર્વકની પૂજા કરતા વૃદ્ધ અને અનુભવી પૂજારીને બોલાવીને એમની પાસે પોતાની ચિંતા વ્યક્ત કરી. વયોવૃદ્ધ પૂજારીએ જાગીરને મળેલ દાનપત્રો, બીજા દસ્તાવેજો, જાગીરની મિલકતો વગેરેના સંરક્ષણ માટે યોગ્ય વ્યવસ્થા તાત્કાલિક કરવાની મઠાધીશને સલાહ આપી અને વિશેષમાં જણાવ્યું :

"ભલે બીજા લોકો ગામ છોડી ચાલ્યા જાય, પણ હું ગામ નહિ છોડું. માતા આશાપુરાજીની નિત્યની સમયસર થતી ચાલુ પૂજા કદી બંધ નહિ રહે અને એ સેવાપૂજા કરવાનો મારો ધર્મ નહિ ચૂકું. માતાજીની સેવા-પૂજા બંધ નહિ થાય, એ ચાલુ જ રહેશે. માતાજી હાજરાહજૂર છે. મને શ્રદ્ધા છે કે માતાજીની પૂજામાં ભંગ નહિ પડે."

"પણ ક્લોરાની સેના લૂંટફાટ કરતી આ તરફ ધસી આવે છે અને આજકાલમાં અહીં પહોંચી આવશે એવા ભણકારા થઇ રહ્યા છે એનું શું?" મઠાધીશે સેના મંદિરમાં ઘૂસી આવીને મંદિરને અપવિત્ર કરે-દૂષિત કરે એ પરિસ્થિતિ વિશે ચિંતા દર્શાવી.

"એ ચિંતા માતાજી પર છોડો. માતાજીની ઇચ્છા હશે તેમ થશે. મને એમ લાગે છે કે અહીં કોઇ ફરકશે નહિ. કોઇ લૂંટવા આવશે કે મંદિર પર આક્રમણ કરવા આવશે તો હું આત્મબલિદાન આપીશ. મારા દેહમાં પ્રાણ હશે ત્યાં લગી કોઇ પણ શખ્સ મંદિરમાં પ્રવેશી શકશે નહિ. મને ખાતરી છે કે માતાજી પોતે આક્રમણકારને અહીં સુધી

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)

*નાના હોઈએ ત્યારે જલદી મોટા થઈ જવાની અધીરાઈ હોય છે, પરંતુ મોટા થઈ ગયા પછી બાળપણ આટલું જલદી કેમ વીતી ગયું તેનો રંજ થાય છે.*

મંગલ મંદિર
આ અંકની
★ સત્ય કથા ★

# દાનનાં ગૌરવશિખરની કચ્છી દાતાની યાત્રા :

## 'કરવે સર'ની મહેસાણા મેડિકલ કોલેજ માટેના અથાગ પુરુષાર્થની યશોજ્જવલ અર્ધી સદી

ધન રામપરીઆ

સંસદની છેલ્લી ત્રણેક ચૂંટણીઓમાં મતદાર તરીકેની વય મર્યાદાએ પહોંચેલા તરુણો કે યુવાનોને કદાચ ખ્યાલ ન પણ હોય કે **'૪૭માં આઝાદી મળવા પહેલાં આજના ગુજરાત રાજ્યનો એક જિલ્લો મહેસાણા, તે વખતના શ્રીમંત અને વિકાસ-ઉન્મુખ વડોદરાના દેશી રાજ્યની હકુમત હેઠળ હતું. મહેસાણા ગાયકવાડી થાણું કહેવાતું.** વડોદરા રાજ્યનો રાજવી પરિવાર મહારાષ્ટ્રીયન નસલનો હતો. વડોદરા રાજ્યમાં સારા પ્રમાણમાં મહારાષ્ટ્રીયન પરિવારો સ્થાયી થયેલાં હતાં. રાજ્યના વહિવટીતંત્રના વિવિધ સ્તરો પર મહારાષ્ટ્રીયન અધિકારીઓનો સારા પ્રમાણમાં ફેલાવ હતો. મહેસાણા થાણામાં પણ વરિષ્ઠ રાજ્ય-અધિકારીઓ અને રાજ્યના મરાઠી-ભાષાઓ સ્થાયી થયેલા હતા.

આજના મહારાષ્ટ્રના થાણા કે રાયગઢ જિલ્લામાંના મોટાં ગામ કરજત પાસેના નાના ગામ જાંબીવલીનું એક રામચંદ્ર કરવેનું કુટુંબ હમણાંથી લગભગ ૧૪૦-૧૫૦ વર્ષો પહેલાં વડોદરા આવેલું. ત્યારબાદ મહેસાણા સ્થાયી થયેલું. રામચંદ્ર કરવે જમીન-મોજણી (સર્વે) ખાતામાં કારકૂન હતા. દીકરા-દીકરીઓવાળો પરિવાર બહોળો હતો. દેશી રાજ્યની નોકરીમાંથી પગારરૂપે થતી આવકમાંથી કુટુંબનો નિભાવ માંડ માંડ થતો હતો. દીકરીઓ ભણવાની સાથે નવવારી મરાઠી સાડીની ફેરી કરી, કુટુંબની આવકમાં બનતો સાથ આપતી હતી.

૭૫-૮૦ વર્ષ પહેલાં એ કુટુંબના એક સભ્ય વાસુદેવ રામચંદ્ર કરવે તે વખતે કહેવાતી મેટ્રિક (હમણાંની એસ.એસ.સી.)ની પરીક્ષામાં પાસ થયા. નોકરી-ધંધો નહોતો એટલે આમથી તેમ ઘૂમતા રખડતા રહેતા. એ અરસાના વર્ષોમાં લોકમાન્ય તિલક, ગોપાલકૃષ્ણ ગોખલે, ગાંધીજી વગેરે સમાજના આદર્શ માર્ગદર્શકો હતા. એમના આદર્શો, સિદ્ધાંતો જેવી લોકકલ્યાણની ભાવના પણ વાસુદેવ કરવેના મનમાં ઉછળતી રહેતી. એમની શાળાના અંગ્રેજ પ્રિન્સિપાલ સાહેબે વાસુદેવને એકવાર પૂછ્યું : તું હમણાં શું કરે છે? વાસુદેવે ખરો જવાબ આપતા કહ્યું કે હમણાં તો કાંઇ કામધંધો નથી. ત્યારે પ્રિન્સિપાલ સાહેબે ભલામણની રીતે સૂચવ્યું કે **શાળામાં ફી આપી ન શકનાર અને બીજા કારણોસર છોકરાઓ ભણવા આવતા નથી, એવા છોકરાઓને તું ભણાવ.** વળતા દિવસે વાસુદેવે આમ તેમથી પાટી, પેન, ચોપડી ઉછીના લઇ એવા સાતેક વિદ્યાર્થીઓને શીખવવાનું શરૂ કર્યું. એકડે એક, બગડે બે શીખવવાથી પ્રારંભ કર્યો. જુલાઇ ૧૯૩૪માં આ શાળા શરૂ થઇ. એ શાળાનાં પ્રિન્સિપાલ ગણો તો પ્રિન્સિપાલ, હેડમાસ્તર ગણો તો હેડમાસ્તર, પટાવાળા ગણો તો પટાવાળા- જે ગણો તે બધું એક જ વ્યક્તિ હતી – વાસુદેવ રામચંદ્ર કરવે. ત્યારે એમની ઉંમર ૧૮ વર્ષની હતી.

વાસુદેવ પોતે બહુ નિષ્ઠાવાળા, માયાળુ, સંસ્કારી અને શિક્ષણ-વાચનના અલગારી હતા. ધીમે ધીમે શાળાનો વિકાસ થતો ગયો. પ્રગતિ થતી ગઇ. શાળા-સંચાલન માટે 'ન્યુ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ' સ્થાપવામાં આવ્યું. વડોદરાના શિક્ષણ-પ્રોત્સાહક દેશી રાજ્યની ગ્રાન્ટ મળવા લાગી. લોકોને, સમાજને વિશ્વાસ અને શ્રદ્ધા વધતા થયાં. ધીરે ધીરે શાળા પાંચ (5th) ધોરણો સુધીની થઇ. ત્યાર પછી માધ્યમિક શાળા બની. ત્યાર પછી હાઇસ્કૂલ પણ બની. શાળાની પ્રગતિ માટે વાસુદેવ કરવેએ ભેખ જ લઇ લીધેલો. **૧૯૩૪માં સાતેક વિદ્યાર્થીઓથી શરૂ થયેલી શાળા, ૧૯૮૪માં ૪૫૦૦ (સાડા ચાર હજાર) વિદ્યાર્થીઓને શિક્ષણ વિદ્યા સંસ્કારના અમી પાતી હતી.** ઉત્તર ગુજરાતની આ સૌથી મોટી શાળા હજી પણ 'ન્યુ પ્રોગ્રેસિવ શાળા'ને બદલે 'કરવે માસ્તર'ની શાળા તરીકે વધુ સુપ્રસિદ્ધ છે. ધીમે ધીમે આ શાળામાં હાયર સેકન્ડરી વર્ગો, ટિચર્સ-ટ્રેનિંગ કૉલેજ, ટેલરીંગ તથા વાયરમેન કોર્સ, ક્રાફ્ટસ ટ્રેનિંગ કૉલેજ જેવા નવાં ડિવિઝનો પણ ઉમેરાતા ગયા.

હાયર સેકન્ડરીમાં સારા માર્કે પાસ થનારા મહેસાણાની શાળાના વિદ્યાર્થીઓ જ્યારે હોમિયોપેથિક મેડિકલ કૉલેજમાં એડમિશન (પ્રવેશ) મેળવવા આણંદ કે વડોદરા જેવાં કેન્દ્રોએ જતા ત્યારે એમની પાસેથી ૧૦ થી ૧૫ હજારના ડોનેશન – ફરજિયાત 'દાન' માંગવામાં આવ્યાં. શાળાના વિદ્યાર્થીઓ હોમિયોપેથિક કૉલેજના ડોનેશન ભરવાના પૈસાની સગવડ કરી શકતા નહોતા. પરિણામે ઘણા તેજસ્વી, યોગ્ય વિદ્યાર્થીઓ પણ વધુ આગળ ઉચ્ચ અભ્યાસ કરી શકતા નહોતા.

ભારતના લગભગ બધાંય રાજ્યોમાં, પૂર્વ ભારત સિવાય, ઉચ્ચ અભ્યાસની સગવડો-સવલતો, ખાસ કરીને મેડિકલ તથા એન્જિનિયરિંગના અભ્યાસની વ્યવસ્થા મોટાં શહેરોમાં વધુ છે. બધી પ્રાઇવેટ કૉલેજો મનમાન્યાં ડોનેશનો લે એટલે આર્થિક રીતે નબળા કુટુંબોના છોકરા-છોકરીઓ કે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસથી વંચિત રહી જાય છે. **આખાંય**

*મરવાની તૈયારી કરું છું અને જીવવાની ઝંખનાને પંપાળું છું. મરવું છે શાનથી અને જીવવું છે માનથી.*

**ગુજરાતમાં સાયન્સ-સ્ટ્રીમની ઇજનેરી તથા મેડિકલ ઉચ્ચ શિક્ષણની વધુ કોલેજો અમદાવાદ-સુરત વચ્ચેના વિસ્તારમાં છે.** મોરબીની ઈજનેરી કૉલેજ તથા જામનગરની એકાદ-બે કૉલેજોને બાદ કરતાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં બેએક દાયકા પહેલાં આવી કૉલેજોની કોઇ સવલત નહોતી. કચ્છમાં તો હજુ મેડિકલ કૉલેજની જાહેરાત પણ માંડ માંડ આ વર્ષે થઇ છે અને શિક્ષણનું કેન્દ્ર ઉદ્યોગ-ગૃહને સુપરદ કરી દેવાયું છે. **ગુજરાત તથા ગુજરાત બહાર લાખો કે કરોડોના દાન આપનાર સૌરાષ્ટ્ર તથા કચ્છના લોકોએ ઘરઆંગણે આવી વ્યવસ્થા ઊભી કરવા પ્રત્યે દુર્લક્ષ્ય સેવ્યું છે.**

શ્રી કરવે સાહેબ પાસે મહેસાણાના વિદ્યાર્થીઓએ પોતાની તકલીફ રજૂ કરી. વિદ્યાર્થીઓની તકલીફ કરવે સાહેબ બરાબર સમજ્યા. શિક્ષણ-ઋષિ જેવા કરવે સાહેબે મનમાં નિશ્ચય કર્યો કે **મહેસાણામાં જ હોમિયોપેથિક કોલેજ શરૂ કરવી અને વિદ્યાર્થીઓ પાસેથી એડમિશન-પ્રવેશ માટે કોઈપણ જાતનું ડોનેશન લેવું નહીં.** ૧૯૮૦ના વર્ષમાં નિર્ણય લઇ, બે વર્ષ સુધી ગાંધીનગર-દિલ્હી વચ્ચે દોડધામ કરી, આખરે ૧૯૮૨માં કૉલેજ શરૂ કરવાની મંજૂરી મળી. ફંડની સગવડ નહીં હોવા છતાં આર્થિક મુસીબતો વચ્ચે એજ **વર્ષ ૧૯૮૨માં મહેસાણામાં 'ન્યુ પ્રોગ્રેસિવ ટ્રસ્ટ હોમિયોપેથિક મેડિકલ કોલેજ' શરૂ કરી.**

મેડિકલ કૉલેજ શરૂ કર્યા પછી એને ચલાવવા માટે ફંડ જોઇએ. કોઇ પણ ભોગે વિદ્યાર્થીઓ પાસેથી ફરજિયાત ડોનેશન ન જ લેવાનો કૃતનિશ્ચય હતો. મેડિકલ કૉલેજ સાથે ૪૦થી ૫૦ બેડ-પથારીની હોસ્પિટલ પણ ઊભી કરવી જરૂરી જ હતી. શાળાના ફંડનો ઉપયોગ કૉલેજ કે હોસ્પિટલ માટે થઇ શકે તેમ નહોતું. કરવે સાહેબ પોતે નખશીખ શિક્ષક. એટલે ફંડ ઊભું કરવાની અને દાન એકઠું કરવાની 'વિશિષ્ટ કળા' એમણે વિકસાવી નહોતી. અંતે 'પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓએ નિર્ણય કર્યો કે વર્તમાનપત્રોમાં જાહેરાત આપી ડોનેશનો મંગાવવા. સામાન્ય રીતે આ પ્રમાણેની જાહેરખબર વાંચી કોઇ ડોનેશન આપે નહીં. પણ કરવે સાહેબને મનમાં શ્રદ્ધા હતી કે કોઇ સખી દાતા અમારે આંગણે જરૂર પધારશે. અને એવું જ થયું! કરવે સાહેબની શ્રદ્ધા ફળી.

**કચ્છના ગામ કાંડાગરાના શ્રી જયંતીલાલ પ્રેમજી સાવલાએ આ જાહેરખબર વાંચી, સંસ્થા સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો. તેઓ પોતે રૂબરૂ મહેસાણા જઇ આવ્યા. એમના સૂચન-આગ્રહથી શ્રી લીલાધર ગડા પણ ૧૯૮૩ના જાન્યુઆરીમાં મહેસાણા ગયા. સંસ્થાની મુલાકાત લીધી. બેએક દિવસ ત્યાં રોકાયા. કરવે સાહેબની નિષ્ઠાથી ખૂબ પ્રભાવિત થયા.**

પચાસ-પચાસ વરસ સુધી કોઈપણ એક સંસ્થાનું સફળ સંચાલન કરવું એ નાની સુની સિદ્ધિ નથી. ૧૯૩૪ની સાલથી શરૂ થયેલી આ શાળાએ ઘણા તડકા-છાંયડા જોયેલા, અનુભવેલા. પોતે મહારાષ્ટ્રીયન હોવા છતાં, ગુજરાતમાં આ પ્રકારની સંસ્થા ઊભી કરી, એને પ્રગતિશીલ રાખ્યા કરવામાં એમણે પોતાની જાતને ઘસી નાંખી. એમણે અનેક આર્થિક વિટંબણાઓ ઝીલી; પરંતુ ધીમે ધીમે ૫૦ વર્ષના અવિરત શ્રમ પછી સમગ્ર ઉત્તર ગુજરાતની શ્રેષ્ઠ અને આટલી મોટી શાળા ખડી થઇ. હજારો વિદ્યાર્થીઓએ આ શાળામાં વિદ્યા, શિક્ષણ અને સંસ્કારના અમી પીધાં છે. **શ્રી કરવે સાહેબ શિસ્ત અને નિયમિતતાનાં ચુસ્ત આગ્રહી.** શાળાના સમય પહેલાં જ તેઓ હાજર હોય. શાળાના મકાનોના બાંધકામ વખતે રજેરજની ચોક્સાઇ રાખે. હિસાબમાં એક રૂપિયાની પણ ભૂલ આવતી હોય તો ભલે આખી રાતનો ઉજાગરો થાય, પણ સવારે શાળામાં જતાં પહેલાં ભૂલ પકડી, હિસાબ મેળવી લેવાની દક્ષતા સેવે. તેથીજ આ સંસ્થાના ટ્રસ્ટબોર્ડ પર શ્રી પુરુષોત્તમ માવલંકર, રેડક્રોસ સોસાયટી-ગુજરાતના સેક્રેટરી ડૉ. વાણી, ખ્યાતનામ આર્કિટેક્ટ શ્રી દોશી (જેઓ નેશનલ ડિઝાઈન સેન્ટરના પણ ડિરેક્ટર છે) અને શ્રી ફતેસિંહરાવ ગાયકવાડ જોડાયા. આ સર્વે શ્રી કરવે સાહેબને આભારી છે.

ગુજરાતના પછાત વિસ્તારમાં કાર્ય કરતી આ સંસ્થાને પોતાની પ્રવૃત્તિઓ આગળ ધપાવવા, ખાસ કરીને હોમિયોપેથિક મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ ચલાવવા માટે ફંડ ભેગું કરવું ખૂબ ખૂબ મુશ્કેલ હતું. (કચ્છના, પણ મુંબઇ રહેતા) શ્રી જયંતીભાઇ સાવલાને સંસ્થાના ટ્રસ્ટીઓ અને કાર્યકરોની તમન્ના, ખેવના, નિષ્ઠા, પ્રામાણિક્તા, આદર્શ, એકજૂટતા, કીર્તિથી વધુ સંગીન કાર્યને પ્રાધાન્ય-વગેરે સદ્ગુણો સ્પર્શી ગયા. તેમણે મનોમન આ સંસ્થાને તેની પ્રવૃત્તિઓ વિકસાવવા, વિશેષ સબળ બનાવવા આર્થિક સહાય અનુદાનના સ્વરૂપે આપવાનું નક્કી કર્યું. **સંસ્થાની જરૂરિયાત અને અપેક્ષા કરતાં સાવલાએ કચ્છીયતના ગૌરવને વધારીને રૂા. ૧૧,૧૧,૧૧૧ (અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયાર) જેવી માતબર રકમનું અનુદાન એમણે સંસ્થાને જાહેર કર્યું.** કચ્છના ક.વી.ઓ. સમાજમાં એકી આંકડે, એકજ વ્યક્તિ દ્વારા, એ વર્ષોમાં - ૧૯૮૩-૮૪ અપાયેલા દાનની રકમમાં કદાચ એ સૌથી વધુ મોટું અનુદાન હતું. ભારતભરની કોઈપણ હોમિયોપેથિક કૉલેજ-હોસ્ટલને એ વર્ષો સુધીના મળેલા દાનોમાં આ રકમ સૌથી વધુ મોટી હતી.

'ન્યુ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ' એટલે 'કરવે માસ્તરની શાળા'. ૨જી જુલાઇ, ૧૯૮૪ ના રોજે પોતાના અસ્તિત્વનાં ૫૦ વર્ષ પૂરાં કરતી હતી. ૧ થી ૩ જુલાઇ દરમ્યાન સંસ્થાએ ગૌરવભેર પોતાની સુવર્ણજયંતી ઉજવી.

પહેલી જુલાઇએ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સ્નેહમિલન તથા ચિત્રકળા, હસ્તકળા-વર્ગખંડનો ઉદ્ઘાટન સમારંભ હતો. ૨ જી જુલાઇએ કૉલેજના મકાનનું વાસ્તુપૂજન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ હતો અને તા. ૩ જી જુલાઇએ હોમિયોપેથિક કૉલેજનો ઉદ્ઘાટન સમારોહ યોજાયેલો.

ત્રણ દિવસના સમારોહ, ઉત્સવ, ઉજવણી દરમ્યાન પ્રમુખો, ઉદ્ઘાટકો, અતિથિ વિશેષો તરીકે સાહિત્ય-સંસ્કાર સિંચન ક્ષેત્રની તથા તબીબી ક્ષેત્રની નામાંકિત વ્યક્તિઓ આવી હતી. રાજકીય ખેરખાંઓ કે પ્રધાનોને સ્ટેજ મળ્યું નહોતું. પધારનાર વિશિષ્ટ વ્યક્તિઓમાંની કેટલીક આ પ્રમાણે હતી : શ્રી ઉમાશંકર જોષી, ઝીણાભાઇ સ્નેહરશ્મિ, ગુજરાત સાહિત્ય પરિષદના એ અરસામાં વરાયેલા અધ્યક્ષ શ્રી યાજ્ઞિક, શ્રી યશવંત શુકલ, ગુજરાત હાઇકોર્ટના જજ શ્રી નારણભાઈ ભટ્ટ, ખેતીવાડી કૉલેજના ઉપકુલપતિ શ્રી ઈશ્વરભાઇ, સેન્ટ્રલ હોમિયોપેથિક કાઉન્સિલના-દિલ્હીના ડિરેક્ટર

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૩ ઉપર)

*આપણને મળેલું સુખ અન્યને વહેંચવાથી કેવી સંતૃપ્તિ થાય છે એ અનુભવવાની ચીજ છે.*

# કચ્છના રાજવંશની વંશાવલી

(પુરાણ અને ભાટ લોકોના મત પ્રમાણે)

૧ શ્રી આદિનારાયણ

૨ નારાયણની નાભિકમલથી બ્રહ્મા

મરીચિ | **૩ અત્રિ** | અંગિરા | પુલસ્ત | ક્રતુ | ભૃગુ | વશિષ્ઠ | પુલહ | દક્ષ | નારદ

૪ ચન્દ્રમા – ૫ બુધ – ૬ પુરૂરવા – ૭ આયુ – ૮ નહુષ – ૯ જયધૃતિ – ૧૦ યદુ – ૧૧ ક્રોષ્ટા – ૧૨ વ્રજિતવાન

૨૨ વિદર્ભ – ૨૧ પુરૂજિત – ૨૦ ઋચક – ૧૯ ઉશના – ૧૮ ધર્મ – ૧૭ પૃથુશ્રવા – ૧૬ મહાભોજ – ૧૫ ચિત્રરથ – ૧૪ દુશંકુ – ૧૩ ખ્યાતિ

૨૩ ક્રથ – ૨૪ કુંભી – ૨૫ ધૃતિ – ૨૬ નિર્ધૃતિ – ૨૭ દાસારક – ૨૮ વ્યોમ – ૨૯ જીમૂત – ૩૦ વ્રંક્રતિ – ૩૧ ભીમરથ – ૩૨ નવરથ

૪૨ આયુ – ૪૧ પુરૂહુત – ૪૦ અનુ – ૩૯ કુરૂવશ – ૩૮ મધુ – ૩૭ દેવક્ષત્ર – ૩૬ દેવરથ – ૩૫ કુરંભ – ૩૪ શકુની – ૩૩ દશરથ

૪૩ સાત્વત – ૪૪ અંધક – ૪૫ ભજમાન – ૪૬ વિદુરથ – ૪૭ સુરસેન – ૪૮ શિની – ૪૯ સ્વાયંભો – ૫૦ રૂદિક – ૫૧ દેવ્યમીઢ – ૫૨ સુરસેન

૫૭ સતાનીક – ૫૬ ઉશ્નીક (શોણીતપુર અથવા મિશ્રદેશનો રાજા) – ૫૫ સાંબ – ૫૪ શ્રીકૃષ્ણચંદ (અશાવતાર) – ૫૩ વસુદેવ

૫૮ સતવીર્ય – ૫૯ સૂરસેન – ૬૦ સૂર્યમુદ્ર – ૬૧ મહીપાલ – ૬૨ ગંગાદાસ – ૬૩ ગાવિંદમુદ્ર

૭૦ સોમ – ૬૯ હરિરાજ – ૬૮ ખેંગાર – ૬૭ વિશ્વવરાહ – ૬૬ સતવિજય – ૬૫ શાલિવાહન – ૬૪ સૂર્યમુદ્ર

૭૧ ભીમ – ૭૨ ભોજ – ૭૩ રાજમાણિક – ૭૪ મહીપાળ – ૭૫ મેઘળ – ૭૬ મૂળરાજ – ૭૭ મહીપાળ

૮૪ મુલરાજ – ૮૩ વિશ્વવરાહ – ૮૨ દૂર્ગાખ્ય – ૮૧ ચુડચન્દ્ર – ૮૦ દેવેન્દ્ર – ૭૯ જાુંજ – ૭૮ સલાજીત

૮૫ કાંયો – ૮૬ ગોવિંદમુદ્ર – ૮૭ આનંદ – ૮૮ ચામુન્ડ – ૮૯ સર્વલહ – ૯૦ દુર્ગાખ્ય – ૯૧ શાલિવાહન

૯૮ વિક્રમાત – ૯૭ જગદેવ – ૯૬ દયાપાળ – ૯૫ દેવરથ – ૯૪ ખેંગાર – ૯૩ મહીપાળ – ૯૨ વિક્રમભોજ

૯૯ અન્નપાળ – ૧૦૦ ભોજરાજ – ૧૦૧ ધર્મદેવ – ૧૦૨ અંબરીષ – ૧૦૩ અગ્નિવર્ણ – ૧૦૪ ઉગ્રસેન – ૧૦૫ બલકર્ણ

૧૧૨ પ્રતાપજી – ૧૧૧ લક્ષરાયજી – ૧૧૦ જેઠીજી – ૧૦૯ સાંબજી – ૧૦૮ જયસિંહ – ૧૦૭ અનિરૂદ્ધ – ૧૦૬ સહસ્રપાલ

૧૧૩ ગર્વગોડ – ૧૧૪ ભાણજી – ૧૧૫ મૂલરાજ – ૧૧૬ દેવરાજ – ૧૧૭ કલ્યાણજી – ૧૧૮ જગમાલજી – ૧૧૯ ભીમજી

૧૨૬ માનસિંહ – ૧૨૫ ભગવત સિંહ – ૧૨૪ સરદાર સિંહ – ૧૨૩ ચંદ્રસેનજી – ૧૨૨ અર્જુનજી – ૧૨૧ પ્રથિરાજજી – ૧૨૦ સિગ્રામજી

૧૨૭ રાયસિંહ – ૧૨૮ આસકર્ણ – ૧૨૯ સામળસિંહ – ૧૩૦ ગજસિંહ – ૧૩૧ સેરસિંહ – ૧૩૨ દેવીસિંહ – ૧૩૩ સુરસેન

૧૩૫ દેવેન્દ્ર – ૧૩૪ વિક્રમસેન

*સમર્પીને રીઝે એ સ્નેહ, લઈને રાચે એ સ્વાર્થ.*

**૧૩૫ દેવેન્દ્ર**

૧૩૬ અસપત (ઉગ્રસેન)
(મુસલમાન થયો)

૧૩૬ ગજપત
(ચુડાવમાનો મૂળ પુરુષ)

**૧૩૬ જામ નરપત**
**(સમાવંશનો મૂળ પુરુષ)**

૧૩૬ ભુપત
(ભટી વંશનો મૂળ પુરુષ)

**૧૩૭ જામ સામપન**
(આ નામ ઉપરથી સમા કહેવાયા) } – **૧૩૮ જામ જેહો**

**૧૪૩ જામ રાહુ – ૧૪૨ જામ ઓઢો – ૧૪૧ જામ ઓઢાર – ૧૪૦ જામ નોતિયાર – ૧૩૯ જામ નેતો**

**૧૪૪ જામ ઓઢાર – ૧૪૫ જામ અબડો – ૧૪૬ જામ લાખિયારભડ – ૧૪૭ જામ લાખો ધુરારો**
(નગર સમૈ વસાવ્યું)

મોડ | વરેઆ | સાંધ | ઓઠો | **૧૪૮ જામ ઉનડ** | જેહો | ફુલ | મનાઈ

મોડ
જામ સાડ (કંઠકોટનો કિલ્લો કીધો)
જામ ફુલ (બોલાડી તથા અણગોરના કિલ્લા કીધા)
જામ લાખો ફુલાણી (કેરાનો કિલ્લો કીધો) | ધાઓ
જામ પુંઅરો (પધર ગઢનો કિલ્લો કીધો) | દેથો | સેથો

**૧૪૮ જામ ઉનડ**
**૧૪૯ જામ સમો**
**૧૫૦ જામ કાકુ**
**૧૫૧ જામ રાયધણ**
**૧૫૨ જામ પ્રતાપ (પલ્લી)**
**૧૫૩ જામ સાંધભડ**

**૧૫૪ જામ જાડો**
(વેરેંજીના પુત્ર લાખાને દત્તક લીધો)

**૧૫૪ વેરેંજી**

**૧૫૫ જામ લાખો**
(જાડેજા વંશનો મૂળ પુરુષ)

લાખિયાર
(પોતાના ભાઈ લાખાની મદદથી લાખિયાર વીઅરો વસાવ્યું)

**૧૫૬ જામ રાયધણ**

દેદો
(વાગડ, ચોરાડ, તથા મચ્છુ
કાંઠામાં કેટલોક ગરાસ મળ્યો)

**૧૫૭ જામ ઓઠોજી**
(લાખિયાર વીઅરે ટીલું)

ગજણ
(બાડા પરગણું મળ્યું)

હોથી
(ગજોડ, પુનડી આદિ
કાંઠીના બાર ગામ મળ્યાં)

પોઅેલો
(અનૌરસ)

જાુડબ | કુતબ

*કાંટા સાથે રહી, હસતા રહેવાનું ગુલાબ પાસેથી શીખો.*

- દેદો
  - જેશળજી (બેરાજા, પત્રી, ભુજપર તથા ગુંદાળા વગેરે ગામો મળ્યાં)

- **૧૫૭ જામ ઓઠોજી**
  - **૧૫૮ જામ ગાહોજી**
    - **૧૫૯ જામ વેહેણેજી**
      - **૧૬૦ જામ મુળવોજી**
        - **૧૬૧ જામ કાંયોજી**
          - **૧૬૨ જામ આમરજી**
            - **૧૬૩ જામ ભીમજી**
              - **૧૬૪ જામ હમીરજી**
                - અલૈયોજી
                  - સુમરોજી
                    - રામોજી (રામાણીયા ગામ)
                - **૧૬૫ રાઓશ્રી ખેંગારજી**
                  - ભોજરાજજી
                    - અલીયોજી (કોરા પરગણું)
                  - **૧૬૬ રાઓશ્રી ભારમલ્લજી**
                    - જેહોજી (કુંવર પદવીમાં જ દેવ થયા)
                    - **૧૬૭ રાઓશ્રી ભોજરાજજી** (સંતતિ ન થતાં ખેંગારજીને દત્તક લીધા)
                    - **૧૬૭ મેઘજી**
                    - રાયધણ
                    - પ્રાગજી
                    - આસોજી
                    - લખધીરજી
                - સાહેબજી
                  - જસોજી (વીંઝાણ, વાડા વગેરે)
                  - હમીરજી (મોથાળો, બાળચોડ વ.ગામ ૧૫)
                  - પચાણજી (મજલ, તેરા વગેરે)
                    - દેવોજી (રૂહો)
                      - પચાણજી (નલિયા વગેરે ૨૪ ગામો કબજે કીધા)
                  - તુગાચીજી (સણવો, આડેસર વગેરે ગામ ૨૪)
                - રાયબજી (ભાડીઆ, પુનડી વગેરે ગામ ૧૦)
              - અજોજી
                - ભીમજી (તેને ખેડોઈ, વેકરા, રામપર ઝલુ વગેરે ગામો મળ્યાં)
              - ભાણજી (બીટીઆળી તથા ભાચુંડા)
              - છુગેર (ગામ છુગેર)
            - મોંકરસી (બિબર વ.)
            - કાંયોજી (મઉ વ.)
            - આમરજી (ગળપાદર વ.)
          - પાંચારીઓ
            - જાડો (ખૈયાખડ)
            - વરમસી (ઝુરો)
          - ઉસ્તિઓ (ઉસ્તિઓ)
          - નાંગીઓ (નાંગીઓ)
          - વેરાર (વંગ વ.)
        - બારાચજી (નાગરેચા વ. તેના વંશજને રાઓશ્રી ખેંગારજીએ તેરા, ગુડથર વગેરે છ ગામો આપ્યા. સં. ૧૫૮૫)
      - દેશળજી (રાવલેશર વગેરે)
    - ખનેરજી (બાડી વગેરે)
    - વસણજી (લઠેડી વગેરે)
    - બુટોજી (ઉમીઉં વગેરે)
    - રાજડજી (લોરીઓ)
    - આમરજી (બાડી વગેરે)
  - દલજી (ભાડિયા વગેરે)
  - પ્યાજી (સુખસાણ વગેરે)

*હિંસા, એ કાયર માણસનું છેલ્લું આશ્રયસ્થાન છે.*

**૧૬૭ મેઘજી**

- **૧૬૮ રાઓશ્રી ખેંગારજી** (બીજા)
  - હમીરજી (અનૌરસ) (ભોજાય ગામ)
- અજોજી (માડી)
- **૧૬૮ રાઓશ્રી તમાચીજી**
  - હાજોડ (ધમડકા વગેરે ગામ ૨૪)
  - **૧૬૯ રાઓશ્રી રાયધણજી**
    - નોંધણજી
      - હાલોજી (કોઠારે ટીલું)
        - હજોજી (કોઠારો)
        - ભારોજી (સુથરી)
        - બાવોજી (કોટડી)
        - તેજમાલજી (સાભરાઈ)
      - સતોજી (નરા, પાનેલી વ.)
      - દેવોજી (અકરી વ.)
      - ભારોજી (ગોણીયાસર વ.)
    - રવોજી
      - કાંયોજી (મોરબી ટીલે)
    - **૧૭૦ મહારાઓશ્રી પ્રાગમલજી**
      - **૧૭૧ મહારાઓશ્રી ગોડમલ્લજી**
        - **૧૭૨ મહારાઓશ્રી દેશળજી**
          - **૧૭૩ મહારાજાધિરાજ મહારાઓશ્રી લખપતજી**
            - **૧૭૪ મહારાજાધિરાજ મહારાઓશ્રી ગોડજી**
              - **૧૭૫ મહારાજાધિરાજ મહારાઓશ્રી રાયધણજી**
                - **૧૭૬ મહારાજાધિરાજ મહારાઓશ્રી ભારમલજી**
                  - **૧૭૭ મહારાજાધિરાજ મહારાઓશ્રી દેશળજી**
                    - **૧૭૮ મહારાજાધિરાજ મહારાઓશ્રી પ્રાગમલજી બહાદુર ના.ગ્રા.ક.સ્ટા.ઈ.**
                      - **૧૭૯ મહારાજાધિરાજ મહારાઓશ્રી ખેંગારજી બહાદુર**
                        - **૧૮૦ મહારાજાધિરાજ વિજયરાજજી**
                        - ગોડજી
                      - કુમારશ્રી કરણજી ઉર્ફે કલુભા
                    - કુમારશ્રી હમીરજી (તેરા, વડસર વ.)
              - પ્રથિરાજજી ઉર્ફે ભાઈજીબાવો
            - માનસંગજી (ડુજાપર)
            - ખાનજી (રાજપર)
            - સગળસંગજી (ખીરસરો)
            - કલ્યાણજી (દેશળપર)
            - મેઘજી (જથરખું વ.)
            - કાનજી (ત્રમાઉ વ.)
          - રાયધરજી (અનૌરસ)
        - રાયબજી (મોટી ખાખર વ.)
        - જીવણજી (રતાડિયા વ.)
        - હાજોજી (પત્રી, વાંકી વ.)
        - ઉમરોજી (ગજોડ, બેનજો વ.)
      - નારાયણજી (ગોધરા, પાલડીઆ વ.)
      - સિગ્રામજી (સાંધાણ, લાએજા વ.)
      - કરણજી (માનકુઆ, કોડકી વ.)
      - ડુંજોજી (ગઢશીશા)
    - સુજોજી (તેરા, બાડા વ.)
    - જુણોજી (કેરા, ભાચુડા વ.)
    - ગોપાલજી (ફરાદી, મેરાઉ વ.)
    - આસોજી (બીદડા)
    - લાખોજી (હમનબુડી, કપુરાસી)
    - મોડજી (ગુંદાળા)
    - અભેરાજજી
  - હરધોળજી (આસંબીઆ બે, ડોણ, મઉ તથા દરશડી)
  - કલ્યાણજી (વડલી)
  - મેઘજી (સગાળીયું વ.)
- ઉન્નડ (વરસામેડી)
- અભેરાજજી (ચીરેં)
- રામસંગજી (ભચાઉ)
- સુજોડ (પાંકડસર)
- કુંભોજી (કુંભારડી)

*(અનુસંધાન : જુઓ પાના નંબર-૪૭ ઉપર)*

*નાના ખર્ચાઓથી પણ સાવધ રહો. એક નાનકડું કાણું આખા જહાજને ડૂબાડી દે છે.*

## જામ લાખા જાડેજાથી મહારાઓ શ્રી મદનસિંહજી સુધી ટૂંકમાં હકીકત

| ક્રમ | રાજ્યાધીશનાં નામો | તખ્ત શહેર | ક્યારે તખ્તે બેઠા સંવત | ક્યારે કૈલાસવાસ કીધો સંવત | કેટલાં વર્ષ રાજ્ય કર્યું | રાણીઓની સંખ્યા | કયા પાટરાણીથી પાટવી કુંવરનો જન્મ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જામ લાખોજી | લાખીયાર વીરો | ૧૨૦૩ | ૧૨૩૧ | ૨૮ | ૨ | રાણી શ્રી સજનકુંવરને પેટે કુમાર શ્રી રાયધણજી |
| ૨. | જામ રાયધણજી | લાખીયાર વીરો | ૧૨૩૧ | ૧૨૭૧ | ૪૦ | ૪ | રાણી શ્રી સજનકુંવર સોઢીથી કુમાર શ્રી ઓઠોજી |
| ૩. | જામ ઓઠોજી | લાખીયાર વીરો | ૧૨૭૧ | ૧૩૧૧ | ૪૦ | ૨ | રાણી શ્રી રતનાજીબા સોઢીથી કુમાર શ્રી ગાહોજી |
| ૪. | જામ ગાહોજી | લાખીયાર વીરો | ૧૩૧૧ | ૧૩૪૧ | ૩૦ | ૨ | રાણી શ્રી કરનાજીબા રાઠોડથી કુમાર શ્રી વેહેણજી |
| ૫. | જામ વેહેણજી | હબાય | ૧૩૪૧ | ૧૩૭૭ | ૩૬ | ૨ | રાણી શ્રી રતનાજીબા ચાવડીથી કુમાર શ્રી મુળવોજી |
| ૬. | જામ મુળવોજી | હબાય | ૧૩૭૭ | ૧૪૦૩ | ૨૬ | ૨ | રાણી શ્રી ઉમરાજીબા સોઢીથી કુમાર શ્રી કાંયોજી |
| ૭. | જામ કાંયોજી | હબાય | ૧૪૦૩ | ૧૪૭૦ | ૬૭ | ૨ | રાણી શ્રી રાજકુંવરબા જેઠવીથી કુમાર શ્રી આમરજી તથા સુરજકુંવર વાઘેલીને પેટે કુમાર શ્રી ભીમજી |
| ૮. | જામ આમરજી | હબાય | ૧૪૭૦ | ૧૪૮૫ | ૧૫ | | |
| ૯. | જામ ભીમજી | હબાય | ૧૪૮૫ | ૧૫૨૮ | ૪૩ | ૪ | રાણી શ્રી અજબકુંવર ચવાણીથી કુમાર શ્રી હમીરજી |
| ૧૦. | જામ હમીરજી | લાખીયાર વીરો | ૧૫૨૮ | ૧૫૬૨ | ૩૪ | ૫ | રાણી શ્રી કપુરદેબા સોઢીથી કુમાર શ્રી ખેંગારજી |
| ૧૧. | રાઓ શ્રી ખેંગારજી | રાપર-ભુજનગર | ૧૫૬૬ | ૧૬૪૨ | ૭૬ | ૧૦ | રાણી શ્રી ચાંપાંજીબા ઝાલીથી કુમાર શ્રી ભારમલ્લજી |
| ૧૨. | રાઓ શ્રી ભારમલ્લજી | ભુજનગર | ૧૬૪૨ | ૧૬૮૮ | ૪૬ | ૯ | રાણી શ્રી જીવુબા વાઘેલીથી કુમાર શ્રી ભોજરાજજી |
| ૧૩. | રાઓ શ્રી ભોજરાજજી | ભુજનગર | ૧૬૮૮ | ૧૭૦૨ | ૧૪ | ૧૧ | સંતતિ ન થતાં ખેંગારજીને દત્તક લીધા |
| ૧૪. | રાઓ શ્રી ખેંગારજી | ભુજનગર | ૧૭૦૨ | ૧૭૧૧ | ૯ | ૪ | સંતતિ ન થતાં તેના ભાઈ તમાચીજી બેઠા |
| ૧૫. | રાઓ શ્રી તમાચીજી | ભુજનગર | ૧૭૧૧ | ૧૭૨૨ | ૧૧ | ૫ | રાણી શ્રી જુમાજીબા સરવેયાંથી કુમાર શ્રી રાયધણજી |
| ૧૬. | રાઓ શ્રી રાયધણજી | ભુજનગર | ૧૭૨૨ | ૧૭૫૪ | ૩૨ | ૭ | રાણી શ્રી ફુલ મજીબા ઝાલીથી કુમાર શ્રી પ્રાગમલ્લજી |
| ૧૭. | મહારાઓ શ્રી પ્રાગમલ્લજી | ભુજનગર | ૧૭૫૪ | ૧૭૭૨ | ૧૮ | ૬ | રાણી શ્રી સામાજીબા સરવૈયાથી કુમાર શ્રી ગોડજી |
| ૧૮. | મહારાઓ શ્રી ગોડમલ્લજી | ભુજનગર | ૧૭૭૨ | ૧૭૭૫ | ૩ | ૪ | રાણી શ્રી સોનાજીબા ઝાલીથી કુમાર શ્રી દેશળજી |
| ૧૮. | મહારાઓ શ્રી દેશળજી | ભુજનગર | ૧૭૭૫ | ૧૭૯૮ | ૨૩ | ૯ | રાણી શ્રી માનકુંવર વાઘેલીથી કુમાર શ્રી લખપતજી |
| ૧૯. | મહારાજાધિરાજ મિરજા મહારાઓ શ્રી લખપતજી | ભુજનગર | ૧૭૯૮ | ૧૮૧૭ | ૧૯ | ૯ | રાણી શ્રી રાજકુંવાર ઝાલીથી કુમાર શ્રી ગોડજી |
| ૨૦. | મ.મિ.મ. શ્રી ગોડજી | ભુજનગર | ૧૮૧૭ | ૧૮૩૫ | ૧૮ | ૧૦ | રાણી શ્રી રાજકુંવાર ઝાલીથી કુમાર શ્રી રાયધણજી |
| ૨૧. | મ.મિ.મ. શ્રી રાયધણજી | ભુજનગર | ૧૮૩૫ | ૧૮૭૦ | ૩૫ | ૧૦ | રાણી શ્રી સરૂબા સોડીથી કુમાર શ્રી ભારમલ્લજી |
| ૨૩. | મ.મિ.મ. શ્રી ભારમલ્લજી | ભુજનગર | ૧૮૭૦ | ૧૮૭૫ | ૫ | ૫ | રાણી શ્રી તાજુબા સોઢીથી કુમાર શ્રી દેશળજી |
| ૨૪. | મ.મિ.મ. શ્રી દેશળજી | ભુજનગર | ૧૮૭૫ | ૧૯૧૭ | ૪૨ | ૮ | રાણી શ્રી રૂપાળીબા ઝાલીથી કુમાર શ્રી રવાજી (પ્રાગમલજી) |
| ૨૫. | મ.મિ.મ. શ્રી પ્રાગમલબહાદુર ના.ગ્રા.ક.સ્ટા.ઇ. | ભુજનગર | ૧૯૧૭ | ૧૯૩૨ | ૧૫ | ૬ | રાણી શ્રી નાનીબા ઝાલીથી કુમાર શ્રી ખેંગારજી |
| ૨૬. | મ.મિ.મ. શ્રી ખેંગારજી બહાદુર | ભુજનગર | ૧૯૩૨ | ૧૯૯૫ | ૬૩ | ૨ | રાણી શ્રી ગંગાબા સાહેબના કુમાર શ્રી વિજયરાજજી |
| ૨૭. | મ.મિ.મ. શ્રી વિજયરાજજી | ભુજનગર | ઇ.સ.૧૯૪૨ | ઇ.સ.૧૯૪૮ | ૬ | ૧ | રાણી શ્રી પદ્મકુંવરબાના કુમાર શ્રી મદનસિંહજી |
| ૨૮. | મ.મિ.મ. શ્રી મદનસિંહજી | ભુજનગર | ઇ.સ.૧૯૪૮ | ૩૧-૫-૧૯૪૮ | ૨ માસ ૨૭ દિ. | ૧ | રાણી શ્રી રાજેન્દ્રકુંવરબાના કુમાર શ્રી પૃથ્વીરાજજી |

***ખાસ નોંધવા જેવી હકીકત એ છે કે દરેક રાજ્યાધીશને એકથી વધુ રાણીઓ હતી.***

*(અનુસંધાન : પાના નંબર-૪૬ ઉપરથી ચાલુ)*

**૧૮૦ મહારાજાધિરાજ વિજયરાજજી**

ગોડજી

જોરાવરસિંહ — દિલીપસિંહજી

**૧૮૧ મહારાજાધિરાજ મદનસિંહજી** — ફતેહસિંહજી — હિંમતસિંહજી

પૃથ્વીરાજજી (પ્રાગમલજી ત્રીજા) — ભુપતસિંહજી — હનુમંતસિંહજી

# ભારત : રાજયપાલો અને મુખ્યપ્રધાન

• ભરત 'કુમાર' પ્રા. ઠાકર •

*વીતેલા વર્ષ ૨૦૦૯ દરમ્યાન ત્રણ રાજ્યોના મુખ્યપ્રધાનો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રશાસકો બદલાયા છે. જ્યારે પાંચ રાજ્યપાલોની ફેરબદલી અને દસ રાજ્યપાલોની નવનિયુક્તિ કરવામાં આવી છે. આમ ઘણા રાજ્યોના વહીવટી અને બંધારણીય વડાઓમાં ફેરફારો થયા છે. નૂતન વર્ષારંભે અહીં ભારતના તમામ રાજ્યોના રાજ્યપાલો અને મુખ્યપ્રધાનોની એકસાથે 'તાજાસ્થિતિ' રજૂ કરી છે, જે આજના માહિતી તંત્રજ્ઞાનના યુગમાં તૈયાર સંદર્ભ તરીકે પણ ખપ લાગે એવી છે. તા. ૧૬-૧-૨૦૧૦ના કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલ ૮ રાજ્યના રાજ્યપાલો અંગેના નિર્ણયનો પણ આ સૂચિમાં સમાવેશ કરી લેવામાં આવેલ છે.*

| ક્રમ | રાજ્ય | રાજ્યપાલ | મુખ્યપ્રધાન | પક્ષીય શાસન |
|---|---|---|---|---|
| ૧. | અરુણાચલ પ્રદેશ | જન. (નિવૃત્ત) જોગિન્દર જસવંતસિંઘ | ડોરજી ખાંડુ | ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ |
| ૨. | આસામ | જાનકી વલ્લભ પટનાયક | તરુણકુમાર ગોગોઇ | કોંગ્રેસ પ્રેરિત મોરચા સરકાર |
| ૩. | આંધ્રપ્રદેશ | ઇ.એસ.એલ.નરસિંહન્ | કોનિજેટી રોસૈયાહ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ |
| ૪. | ઉત્તરપ્રદેશ | બનવારીલાલ જોશી | કુ. માયાવતી પ્રભુદાસ જાદવ | બહુજન સમાજ પક્ષ |
| ૫. | ઉત્તરાખંડ | માર્ગારેટ આલ્વા | ડો. રમેશ પોખરિયાલ 'નિઃશંક' | ભારતીય જનતા પક્ષ |
| ૬. | ઓરિસ્સા | મુરલીધર ચન્દ્રકાન્ત ભંડારે | નવીનચંદ્ર પટનાયક | બીજુ જનતાદળ |
| ૭. | કર્ણાટક | હંસરાજ ભારદ્વાજ | બી.એસ. યેદીયુરપ્પા | ભારતીય જનતા પક્ષ |
| ૮. | કેરળ | રામકૃષ્ણ સૂર્યભાણજી ગવઇ | વી.એસ. અચ્યુતાનંદન | સીપીઆઇ(એમ) પ્રેરિત લેફ્ટિસ્ટ ડોમોક્રેટિક ફ્રંટ |
| ૯. | ગુજરાત | ડો. શ્રીમતી કમલા રામચંદ્ર બેનિવાલ | નરેન્દ્રભાઇ દામોદરદાસ મોદી | ભારતીય જનતા પક્ષ |
| ૧૦. | ગોવા | ડો. શઇવિન્દરસિંઘ સિદ્ધુ | દિગમ્બર કામત | કોંગ્રેસ પ્રેરિત જોડાણ |
| ૧૧. | છત્તીસગઢ | શેખર દત્ત | ડો. રમણસિંઘ વિઘ્નહરણસિંઘ | ભારતીય જનતા પક્ષા |
| ૧૨. | જમ્મુ-કાશ્મીર | નરેન્દ્રનાથ વોહરા | ઓમર ફારુખ અબ્દુલ્લાહ | નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ યુતિ |
| ૧૩. | ઝારખંડ | એમ.ઓ.એચ. ફારુક | શિબુ સોરેન 'ગુરુજી' | ઝારખંડ મુક્તિ મોરચો-ભાજપ યુતિ |
| ૧૪. | તામિલનાડુ | સુરજિતસિંહ બરનાલા | એમ. કરુણાનિધિ | દ્રમુક પ્રેરિત ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ એલાયન્સ |
| ૧૫. | ત્રિપુરા | ડો. જ્ઞાનદેવ યશવંતરાય પાટીલ | માણિક સરકાર | સીપીઆઇ(એમ) પ્રેરિત લેફ્ટિસ્ટ ડેમોક્રેટિક ફ્રંટ |
| ૧૬. | નાગાલેન્ડ | નિખિલકુમાર | નેઇફિયુરીઓ | ડેમોક્રેટિક એલાયન્સ ઓફ નાગાલેન્ડ |
| ૧૭. | પશ્ચિમ બંગાળ | એમ. કે. નારાયણન | બુદ્ધદેવ ભટ્ટાચારજી | સીપીઆઇ(એમ) પ્રેરિત લેફ્ટિસ્ટ ડેમોક્રેટિક ફ્રંટ |
| ૧૮. | પંજાબ | શિવરાજ પાટીલ | પ્રકાશસિંગ રઘુરાજસિંઘ બાદલ | શિરોમણી અકાલી દળ-ભાજપ યુતિ |
| ૧૯. | બિહાર | દેવઆનંદ પદ્મકાન્ત કોન્વાર | નીતિશકુમાર | રાષ્ટ્રિય લોકતાંત્રિક મોરચો |
| ૨૦. | મણિપુર | ગુરુબચ્ચન જગત | ઓકરામ ઇબોબીસિંહ | સેક્યુલર પ્રોગ્રેસિવ ફ્રન્ટ મિશ્ર સરકાર |
| ૨૧. | મધ્યપ્રદેશ | રામેશ્વર ઠાકુર | શિવરાજસિંહ ચૌહાણ | ભારતીય જનતા પક્ષ |
| ૨૨. | મહારાષ્ટ્ર | કે. શંકરનારાયણન | અશોક શંકરરાવ ચવ્હાણ | કોંગ્રેસ-એન.સી.પી. ડેમોક્રેટિક ફ્રન્ટ |
| ૨૩. | મિઝોરમ | લેફ. જન. મદન મોહન લાખેડા | લાલ થાનહાવલા | ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ |
| ૨૪. | મેઘાલય | રણજિતશેખર મૂશહારી | ડી.ડી. લેપાંગ | કોંગ્રેસ પ્રેરિત મેઘાલય યુનાઇટેડ એલાયન્સ |
| ૨૫. | રાજસ્થાન | પ્રભારાવ | અશોક ગેહલોત | ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ |
| ૨૬. | સિક્કિમ | વાલ્મીકિપ્રસાદ સિંહ | પવનકુમાર ચામલિંગ | સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ |
| ૨૭. | હરિયાણા | જગન્નાથ પહાડિયા | ચૌધરી ભૂપેન્દ્રસિંહ હુડ્ડા | ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ |
| ૨૮. | હિમાચલ પ્રદેશ | ઉર્મિલા સિંહ | પ્રો. પ્રેમકુમાર ધુમાલ | ભારતીય જનતા પક્ષ |

***વ્યવહાર ડાહ્યો આદમી કદી પણ શહીદ ન થઈ શકે. વ્યવહાર ડાહ્યો આદમી દહેજ લઈ શકે, પ્રેમ ન કરી શકે.***

## સંઘ પ્રદેશોના શાસકો...

| | | |
|---|---|---|
| ૧. આંદામાન-નિકોબાર | : ઉપરાજ્યપાલ | લેફ. જન. ભૂપિન્દર સિંઘ |
| ૨. ચંડીગઢ | : વહીવટકર્તા | જન. (નિવૃત્ત) એસ.એફ. રોડ્રિગ્ઝ |
| ૩. દમણ અને દીવ | : વહીવટકર્તા | સત્ય ગોપાલ |
| ૪. દાદરા-નગરહવેલી | : વહીવટકર્તા | સત્ય ગોપાલ |
| ૫. દિલ્હી | : ઉપરાજ્યપાલ<br>મુખ્યપ્રધાન | તેજિન્દરસિંહ ખન્ના<br>શીલા દીક્ષિત<br>(ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ) |
| ૬. પોંડિચેરી | : ઉપરાજ્યપાલ<br>મુખ્યપ્રધાન | થિરુ ઈકબાલ સિંહ<br>વી. વૈદ્યલિંગમ્<br>(કોંગ્રેસ પ્રેરિત ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ એલાયન્સ) |
| ૭. લક્ષદ્વીપ-મિનિકોય | : વહીવટકર્તા | જે.કે. દાદૂ |

## કેટલાક રાજ્યોના નાયબ મુખ્યપ્રધાનો...

| | |
|---|---|
| ૧. જમ્મુ-કાશ્મીર | : તારાચંદ શર્મા |
| ૨. પંજાબ | : સુખબીરસિંઘ બાદલ |
| ૩. બિહાર | : સુશીલકુમાર મોદી |
| ૪. મહારાષ્ટ્ર | : છગન ભુજબળ |
| ૫. તામિલનાડુ | : એમ. કે. સ્ટાલિન |
| ૬. ઝારખંડ | : રઘુવર દાસ / સુદેશ મહાતો |

## પુસ્તકો સાભાર સ્વીકાર

| પુસ્તકનું નામ | લેખક | ભેટ મોકલનાર |
|---|---|---|
| • કચ્છ (પરિચય પુસ્તિકા-૧૨૨૧) | હરેશ ધોળકિયા | હરેશ ધોળકિયા |
| • મેડિકલ સેવાઓ રાહત દરે! | સંકલન : કુલીનકાંત લુઠિયા | માનવ જ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ |
| • Ligency of Gujarat | જે. એમ. નાણાવટી | દિનકર મહેતા |
| • The Elements of Archaeology | જયેન્દ્ર નાણાવટી | દિનકર મહેતા |
| • When I Speak | Dhirubhai Shah | ગુલાબચંદ ધારશી રાંભિયા |
| • Human Face of Leprosy | Edited by:- Sharatchandra Damodar Gokhale,<br>Neera Kuckreja Sohoni | ગુલાબચંદ ધારશી રાંભિયા |
| • Science Discoveries Eternal Wisdom | Muni Shri Amrendra Vijayji,<br>Translated by; Dr. J.D. Lodaya<br>Edited by :-<br>Muni Shri Bhuvanchandraji | ગુલાબચંદ ધારશી રાંભિયા |
| • Krishnamurti's Journal | J.Krishnamurti | ગુલાબચંદ ધારશી રાંભિયા |
| • વિકાસની ખોજ | નાનક ભટ્ટ | ગુલાબચંદ ધારશી રાંભિયા |
| • સફળતાની ગુરુચાવી | શ્રી એસ.એમ. શુક્લ<br>એજ્યુકેશન ફાઉન્ડેશન | ગુલાબચંદ ધારશી રાંભિયા |
| • આપણે આત્મનિરીક્ષણ કરીશું? | મુનિ શ્રી અમરેન્દ્રવિજયજી | ગુલાબચંદ ધારશી રાંભિયા |

## ફેબ્રુઆરી માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મ તારીખ

| તારીખ | વર્ષ | વિશિષ્ટ વ્યક્તિનું નામ |
|---|---|---|
| ૧ | ૧૮૭૭ | સુમંત મહેતા |
| ૧ | ૧૯૧૬ | વેણીભાઇ પુરોહિત |
| ૨ | ૧૮૫૯ | હેવલોક એલિસ (બ્રિટન) |
| ૨ | ૧૯૧૫ | ખુશવંત સિંહ |
| ૩ | ૧૯૩૪ | નવાંગ ગોંબુ |
| ૩ | ૧૯૩૮ | ચંદ્રકાંત ત્રિ. શેઠ |
| ૪ | ૧૯૦૨ | ચાર્લ્સ લિંડબર્ગ (યુનાઈટેડ સ્ટેટસ) |
| ૪ | ૧૯૩૮ | બિરજુ મહારાજ |
| ૫ | ૧૮૪૦ | જોન ડનલોપ (બ્રિટન) |
| ૫ | ૧૯૩૮ | રઘુવીર દ. ચૌધરી |
| ૬ | ૧૮૧૨ | ચાર્લ્સ ડિકિન્સ (બ્રિટન) |
| ૬ | ૧૯૧૦ | વજુભાઇ મ. શાહ |
| ૭ | ૧૮૮૩ | જગન્નાથ ત્રિપાઠી 'સાગર' |
| ૮ | ૧૮૧૯ | જોન રસ્કિન (બ્રિટન) |
| ૮ | ૧૮૨૮ | જુલે વર્ન (ફ્રાંસ) |
| ૮ | ૧૮૮૧ | ફૈયાઝખાં |
| ૮ | ૧૮૯૭ | ડૉ. ઝાકિર હુસેન |
| ૯ | ૧૯૦૭ | વિનોદિની ર. નીલકંઠ |
| ૧૦ | ૧૭૭૫ | ચાર્લ્સ લેંબ (બ્રિટન) |
| ૧૦ | ૧૯૧૦ | દુર્ગા ભાગવત |
| ૧૦ | ૧૯૧૬ | ઈશ્વર પેટલીકર |
| ૧૧ | ૧૮૪૭ | ટોમસ આ. એડિસન (યુ.સ્ટે.) |
| ૧૨ | ૧૮૦૯ | ચાર્લ્સ ડાર્વિન (બ્રિટન) |
| ૧૨ | ૧૮૦૯ | અબ્રાહમ લિંકન (યુ.સ્ટે.) |
| ૧૨ | ૧૮૭૧ | ચાર્લી એન્ડ્રુઝ (બ્રિટન) |
| ૧૩ | ૧૮૭૯ | સરોજિની નાયડુ |
| ૧૩ | ૧૯૧૪ | મુકુંદરાય વિ. પારાશર્ય |
| ૧૩ | ૧૯૨૮ | મોહમ્મદ માંકડ |
| ૧૪ | ૧૯૦૫ | સોમાલાલ શાહ |
| ૧૪ | ૧૯૨૨ | ભીમસેન જોશી |
| ૧૪ | ૧૯૩૩ | મધુબાલા |
| ૧૫ | ૧૫૬૪ | ગેલીલિયો ગેલીલેઇ (ઇટલી) |
| ૧૫ | ૧૭૪૮ | જેરેમી બેંથામ (બ્રિટન) |
| ૧૫ | ૧૮૨૦ | સુસાન એન્થની (યુ.સ્ટે.) |
| ૧૬ | ૧૮૩૮ | હેન્રી એડમ્સ (યુ.સ્ટે.) |
| ૧૬ | ૧૯૨૨ | પુશ્કર ચંદરવાકર |
| ૧૬ | ૧૯૩૭ | ગુલામ મોહમ્મદ શેખ |
| ૧૭ | ૧૮૮૦ | નારાયણ વશનજી ઠક્કુર |
| ૧૮ | ૧૮૩૬ | રામકૃષ્ણ પરમહંસ |
| ૧૯ | ૧૪૭૩ | નિકોલસ કોપરનિક્સ (પોલેન્ડ) |
| ૨૧ | ૧૮૭૮ | શ્રીમાતાજી |
| ૨૨ | ૧૭૩૨ | જ્યોર્જ વોશિંગ્ટન (યુ.સ્ટે.) |
| ૨૨ | ૧૮૯૨ | ઈન્દુલાલ યાજ્ઞિક |
| ૨૨ | ૧૯૦૬ | પ્રદ્યુમન કં. દેસાઇ |
| ૨૨ | ૧૯૦૫ | રામનારાયણ ના. પાઠક |
| ૨૪ | ૧૭૮૬ | વિલ્હેમ ગ્રીમ (જર્મની) |
| ૨૫ | ૧૮૬૯ | આનંદશંકર બા. ધ્રુવ |
| ૨૫ | ૧૮૮૪ | રવિશંકર (મહારાજ) વ્યાસ |
| ૨૫ | ૧૮૮૮ | નૃસિંહદાસ વિભાકર |
| ૨૫ | ૧૯૧૬ | સંતપ્રસાદ ર. ભટ્ટ |
| ૨૬ | ૧૮૦૨ | વિકટર હ્યુગો (ફ્રાંસ) |
| ૨૬ | ૧૮૯૬ | દુલેરાય કારાણી |
| ૨૭ | ૧૮૯૮ | બચુભાઇ રાવત |
| ૨૭ | ૧૯૦૨ | જોન સ્ટાઇનબેક (યુ.સ્ટે.) |
| ૨૯ | ૧૯૦૪ | રુકમણીદેવી અરુંડેલ |
| ૨૯ | | મોરારજી દેસાઇ |

***સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા***

- ★ *દરરોજ ૧૦થી ૧૨ ગ્લાસ પાણી પીવું જોઈએ.*
- ★ *કબજિયાત હોય તો ગેસ, એસિડિટી અને હર્નિયાની તકલીફ થઈ શકે.*
- ★ *કેળા અથવા પપૈયા નિયમિત લેવાથી કબજિયાત દૂર થાય છે.*
- ★ *કબજિયાત હોય તો હરડે, ઈસબગુલ, એરંડિયો કે કોઈ ગોળી રોજ ખાવાથી લાંબેગાળે આંતરડાને નુકસાન થઈ શકે છે.*
- ★ *વજન ઘટાડવા ડાયેટિંગ અને કસરત બંને આવશ્યક છે.*

***પ્રાર્થના ભલે ન કરો, પણ નિંદા તો કોઈનીય ન કરો.***

# જૈન પરંપરામાં અહિંસાની સાધનાનું મહત્ત્વ

(પ્રકરણ-૨)

• પ્રા. ડૉ. રામજીભાઈ સાવલિયા •

*(સૂચન : આ લેખ ખૂબ જ એકાગ્રતાથી વાંચવા અમારું નમ્ર સૂચન છે. – મુખ્યતંત્રી)*

જૈનોના તત્ત્વાર્થસૂત્રમાં હિંસાનું લક્ષણ બતાવતા લખ્યું છે કે, "प्रमत्त योगात्प्राणव्यपरोपणं हिंसा"

અર્થાત્ પ્રમત્ત ભાવથી જે પ્રાણીઓના પ્રાણનો નાશ કરવામાં આવે છે તે હિંસા છે. પ્રમત્તભાવ એટલે વિષય-કષાયયુક્ત થઇને, જે જીવ વિષય-કષાયને વશ થઇ કોઇપણ પ્રાણીને દુઃખ અથવા કષ્ટ પહોંચાડે છે એ હિંસાના પાપનું બંધન કરે છે. આ હિંસાની વ્યાપ્તિ કેવળ શરીરથી કષ્ટ પહોંચાડવા સુધીની જ નથી પરંતુ વચનથી એવું ઉચ્ચારણ અને મનથી એવા પ્રકારનું ચિંતન કરવા સુધી છે, જે વિષય-કષાયને વશ થઇને બીજાઓને માટે અનિષ્ટ ભાષણ અથવા અનિષ્ટ ચિંતન કરે છે. એ પણ ભાવ-હિંસા યાને પરમાર્થ હિંસા કરે છે. એથી ઊલટું જે વિષય-કષાયથી વિરક્ત છે, એનાથી કદી કોઇ પ્રકારની હિંસા થઇ પણ જાય તો એની એ હિંસા પરમાર્થ હિંસા કહેવાતી નથી.

હિંસા અને અહિંસાનું રહસ્ય મનુષ્યની ભાવના ઉપર અવલંબી રહેલું છે. કોઇપણ કર્મના શુભાશુભ બંધનનો આધાર કર્તાના મનોભાવ ઉપર છે. મનુષ્ય જે ભાવથી જે કર્મ કરે છે એ પ્રમાણે તેને ફળ મળે છે. કર્મની શુભાશુભતા એના સ્વરૂપમાં રહેલી નથી પરંતુ કર્તાના વિચારમાં રહેલી છે. **જે કર્મ કરવામાં કર્તાનો વિચાર શુભ છે એ શુભ કર્મ કહેવાય છે અને જે કર્મ કરવામાં કર્તાનો વિચાર અશુભ હોય તે અશુભ કર્મ કહેવાય છે.**

ઉપર્યુક્ત બાબતને ઉદાહરણથી સમજીએ. એક ડૉક્ટર કોઇ દર્દીને શસ્ત્રક્રિયા કરવા માટે ક્લોરોફોર્મ સુંઘાડીને બેહોશ બનાવે છે, એમાં અને એક ચોર અથવા ખૂની કોઇ મનુષ્યનું ધન અથવા જીવ લેવા માટે તેને ક્લોરોફોર્મ સુંઘાડીને બેહોશ કરે છે, એમાં કર્મની-ક્રિયાની દૃષ્ટિએ જરા પણ ફરક નથી, પરંતુ જો ફળની દૃષ્ટિથી જોવામાં આવે તો ડૉક્ટરને મોટું સમ્માન મળે છે અને ચોર અથવા ખૂનીને ભયંકર સજા કરવામાં આવે છે.

એક બીજું ઉદાહરણ જોઇએ : જે પોતે મનુષ્યના અંતરાત્માની દૃષ્ટિમાં અનુભૂત થાય છે. એક પુરુષ પોતાના શરીર વડે જે રીતે પોતાની સ્ત્રીને આલિંગન કરે છે, એ પ્રકારે તે પોતાની માતા, બહેન કે પુત્રીને પણ આલિંગન કરે છે. આલિંગનના બાહ્ય પ્રકારમાં જરા પણ ભેદ ન હોવા છતાં આલિંગન કરનારના આંતરિક ભાવોમાં બહુ મોટો ભેદ અનુભૂત થાય છે. પત્નીને આલિંગન કરનાર પુરુષનું મન અને શરીર મલીન વિકારભાવથી ભરેલું હોય છે. જ્યારે માતા વગેરે સાથે આલિંગન કરવામાં મનુષ્યનું મન નિર્મળ અને શુદ્ધ સાત્ત્વિક વત્સલભાવથી ભરેલું હોય છે. કર્મના સ્વરૂપમાં જરાપણ ફરક ન હોવા છતાં ફળના સ્વરૂપમાં આટલો વિપર્યય કેમ છે, એનો જ્યારે વિચાર કરવામાં આવે છે ત્યારે સ્પષ્ટ રીતે માલૂમ થાય છે કે કર્મ કરનારના ભાવમાં વિપર્યય થવાથી ફળના સ્વરૂપમાં વિપર્યય થાય છે. આજ ફળના પરિણામ ઉપરથી કર્તાના મનોભાવનું સારા નરસાપણું નિશ્ચિત કરવામાં આવે છે. એજ મનોભાવ પ્રમાણે કર્મનું શુભપણું માનવામાં આવે છે. આમ ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, સુકૃત-દુષ્કૃતનું મૂળભૂત કેવળ મન જ છે.

**આવી રીતે તમામ કર્મોની અંદર મનની જ પ્રધાનતા છે એથી આત્મિક વિકાસમાં સૌથી પ્રથમ મનને શુદ્ધ તેમજ સંયત બનાવવાની આવશ્યકતા છે.** જેનું મન આ રીતે શુદ્ધ અને સંયત બને છે પછી તે કોઇપણ પ્રકારના કર્મોથી લિપ્ત થતો નથી. યદ્યપિ જ્યાં સુધી દેહને ધારણ કરે છે, ત્યાં સુધી એનાથી કર્મને સર્વથા ત્યાગ થવો અસંભવ છે.

ભગવદ્ ગીતામાં જણાવ્યું છે કે :

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते।

हत्वापि स इमांल्लोकान् न हन्ति न निवध्यते॥"

"જેના હૃદયમાંથી 'અહંભાવ' નષ્ટ થઇ ગયો છે અને જેની બુદ્ધિ અલિપ્ત રહે છે એ પુરુષ કદાચિત્ લોકદૃષ્ટિએ લોકોને-પ્રાણીઓને મારવાવાળો જણાય તો પણ એ એને મારતો નથી અને એ કર્મથી બદ્ધ થતો નથી."

આથી ઊલટું જેનું મન શુદ્ધ અને સંયત નથી, જે વિષય તથા કષાયથી લિપ્ત છે એ બાહ્ય સ્વરૂપમાં અહિંસક દેખાતો હોવા છતાં પણ તત્ત્વથી તો તે હિંસક જ છે. એને માટે કહેવાયું છે કે :

अहणंतो वि हिंसो दुट्ठत्तणओ मओ अहिमरोव्व।

**જેનું મન દુષ્ટ ભાવોથી ભરેલું હોય છે એ કોઇને ન મારે તો પણ તે હિંસક જ છે.**

આ માટે જૈન પરંપરામાં અહિંસાની સાધનાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. વ્યક્તિ પોતે પોતાની જવાબદારી સ્વીકારી હિંસાનો ત્યાગ કરી, અહિંસાની સાધનાનો માર્ગ અપનાવે તો જ હિંસાનું સ્વરૂપ બદલાય અને જીવનમાં અહિંસાના બીજ રોપાય અને તો જ માનવ સમાજ શાંતિનો અનુભવ કરી શકે. આ માટે ભારતીય પરંપરામાં અહિંસાની સાધનાનો જે માર્ગ બતાવાયો છે તે જ એક માત્ર સરળ પદ્ધતિ-ઉકેલ જણાય છે.

જૈન પરંપરામાં અહિંસાની સાધના માટે અંતર્મુખ અને બહિર્મુખ એમ બંને રીતે જીવનને

*આત્માની આંખ વિના ચામડાની આંખથી જીવનપથ શોધનારનો અંતે વિનિપાત થાય છે.*

કેળવવાની વાત કરી છે. અંતર્મુખ થવાનો પ્રથમ પાઠ તે પોતાના દોષ કે ભૂલ થતાં જ તે થયાનું ભાન થવું અને તેને સુધારી લેવાની કાળજી લેવી એ છે. **અન્યના દોષ સહેજે જોઇ શકાય છે. કારણકે આપણી આંખો, બહારનું બધું જોઇ શકે છે. જીવનને અંદરથી તપાસવાની દૃષ્ટિ સાંપડે ત્યારે જાણવું કે અંતર્મુખ થવાનું દ્વાર જડ્યું છે.**

જીવનમાં અંતર્મુખ થવાથી ભાવની સ્થિરતા, તટસ્થતા, ક્ષમતા કેળવાય છે. જીવનમાં જેવો ભાવ ધારણ કરીએ તેવો રંગ ઊઠે છે. કેવો ભાવ સ્થિર કરવો એ આપણી જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોની કેળવણી ઉપર અવલંબે છે. જીવને જ ભાવે તેવો ભાવ જાગે છે. જ્યારે સતત એક જ શાંત સ્વસ્થ સર્વ કલ્યાણની ઝંખના કરનારો ભાવ સ્થિર થાય ત્યારે અહિંસાની સાધનાનો સાચો આરંભ થાય છે.

જીવનને અંતર્મુખતા પ્રાપ્ત કરાવવા માટે કોઇ સ્પષ્ટ નિર્દિષ્ટ માર્ગ નહિ ચીંધી શકાય પરંતુ એ વાત સ્પષ્ટ કરી શકાય કે અંતર્મુખ જીવનની ઝાંખી કરનારને બાહ્ય આચારનું કોઇપણ પ્રદર્શન કે આવરણ આવશ્યક નથી રહેતું - ન રહેવું જોઇએ. આંતર જીવનનો કોઇપણ અનુભવ કેવળ સ્વાભાવિકતાથી વ્યક્ત થતા સદ્‌ભાવ રૂપે જ પ્રગટ થતો રહે છે. તેને કોઇ જ પ્રકારના બાહ્ય શણગાર, દેખાવ કે પ્રદર્શનની આવશ્યકતા નથી. અંતર્મુખ જીવન એટલે સદ્‌ભાવને સ્થિર કરવાનો પુરુષાર્થ.

**જીવનમાં અંતર્મુખતા કેળવાય એ માટે ધ્યાન, મૌન, નામસ્મરણ, ઉપાસના, ઉપવાસ બધું કરી શકાય.**

**ધ્યાન એટલે ચક્ષુ બંધ કરીને ચક્ષુ દ્વારા ભાવને વિક્ષિપ્ત થતો રોકવો. નામ સ્મરણ એટલે જીવ્હા કે સ્મૃતિ દ્વારા ભાવમાં વિક્ષેપ ન પડવા દેવો. મૌન એટલે વાચા દ્વારા વ્યક્ત થઇ જતા ભાવને સ્થિર કરવો. ઉપાસના એટલે શક્ય એટલી બધી રીતે ભાવને સ્થિર કરવો. ઉપવાસ એટલે જીવ્હાના સ્વાદથી ઊભા થતાં અંતરાયને દૂર કરીને ભાવને સ્થિર રાખવો.**

અંતર્મુખ જીવનનો પ્રવાહ વિશિષ્ટ રીતે વહેતો થવો જોઇએ. ઇન્દ્રિયો પોતપોતાના વિષયમાં રત રહે ત્યારે જે-તે વાસના-ઇચ્છામાંથી ભિન્ન ભિન્ન વૃત્તિ પ્રગટ થાય છે. જેમકે, સ્વાર્થ પૂરો કરવા માટે માણસ ગાંડી દોટ મૂકે છે ત્યારે જો તેને કોઇ અંતરાય નડે છે તો તેનામાં વેરવૃત્તિ જાગે છે. એક જ વાસના-ઇચ્છાને સ્વાર્થના સ્વરૂપે વ્યક્ત કરો તો તે વૃત્તિ બને અને તેને જ પરમાર્થ કાજે ત્યાગરૂપે પરિવર્તિત કરો તો તે ભાવના રૂપ બને છે.

જીવન વૃત્તિઓના ભારા જેવું નહિ, પરંતુ ભાવનાનાં તેજ અણુ જેવું તેજસ્વી બનતું જાય ત્યારે જાણવું કે અહિંસાની સાધનામાં આપણે પ્રગતિ કરી રહેલા છીએ.

જીવનની અંતર્મુખતા અને બહિર્મુખતા વચ્ચેનો ભેદ સમજવા જેટલી વિવેકશક્તિ અવશ્ય કેળવાઇ જવી જોઇએ. વિવેક વિના અહિંસાની સાધનાનો આરંભ પણ કઇ રીતે થઇ શકે? સ્થૂલ ચક્ષુથી જે કંઇ જોવાય છે તે બહિર્મુખતાનો અનુભવ છે અને સ્થૂલ ચક્ષુથી જોયા પછી દૃષ્ટા, દૃષ્ટિ અને દૃશ્ય વચ્ચેનો જે વિવેક અનુભવગમ્ય સ્થિતિ છે. **બહિર્મુખતાને શબ્દબદ્ધ કરવાનું સાધન ભાષા છે. જ્યારે અંતર્મુખતાને તો સદ્‌ભાવ દ્વારા જ વ્યક્ત કરી શકાય.**

અહિંસાની સાધના માટે અનાસક્ત ભાવ કેળવવો અનિવાર્ય ગણાય કારણ કે આસક્તિ જ બધા બાહ્યાંતર દોષોનું મૂળ છે. અનાસક્ત ભાવ એટલે જીવનમાં કેવળ ઉદાસીનતા કે વિષાદ નહિ, પરંતુ સંપૂર્ણ આસકત એવો બાહ્ય વ્યવહાર રાખીને પણ આંતરદૃષ્ટિએ અનાસક્ત રહેવું એ આવશ્યક છે. જ્યાં પોતાપણાની વૃત્તિ-અહંતા સ્થિર થાય ત્યાં જીવનનો પ્રકાશ મુક્ત ન રહેતાં ઝાંખો પડી જાય છે.

રાગદ્વેષ થવાનું કારણ જ આપણી મમતા હોય છે. અનાસક્ત ભાવ સ્થિર થયે કોઇપણ સ્થિતિમાં સાચો સદ્‌ભાવ પ્રગટ થઇ શકે.

**જીવનમાં કેળવવા જેવો સર્વ શ્રેષ્ઠ સદ્‌ગુણ આદરભાવ છે.** સહુ પ્રત્યે આદરભાવ કેળવાય તેની ઉપર જ અહિંસાની સાધનાનું બીજું બધું ચણતર થાય છે. **સહુ પ્રત્યે આદરભાવ-સદ્‌ભાવ રાખો, એવું બધા ધર્મોએ- પયગંબરોએ, જીવદૃષ્ટાઓએ, માનવજાતની પ્રગતિ માટે આવશ્યક માન્યું.** પરિણામે, કોઇ મંદિરમાં તો કોઇ મસ્જિદમાં કે કોઇ દેવળમાં જઇને જીવન માત્ર પ્રત્યે સદ્‌ભાવ કેળવે છે. ઇશ્વરને નમવાથી કે મંદિરે જવાથી,સ્થૂલ જીવનમાં સુખ મેળવવાની ઇચ્છા પૂરી થશે એવું માનવું એ આસક્તિમય ભાવ છે. જ્યારે આપણા જીવનમાં સહુની પ્રત્યે કેવળ સદ્‌ભાવ પ્રગટ થતો રહે એ દૃષ્ટિ રાખવી એ અનાસક્તિ છે. ધર્મમાં હાલતાં ચાલતાં બધે જ બે હાથ જોડી નમન કરવાની કે નાનામાં નાના કાર્યમાં, વસ્તુમાં પવિત્રતાનું આરોપણ કરીને તેની પ્રત્યે આદર સદ્‌ભાવ રાખવાની પ્રણાલિકા પાડવામાં આવી છે. તેનું રહસ્ય એટલું જ કે જીવનમાં સતત સદ્‌ભાવ સ્થિર રહે અને વ્યક્ત થતો રહે.

અહિંસક જીવનની સાધનાની એક સિદ્ધિ એ કોઇપણ પ્રકારના સંજોગો કે પ્રસંગો વચ્ચે પણ આપણો સદ્‌ભાવ ચલિત કે વિક્ષિપ્ત ન થાય તે છે. વેદમાં અપમાનને અમૃતની ઉપમા અપાઇ છે. અપમાનિત સ્થિતિમાં પણ ચિત્તની સમતુલા સચવાય અને સદ્‌ભાવ, જેવો માન મળતાં પ્રગટે તેવો જ સ્થિર રહે તો જાણવું કે અમૃતમય એવી અહિંસક જીવનની સાધનાને સારા માર્ગે આપણે છીએ. એ માર્ગે આગળ વધતાં વધતાં આપણા સદ્‌ભાવનું સ્વાભાવિક પ્રાકટ્ય જ એવું બળવાન બની જાય કે અપમાન, વેર બધું શમી જાય છે.

અહિંસાની સાધનાનો આરંભ તો માતાએ ધવડાવેલા દૂધમાંથી બાળપણથી જ થાય. વાચન, મનન, ચિંતન, નિદિધ્યાસન કે અભ્યાસથી જીવનમાં અહિંસક ભાવનું ઉદ્દીપન થઇ શકે. માનવજાતની પ્રગતિ માટે અહિંસાને જેઓ અમૂલ્ય માને તેઓમાં ખાસ કરીને સ્ત્રી વર્ગે, માતાઓએ, સદ્‌ભાવ-સર્વની પ્રત્યે આદર રાખવાની ભાવનાને દૃઢ કરવી અનિવાર્ય છે. નિઃસ્વાર્થપણે જ્યારે માતા સદ્‌ભાવનું પરીશિલન કરે ત્યારે એ સંસ્કારનો વારસો તેના બાળકને મળે છે. વ્રત, ઉપવાસ, દેવદર્શન, કથા પૂજાનો હેતુ આપણામાં સદ્‌ભાવને સતત જાગ્રત રાખવાનો છે.

માનવમાત્રની અંદર વિષ-ઝેર અને અમૃત રહેલું જણાય છે. રાગદ્વેષરૂપી ઝેરનો નાશ કર્યા વિના અહિંસાની સાધના શક્ય નથી. માણસ દૃષ્ટિ, વાચા અને સ્પર્શથી વિષ

*દિવ્યતાવાળી દૃષ્ટિ જગતમાં આશીર્વાદ સમાન છે.*

કે અમૃત જે નિર્ણય કરે તે ફેલાવી શકે છે. આપણે કેવળ આપણી જાતનો કે સંકુચિત વિચાર કર્યા કરીએ તો તે આંતરજીવનનો એક પ્રકારનો સડો છે. એ સડાને, સ્વાર્થી વિચારને, નિત્ય થોભાવવા કે દૂર કરવા ન મથીએ તો આંતરજીવનમાં સડારૂપી રાગદ્વેષ તીવ્રપણે જાગ્રત થાય છે. આવો સડો આપણામાં ન આવે તે માટે સદાય મન, વચન અને કર્મથી શુભ ભાવના-સદ્‌ભાવ પ્રગટ કરવો જોઇએ.

સદ્‌ગુણ કેળવવા માટે ઘણું ખરું એકલપંથી બનવું પડે છે. કારણ કે સ્થૂલ શરીર માટીનું હોવાથી તેને અમૃતમય-સદ્‌ગુણમય થવા તરફ સમભાવથી પ્રેરવું એ પણ એક વિવેક માગી લે તેવી આકરી કસોટી છે. જીવનને વિવેક વગર શરીર, મન અને કેવળ સ્થૂલ આચાર વિચારના બળથી સદ્‌ગુણની સાધનામાં ખેંચી જઇએ તો પેલા તંતુવાદ્ય જેવી સ્થિતિ થાય. તંતુવાદ્યને સાવ ઢીલું રાખો તો તે મધુર સંગીત નહિ આપે, બહુ ખેંચો તો પણ કર્કશ ધ્વનિ આપશે. પણ મધ્યમસર ખેંચેલા તાર જ સુમધુર મંગલમય સંગીત નિપજાવી શકશે. એવું જ આપણા જીવનનું સમજવું. **જીવનને સાવ શિથિલ, યમનિયમ વગરનું રાખવું ન ઘટે. તેમજ તેને નિયમો, તપશ્ચર્યા, સંયમ, તિતિક્ષા વગેરેથી એટલું બધું ખેંચાયેલું ક્ષુબ્ધ પણ ન રાખીએ કે જેથી જીવન સ્વર જ ખેંચાઇને કર્કશ બની જાય. જીવનનો હેતુ વિવેકપૂર્વક સમજી રાખવો જોઇએ.** જે સમાજ અને જીવમાત્રની વચમાં આપણે જીવીએ છીએ એમને આપણા જીવનમાંથી સહાનુભૂતિ, પ્રેમ, સદ્‌ભાવનો, અનુભવ એવી રીતે થવો જોઇએ કે તેઓ આવું અહિંસક જીવન કેળવવા પ્રેરાય.

આપણે જેમ આપણા પરિચયમાં આવનાર સગાં સબંધીઓની સાથે સમભાવ-સદ્‌ભાવ કેળવવાનો છે, તેમ આપણા આંતરજીવન સાથે આપણી પોતાની જાત પ્રત્યે પણ, કેવળ કઠોર વર્તન ન રાખતાં સમભાવથી કામ લેવાનું છે. આવો વિવેક કરતાં આપણે જાતને છેતરીએ નહિ કે છેતરાઇએ નહિ એટલું અવશ્ય જોવું. **આપણું જીવન એક એવો પ્રકાશ છે જે ભાવિ પેઢીને પ્રકાશમય સ્થિતિમાં જ સુપરત કરી જવાનો છે, તેની સતત કાળજી રાખવી જોઇએ.** અહિંસા એટલે સંપૂર્ણ ન્યાયપૂર્ણ જીવન આચાર દ્વારા જ જીવનના પ્રકાશને તેજસ્વી રાખી શકાય છે. આટલું સમજી લીધા પછી માનવજીવનને સહાયક થવાય તેવું જીવન જીવ્યે જવું. સિપાહીની અદાથી સંપૂર્ણ નમ્રભાવથી, છતાં તેજસ્વિતા સાચવીને સદ્‌ગુણને કોઇપણ ભોગે સાચવી રાખવા જેટલું આચારબળ આપણે વ્યક્ત કરીશું તો માનવ જીવનમાં સચવાયેલા એક ઉદાત્ત સંસ્કારને આપણે પૃથ્વી ઉપર સચેત-જીવંત રાખ્યાની ફરજ પૂરી કર્યાનો સંતોષ લઇ શકીશું.

અહિંસાના આચરણથી મનુષ્યના હૃદયમાં પવિત્ર ભાવોનો સંચાર થાય છે. વેર વિરોધની ભાવના નષ્ટ પામે છે અને બધાની સાથે બંધુત્વનો સંબંધ જોડાય છે. જે પ્રજામાં આ ભાવ ખીલે છે ત્યાં ઐક્યનું સામ્રાજ્ય પ્રવર્તે છે. અને એકતા જ આજે આપણા દેશના અભ્યુદય તેમજ સ્વાતંત્ર્યનું મૂળ બીજ છે. આથી અહિંસા એ દેશની ઉન્નતિનું એકમાત્ર અને અમોઘ સાધન છે.

*(સંપૂર્ણ)*

## ઝારાનો ભીષણ સંગ્રામ

(અનુસંધાન : પાના નં.-૪૦ ઉપરથી ચાલુ)

આવતો રોકશે. નક્કી માનજો, હજી સત્ મરી પરવાર્યું નથી.'' પૂજારીએ શ્રદ્ધાપૂર્વક જણાવ્યું.

એક રોજ સાંજ વખતે કલોરાનું સૈન્ય પડપૂછ કરતું રસ્તા પરથી પસાર થતું હતું ત્યારે માતાના મઢના સ્થાનથી દૂર આવેલ એક સ્થળે એક ગાડું રસ્તા પરથી સામેથી આવતું ત્યાંથી પસાર થતું હતું. સૈન્યમાંથી એક સૈનિકે એ દૂરથી જોયું. એ ગાડું એક વૃદ્ધ આદમી હાંકતો હતો અને ગાડાની અંદર એક દસ બાર વરસની ઉંમરની બાળા-ખેડૂતવર્ગની છોકરી ખેતરેથી પાછી ફરતી હોય એ સ્થિતિમાં ગાડામાં રાખેલ બળદો માટેના ઘાસના ઢગલા પાસે બેઠી હતી. એ સૈનિકે ગાડું હાંકનાર વૃદ્ધને માતાનો મઢ ગામ કઇ તરફ છે અને કેટલે દૂર છે તથા વચ્ચે બીજા ગામ આવે છે કે કેમ એ જાણવા પૂછ્યું. ગાડાવાળાએ મઢ ગામ ત્યાંથી બહુ દૂર-દસેક કોસ જેટલું દૂર હોવાનું અને વચ્ચે બીજાં કોઇ ગામ આવતાં ન હોવાનું જણાવ્યું. માતાનો મઢ ગામ વિશે પૂછતાં એ વૃદ્ધે જણાવ્યું કે 'ગામવાળાં ક્યારનાં ગામ છોડીને દૂરનાં બીજાં ગામોએ ચાલ્યા ગયાં છે અને ગામ સૂનું પડ્યું છે.'

સૈનિકે ફોજના નાયકને વાત કરી તથા દીવાન ગિદુમલને પણ ખબર પહોંચ્યા. દીવાન ગિદુમલની સલાહથી ગુલામશાહે મઢ તરફ આગળ વધવાનો વિચાર માંડી વાળ્યો અને રાત્રે નજીકના બીજા ગામે વિશ્રામ કરીને બીજા દિવસે નલિયા તરફ આગેકૂચ કરવાનો અને તેરા પહોંચવાનો નિશ્ચય કર્યો

બીજા દિવસે બપોર વખતે એઓ બીજે ગામ આવ્યા ત્યારે વાત સાંભળી કે માતા આશાપુરાજી ઘણી વાર રસ્તામાં એ રીતે બાળાસ્વરૂપે ગાડામાં બેઠેલાં દર્શન દેતાં હતાં.

*(ક્રમશઃ)*

## મંગલ મંદિર — આ અંકની સત્ય કથા

(અનુસંધાન : પાના નં.-૪૨ ઉપરથી ચાલુ)

અને વિશ્વ વિખ્યાત હૃદયરોગ સર્જન ડૉ. જી. પરુલકર, વગેરે. આ તમામ વ્યક્તિઓના ઉદ્‌બોધનો યાદગાર હતા. વાણી-વિલાસ કે આડંબર અભાવ. જે હૈયે તે હોઠે કહેનાર આ ગણમાન્ય વ્યક્તિઓને શ્રોતાઓએ બહુ જ આદરપૂર્વક સાંભળેલા.

દાનનું ગૌરવશિખર તો કચ્છી ધંધાદારી સાહસિક શ્રી જયંતીલાલભાઇ સાવલાએ સર કર્યું હતું. એમના સન્માનના પ્રત્યુત્તરમાં શ્રી જે.પી.સાવલાએ જે કહ્યું તે સુવર્ણાક્ષરે કોતરાવી, કાયમી સાચવી રાખવાપાત્ર હતું. એમણે કહ્યું : **'હું માનવ સમાજમાં ઉછર્યો છું. આ સમાજમાં રહી મેં ધન ઉપાર્જિત કર્યું છે, એટલે માનવ સમાજનું મારા પર ઋણ છે. આ ઋણ અદા કરવા માટેની મને તક આપવા માટે આ સંસ્થાનો હું આભારી છું. દાન આપનાર કરતાં દાન લેનારનું મહત્ત્વ વધારે છે, કારણ કે તેણે દાન લેવાની પાત્રતા, યોગ્યતા સિદ્ધ કરવી પડે છે. દાનનાં તો ઝરણાં હોય છે પરંતુ જ્ઞાનની ગંગા હોય છે. દાનનાં ઝરણાંઓએ જ્ઞાનની ગંગાને સમૃદ્ધ કરતા રહેવું જોઇએ. જ્ઞાનની આ ગંગા ઝીલનાર અને આપનાર ભગીરથોને હું સાદર પ્રણામ કરું છું.'**

*(સૌજન્ય સ્વીકાર : શ્રી લીલાધર ગડા લિખિત અને પ્રવીણચંદ્ર શાહ સંપાદિત પુસ્તક 'પગમેં ભમરી', પ્રકાશન વર્ષ-૨૦૦૫, માંના 'દાનના ઝરણાં-ને જ્ઞાનની ગંગા' લેખના વિષયવસ્તુના આધારે નવા શબ્દાલંકનથી, લેખક-સંપાદકના સંમતિ - સૌજન્યથી)*

***મો. ૦૯૯૩૦૬ ૬૦૨૪૨***

*છોડી જગતના કાવાદાવા, બેઠાબેઠા હરિગુણ ગાવા.*

# હિન્દુ-જૈન સર્વધર્મ સમભાવ

• ડૉ. મોહન પટેલ •

આંતરધર્મ, આંતર સંપ્રદાય વચ્ચે સમજ ને સદ્‌ભાવનાની જરૂર આજે જેટલી છે તેટલી ભારતના ઇતિહાસમાં ક્યારેય નહોતી. મોટાભાગની આપણી સમસ્યાઓ એકબીજા વિશેના અજ્ઞાન અને અસમજને કારણે ઉદ્‌ભવે છે. આપણામાં એક જાતની જડતા ઘર કરી ગઇ હોય છે અને તે એ હદ સુધી કે સામાને સાંભળવાની કે સમજવાની આપણી તૈયારી જ હોતી નથી. જૈન ધર્મને હું જે રીતે સમજ્યો છું, અને તે માટે મારે કોઇ જગ્યાએ વાત કરવાની હોય તો હું માત્ર ત્રણ જ શબ્દોની વાત કરું અને **તે છે અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહ. જૈન વિચારધારાની જગતને આ મોટામાં મોટી દેણ છે.** ગાંધીજી ધર્મે હિન્દુ હતા, જૈન ન હતા પરંતુ વિશ્વની કોઇપણ ધાર્મિક વ્યક્તિને આ સિદ્ધાંતો પોતીકાં લાગે. ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રને પોતાના ગુરુ બનાવ્યા. એમના જેવા પ્રખર જ્ઞાની અને ધર્મપરાયણ વ્યક્તિએ ગાંધીજીને મહાવીરનો સંદેશો આપ્યો. અને મહાવીર ભગવાને એક સુસંસ્કારી સમજ માટે જે આચારસંહિતા આપી તેને ગાંધીજીએ વર્તનમાં મૂકી.

'અહિંસા પરમો ધર્મ' એ જ પોતાનો ધર્મ માન્યો. બુદ્ધ ભગવાનની પણ વાત કરીએ કારણ કે આજથી ૨૬૦૦ વર્ષ પહેલાં બંને સમકાલીન હતા. બુદ્ધે ધર્મની વ્યાખ્યા ફક્ત બે જ શબ્દોમાં આપી : 'પ્રજ્ઞા અને કરુણા.' આપણે ઘણી વખત આધુનિક ધર્મના સંદર્ભમાં દયા શબ્દ વાપરીએ છીએ. **પણ મને લાગે છે કે દયા કરતાં કરુણા શબ્દ વધારે ઉચ્ચ કોટિનો છે. 'કારણ કે દયા એટલે કોઇ બિચારો ભૂખ્યો છે.' તો દયા કરીને કંઇ ખાવાનું આપ્યું એ દયા છે. પણ કરુણામાં સામાનું દુઃખ પોતે અનુભવવાની વાત છે.** મેં જોયું કે જૈન ધર્મમાં કરુણા શબ્દ વધારે વપરાયો છે. રિલિજિયન શબ્દની બાબતમાં પણ હું એમ માનું છું. અંગ્રેજી ભાષામાં ધર્મનો પર્યાય રિલિજિયન છે પણ મને એ શબ્દ અધૂરો લાગે છે. એમાં સાંપ્રદાયિક્તાની બૂ આવે છે. ધર્મને માટેનો પર્યાય કોઇ બીજી ભાષામાં હોય તો હું જોઇ શક્તો નથી, કારણ કે ધર્મનો પરિપ્રેક્ષ્ય ખૂબ મોટો, ખૂબ વિશાળ છે. ધર્મ ઘણું બધું આવરી લે છે. અનેકાંતવાદનું સમર્થન કરે છે. **ગાંધીજીએ અનેકાંતવાદના એમના અભ્યાસના ફળસ્વરૂપ આપણને 'સર્વધર્મ સમભાવ'ના સંસ્કાર આપ્યા અને એના કારણે પોતે શહીદી પણ વહોરી લીધી.**

વળી અપરિગ્રહ એ ત્રીજો શબ્દ. તેની ઉપર આવીએ, તો જુઓને ગાંધીજીનું જ જીવન. એક રજવાડીના કારભારી રાજકોટના દિવાનના સુપુત્ર, વિલાયતમાં ભણેલા, તે જમાનામાં બેરિસ્ટર થયેલા, અને છતાં એમણે મોટા ભાગનું જીવન પોતડીભેર ગુજાર્યું. કોઇ બેન્કમાં ખાતું નહીં, સ્થાવર કે જંગમ મિલકત નહીં. એની પાસે કોઇ રોકડ રકમ નહીં. અપરિગ્રહનું સાક્ષાત મૂર્તિમંત સ્વરૂપ ગાંધીજી હતા.

અનેકાંતવાદની વાત ફરીથી દોહરાવું તો, એ શું છે. **જુદી જુદી રીતે પરમતત્ત્વને પામવાના માર્ગનો સ્વીકાર કરવો એટલે અનેકાંતવાદ.** આપણે જેને ઇશ્વર કહીએ, તેને કોઇ અલ્લાહ, તો કોઇ ગોડ કહે. કોઇ એવી શક્તિ, એવું તત્ત્વ જેને આપણે જગતન્નિયંતા કહીએ છીએ, જેના કાળચક્રો આપણને એને અધીન બનાવે છે. અને હંમેશાં માનવજાત એ નીતિ-નિયમોને અધીન રહી છે, એ પરમતત્ત્વને પામવાના અનેક માર્ગો હોય.

વૈષ્ણવ સંપ્રદાયની વાત કરીએ, હિન્દુ ધર્મની વાત કરીએ, તો જ્ઞાન માર્ગની વાત થાય છે. ભક્તિ માર્ગની વાત થાય છે. પ્રભુને પામવા માટેના જુદા જુદા માર્ગોમાં પણ વળી અવનવા પેટા માર્ગો હોય છે. આદિ શંકરાચાર્યે કહ્યું- 'આકાશાત્ પતિતમ્ તોયમ્ સાગરે પ્રતિગચ્છતિ!' મહમ્મદ પયગંબરનાં ૨૦૦ વર્ષ પછી અને મહાવીરનાં ૧૩૦૦ વર્ષ પછી આ વાત કરે છે, એ શું કહે છે, કે આકાશમાંથી પડેલું પાણી, એ નદીરૂપે કે ગમે તે રૂપે સાગરને પહોંચે છે, તેવી જ રીતે સાચા મનથી કરેલી પ્રાર્થના તે ગમે તે દિશામાંથી આવે, તે પરમતત્ત્વને પહોંચે છે.

ભારતીય સમાજને જયારે આપણે એકસૂત્રે બાંધી લેવાનો પ્રયાસ કરી રહ્યા છીએ ત્યારે આ વાતને બહુ જ ગંભીરતાથી સમજી લેવાની જરૂર છે. કોઇ કોઇ વખત હું કુરાન ગુજરાતીમાં વાંચું છું. મારા એક મિત્ર મહમ્મદભાઇ ચૌહાણે એનું ભાષાંતર કર્યું છે. એમાં 'સૂરે બુકમાં' કરીને એક પ્રકરણ છે તેમાં 'ઇલ્મ' અને 'હીકમત'ની સમજ આપી છે. આ ચેપ્ટરનો ૨૭મો કલમો કહે છે, 'અને જો પૃથ્વીનાં બધાં ઝાડોની કલમો બનાવો અને બધા સમુંદરની શાહી બનાવો, તોપણ અલ્લાહનાં કલામનું આલેખન પૂરું થશે નહીં.' આ વાંચીને મને થયું કે આ તો સીધું જ *'અસિતગિરિ સમસ્યાત્ કજ્જલમ્ સિંધુ પાત્રે સુરતરુવરશાખા લેખિની પત્રમ્ ઊર્વી લિખતી યદિ ગૃહિત્વા, શારદા સર્વ કાલમ્, તદપિ તવ ગુણાનામ્ ઈશ પારમ્ નયાતિ!'* છે. બરોબર જાણે શબ્દેશબ્દનું ભાષાંતર. તો આપણે આ શું લઇને બેઠા છીએ? આ તારું આ મારું! તારું મારાથી જુદું! આપણે સમજીએ ને ઇશ્વરને સર્વશક્તિમાન કહીએ. ખ્રિસ્તીઓ એમને ઓમ્નીપોટેન્ટ, ઓમ્નીશિયન્ટ ને ઓમ્નીપ્રેઝન્ટ કહે છે. ઘણી વખત આપણે 'જય શ્રીકૃષ્ણ' કહીએ. મુસલમાનો 'અલ્લાહો અકબર કહે.' 'જય શ્રી કૃષ્ણ' એટલે વિક્ટરી ટુ ગોડ. અકબર એટલે સૌથી મહાન, એનો સ્વીકાર કરવાની વાત છે. આપણે 'જય જિનેન્દ્ર' બોલીએ તો સરવાળે આ બધી વાતને જુદા જુદા સ્વરૂપે બોલીએ છીએ પણ એને જુદા સ્વરૂપે સમજવાની જરૂર નથી. આ સમજણના અભાવના લીધે વિચિત્ર પ્રસંગો બને. મારે દુનિયાભરમાં, જુદા જુદા પ્રસંગોમાં ડેલિગેશન તરીકે જવાનું બને. એક વખતે બહુ જ જાણીતા મુસલમાન વ્યાપારી મારી સાથે હતા. ઇન્ડિયા-ન્યૂઝીલેન્ડ, ઇન્ડિયા-ઑસ્ટ્રેલિયા

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૮ ઉપર)

*પોતાની જાત સાથે વધુ પડતી માયા ન બાંધવી અને કુદરત પ્રત્યે વધારે પડતો અવિશ્વાસ ન રાખવો.*

# સંપ્રદાય વિશેની સમજ
# "સ્થાનકવાસી આઠકોટી નાની પક્ષ સંપ્રદાય"

• કિશોર કે. ગડા •

ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછી આશરે ૯૭૫ વર્ષના સમય બાદ જૈન ધર્મના સૂત્રો લખાયા એ પહેલાં ધર્મના સૂત્રો મૌખિક રીતે ચાલ્યા આવતા હતા.

જૈન સમાજના ચાર ફિરકામાંથી ૨૦૦ વર્ષ પહેલાં અલગ ફિરકા તરીકે આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયની સ્થાપના કચ્છ માંડવીમાં કરવામાં આવી હતી.

દેશલપુર કંઠીના શ્રીમંત કુટુંબમાં જન્મીને શુદ્ધ જૈન ધર્મના આચરણની ભાવના ધરાવતા દીક્ષા અંગીકાર કરીને સમાજના શિથિલ આચારને દૂર કરવા સ્વામી જશરાજજીએ ૯ સાધુઓ સાથે મળી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી સંપ્રદાયની સ્થાપના કરી હતી.

સ્વામી જશરાજજીએ નવો ધર્મ સ્થાપ્યો નથી, પરંતુ જૂની પરંપરામાં જે આચાર અને વિચારોની શિથિલતા આવી ગઇ હતી. તેમાં આગમો દ્વારા ઉચિત સંશોધન કરી શુદ્ધાચારની સ્થાપના કરી જૈન સાધક જીવનમાં જે આડંબરપ્રિયતા અને જડતાએ પ્રવેશ કર્યો હતો તેને દૂર કરી વિશુદ્ધ સાધુ ધર્મ અને શ્રાવકધર્મને દર્શાવ્યું.

***સ્થાનકવાસી આઠ કોટી નાની પક્ષના સંતો***

- મહાવીર સ્વામીના ૩૨ આગમોને પ્રાધાન્ય આપે છે.
- અહિંસા, સંયમ અને તપના સિદ્ધાંતોને જીવનમાં અગત્યતા આપે છે.
- સૂત્રોમાં સૂચવેલ શુદ્ધ જૈન ધર્મના આચાર નિયમોને જીવનમાં આચરણમાં મૂકે છે.
- ગુણ પૂજાને માને છે.
- સિદ્ધને અરૂપી માને છે.
- હિંસા એ અધર્મ છે. અહિંસા જ ધર્મ છે.
- ધર્મનું લક્ષ ભૌતિકતાવાદ નથી પણ આત્માનો મોક્ષ છે.

હાલમાં કચ્છ પ્રદેશમાં માત્ર ભુજ માંડવી-મુન્દ્રા તથા અંજાર તાલુકાના ૫૫ ગામોના ૬૪ ઉપાશ્રયમાં ૨૦ સાધુ અને ૪૧ સાધ્વીજી ૫ (પાંચ) મહાવ્રતો અનુક્રમે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનાં સિદ્ધાંતો અંતઃકરણથી પાળીને વિચરી રહ્યા છે.

કોઇપણ સૂક્ષ્મ જીવ ન હણાય એવી રીતે જોઇ જોઇને ચાલે છે. ૯૬ દોષનો ત્યાગ કરીને (ગોચરી પૂર્વક) આહાર ગ્રહણ કરે છે. વસ્ત્ર-પાત્ર પણ જોઇને પુંજી લઇ મૂકે છે.

સંતો એક ગામથી બીજે ગામ પ્રખર તાપમાં અને કડકડતી ઠંડીમાં ખુલ્લા પગે વિહાર કરે છે અને મોઢા પર મુહપત્તિ રાખી બોલે છે.

આ સંપ્રદાયના સંતોની દૈનિક જીવન શૈલી અભ્યાસ અને અનુકરણ કરવા જેવી છે.

વહેલી સવારે ઊઠી પ્રથમ પરમાત્મા ભક્તિ, નિદ્રામાં થયેલા દોષોનું પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને ધ્યાન, રાત્રીનું પ્રતિક્રમણ, સવારે વસ્ત્રાદિનું પ્રતિલેખન (નિરીક્ષણ) સવારે અને બપોરે પ્રવચન દ્વારા ભગવાન મહાવીરનો સંદેશો જન-જન સુધી પહોંચાડે છે.

આ સંપ્રદાયના સંતોએ જૈન ધર્મના આગમોને માત્ર કંઠસ્થ નહીં પણ હૃદયસ્થ કર્યા છે. ભાષામાં નહી પણ ભાવોમાં વ્યક્ત કરે છે અને તેઓ ફક્ત જીભ ઉપર નહીં જીવનમાં પણ ગોઠવે છે.

આ સંદેશામાં તેઓ અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત, દૃષ્ટિ ઉપર સતત ભાર મૂકે છે.

તેમના અહિંસાના નવ ચરણ : (૧) શરીર દ્વારા કોઇને ખલેલ નહીં, (૨) નિઃશસ્ત્રીકરણ, (૩) શોષણ રહિત સમાજ, (૪) અસંગ્રાહખોરી, (૫) આહારવિવેક, (૬) અનેકાંતવાદ, (૭) સર્વ જીવમાત્ર પ્રત્યે મૈત્રી, (૮) ક્ષમા, (૯) વિતરાગતા.

બે ચોલપટ, ત્રણ પછેડી અને રહહેરણ રાખી અપરિગ્રહ દ્વારા સાદું જીવન અને ઉચ્ચ વિચારોનો સંદેશ આપે છે.

અનેકાંતવાદ દ્વારા બીજાની દૃષ્ટિને સમજવાની ગુરુચાવી આપે છે. આ સંપ્રદાયમાં "સ્વ"ની જાગૃતિ રાખી "સર્વ"ના હિતચિંતનથી ધર્મનો પ્રારંભ થાય છે.

વર્તમાનમાં બિરાજતાં પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાઘવજી સ્વામી આ આગમોના આધારે કેટલાક મહત્ત્વના સંદેશાઓ આપે છે.

- દરરોજ કુટુંબ સાથે મળીને પાપોનું પ્રાયશ્ચિત કરવું.
- દૃષ્ટિની શુદ્ધતા કેળવવી. (દૃષ્ટિ પવિત્ર રાખવી).
- પર્યાવરણની સુરક્ષા અર્થે સમસ્ત જીવસૃષ્ટિ સાથે મૈત્રીભાવ.

શાંત પળોમાં વિચારજો અને પછી કોઇપણ નિર્ણય કરવો એવું સુત્ર તેમણે આપ્યું છે. તેમણે પારિવારીક શાંતિ માટેના સૂત્રો પણ આપેલ છે.

૧. સહનશીલતા-સહયોગ-સમન્વયતા
૨. ભોજન વખતે ટી.વી. બંધ રાખવું.
૩. સ્વાવલંબી બનવું.
૪. અપેક્ષાઓ ન રાખો.
૫. આદેશાત્મક ભાષાનો પ્રયોગ નહીં પણ નિર્દેશાત્મક ભાષાનો પ્રયોગ.
૬. ઘરની કોઇપણ વ્યક્તિની ઉપેક્ષા કરવી નહીં.
૭. પરસ્પર આત્મિયતા અને ધાર્મિકતા.

આ ભાવનાઓનું અને એમના આચરણનું ચિંતન કરવાથી મનના ભાવોની શુદ્ધિ થાય છે. માટે મોક્ષભિલાષી મુમુક્ષુઓએ જ્ઞાન, દર્શન, ચરિત્ર અને તપ માટે તેમજ આડંબર વિના જીવનશૈલી કેવી રીતે જીવવી તે માટે આ સંપ્રદાયના સંતો સાથે નિરંતર સત્સંગ કરવો જોઇએ. ■

***<u>નોંધ</u> : શ્રી શાંતિલાલ સંઘવીનો લેખ 'ધર્મ અને શ્રદ્ધા' અને શ્રી કિશોર કે. ગડાનો લેખ 'સંપ્રદાય વિશેની સમજ' વાંચી મન વિચારોમાં ગરકાવ થઈ જશે. મનમાં મનન ચાલુ થઈ જશે. ચિત ઊંડા વિચારોમાં ડૂબી જશે. સહુએ પોતાની સમજ પ્રમાણે તુલના કરવાની છે. દરેક પાસે પોતાના આવગા વિચારો હોઈ શકે. – મુખ્ય તંત્રી***

# બાપુના 'બા' કસ્તૂરબા

## (તા. ૧૨-૦૨-૨૦૧૦, શિવરાત્રી)

• પ્રા. જિતેન્દ્ર ના. અંતાણી •

*(આગાખાન મહેલ - પૂણેમાં ગાંધીજીએ પોતાના બે મહત્વના સાથી ગુમાવ્યા — બા અને મહાદેવભાઈ દેસાઈ. બન્નેની સમાધિ બાજુ બાજુમાં આવેલી છે. કસ્તૂરબા આદર્શ રાષ્ટ્રમાતા, નિષ્ઠામૂર્તિ અને ગૃહિણી હતાં. તેમની ૬૬મી પુણ્યતિથિએ તેમને સાદર શ્રદ્ધા સુમન.)*

મહાત્મા ગાંધીજીનો નિર્વાણ દિન ૩૦-૧-૨૦૧૦ શહીદ દિન તરીકે ઉજવાયો. પૂજ્ય બા નું દેહાવસાન શિવરાત્રી, તા. ૨૨-૦૨-૧૯૪૪ ના રોજ, પૂણેના આગાખાન મહેલમાં થયું હતું. પૂ. બા બાપુથી વયમાં મોટા. ગાંધીજીનો જન્મ તા. ૦૨-૧૦-૧૮૬૯ના રોજ થયેલો જ્યારે કસ્તૂરબાનો જન્મ એપ્રિલ ૧૮૬૯ માસમાં થયેલો.

ગાંધીજીના ત્રણ ચિર સાથી : કસ્તૂરબા, મહાદેવભાઈ દેસાઈ તથા જમનાલાલ બજાજ.

બાપુજીના લગભગ અભણ સહધર્મિણી કસ્તૂરબા આરંભથી તે અંત સુધી બાપુજીના બધા પ્રયત્નો, પુરુષાર્થ અને માનસિક સંઘર્ષના સાક્ષી અને એમની જીવન શુદ્ધિની જેહાદમાં સહકારિણી રહ્યાં. બાના અખંડ આત્મસમર્પણ, વિશુદ્ધ સ્વાર્થ ત્યાગ એ તપસ્યાનું ગુપ્ત કારણ બાપુ પ્રત્યેનો નૈષ્ઠિક પ્રેમ જ હતો. બાનો સ્વર્ગવાસ શિવરાત્રીના દિને થયો પણ અંગ્રેજી તારીખ પ્રમાણે દર વર્ષે સમગ્ર ભારતમાં ૨૨મી ફેબ્રુઆરીએ 'કસ્તૂરબા દિન' ઉજવાય છે.

### • અસાધારણ ચારિત્ર્ય તેજ :

જેમને પૂજ્ય કસ્તૂરબાનો પરિચય હતો, તેઓ બધા કહે છે કે, "બાની મહત્તા એટલા માટે નથી કે તેઓ મહાત્માજીના ધર્મપત્ની હતાં, પરંતુ ખરેખર એમનામાં અસાધારણ ચારિત્ર્ય તેજ હતું." ખુદ ગાંધીજીએ આત્મકથામાં લખ્યું છે કે, "પોતાના લગ્ન પછી જ્યારે એમણે પત્ની પર ધણીપણું આદર્યું ત્યારે એમને જણાયું કે પત્ની ગરીબ ગાય જેવી



નથી, પણ તેજસ્વી છે."

### • ૧૩ વર્ષે લગ્ન :

ગાંધીજી સાથે બા ના લગ્ન માત્ર ૧૩ વર્ષની વયે થયા હતાં. લગ્ન પછી ગાંધીજીને બેરિસ્ટરની પરીક્ષા પાસ કરવા વિલાયત જવું હતું. પતિની ઉન્નતિ વાંછતી આ સતીએ, પતિ ખાતર ભૌતિક સુખને ત્યાજ્ય ગણ્યું.

### • "જો આવા ચાળા કરવા હતા તો જેલમાં કાં આવ્યાં?"

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત શરૂ થતાં જ બહેનોની પ્રથમ ટુકડીમાં બીજી ત્રણ બહેનો સાથે કસ્તૂરબા પકડાયાં. જેલમાં ગમે તેના હાથે રાંધેલું, ગમે તેવું અન્ન પેટમાં નાખવું, પૂ. બાને વૈષ્ણવધર્મ પ્રમાણે અનુચિત લાગ્યું. જેલમાં તેમણે ફળાહારની માંગણી કરી, પરંતુ તેમની વાત ઉપર ધ્યાન અપાયું નહિ. વોલકસ્ટની જેલમાં ત્રણ દિવસ રહ્યાં. આ દિવસો દરમ્યાન તેમણે અનાજનો એક દાણો પણ પેટમાં નાખ્યો નહિ. ત્યારબાદ તેમની બદલી મોરિસબર્ગની જેલમાં કરવામાં આવી. ત્યાં પણ ભોજનનો પ્રશ્ન તો યથાવત ઊભો હતો. અહીં પણ તેમની માંગણી જેલ સત્તાવાળાઓએ આ શબ્દોમાં નકારી કાઢી, "જો આવા ચાળા કરવા હતા તો જેલમાં શા સારું આવ્યાં?" પૂ. બા મૌન જ રહ્યાં. છેવટે પાંચમા દિવસે સરકારે બાની વાત સ્વીકારી.

### • 'વાત્સલ્ય મૂર્તિ' :

કાકા સાહેબ કાલેલકરે, "ગાંધી પરિવારના જ્યોતિર્ધરો" પુસ્તકમાં પૂ. બાને શ્રદ્ધાંજલિ અર્પતાં કહ્યું છે કે, 'બા ખરેખર વાત્સલ્યમૂર્તિ હતાં. બધાની ખાવા પીવાની સગવડ ઉપર ધ્યાન રાખતાં. આશ્રમના બાળકોને ભૂખ લાગતી, કે બા પાસે આવતાં. બા તેમના હાથમાં કંઈને કંઈ મૂકતાં અને બાળકો રાજી થઈ દોડી જતાં. આશ્રમમાં તો બાપુની કડકાઈ ખૂબ રહેતી. આ કડકાઈમાંથી બાનો વાત્સલ્ય પ્રેમ તેમને બચાવતો. બધાને ખવડાવ્યા પહેલાં તેમણે કદી ખાધું નથી."

### • "બા - સવાર અને સાંજનો સૂર્ય":

બાપુ નિર્વિકારી અને નિર્મોહી હતા. તેમને માટે બધાં બાળકો સમાન હતાં. બાને તેમ ન હતું. પણ તેમાંજ તેમની ખૂબી હતી. બાપુ મધ્યાહ્નના સૂર્ય હતા તો બા સવાર અને સાંજનો સૂર્ય હતાં.

### • 'મારી રક્ષા કરનાર તમે કોણ?':

ગાંધીજીએ બ્રહ્મચર્યનું વ્રત લીધું. બા ને માટે તે સ્વાભાવિક હતું. બાપુજીને બા તરફથી વધારે પોષણ મળતું હતું. આશ્રમના કઠણ જીવન વિશે અને બાની મુશ્કેલી વિશે શ્રીમતી લીલાવતી મુનશીએ બાપુને પત્ર લખેલો. તે વાંચીને કોઈના પણ કહ્યા વિના જવાબમાં તેમણે જે પત્ર લખેલો તે સંભારવા જેવો છે. બા એ લખ્યું કે, "બાપુ જે કંઈ કરે છે તે મારા કલ્યાણની સાધના જ છે, તેનો મને વિશ્વાસ છે. હું ભણી ગણી ભલે નથી, પણ તેથી મારી રક્ષા કરનાર તમે કોણ?!!"

### • "કસ્તૂરબા ટ્રસ્ટ" :

જ્યારે કસ્તૂરબાનું જેલમાં અવસાન થયું

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૮ ઉપર)

*ચડું, કદી ના પડું — નહીં ગૌરવ એ, પડું, પડું ને ચડું — ખરું ગૌરવ એ!*

# સ્ત્રી સુરક્ષા ધારો "498A"ના લેખા જોખા

• મૂરજી ગડા •

સ્ત્રી લગ્નજીવનના પ્રશ્નો વિશે ફેબ્રુઆરી ૦૯, માર્ચ ૦૯, તેમજ મે ૦૯ ના અંકોમાં આ લેખમાળા હેઠળ અહીં લખાયું છે. એ લેખોના અનુસંધાનમાં લખાયેલ આ ચોથો લેખ છે.

પુરુષપ્રધાન સમાજોમાં પરિણીત સ્ત્રીના ભાગે પુરુષના ઘરે જઇ એના કુટુંબના સભ્ય બની રહેવાનું આવ્યું છે. આ વાસ્તવિક્તા સાથે સ્ત્રી સ્વતંત્રતા અને સમાનતાના આપણા ધ્યેયનો ટકરાવ થાય છે. પરિણામે કેટલીયે સ્ત્રીઓને અન્યાય અને અત્યાચાર સહન કરવા પડ્યા છે.

જે થતું આવ્યું છે એની ગંભીરતાને ઓછી આંકવાનો આ લેખનો લેશમાત્ર હેતુ નથી. બલકે એના કારણે સર્જાયેલા નવા પ્રશ્નોની ગંભીરતા રજૂ કરવાનો મુખ્ય હેતુ છે.

સમાજ જ્યારે પોતાના રીતરિવાજોમાં સમય પ્રમાણે જરૂરી ફેરફાર કરતો નથી ત્યારે સરકારને એ કામ હાથ ધરવું પડે છે. સરકારનું હથિયાર છે કાયદો. ૧૯૮૩માં ભારત સરકારે સ્ત્રી સુરક્ષા ધારા હેઠળ ઘરેલું હિંસા અને દહેજના દૂષણને ડામવા માટે એક કાયદો પસાર કર્યો છે જે કલમ-498A તરીકે ઓળખાય છે. આ કાયદામાં, પીડિત સ્ત્રીઓને પતિ તેમજ સાસરિયાના ત્રાસથી રક્ષણ મેળવવાની જોગવાઇ છે.

શહેરીકરણને લીધે વધેલું સ્ત્રી શિક્ષણ તેમજ પ્રસાર માધ્યમો વગેરેને લીધે સ્ત્રીઓમાં ઘણી જાગરુકતા આવી છે. તેઓ હવે અન્યાયનો સામનો કરવા લાગી છે. સ્ત્રીઓના આ સશક્તીકરણનું એક ખૂબજ અનિચ્છનીય પરિણામ આવ્યું છે. એ છે, છૂટાછેડાના વધતા બનાવ.

છૂટાછેડા, એ દુઃખી લગ્નજીવનમાંથી છૂટકારો મેળવવાનો એક ઉકેલ છે. કેટલાક સંજોગોમાં તે યોગ્ય અને સમજી શકાય એમ હોય છે. જ્યારે ઘણા કિસ્સામાં એની પાછળ નિવારી શકાય એવા સાવ નજીવા કારણ હોય છે.

વર્તમાન ભારતની મોટાભાગની જ્ઞાતિઓમાં છૂટાછેડાનું પ્રમાણ વધી ગયું છે. એની પાછળના કારણોમાં જ્ઞાતિ પ્રમાણે થોડો ફરક ખરો. ક્યાંક દહેજ મુખ્ય કારણ હોય, ક્યાંક સયુંક્ત કુટુંબપ્રથા તો ક્યાંક વળી બીજું કંઇ. તાજેતરમાં આ નવા કાયદાને લીધે એમાં એક વધુ કારણ ઉમેરાયું છે.

અન્ય સમાજોની સરખામણીએ આપણો સમાજ ઘણો સંસ્કારી છે. સ્ત્રીઓને ઘણી વધારે સ્વતંત્રતા અને સમાનતા મળે છે. સ્ત્રીઓ સાથે જે પણ અન્યાય થતો હશે તે એટલો ઉગ્ર નથી હોતો. શારીરિક ત્રાસ અપાતા હોવાના કિસ્સા જૂજ છે. લગ્ન પશ્ચાત થતી દહેજની માગણીઓ પણ પ્રચલિત નથી.

**કમનસીબે સ્વતંત્રતા અને સમાનતાના ખ્યાલ સાથે સ્ત્રીઓમાં આવેલી અવાસ્તવિક અપેક્ષાઓ શરૂઆતથી જ ઘર્ષણ પેદા કરે છે.** આજના સમયનો પિયર પાછા જઇ શકવાનો વિકલ્પ (ઑપ્શન) તેમજ પિયર તરફથી પાછા આવતા રહેવાનું પ્રોત્સાહન છૂટાછેડાનું એક મોટું કારણ બન્યું છે. આ વિકલ્પ, લોકોની સમાધાન શોધવાની પૂરી કોશિશની આડે આવે છે. આવા સંજોગોમાં લેવાતા છૂટાછેડા ઉતાવળિયા અને અપરિપક્વ હોવાથી ટાળી શકાય એવા હોય છે. દીકરીનું દાંપત્ય ભાંગવામાં એના મા-બાપ મોટો ભાગ ભજવતા હોય એવા વધુને વધુ દાખલાઓ આજકાલ જોવા મળે છે.

છૂટાછેડા અને પુનર્લગ્ન હવે સામાજિક રીતે સ્વીકારાયા હોવાથી છૂટાછેડાની સંખ્યા વધી છે પણ સાથે એના પરિણામ બદલાતા નથી. એક પ્રશ્ન ઉકેલતાં બીજા પ્રશ્નો ઊભા થાય છે. લગ્ન વિચ્છેદ એ બધા માટે કારમો માનસિક આઘાત હોવા ઉપરાંત આર્થિક ઘા પણ હોય છે. છૂટાછેડા વખતે બે કુટુંબો વચ્ચે ભરણપોષણ, સંપત્તિની વહેંચણી વગેરે બાબતે ઘણો ખટરાગ થતો હોય છે. **ભારતમાં કાયદા પ્રમાણે મળતું ભરણ-પોષણ નજીવું હોવાથી એના માટે કાયદાનો આશરો લેવો નિરર્થક છે.** કેટલાકને સમાજની મધ્યસ્થી મંજૂર નથી હોતી. કેટલાક વળી ફોજદારી (ક્રિમિનલ) કેસ દાખલ કરે છે.

લગ્નજીવનમાં જ્યારે કડવાશ આવે છે ત્યારે વેરવૃત્તિની ભાવનાથી સામા પક્ષને બને તેટલી શારીરિક અને આર્થિક મુશ્કેલીમાં મુકવાની તક આ નવા 498A કાયદાને લીધે શક્ય બની છે. માત્ર પૈસા મેળવવા ભલે છૂટાછેડા લેવાતા ન હોય, પણ તાત્કાલિક થતો આર્થિક લાભ છૂટાછેડા માટેનું એક વધુ પ્રલોભન (ઇન્સેન્ટિવ) બની શકે છે. આ કાયદો અમલમાં આવ્યાને ૨૬ વરસ થયા છે. જોકે એની ગંભીરતા મોડી સમજાતાં એનો ઉપયોગ છેલ્લા દાયકાથી જ વધુ થાય છે.

દરેક કિસ્સામાં બને છે તેમ આ કાયદાનો પણ દુરુપયોગ થવા લાગ્યો છે. કાયદો અંધ હોય છે. એનો અમલ ભ્રષ્ટ અધિકારીઓના હાથમાં હોય છે. શુભ હેતુથી કરવામાં આવેલ આ કાયદાનો લાભ, અન્યાયનો ખરેખર ભોગ બનતી ગરીબ અને અશિક્ષિત સ્ત્રીઓ જેટલો લેતી હશે એના કરતાં ઘણા વધારે પ્રમાણે સાધનસંપન્ન અને વગ ધરાવતાં લોકો દ્વારા એનો દુરુપયોગ કરાયાના કિસ્સા સાંભળવા અને વાંચવા મળે છે. આ દુરુપયોગ કેટલી હદે જઇ શકે છે એનો સાચો ખ્યાલ, જે એનો ભોગ બન્યા હોય એમને જ હોય. કાયદાની આડશમાં કેટલીક સ્ત્રીઓ નજીવા કારણસર પોતાના સાસરિયાના બધા સભ્યો સામે સાચા-ખોટા આરોપ મૂકી ફોજદારી ફરિયાદ નોંધાવે છે. એ થકી સગીર બાળકથી માંડી કુટુંબના વયોવૃદ્ધ સુધીના સમગ્ર કુટુંબને જેલમાં ધકેલી દેવાના બનાવ પણ બન્યા છે. કાયદો બનાવનારાઓને ત્યારે કલ્પના નહીં હોય કે સ્ત્રીઓના રક્ષણ માટે કરવામાં આવતો આ કાયદો એકપક્ષી બની પુરુષો માટે આફત નોતરી શકે છે.

ગુજરાતીમાં એક કહેવત છે, "બકરું

*ધાનનો કણ છોડીને, મોટા ફળની લાલચે, નાળિયેર ગયો ખાવા! તૂટી ચાંચ પોપટની!*

કાઢતાં ઊંટ પેસ્યું''. આ કહેવત અહીં લાગુ પાડવી વધારે પડતું ગણાશે છતાં એટલું તો અવશ્ય કહી શકાય કે આ કાયદાને લીધે સ્ત્રી સતામણીનું એક ભૂંડ કાઢવા જતાં પુરુષ સતામણીનું બીજું ભૂંડ પેસી રહ્યું છે. એ તરફ ગાફેલ રહેવું કોઈપણ સમાજને પોષાય નહીં.

ભ્રષ્ટાચારી કાયદો-વ્યવસ્થા તંત્રને તો ભાવતું મળી ગયું છે. **આરોપીની અટકાયત કરવાના પૈસા લેવાય છે, ધરપકડ ન કરવાના પણ પૈસા લેવાય છે. કેસ જેટલો લંબાય એટલો વકીલોને ફાયદો થાય છે. કેટલાક જજોની પ્રામાણિકતા પણ શંકાસ્પદ હોય છે.** પાછળથી ખાનગીમાં પતાવટ કરાય તો સૌથી વધુ ગેરફાયદો કાયદા સાથે સંકળાયેલી આવી વ્યક્તિઓને થતો હોવાથી એમની સલાહ હંમેશાં છેલ્લે સુધી લડી લેવાની હોય છે. કાયદો પણ એ પ્રમાણે જ ઘડાયો છે, જે પાછળથી થતી ખાનગી પતાવટની વિરુદ્ધ છે. એક વખત કોર્ટે ચડ્યા પછી કેસ પાછો ખેંચી શકાતો નથી. કાયદાની ભાષામાં એને "UNCOMPOUNDABLE" કહેવાય છે.

**જે કેસ 498A હેઠળ કોર્ટે ચડ્યા છે એમાંથી બહુમતી કેસ ઉપજાવી કાઢેલા સાબિત થયા છે. ફરિયાદી સ્ત્રીઓ જેટલા કેસ જીતી હોય એના કરતાં વધુ કેસ હારી છે અને પુરુષનો પક્ષ નિર્દોષ સાબિત થયો છે.** ફરિયાદી સ્ત્રીને ઠપકો મળ્યો હોવાનું પણ વાંચવામાં આવ્યું છે. વિશેષમાં, જો કોઈ ફરિયાદ ખોટી સાબિત થાય તો ફરિયાદીને જેલની સજા કરવાનું સરકારની વિચારણા હેઠળ છે એવા સમાચાર થોડા સમય પહેલાં અખબારમાં આવ્યા છે.

ભારતમાં અમુક અંશે ન્યાય ખરીદી શકાતો હોવાની વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીએ, તોયે આ આંકડા અવગણી શકાય એમ નથી. **હકીકતમાં આ પ્રકારના ઉપજાવી કાઢેલા બેહૂદા કેસોનું પ્રમાણ એટલું વધી ગયું છે કે સુપ્રીમ કોર્ટે એને "કાયદાનો આતંક" કહ્યો છે.** સરકારે એની ગંભીર નોંધ લઈ કાયદામાં થોડા ફેરફાર પણ કર્યા છે.

આનો મતલબ એમ નથી કે સ્ત્રીઓ સાથે અન્યાય અને અત્યાચાર થતા નથી. જ્યાં થાય છે ત્યાં મોજૂદ છે. એના માટે 498Aની જરૂરત પણ છે. કમનસીબે ત્યાં એ ઓછો વપરાય છે. જ્યાં એ વધુ વપરાય છે ત્યાંનો દરેક કેસ આ કલમ લાગુ કરવા જેટલો ગંભીર નથી હોતો. એટલેજ એનો દુરુપયોગ થયો ગણાય છે. **આ કાયદો મુખ્યત્વે દહેજ માટે થતી સ્ત્રીઓની હત્યા રોકવાના આશયથી ઘડાયો છે, સામાન્ય કૌટુંબિક વિખવાદ અટકાવવા માટે નહીં. કોઇ પર વેર વાળવાના આશયથી એનો ઉપયોગ ન કરાય.**

આપણો સમાજ પણ આ પ્રવાહથી બાકાત નથી રહ્યો. આપણે ત્યાં પણ નજીવા કારણસર છૂટાછેડા લેવાય છે. ક્યારેક 498Aનો આશરો પણ લેવાય છે જે ખૂબ દુઃખની વાત છે. એમાંથી કેટલા સાચે જ જરૂરી હતા તે દરેક કેસના ઊંડાણમાં જનારાને જ ખબર પડે.

છૂટાછેડા નિવારવા માટે આપણા સમાજના આગેવાનો ઘણા સમયથી કોશિશ કરતા આવ્યા છે. એમાં એમને મળતી સફળતા મર્યાદિત રહી છે. **જે કિસ્સામાં છૂટાછેડા થવાના જ હોય તે સમાધાનકારી રીતે થાય અને 498Aનો આશરો ન લેવાય એને સમાજના આગેવાનોએ પ્રાથમિકતા આપી પૂરતા પ્રયત્નો કરવાની તાતી જરૂર છે.■**

## બાપુના 'બા' કસ્તૂરબા

(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)

ત્યારે કૃતજ્ઞ રાષ્ટ્રે ભક્તિપૂર્વક એમના સ્મરણમાં રૂપિયા એક કરોડ એકઠા કરીને બાપુને આપ્યા. ગાંધીજીએ ગામડાંની સ્ત્રીઓ અને બાળકોની સેવા માટે એનું ટ્રસ્ટ બનાવ્યું. ટ્રસ્ટનો કાયદેસરનો મુસદ્દો તૈયાર કરતી વખતે શ્રી મંગલદાસ પકવાસાએ ગાંધીજીને વિનોદમાં પૂછ્યું હતું, "બોલો મહાત્માજી, હિંદુસ્તાનના, ઈતિહાસમાં કોઈ સમ્રાટે પોતાની પત્નીના સ્મારક માટે એક કરોડ રૂપિયાનું ટ્રસ્ટ કર્યું હતું?"

- **"તેઓ રાણી થવા જન્મ્યાં હતાં" :**

સી. રાજગોપાલાચારીએ બાને માટે યોગ્ય જ કહ્યું છે કે, "SHE WAS BORN TO BE A QUEEN" તેઓ રાણી થવા જન્મ્યાં હતાં.

બા તો સામ્રાજ્ઞીપદ લલાટે લખાવીને જન્મ્યાં હતાં. ને સામ્રાજ્ઞીપદ દુન્યવી ન હતું. ઈસુ ખ્રિસ્તના કાંટાળા રાજમુકુટની જેમ અથવા ભીષ્મ પિતામહની બાણ શૈયાની જેમ એ સામ્રાજ્ઞીપદે, રુંવે રુંવે દેહને વીંધનારા કાંટાળા તાજ જેવું હતું.

*૭૭, તીરૂપતિ નીલયમ, જાદવજી નગર, કૉલેજ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૨૧૨૩૭, મો. ૯૯૭૯૭ ૧૪૬૩૭*

## હિન્દુ-જૈન સર્વધર્મ સમભાવ

(અનુસંધાન : પાના નં.-૫૪ ઉપરથી ચાલુ)

બિઝનેસ કાઉન્સિલ ઉપક્રમે અમે સાથે ગયેલા. રોજ સવારના નાસ્તાના ટેબલ ઉપર ભેગા થઈએ ને હું તેમને કહું કે 'જય શ્રીકૃષ્ણ.' પણ જવાબ ન આપે. બીજે, ત્રીજે દિવસે પણ એમ જ, મેં તેમને કહ્યું કે તમે 'અલ્લાહો અકબર'; કહો ને, હું સામે યોગ્ય જ પ્રતિસાદ આપીશ. અર્થ તો બંનેનો એક જ છે.

એક ગુજરાતીમાં, બીજો ઉર્દૂમાં. એવી જ રીતે ગુજરાતીઓની વાત કરીએ તો, જૈન મિત્રો હોય અને કહીએ કે ચાલો હવેલીનાં દર્શન કરીએ તો જૈન તરત કહે 'અમે હવેલીમાં શું કરવા જઈએ' અને વૈષ્ણવ મિત્રોને દહેરાસરમાં આવવાનું કહું તો એવો જ જવાબ. વિલે પાર્લેના સ્મશાનનો હું સંચાલક છું. મારે ત્યાં હિન્દુ ને જૈન એવી કોઈ વાત કરે તો હું કહું કે છેવટે બધાં અમારા ૩૦૦ કિલો લાકડાના ઘરાક છો, ત્યારે તમારું વૈષ્ણવ, હિન્દુ કે જૈન કશું નથી રહેવાનું અને તે વખતે એક જ વિધિ આપણા બધાને માટે. આપણા ચાર મુખ્ય યજમાન ધર્મો, હિન્દુ, જૈન, શીખ અને બૌદ્ધ આ સૌમાં ભારતીય સંસ્કૃતિ, વિચારધારા અને દર્શન. એનો અર્થ એવો નથી કે મુસ્લિમ કે ખ્રિસ્તી ધર્મને નકારીએ છીએ, પણ એ આ દેશમાં ઉદ્‌ભવેલા નથી. પણ આ ચાર ધર્મોની આપણી એક રસમ છે કે આપણો અગ્નિસંસ્કાર થાય. છેલ્લી ઘડીએ તો જૈન કે હિન્દુ બધા એકજ છે. ને બધાંને મફત લાકડાં મળે ૩૦૦ કિલો. આપણને નરસિંહ મહેતા યાદ આવી જાય. 'ઘાટ ઘડિયા પછી નામરૂપ જુજવા, અંતે તો હેમનું હેમ હોયે.'

સોનાની લગડીમાંથી બધા ભગવાન બનેલા છે. પછી એને ઈશ્વર, GOD કે અલ્લાહ નામ આપો, આટલું જો સમજી લઈએ. આ સ્મશાન દરેક વર્ગનું અંતિમ સમન્વય છે, કારણ કે દરેકે ત્યાં જવું જ પડે છે. કઠોપનિષદમાં કહ્યું છે કે :

> *"ઓમ સહના વવતુ સહનૌભુનક્તુ*
> *સહવીર્યં કરવા વહૈ"*

*એટલે કે :*

વી આર બોર્ન ટુ ગેધર
વી ઍન્ડેવર ટુ ગેધર
વી ફલેટીશ ટુ ગેધર
આ વાત આપણા બધા માટે છે.

*પ્રભુનો વાસ જો હૈયે, ભજ એને અહીં જ તે, ગંગા કે તીર્થયાત્રાની, પછી તારે જરૂર શી?*

# ધર્મ અને શ્રદ્ધા

• શાંતિલાલ સંઘવી •

આજે સમગ્ર વિશ્વમાં ખૂબ જ મોટા પ્રમાણમાં લોકો ધર્મને શ્રદ્ધાનો વિષય માને છે. પણ હકીકતમાં કોઇપણ ધર્મને શ્રદ્ધા સાથે કશી જ લેવાદેવા નથી. **શ્રદ્ધા હંમેશા ભગવાન-પરમાત્મા-સર્જનહાર-બ્રહ્માંડના માલિક પ્રત્યે હોય, ધર્મ પ્રત્યે શ્રદ્ધા હોઇ શકે જ નહીં કારણ કે ધર્મો બધા જુદા જુદા સમયે પેદા થયા છે જ્યારે સર્જનહાર તો આદિકાળથી છે જ.**

હકીકતમાં ધર્મ શ્રદ્ધાનો નહીં પણ અભ્યાસનો વિષય છે, સંશોધનનો અને જાણકારીનો વિષય છે. શાળા-કોલેજમાં જેમ જુદા જુદા ભણવાના વિષયો હોય છે તેમ જ ધર્મ પણ અભ્યાસનો એક વિષય છે. આજે જગતમાં ૮-૧૦ ધર્મો છે પણ માનવજાત લાંબો સમય અસ્તિત્વમાં રહે તો પૂરી શક્યતા છે કે ભવિષ્યમાં બીજા ૫-૧૦ ધર્મો જન્મે. ચોક્કસ સંજોગોમાં, ચોક્કસ કારણોસર, સમયની અને માનવજાતની તે સમયની જરૂરિયાત મુજબ ધર્મનો જન્મ થાય છે. **કોઇપણ ધર્મના જન્મ પહેલાં પણ સર્જનહાર તો હતા જ. અને એટલે જ શ્રદ્ધા ધર્મમાં નહીં પણ સર્જનહાર- (એ જે હોય તે) માં હોવી જોઇએ.**

ધર્મનો ઉદ્‌ભવ, તે સમયની પરિસ્થિતિ, વિકાસ, વગેરેનો અભ્યાસ થવો જોઇએ. અને અનેક ખાડાટેકરાં પસાર કર્યા પછી જે-તે ધર્મની આજની અવસ્થા એટલે કે ધર્મ નિસ્તેજ બન્યો છે કે વિશેષ પ્રભાવશાળી થયો છે, તેના કારણોનો વૈજ્ઞાનિક પદ્ધતિએ- શ્રદ્ધાને વચ્ચે લાવ્યા વગર- અભ્યાસ થવો જોઇએ. વિજ્ઞાનમાં જેમ જ્યાં જ્યાં ખામી દેખાય ત્યાં ત્યાં ખામીને દૂર કરતાં અને સુધારતાં નવા પ્રયોગ કરવામાં આવે છે, તેમ ધર્મ જો નિસ્તેજ થયો હોય, તે ધર્મના અનુયાયીઓના જીવનને-વાણી વર્તનને-સુધારવામાં નિષ્ફળ નીવડ્યો હોય, તો તેના કારણો શોધીને, ખામીને દૂર કરીને, નવા પ્રયોગ કરીને ફરીથી ધર્મને તાજગીપૂર્ણ સ્વરૂપ આપવું જોઇએ.

**આમ કરવામાં જો કોઇ મોટામાં મોટી આડખીલી હોય તો તે છે શ્રદ્ધા. શ્રદ્ધાને કારણે જ ખામીઓને દૂર કરી શકાતી નથી અને ધર્મને દોષમુક્ત કરી શકાતો નથી.**

**લોકો ભગવાનને છોડીને ધર્મને વળગી રહે છે. લાખ સમજાવવા છતાં લોકો આ વાત સમજવા ને સ્વીકારવા તૈયાર નથી. ધર્મ અનેક હોઇ શકે છે પરંતુ સર્જનહાર તો કદી બે હોઇ શકતા નથી.** આટલી સાદી વાત પણ, બે-ચાર હજાર વર્ષ પછી પણ આપણે સમજી શક્યા નથી.

**જેને આપણે ભગવાન માનીને પૂજીએ છીએ તે પણ ક્યારેક જનમ્યા હતા. તેમના જન્મ પહેલાં કોણ ભગવાન હતા? થોડાક લોકોનો ભગવાન તે સમગ્ર બ્રહ્માંડનો સ્વામી કેમ હોઇ શકે?**

શ્રદ્ધા જરૂરી છે. શ્રદ્ધા વગર માણસ આધ્યાત્મિક પ્રગતિ કરી શકતો નથી પરંતુ શ્રદ્ધા સમગ્ર જગતના સર્જનહાર-ભગવાન-પ્રભુ-ઇશ્વર-પરમાત્મા-પરબ્રહ્મ, સર્વેના માલિક પ્રત્યે હોવી જોઇએ જે જીવમાત્રનું - માત્ર મનુષ્યનું નહીં - સર્જન કરે છે. ધર્મો તો આવશે અને જશે, નવા નવા જનમ્યા કરશે તેના પ્રત્યે શ્રદ્ધા રાખવાનો આગ્રહ રાખવાથી માણસમાં પૂર્વગ્રહ જન્મે છે. માણસ ભૂલથી અમુક ધર્મને 'મારો' ધર્મ માની લે છે અને જે ધર્મને મારો માન્યો તેના પ્રત્યે મમત્વ જન્મે છે. પરંતુ કોઇપણ ધર્મ કદી કોઇનો હોતો જ નથી.

અને આ કે તે ધર્મના ફાંટા-ફિરકા અને તેના પેટા વિભાગોની તો ચર્ચા કરવી એજ મોટી મૂર્ખાઇ છે. સમયનો અને શક્તિનો દુરુપયોગ છે. ગમે તે ધર્મના ફાંટા ૫ હોય કે ૫૦ તેનાથી કશો ફરક પડતો નથી. માત્ર અલગાવની માત્રા વધે છે, પૂર્વગ્રહોનું પ્રમાણ વધે છે, મારા-તારાની ભાવના વધે છે અને સર્જનહાર પ્રત્યેની શ્રદ્ધા ભૂલાઇ જાય છે. **જ્યાં ભેદ ત્યાં ભગવાન નહીં જ.**

ઘણા લોકો ધર્મ 'કરે' છે! ધર્મ એ 'કરવાની' ચીજ છે? જો સર્જનહાર પ્રત્યે સાચી શ્રદ્ધા હોય તો તમામ ધર્મો એમાં સમાઇ જાય છે. સર્જનહાર પ્રત્યે શ્રદ્ધાવાળા ગમે તેટલી સંખ્યામાં ભેગા થશે તો પણ આપસ આપસમાં ઝઘડશે નહીં કારણ કે તે સૌને સમાન શ્રદ્ધા હોય છે કે આપણા સૌનો માલિક એક જ છે.

બીજી બાજુ અલગ ધર્મવાળા માત્ર ૨-૪ જણ પણ સાથે હશે તો ધર્મની બાબતમાં ઝઘડ્યા વગર રહી શકશે નહીં કારણકે સૌનો માલિક એક જ છે એટલી સમજણ ધર્મવાળાઓમાં હોતી નથી. અલગ ધર્મવાળાઓની વાત પછી, પરંતુ એક જ ધર્મવાળાઓના અલગ સંપ્રદાયવાળાઓમાં પણ આપસમાં પ્રેમભાવ હોતો નથી. તેઓ બીજાને પોતાનાથી અલગ સમજે છે. ધર્મવાળાઓ તો એકબીજાને કાયમ માટે ખતમ કરી નાખવા સુધી પહોંચી જાય છે. એમના માટે હિંસા-દ્વેષ-ક્રૂરતા એજ એમની ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનું લક્ષણ બની જાય છે. **નિષ્કર્ષ તો એવો નીકળે છે કે ધર્મોએ જ દુનિયાનો દાટ વાળ્યો છે, પોતાની જ ઢોલકી વગાડવાની વાતને શ્રદ્ધાનું નામ આપે છે અને ખરી શ્રદ્ધાને બદનામ કરે છે.**

જો સાચા 'માણસ' બનવું હોય તો ધર્મોથી બચવાની-દૂર રહેવાની જરૂર છે અને સંપ્રદાયની તો વાત જ કરવાની નથી. **ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધામાં જમીન આસમાનનો નહીં પણ આસમાન-પાતાળ જેટલો તફાવત છે.** એક મનુષ્યને અને જગતને ઉન્નતિને માર્ગે લઇ જાય છે


(અનુસંધાન : જુઓ પાના નં.-૬૨ ઉપર)

*સન્નારી એટલે એવી સ્ત્રી કે જેની હાજરીમાં પુરુષ એક સજ્જન બનીને રહે.*

# આલ ઇઝ વેલ

• ચિરાગ મૈશેરી •

આ દુનિયામાં વ્યસન પછીની બીજા નંબરની ગુલામી કદાચ ડિગ્રીઓની છે એમ કહી શકાય. વ્યસનનો નશો તો ક્યારેક ઊતરે છે અને માણસને સાચી પરિસ્થિતિનું ભાન થાય છે. પરંતુ ડિગ્રીઓ મેળવવાનો નશો એવો છે કે તે પેઢી દર પેઢી કાયમ બની રહે છે. ટનલની જેમ દરેક જણ એમાંથી પસાર થતા રહે છે. સંજોગવશાત્ જો કોઇ વ્યક્તિ ભણી નથી શકતો અથવા તો અન્ય લોકો કરતાં સાવ જુદો માર્ગ લે છે તો તેનું કહેવાતા ભણેલા સભ્ય સમાજમાં કોઇ સ્થાન રહેતું નથી. અભણને સાવ નગણ્ય ગણવાની આ એકવીસમી સદીની નવી અસ્પૃશ્યતા છે.




આપણી શૈક્ષણિક સંસ્થાઓ અને કૉલેજો મલ્ટીનેશનલ કંપનીઓ માટે મશીનો બનાવતી હોય એ રીતે ડિગ્રીધારીઓને તૈયાર કરે છે. દુનિયાની દોડમાં રહેવા અને આકર્ષક પગારના પેકેજો મેળવવા સિવાય જીવનનું કોઇ બીજું પાસું આ માનવ-મશીનો વિચારી શકતા નથી. ઊંચા પગારો છોડવાની હિંમત ન હોવાથી સાવ કંગાળ વિચારધારા અપનાવીને એક જગ્યાએ પડી રહેવાનું તેઓ મુનાસિબ માને છે. જેટલો વધારે પગાર એટલું જીવન સફળ!! જ્ઞાન મેળવવાની ભૂખ તો સાવ શૂન્ય જ થઇ જાય છે અને ઉપરથી ફિઝિક્સ ભણનારો એમ વિચારે છે કે મારે કેમેસ્ટ્રી સાથે શું લેવા દેવા? સાહિત્ય ભણનારો એમ વિચારે છે કે મારે કોમ્પ્યુટર શીખીને શું કામ? **વિનોબા ભાવે, નાનાભાઇ ભટ્ટ, ગિજુભાઇ બધેકા જેવા શિક્ષણાચાર્યોએ વારંવાર કહ્યું છે કે જ્ઞાન કદી ખંડિત હોઇ શકે જ નહીં. બધું પરસ્પર જોડાયેલું છે અને એક સાથે અનેક વસ્તુઓને આત્મસાત્ કરવાની વિદ્યા કેળવવી એનું જ નામ જ્ઞાન.** પણ કોઇને ક્યાં જ્ઞાન મેળવવું છે? ભણવા માટે કોણ ભણે છે? દૃષ્ટિ માત્ર કેમ્પસ ઇન્ટરવ્યૂના આકર્ષક પેકેજો પર રહેતી હોય છે.

સામાન્ય રીતે કોઇપણ ક્ષેત્રમાં જો વ્યક્તિ સાવ જુદો માર્ગ અપનાવે એટલે એને સમાજનું ખૂબ સાંભળવાનું થતું હોય છે. એમાંય ઘેટાંની પાછળ ઘેટાંની જેમ ચાલનારા લોકો આપણને ડરાવવા હંમેશાં તૈયાર બેઠા હોય છે. કોઇ કશુંક નવું કરે એ ઘાંચીના બળદની પેઠે ગોળ ગોળ ફરતા લોકોથી સહન થઇ શકતું નથી હોતું. **કોઇક તત્ત્વચિંતકે કહ્યું છે કે જો તમારા કામની આલોચના થાય તો સમજવું કે તમારો માર્ગ એકદમ બરાબર છે!** કંઇક જુદું કરનારને ખૂબ સહન કરવું પડતું હોય છે. સંપૂર્ણ એકાગ્રતાથી કોઇક સાવ અલગ પ્રકારના કાર્યમાં ડૂબી જઇએ ત્યારે એમાંથી પ્રાપ્ત થતો આનંદ દુનિયાની સમજમાં આવતો નથી. એ આનંદ જ દુનિયાના વાકપ્રહારો સહન કરવાની શક્તિ આપતો હોય છે.

શિક્ષણ જગતના મહાનુભવોના કંઇક આ પ્રકારના વિચારોને કચકડે મઢીને તાજેતરમાં '૩ ઇડિયટ્સ' નામનું ચલચિત્ર પ્રદર્શિત કરાયું છે. અહીં એ ફિલ્મની વાર્તા કહેવાનો ઉપક્રમ નથી પરંતુ સ્વાભાવિક છે કે ત્રણ કલાકમાં ઘણી બધી વસ્તુઓ આવરી લેવાની હોય તેથી દૃશ્યો આંખ સામેથી ઝડપથી પસાર થઇ જતા હોય છે. કોઇક બાબતે કશુંક વિચારીએ તે પહેલાં તો વાર્તા આગળ વધી જતી હોય છે. આથી, કેટલીક ફિલ્મોને કઇ રીતે જોવી અને સમજવી એ પણ એક કલા છે. **ખાસ કરીને વિચારપ્રેરક ફિલ્મોના સંવાદો અને દૃશ્યો થોડામાં ઘણું કહી જતાં હોય છે. જો એની પર બરાબર મનન ન થાય તો આપણે તેમાંથી મનોરંજન સિવાય બીજું કશું મેળવી શકતા નથી. પરિણામે ઘણું ગુમાવવાનું થાય છે.** શિક્ષણને કયા અર્થમાં આત્મસાત્ કરવું એનો ખૂબ સુંદર સંદેશ આ ફિલ્મ આપે છે અને સાથે સાથે આજની શિક્ષણ વ્યવસ્થાની ભરપૂર ઠેકડી પણ ઉડાડે છે. આ ફિલ્મના દૃશ્યો અને સંવાદોમાંથી પ્રાપ્ત થતાં વિચારોની અહીં એક યાદી આપવામાં આવી છે, જે ફિલ્મ જોનારને જેમણે ફિલ્મ જોયેલી હોય તેને પણ ઉપયોગી થઇ રહેશે તેવી આશા છે.

૧. સૌથી પહેલો સંદેશ પંચતંત્રની કથાઓ પર આધારિત છે. પંચતંત્રમાં કહેવાયું છે કે બળ કરતાં બુદ્ધિ વધે. જે બધા કરતાં કંઇક જુદું વિચારે છે તે જ હકીકતે પોતાની બુદ્ધિનો સાચો ઉપયોગ કરી જાણે છે. આપત્તિના સમયમાં બુદ્ધિ કામ આવે છે. કૉલેજના રેગિંગને ડામવા માટે માત્ર કાગળો પર કાયદા ઘડવાથી કામ ચાલતું નથી. ત્યાં સામૂહિક બળ પણ ચાલતું નથી. કળથી કામ લઇને

*ડાળ પર બેસવું અને ગાફેલ રહેવું કેમ પરવડે?*

આ દૂષણ ઊભું કરનારને બોધપાઠ ભણાવવાનો રહે છે.

૨. આ જ દશ્ય બીજો એક બોધ આપે છે કે જ્ઞાન યોગ્ય સમયે ક્રિયાન્વિત થવું જોઇએ. આસપાસ પડેલ ચમચી, ફૂટપટ્ટી અને વાયરનો ઉપયોગ કરીને શું બનાવી શકાય- એની ગણતરી સેકંડોમાં થવી જોઇએ. જેની પાસે આ તીવ્રતા છે એનાથી બધા ભાગે છે. એને કોઇ પરેશાન કરી શકતું નથી.

૩. આજનું શિક્ષણ એવું પોપટિયું છે કે પ્રોફેસર જે બોલવાના હોય તે બાજુમાં ઇસ્ત્રીની લારી પર કામ કરતા શ્રમજીવી બાળકને પણ ખબર હોય છે! કૉલેજોમાં પ્રોજેક્ટ અને પેપર્સ કોપી કરી આપવામાં આ આસિસ્ટન્ટો 'ફિક્સ ચાર્જ' લઇને વિદ્યાર્થીઓની સેવા કરતા હોય છે! વળી, પ્રોફેસર ભણાવે ત્યારે સામાન્ય વિદ્યાર્થીઓને 'આવું કેમ?' એવો પ્રશ્ન તો થતો જ નથી. જે કહેવામાં આવે છે તે કથાની જેમ સાંભળી લેવાય છે. પ્રશ્ન પૂછનારની સામે લોકો હસે છે.

૪. માણસ પોતાના જીવન દરમ્યાન સારા અને ખરાબ એમ બંને પ્રકારના કર્મો કરતો હોય છે. સારા કર્મો કરવાથી ખરાબ કર્મો ખતમ નથી થઇ જતાં. ખરાબ કર્મોનું ખરાબ ફળ તો ભોગવવું જ પડે છે પરંતુ જો સારા કર્મોની માત્રા વધારે હોય તો ખરાબ કર્મો ભોગવવાની શક્તિ વધે છે. આંતરિક સહનશક્તિ મજબૂત બને છે. એ રીતે 'ઓલ ઇઝ વેલ' એમ બોલવાથી કંઇ આસપાસની પરિસ્થિતિ બદલાઇ જતી નથી પરંતુ પ્રાપ્ત થયેલી પરિસ્થિતિને સહન કરવાની શક્તિ ચોક્કસ વધે છે.

૫. સફળતાની પાછળ શું કામ ભાગો છો? પોતાનું કૌશલ્ય વધારો - સફળતા તમને શોધતી તમારી પાસે આવશે. - રણછોડ ચાંચડ (ફિલ્મનું મુખ્ય પાત્ર)

૬. કૉલેજોમાં જ્ઞાન તો પ્રાપ્ત થતું જ નથી. માત્ર ગોખણપટ્ટીને પ્રાધાન્ય આપવામાં આવે છે. જે વધારે યાદ રાખી શકે છે તે મહાન છે! જે વધુ માર્કસ લાવે છે, જેનો નંબર ઊંચો છે એ બધા કરતાં વધુ હોંશિયાર છે એમ માની લેવામાં આવે છે. આ સિસ્ટમ એવી સજ્જડ છે કે એને બદલી શકવાની કોઇનામાં હિંમત નથી.

૭. ઓછા માર્કસ્‌ને કારણે વિદ્યાર્થી હીનભાવ અનુભવે છે, ડિપ્રેશનનો ભોગ બને છે અને છેક ત્યાં સુધી કે તે આત્મહત્યા પણ કરી બેસે છે. પરીક્ષાના માર્કસ્‌નું મહત્વ જીવંત વ્યક્તિ કરતાં પણ વધી જાય છે. એ પોતાના માટે નહીં પણ પોતાના માતાપિતાના સપનાં સાકાર કરવા જીવતો હોય છે. એ સપનાં પણ સમાજમાં સ્ટેટ્સ મેળવવાના, પૈસા કમાવવાના, દહેજમાં મારુતિ-૮૦૦ ગાડી આપવાનાં હોઇ શકે છે.

૮. સાવ અલગ રીતે જીવનાર વ્યક્તિ દુનિયાની પરવા કરતો નથી. એ એવા શબ્દોની ખોજ કરે છે જે ડિક્ષનેરીમાં હોતા નથી. પુસ્તકિયા કીડાઓ હજારો પાનાં ફેરવી લે તો પણ એનો અર્થ પામી શકતા નથી. એ આ દુનિયામાં નવા શબ્દોને જન્મ આપે છે. **જેમકે ગાંધીજીએ 'સત્યાગ્રહ', વિનોબાજીએ 'ભૂદાન', 'શાંતિસેના' વગેરે સાવ નવા જ શબ્દોની ખોજ કરી.** આ પ્રકારનો વ્યક્તિ સાચું શિક્ષણ આપી શકે છે. એ પુસ્તકિયું ન રહેતાં અનુભવજન્ય બને છે. **સાચો શિક્ષક જ્ઞાન આપતો નથી, જ્ઞાનની ભૂખ પેદા કરે છે.**

૯. મૂળમાં જો નવું શીખવાની તાલાવેલી હોય તો અભ્યાસક્રમ આસાનીથી ભણી લેવાય છે. અન્ય પ્રવૃત્તિઓમાં આગળ રહેનાર વ્યક્તિ અભ્યાસમાં નબળો રહી જશે તો? એવી એક ભ્રામક માન્યતા પ્રવર્તતી હોય છે. પરંતુ જે હકીકતે હોંશિયાર છે એ તો બધું જ થોડા સમયમાં શીખીને ધાર્યો નંબર મેળવી શકે છે. સ્વામી વિવેકાનંદ જેમ આખે આખું પુસ્તક યાદ રાખી શકતા હતા એમ.

૧૦. અંગ્રેજીમાં એક શબ્દ છે : 'Decision Making.' **ચપળતાથી જીવનારો માનવી સામાન્ય વ્યક્તિઓ કરતાં ખૂબ ઝડપી નિર્ણય લઇ શકતો હોય છે.** કોઇ બીમાર લકવાગ્રસ્ત માનવીને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવાનો હોય ત્યારે પ્રાપ્ય સાધનોમાંથી તાત્કાલિક શું ઉકેલ કાઢી શકાય તેની કોઠાસૂઝ એનામાં આપોઆપ વિકસે છે. આ નિર્ણયશક્તિ જુદા જુદા સંજોગોમાં સામનો કરવામાંથી કેળવી શકાય છે.

૧૧. આજનો માનવી હકીકતે માનવીને પ્રેમ કરે છે ખરો? એ તો ક્યારેક વસ્તુઓને જ પ્રેમ કરતો હોય છે. લાખોના ઘડિયાળ, બૂટ અને કરોડોના ડ્રેસનું મૂલ્ય માણસની લાગણીઓથી વધી જાય છે. કહેવાતા પ્રેમ પાછળ 'લાઇફ પાર્ટનર' બનવાની ઓછી અને 'બિઝનેસ પાર્ટનર' બનવાની મહત્વાકાંક્ષા વધુ હોય છે. જ્યારે એ પદ કે પ્રતિષ્ઠાને નુકસાન પહોંચે છે ત્યારે બધો જ પ્રેમ એક ક્ષણમાં આપોઆપ ઓસરી જાય છે અને વ્યક્તિનું મૂળ સ્વરૂપ સામે આવે છે.

૧૨. જ્ઞાન એટલે સવારથી ઊઠીને રાત સુધી સતત કંઇક નવું નવું શીખવાની ધગશ અને તાલાવેલી. **'આ મારું ફિલ્ડ નથી' એમ માનવું એ જ અજ્ઞાનતાની નિશાની છે.** જ્ઞાનપીપાસુ વ્યક્તિને ભાષા, દેશ, કાળ કે વિષયોની કોઇ મર્યાદા નડતી નથી. એના જ્ઞાનનો સતત ઉપયોગ થતો રહે છે અને એ ઉપયોગથી એને સતત નવું નવું જ્ઞાન પ્રાપ્ત થતું રહે છે. એ વેક્યુમ-ક્લિનરથી પ્રસૂતિ પણ કરાવી શકે છે અને ગાડીની બેટરી વડે ઇન્વર્ટર પણ બનાવી શકે છે. 'મારું તો બસ આ એક જ કામ' એવી એને કોઇ મર્યાદા હોતી નથી.

૧૩. કેટલાક લોકો એવા હોય છે કે જે બે-ચાર ડિગ્રીઓ લે છે. પહેલાં એન્જિનિયરિંગ કરશે, પછી એમ.બી.એ. કરશે અને પછી પરદેશની બેન્કમાં જઇને નોકરીમાં બેસી જશે. અલ્યા ભાઇ, તારે બેંકની નોકરી જ કરવી હતી તો તેં એન્જિનિયરિંગ શા માટે કર્યું? - રણછોડ ચાંચડ (ફિલ્મનો એક સંવાદ)

૧૪. **સાવ અલગ રીતે જીવનાર વ્યક્તિ કમાશે શું? ખાશે શું? - આવા ફાલતુ પ્રશ્નો ટોળામાં જીવનારને**

*દેહની મમતાથી ધનની આવશ્યક્તા પેદા થાય છે.*

**હંમેશાં થતાં હોય છે.** સંશોધનમાં ડૂબેલા સાહસિકને આવી ચિંતાઓ કદી સતાવતી નથી. 'જેવા પડશે એવા દેવાશે' એવી મક્કમતાથી એ જીવી લેતો હોય છે. અને પરિણામે અન્ય લોકો કરતાં પણ એ સારું પદ અને પ્રતિષ્ઠા સમાજમાં આપોઆપ મેળવી શકતો હોય છે. એની એકાગ્રતા અને એનું કામ ક્યારેક એને સમાજમાં સર્વોચ્ચ સ્થાને મૂકી આપે છે. પણ હા, એના માટે એને ધીરજ કેળવવાની રહે છે.

૧૫. સફળતા એટલે માત્ર પદ અને પ્રતિષ્ઠા અને ઊંચો પગાર નહીં. હકીકતે કહેવાતો સફળ વ્યક્તિ કોઇક સાવ નાના કામમાં પરોવાઇને પોતાની ક્ષમતાનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ કરતો હોય છે. એની સફળતા દુનિયાના લોકોને દેખાડવા માટે નથી હોતી. એ તો લડાખના કોઇ ઉત્તુંગ પહાડી શિખરો વચ્ચે પોતાની મનગમતી પ્રવૃત્તિમાં મગ્ન બની જાય છે. દુનિયાની એને પરવા હોતી નથી અને દુનિયા એની કદર કરે એવી પણ તે ઇચ્છા રાખતો નથી. પ્રકૃતિના ખોળે એ કામમાં મગ્ન બનીને રહે છે. હકીકતે એના માટે કોઇ કામ નાનું કે મોટું હોતું નથી.

૧૬. એ બધું તો ઠીક, પણ આવા ઓલિયાને કન્યા કોણ દેશે?- પોતાના કાર્યમાં સંતુષ્ટ વ્યક્તિને કન્યા શોધવા જવું પડતું નથી, કન્યા જ એને હિમાલયની ટોચેથી પણ શોધી કાઢે છે. એ ડિગ્રીઓનો ઉપયોગ યોગ્ય પાત્ર મેળવવા ક્યારેય કરતો નથી. એને માટે ડિગ્રીઓ એ સામાજિક મોભાનું સાધન નથી.

૧૭. જે બહુ કુશળતાથી તમામ વ્યાખ્યાઓ અને આખે આખા પાનાંઓ યાદ રાખી શકે છે એવા ગોખણિયા વિદ્યાર્થીની ક્યારેક દયનીય હાલત થતી હોય છે. સમજ્યા વગરની ગોખણપટ્ટી ક્યારેક એવી મુસીબત નોંતરે છે કે વિદ્યાર્થી હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાઇ જાય છે. પોપટની જેમ ગોખેલા વક્તવ્યમાં કેટલાંક શબ્દો બદલાઇ જવાથી અર્થનો અનર્થ સર્જાય છે અને પરિસ્થિતિ બેકાબૂ બને છે. ક્યારેક પોતે ખોદેલા ખાડામાં પોતાને જ પડવાનો વારો આવે છે.

૧૮. જીવનમાં માણસે પોતાને મનગમતા ક્ષેત્રમાં જ આગળ જવાનું પ્રાધાન્ય રાખવું જોઇએ. એ પછી ભલે ને વાઇલ્ડ-લાઇફ ફોટોગ્રાફી જેવું સાવ અલગ ક્ષેત્ર જ કેમ ન હોય! **સચિન તેંડુલકર સંગીતમાં ગયો હોત અને લતા મંગેશકરે સ્પોર્ટસ લીધું હોત તો આપણે બેઉને ગુમાવ્યાં હોત!** કોઇપણ ક્ષેત્ર બહારથી ભલે નાનું લાગતું હોય, તમારી આવડત તેને આપોઆપ મોટું બનાવી દે છે અને ક્યારેક તો દુનિયામાં સાવ નવા જ માર્ગનું એ રીતે નિર્માણ થતું હોય છે. અભ્યાસની લાઇન દુનિયાના પ્રવાહો કે માતાપિતાના આગ્રહો પર આધારિત ન હોવી જોઇએ. પ્રેમથી બધાને સમજાવીને પોતાના મનગમતા ક્ષેત્રમાં યાહોમ કરીને ઝંપલાવવું જોઇએ. ભલે દુનિયા તમારા નિર્ણયની કદર નહીં કરે, પણ so what?

૧૯. ઘણા લોકો એવું માને છે કે આ પ્રકારની વિચારધારાથી મલ્ટિનેશનલ કંપનીમાં નોકરી નહીં મળે તો? પરંતુ એ યાદ રાખવું જોઇએ કે કંપનીઓને ટેવ આપણે જ પાડીએ છીએ. **જાગૃત વ્યક્તિ પોતાની આવડતથી કોઇપણ પરિસ્થિતિને પાર પાડી શકે છે.** એવા વ્યક્તિને મલ્ટિનેશનલ કંપનીઓ સામેથી પૂછે છે કે 'તમે કેટલો પગાર લેશો?' દુનિયાની દૃષ્ટિએ બહુ મોટી ગણાતી સિદ્ધિઓ તો આ પ્રકારના વ્યક્તિને ચપટી વગાડતાં સહેલાઇથી મળી જતી હોય છે.

ટૂંકમાં 'आ नो भद्राःक्रतवो यन्तु विश्वतः' એટલે કે અમને દસે દિશામાંથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ.

અમારી જ્ઞાનની ભૂખ સતત તીવ્ર બને અને જીવનમાં નવો પંથ કંડારવા અમે સતત સાહસિક બનીએ એવી આપણી ઔપનિષદીય વિચારધારા છે. શિક્ષણનો મૂળ હેતુ પણ જ્ઞાનની ભૂખ જગાડવાનો જ હોવો જોઇએ. પરંતુ સાંપ્રત સમયમાં એ કંઇક ભૂલાતો જતો હોય એમ લાગે છે. **પૈસો, પદ અને પ્રતિષ્ઠાની દોડમાં સર્જનાત્મક જીવન વિસરાતું જાય છે. છેક ત્યાં સુધી કે જો આસપાસમાં કોઇ સર્જનાત્મક વિચારે તો દુનિયા એને પાગલ ગણે છે!** પરંતુ લાંબેગાળે દુનિયાના પટ પર એ આપોઆપ સ્પષ્ટ થઇ જ જાય છે કે કોણ સફળ છે અને કોણ નિષ્ફળ.

*ચિરાગ મૈશેરી*
*મો. ૯૯૭૮૮ ૭૭૭૬૬*

***આપના પ્રતિભાવો મને જરૂરથી જણાવશો.***

## ધર્મ અને શ્રદ્ધા

(અનુસંધાન : પાના નં.-૫૯ ઉપરથી ચાલુ)

જ્યારે બીજો આખી માનવજાતને અને જીવજગતને દોઝખની દુનિયામાં લઇ જાય છે, દુનિયાને નરક બનાવી નાખે છે.

**પરમાત્માવાળાઓનો જય હો.**

**ધરમવાળાઓનો ક્ષય હો.**

**તો આ પરમાત્મા એટલે શું? પરમાત્મા એટલે મનુષ્યમાત્ર તથા પશુ, પક્ષી, જીવ-જંતુ. ટૂંકમાં સમગ્ર જડ-ચેતન અસ્તિત્વનો સ્વામી, જેને રૂપ નથી, રંગ નથી, આકાર નથી, ગંધ નથી, સ્વાદ નથી, જે કદી જનમતો નથી, જે કદી મરતો નથી, જે સૃષ્ટિથી પહેલાં પણ હતો અને સૃષ્ટિના અંત પછી પણ રહેશે. જે અવિનાશી છે, જે સનાતન છે. જે મનુષ્યમાત્રના હૃદયમાં વસે છે અને જે જીવ એને શરણે જાય છે તેને અચૂક સત્ય માર્ગદર્શન મળે છે.**

*આરએચ/૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

# બાળકની નિષ્ફળતામાં પણ એની પડખે રહો

• ફાધર વર્ગીસ પોલ •

"તમારો દીકરો તો ખૂબ સારો છોકરો છે. તે ખૂબ હોંશિયાર અને મહેનતુ છે. હું તો ધારતો હતો કે એસ.એસ.સી. પરીક્ષામાં એ ફર્સ્ટ ક્લાસ લાવશે, પણ... એના નાપાસ થવાથી અમે પણ દુઃખી છીએ. મને સમજાતું નથી કે કેવી રીતે તે નાપાસ થયો છે!"

મને ગણિતમાં સો માંથી ૮૫ ગુણ સાથે એક હિંદી સિવાય બધા વિષયોમાં સારા ગુણ મળ્યા હતા. પણ હિંદીમાં પાસ થવા માટેના ૩૫ ગુણને બદલે મને ફક્ત ૩૦ ગુણ મળ્યા હતા અને હું નાપાસ જાહેર થયો હતો!

મારા બાપુજી હિંદી ભાષાના મારા શિક્ષકના ઘરનું સરનામું શોધીને એમને ઘરે પહોંચ્યા. તેમને મારા નાપાસ થવાનાં કારણો જાણવાં હતાં. જવાબમાં મારા શિક્ષકે બાપુજીને ઉપરોક્ત શબ્દો કહ્યા.

મારા હિંદી વિષયના શિક્ષકના શબ્દોમાં જ બાપુજીએ બાને, મને અને મારાં બધાં ભાઈ-બહેનોને મારા નાપાસ થવા અંગે વાત કરી. ત્યારે મારા માથા પરથી એક મોટો બોજ ઊતરી ગયો હોય એવો મને હળવાશનો અનુભવ થયો. મારા શિક્ષકે મારા બાપુજીને મારા વિશે ખૂબ સારો અભિપ્રાય આપ્યો હતો અને મારા પ્રત્યે હમદર્દી પણ બતાવી હતી.

વળી, હિંદી શિક્ષકને મળ્યા પછી મારા બાપુજી મારો બચાવ કરનાર પણ બન્યા હતા. બાપુજી પોતાના મિત્રોને પણ મારા બચાવમાં વાતો કરતા હતા. એક વાર મેં મારા બાપુજીને કહેતા સાંભળ્યા કે, "વર્ગીસનું હિંદીનું પેપર તપાસનાર શિક્ષકે પોતાની પત્ની સાથે લડીને કે બાળકો સાથે ગુસ્સે થઈને પેપર સુધાર્યું હશે અથવા તો તેઓએ બેદરકારીથી પેપર વાંચ્યા વિના ઓછા ગુણ આપ્યા હશે!"

આગલા વર્ષે તે વખતના દસમા ધોરણમાં મારા ક્લાસમાં એટલે કે સ્કૂલમાં પહેલા નંબરે પાસ થઈને મેં વાર્ષિક દિનની ઉજવણીમાં ઇનામ મેળવ્યું હતું. એટલે ૧૧મા ધોરણમાં નાપાસ થવાની વાત હું કલ્પી પણ શકતો નહોતો. પણ એ જ પરિણામ આવ્યું ત્યારે મને ખૂબ મોટો આઘાત લાગ્યો હતો. અને મને ખૂબ શરમ પણ આવતી હતી. વર્ષો સુધી હું મારા નાપાસની વાત કોઈને કહેતો નહોતો.

પણ મારા હિંદી શિક્ષકે મારા માટેની કદર તથા હમદર્દીના શબ્દો મારા બાપુજીને કહ્યા હતા અને મારા બાપુજી અમારા ખેતરમાં તે વખતે કામ કરતા ૧૫-૨૦ ખેતમજૂરોને એકલા મૂકીને મારા નાપાસ થવાનાં કારણો જાણવા માટે મારા હિંદી શિક્ષકનું ઘર શોધીને એમને મળવા ગયા હતા. આ રીતે હું નાપાસ થયો હતો છતાં મારા શિક્ષક અને બાપુજીએ મારા પ્રત્યે અનહદ પ્રેમ પ્રગટ કર્યો હતો. મારી કદર કરી હતી. મારા જીવનમાં તે વખતની બંને નોંધપાત્ર વ્યક્તિઓએ મને ઉતારી પાડ્યો નહોતો, મારી ટીકા કરી નહોતી, પણ મારા પ્રત્યેનાં પ્રેમ, કદર અને તેમના આદરમાનથી હું હેમખેમ કટોકટીમાંથી પાર ઊતરી શક્યો છું. મારા આ હચમચાવી નાખનાર અનુભવમાંથી હું કેટલાંક તારણો પર આવી ગયો છું.

૧. જે બાળકની હાર અને નિષ્ફળતામાં એનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓ એની પડખે રહે તે બાળક ખરેખર ધન્ય છે. એ બાળક જાણે છે કે તેનાં માબાપ અને એનાં શિક્ષક-શિક્ષિકાઓ કેવળ એના માર્કસ કે એની હોંશિયારીને નહિ પણ એને ચાહે છે. એવા બાળકને પોતાનાં માબાપ અને પોતાનાં શિક્ષક-શિક્ષિકાઓનાં પ્રેમ અને કદર મેળવવા માટે સતત પ્રયત્ન કરવાની જરૂર નથી. માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓનાં પ્રેમ અને કદરનો એ ગુલામ નથી. એ મુક્ત છે, એ સ્વતંત્ર છે, એ પોતાની જાતનો માલિક છે. એ કોઈની કઠપૂતળી નથી. એનું પોતાનું આગવું વ્યક્તિત્વ છે. એ ઘડી સાચવી શકે છે.

૨. જ્યારે બાળકની કામગીરી અને સિદ્ધિઓ અપેક્ષા કરતાં ખૂબ નીચે હોય ત્યારે પણ જે બાળકનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓ એની સાથે આદરમાનથી વર્તે છે, તે બાળક ધન્ય છે. તે બાળક જાણે છે કે એનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓનું આદરમાન એના માટે છે, કેવળ એની નાનીમોટી સિદ્ધિઓ અને કામગીરી માટે નહિ. એ બાળકને પોતાનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓએ એના પર મૂકેલી અપેક્ષાઓના ગુલામ રહેવાની જરૂર નથી. પણ એ જે છે તેને તેનાં માબાપ આદરમાનથી જુએ છે; અને તેને પ્રેમ અને કદરથી સ્વીકારે છે.

૩. જે બાળકનાં માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓ એની હાર ને હતાશામાં પણ એના પર શ્રદ્ધા રાખે છે અને એનામાં શ્રદ્ધા સંકોરે છે તે બાળક નિષ્ફળતામાં પણ પોતાના પર શ્રદ્ધા રાખશે. તે નિષ્ફળતા અને હારના પગથિયે ચઢીને સફળતાને વરશે. અમેરિકન લેખક માર્ક ટ્વૈનની સલાહ છે કે, "તમારી મહત્ત્વાકાંક્ષાને ઉતારી પાડનાર લોકોથી દૂર રહેજો. નાનાસૂના માણસો હંમેશાં એવું કરશે; પણ ખરેખર મોટા માણસો તમને ખાતરી કરાવશે કે તમે મોટા બની શકશો."

બાળક સારો દેખાવ કરે ત્યારે માબાપ એને કદરથી પ્રોત્સાહન આપે છે એ જ ઉત્સાહથી બાળકની હાર અને હતાશામાં પણ એની પડખે રહીને એનામાં શ્રદ્ધા રાખવામાં આવે તો સમય જતાં તે બાળક પોતાનામાં શ્રદ્ધા રાખતું થશે

*મૃત્યુ છે એટલે જન્મ છે અને જન્મ છે એટલે વિકાસ છે.*

અને સમયના વહેણમાં એક સારા નાગરિક બનીને મોટી મોટી સિદ્ધિઓ મેળવશે.

૪. સામાન્ય રીતે બાળક અને એનાં માબાપ કે એનાં શિક્ષક-શિક્ષિકાઓ વચ્ચેનો સંબંધ અરસપરસનાં પ્રેમ અને કદરનો સંબંધ હોય છે. નિષ્ફળતા અને હારમાં પણ બાળકને પોતાનાં માબાપનાં તથા શિક્ષક-શિક્ષિકાઓનાં પ્રેમ અને કદરનો અનુભવ થવો જોઇએ. બાળકને નબળાઇ અને હાર-નિરાશામાં માબાપ કે શિક્ષક-શિક્ષિકાઓનાં પ્રેમ અને કદરની ખાતરી હોવાની જરૂર છે. જ્યારે બાળક સારા ગુણ લાવે કે અન્ય રીતે સારો દેખાવ કરે ત્યારે એની કદર થાય, પ્રેમથી એની સાથે વર્તવામાં આવે તે જ રીતે એની નિષ્ફળતા અને હારમાં પણ એની સાથે પ્રેમ અને આદરમાનથી વર્તવામાં આવે તો તે બાળક સહેલાઇથી પોતાની નિષ્ફળતામાંથી હેમખેમ બહાર નીકળશે. એથી ઊલટું, બાળક ધારેલી સિદ્ધિ ના મેળવે ત્યારે પ્રેમને બદલે એને ધિક્કારવામાં આવે, કદરને બદલે એની ટીકા કરવામાં આવે તો બળતામાં ઘી હોમવા જેવું થશે. બાળકને પોતાની નિષ્ફળતામાંથી બહાર નીકળવાનું મુશ્કેલ લાગશે. તે માનસિક તનાવ અને ઉદાસીનતાનો અનુભવ કરશે. માબાપ કે શિક્ષક-શિક્ષિકાઓએ ધાર્યું ન હોય એવું ખોટું પગલું ભરી બેસે તો નવાઇ નહિ.

૫. બાળકની નિષ્ફળતા કે નબળાઇની પળોમાં એની સ્વતંત્રતાને માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓએ સાચવવાની જરૂર છે. બાળક એક સ્વતંત્ર વ્યક્તિ છે. બાળક નાનું કે મોટું એનું પોતાનું આગવું વ્યક્તિત્વ છે. બાળકના સ્વતંત્ર વ્યક્તિત્ત્વ પ્રત્યે આદરમાનની જરૂર છે. મને યાદ છે, એસ.એસ.સી.માં મને હાર મળી ત્યારે મને સાતમા ધોરણમાં ભણાવનાર મારા કાકાએ મારી ઉત્તરવહીની ફેરતપાસણી કરાવવાની વાત કરી હતી. પણ એનું પરિણામ આવે ત્યાં સુધીમાં આગળના અભ્યાસ માટે પ્રવેશ મેળવવાનો સમય વીતી જાય એવું હતું. તેને માટે આખા દિવસની મુસાફરી કરીને રાજનગરી તિરૂવનંતપુરમ્ પહોંચવાની જરૂર હતી. વળી, એના સારા પરિણામની કોઇ ખાતરી નહોતી. એટલે મેં બધાને કહ્યું કે, 'ગમે તેમ મારું એક વર્ષ તો બગડશે; પણ મને ખાતરી છે કે, હું ફરી વાર બધા વિષયો લઇને પરીક્ષા આપું તો મને સારી સફળતા મળશે. બધાએ મારી વાત માન્ય રાખી. મારાં માબાપ અને બીજા વડીલોએ મારા સ્વતંત્ર મતનો સ્વીકાર કર્યો હતો, એમાં મને આનંદ થયો હતો. આજે એ બનાવમાં મારા સ્વતંત્ર વ્યક્તિત્વનો વિકાસ જોઉં છું.'

બાળક પ્રત્યે યોગ્ય વલણ રાખવા અને એની સાથે શ્રેષ્ઠ રીતે વર્તવા માટેની એક જડીબુટ્ટી છે. તે છે તમે તમારા બાળકને તમારા ઘરના મોંઘેરા મહેમાન માનજો. આપણા મહેમાનને આપણે ઘરમાં ખૂબ પ્રેમ અને આદરમાનથી આવકારીએ છીએ. મોંઘેરા મહેમાન વિશે આપણે ઘણું બધું જાણવા ઇચ્છીએ છીએ. એ જ રીતે બાળકો વિશે પણ આપણે ઘણું બધું શોધી કાઢવાનું હોય છે. બાળક એક ગૂઢ રહસ્ય છે. પ્રેમ અને આદરમાનથી આપણે મહેમાન બાળક વિશે ધીરે ધીરે ઘણુંબધું જાણી શકીશું. જેટલું વધુ તમે તમારા બાળક વિશે જાણો તેટલો સારો હશે તમારા બાળક સાથે તમારો સંબંધ.

સામાન્ય રીતે માબાપ અને શિક્ષક-શિક્ષિકાઓ પોતાનાં બાળકની ભૌતિક જરૂરિયાતો સમજે છે. તેઓ બાળકને યોગ્ય ખોરાક, કપડાં અને સુરક્ષિત રીતે રહેવાના રહેઠાણ જેવી મૂળભૂત જરૂરિયાત પૂરી પાડે છે. પણ એની માનસિક અને બૌદ્ધિક જરૂરિયાતો પર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. બાળકના સર્વાંગી વિકાસ માટે ભૌતિક બાબતોની જેમ પ્રેમ, કદર, આદરમાન, એની સાથેનો મનમેળ, શ્રદ્ધા, એની સ્વતંત્રતાનો સ્વીકાર જેવી માનસિક બાબતોને પોષવાની પણ તાતી જરૂર છે. બાળકના માનસિક વિકાસમાં પોતાનો ફાળો આપવા માટે માબાપ તેમ જ શિક્ષક-શિક્ષિકાઓએ એની સાથે પ્રેમ અને આદરમાનથી સમય ગાળવાની જરૂર છે. એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે બાળકનો સ્વીકાર કરીને એની સાથે વર્તવાની જરૂર છે. છેલ્લે, ભગવાન ઇસુના શબ્દોમાં કહીએ તો, "ચોક્કસ માનજો કે જ્યાં સુધી તમારી વૃત્તિ બદલાય અને તમે બાળક જેવા ન બની જાઓ, ત્યાં સુધી તમે કદી ઇશ્વરના રાજ્યમાં દાખલ થઇ શકવાના નથી."

***('અખંડ આનંદ' ડિસેમ્બર-૨૦૦૯માંથી સાભાર)***

*જેનો જન્મ થાય છે તેનું મૃત્યુ અનિવાર્ય છે. કુદરતનો એ અપવાદ વગરનો કાયદો છે.*

# માતૃભાષાનું મહત્ત્વ ક્યારે સમજીશું?

## ૨૧ મી ફેબ્રુઆરી – 'વિશ્વ માતૃભાષા દિન'

• ભરત 'કુમાર' પ્રા. ઠાકર •

વિશ્વસંસ્થા 'યુનો' નાં મહત્ત્વનાં અંગો પૈકીના એક એવા 'સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન' (UNESCO) દ્વારા વર્ષ દરમ્યાન જે કેટલાક દિનવિશેષો ઉજવવાના નિર્ધારિત થયા છે તેમાં ૨૧મી ફેબ્રુઆરીનો દિવસ વિશ્વભરમાં 'માતૃભાષા દિન' તરીકે મનાવાય છે. આજકાલ કૉલેજોમાં ઉજવાતા વિવિધ 'ડેઝ' ની જેમ દુનિયામાં પણ વર્ષભર કોઇને કોઇ ખાસ દિવસની ઉજવણી થતી રહે છે.

### • પ્રમાણમાં ઓછું પ્રચલન :

તેમાં વેલેન્ટાઇન ડે (૧૪-૨), મહિલા દિવસ (૮-૩), પાણી દિવસ (૨૨-૩), રંગભૂમિ દિવસ (૨૭-૩), આરોગ્ય દિન (૭-૪), પૃથ્વી દિવસ (૨૨-૪), પુસ્તક દિન (૨૩-૪), કામગાર દિવસ (૧-૫), રેડક્રોસ દિન (૮-૫), પરિવાર દિવસ (૧૫-૫), મધર્સ ડે (મેનો બીજો રવિવાર), બાલ દિન (૧-૬), પર્યાવરણ દિન (૫-૬), ડૉક્ટર્સ ડે (૧-૭), રક્તદાન દિવસ (૧-૧૦), ટપાલ દિવસ (૯-૧૦), ફાધર્સ ડે (જૂનનો ત્રીજો રવિવાર) ની જેમ યુનોએ જાહેર કરેલ 'માતૃભાષા દિન' (૨૧ મી ફેબ્રુઆરી) આપણે ત્યાં પ્રમાણમાં લોકપ્રિય થવો હજુ બાકી છે.

'મંગલ મંદિર' (ઓક્ટોબર, ૨૦૦૯) માં પ્રસિદ્ધ થયેલ ડૉ. મોહનભાઇ પટેલના લેખ 'ગુજરાતી ભૂલાઇ જશે?' (પૃષ્ઠ-૭૬)નું પૂર્વસંધાન અને ફેબ્રુઆરી માસમાં આવતા 'માતૃભાષા દિન' પ્રસંગનું અનુસંધાન સાધીને આ વિષયે અહીં થોડી વિશેષ છણાવટ વાચકો માટે રજૂ કરું છું.

વર્તમાન સમયમાં શિક્ષણ જગતમાં માતૃભાષાના માધ્યમ અંગેનો મુદ્દો સર્વત્ર ચર્ચામાં છવાઇ રહ્યો છે. માતૃભાષા અભિયાનમાં અત્યારે દેશની રાષ્ટ્રભાષા અને જે તે રાજ્યોની રાજભાષા કરતાં સર્વત્ર અંગ્રેજીકરણ જે રીતે રોકેટગતિએ આગળ વધી રહ્યું છે તે ચિંતાનો વિષય બન્યો છે.

### • અનિષ્ટ ઘેલછાના શિકાર :

અંગ્રેજીનું મહત્ત્વ સૌને સ્વીકાર્ય છે. 'અંગ્રેજી આંખ છે તો માતૃભાષા દૃષ્ટિ છે' એવું અવતરણ પણ હવે પ્રચલિત બન્યું છે. મારે અહીં ગુજરાતી કે હિન્દીના બદલે માત્ર 'માતૃભાષા' વિષે થોડી સામાન્ય વાત કરવી છે. અંગ્રેજીનાં ઓવારણાં વચ્ચે પણ જાપાન, ચીન, કોરિયા, ફ્રાન્સ, રશિયા વગેરે જેવા અનેક દેશોમાં માતૃભાષાનું ગૌરવ અને સ્વમાન કઇ રીતે સાચવવામાં આવે છે તેના એક-બે દાખલા પણ આપીશ.

છેલ્લાં થોડાં વર્ષોથી આપણા દેશમાં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપવાની એક 'અનિષ્ટ ઘેલછા' ઉપડી છે. તેના કારણે આજે ભારતમાં એવી સ્થિતિ સર્જાઇ છે, જે અંગ્રેજો પણ સર્જી શક્યા નહોતા. બ્રિટિશરાજમાં એમની ભાષા શીખવી અનિવાર્ય હતી, પણ તેઓએ ક્યારેય કોઇ વિદ્યાલયમાં ત્રણ-ચાર વર્ષનાં બાળકોને અંગ્રેજી ભણવા માટે મજબૂર કે વિવશ કર્યા ન હતા.

તે સમયે બધી પ્રાથમિક શાળાઓમાં 'માતૃભાષા' જ શિક્ષણનું માધ્યમ રહેતી હતી તથા પ્રાથમિક કક્ષા પછી જ અંગ્રેજી શરૂ થતી હતી. તેમાં બાળકો પર અસ્વાભાવિક બોજ પડતો ન હતો. માધ્યમિક વર્ગોમાં પણ શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ રહેતું હતું. સરકારી શાળાઓ બહુ ઓછી હતી અને લોકો સહકારી ધોરણે પોતાની શાળાઓ ખોલતા હતા.

### • વિપરીત માનસિક અસર :

આજે આપણે અંગ્રેજીને મસ્તક પર બેસાડીને અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપતાં જે 'કારખાનાં' ચલાવી રહ્યાં છીએ તે બાળકો પર મનોવૈજ્ઞાનિક રીતે ઘણી ખરાબ અસર પાડી રહ્યાં છે. બાળકોમાં પોતાની ભાષા પ્રત્યે અરુચિ તથા વિદેશી ભાષા પ્રત્યે મોહ વધતો જઇ રહ્યો છે. મહાત્મા ગાંધી, દયાનંદ સરસ્વતી, વિનોબા ભાવે વગેરે મહાનુભાવોએ પોતાની ભાષામાં શિક્ષણ આપવાની હિમાયત કરી હતી.

વિનોબા એકસાથે દેશવિદેશની અનેક ભાષાઓ જાણતા હતા. તેઓ કહેતા કે માતૃભાષા વ્યક્તિની પહેલી, રાષ્ટ્રભાષા બીજી અને સંસ્કૃત ત્રીજી આંખ છે. આપણા બંધારણમાં પણ અંગ્રેજીને બીજું અને હિન્દીને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

આજે સરકાર દિશાશૂન્ય બની ભટકી રહી છે અને વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને કોઇ શિક્ષણનીતિ આજ સુધી ઘડવામાં આવી નથી. અનેક પંચો રચાયાં, પરંતુ તે બધાં અભેરાઇ પર કે કબાટોમાં ધૂળ ખાતાં પડી રહ્યાં છે. બધા શિક્ષણવિદોનો એકમત છે કે શિક્ષણ માતૃભાષામાં હોવું જોઇએ, તેમ છતાં હજુ પણ દેશનાં બાળકોને ફરજિયાત પણે અંગ્રેજી ભણાવાઇ રહી છે.

### • બિનઅંગ્રેજી ભણતર શક્ય :

ઘણા ઓછા લોકો જાણતા હશે કે દેશમાં એક 'નેશનલ ઓપન સ્કૂલ' પણ ચાલે છે, જે દસમા-બારમા ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ અંગ્રેજી ભાષા વિના લઇને એમને પ્રમાણપત્ર આપે છે તથા આ વિદ્યાર્થીઓ આગળ ચાલીને ઇન્દિરા ગાંધી નેશનલ ઑપન યુનિવર્સિટી (ઇગ્નૌ)માંથી સ્નાતકની પરીક્ષા પણ અંગ્રેજી વિના આપી શકે છે.

આ પ્રણાલીથી અનેક યુવક-યુવતીઓ લાભાન્વિત થઇ રહ્યા છે અને પોતાનો જીવનનિર્વાહ કરી રહ્યા છે. શું સરકાર આ યોજનાને તમામ શિક્ષણ સંસ્થાઓમાં લાગુ નથી કરાવી શકતી? અંગ્રેજી મહાન ભાષા છે, પરંતુ એક સ્વતંત્ર દેશમાં ફરજિયાતપણે અંગ્રેજી શીખવવી એ દેશને ફરી ગુલામી તરફ લઇ

*જે પળેપળે મનમાં મૃત્યુનો ડર રાખીને જીવે છે તે કદી સાહસ કરી શકતો નથી. અને સાહસ વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.*

જવાનું જ કહેવાશે.

આ માટે ચીન પ્રજાસત્તાકનું ઉદાહરણ આપણી સામે છે. આપણા પછી (૧૯૪૯)માં સ્વતંત્રતા મેળવનાર આ દેશ બધાં ક્ષેત્રોમાં આપણાથી આગળ છે. આવું શાથી થયું? લોકોના કઠોર પરિશ્રમ અને શાસકો દ્વારા પ્રજાની ઉન્નતિ તરફ પૂરું ધ્યાન આપવાના કારણે જ આ સંભવ થયું છે. ચીની વિદ્યાર્થીઓના શિક્ષણનું માધ્યમ ત્યાંની જનતાની માતૃભાષા જ છે.

**● સ્વભાષાનાં ગૌરવકર્તા રાષ્ટ્રો :**

ચીનમાં તબીબી વિજ્ઞાન (મેડિકલ સાયન્સ)નું શિક્ષણ પણ અંગ્રેજીમાં નહિ, પરંતુ વિદ્યાર્થીઓની માતૃભાષાના માધ્યમ દ્વારા ચીની ભાષામાં જ અપાય છે. આ મુદ્દો સહેજ વિગતે જોઇએ તો અમેરિકાની જાણીતી પ્રકાશન સંસ્થા મેક ગ્રો હિલ દ્વારા ઔષધશાસ્ત્રનું એક પાઠ્યપુસ્તક અંગ્રેજીની આંતરરાષ્ટ્રીય આવૃત્તિ સહિત વિશ્વની કુલ ચૌદ ભાષાઓમાં પ્રસિદ્ધ કરાયું છે!

આમાં યુરોપનાં અગિયાર રાજ્યો પોતપોતાની માતૃભાષાઓ (અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન, ગ્રીક, ઇટાલિયન, પોલિશ, સ્પેનિશ, રોમેનિયન, પોર્ચુગીઝ, તુર્કી અને ક્રોએશિયન) માં પોતાના વિદ્યાર્થીઓને વૈદકવિજ્ઞાન શિખવાડી રહ્યાં છે, જ્યારે એશિયા મહાદ્વીપના ફક્ત ત્રણ દેશો (ચીન, જાપાન અને સાઉદી અરેબિયા) જ આ યુરોપીય પરંપરાનું વહન કરી રહ્યા છે. આ સૂચિમાં કોઇ ભારતીય ભાષાનું નામ જોવા મળતું નથી.

અહીં એક બીજું ઉદાહરણ પણ ટાંકવા લાયક છે. પોતાના મૂળ વતનમાંથી વિસ્થાપિત થયાનાં હજારો વર્ષ પછી પણ યહૂદી પ્રજા પોતાના મૂળ રીતરિવાજો અને ધર્મ-સંસ્કૃતિ સાચવી શકી છે તેનું કારણ પોતાની માતૃભાષાને તેઓએ જીવંત રાખી તે છે. આજના ઇઝરાયેલની એકતાનું પ્રેરકબળ સદીઓ સુધી જીવંત રખાયેલી એમની માતૃભાષા હિબ્રુ છે.

**● સાંસ્કૃતિક વારસાની જાળવણી :**

આમ ભાષા માત્ર વ્યવહાર કે જ્ઞાનપ્રાપ્તિનું માધ્યમ નથી. પણ તેની સાથે સમગ્ર જીવનરીતિનો સમાવેશ કરતી આખી સંસ્કૃતિ સંકળાયેલી છે. આજે એક ભાષા મૃતઃપાય થતાં બધું જ જતું રહે છે. આપણે જ્યારે બીજી ભાષા શીખીએ છીએ ત્યારે તે સંસ્કૃતિના સંપર્કમાં આવીએ છીએ, જેમાં આપણી સંસ્કૃતિ કરતાં જુદી વાત હોઇ શકે. વળી તે ભાષા જે પ્રદેશની હશે તેની જ વાત તેમાં વધુ આવશે તે પણ દેખીતું જ છે.

આમ કોઇ પણ દેશની સાંસ્કૃતિક, વૈચારિક, સામાજિક અને પ્રાકૃતિક સમૃદ્ધિને માતૃભાષાના માધ્યમ દ્વારા જ જાળવી અને સંવર્ધી શકાય. જે ભાષા-ભણાવવામાંથી જ જતી રહે ત્યારે તે કાળાંતરે વ્યવહારમાંથી પણ ભૂંસાતી જાય છે. કોઇ પરભાષા માત્ર એક વિષય તરીકે ભણવી અને પોતાની માતૃભાષામાં અનેક વિષયો શીખવા તેમાં ઘણો ફરક છે. વિવિધ ભાષા-ભગિનીઓ આપણી આગવી મૂડી છે. તેને જાળવવી-તેનો વિકાસ કરવો જરૂરી છે.

કેટલીક સદીઓ સુધી બ્રિટિશ શાસન તળે રહેવાના કારણે આપણા રાજનેતાઓને ક્યારેય સ્વપ્નમાં પણ ધ્યાને નથી આવ્યું કે વિદ્યાર્થીઓને માતૃભાષામાં ઉચ્ચ શિક્ષણ આપવું સરળ, સ્વાભાવિક, મનૌવૈજ્ઞાનિક તથા આર્થિક દૃષ્ટિએ લાભકારી પણ છે. આપણે આશા રાખીએ કે હવે આપણી સરકાર જાગશે અને સમયના તકાદાને ઓળખીને વિશ્વમાં સર્વત્ર માન્ય એવા 'માતૃભાષામાં શિક્ષણ આપવાના સિદ્ધાંત'ને વિના વિલંબે સ્વીકારશે.

**● માઠાં પરિણામોની શક્યતા :**

અટલબિહારી વાજપેયી સરકાર દ્વારા બંધારણમાં કરાયેલા સુધારાના પગલે બધી રાજ્ય સરકારો પર ૬ થી ૧૪ વર્ષના વયજૂથનાં બધાં બાળકોને 'મફત અને ફરજિયાત શિક્ષણ' આપવાની બંધારણીય જવાબદારી મૂકાઇ છે. અગાઉ આ બાબત માત્ર 'માર્ગદર્શક સિદ્ધાંતો' અંતર્ગત નિર્દિષ્ટ હતી, પણ હવે ત્યાંથી ખસેડીને તેને 'મૂળ અધિકારોની સૂચિ'માં સમાવવામાં આવી છે. જો કે આનાથી સરકારો પર વધારાનો આર્થિક બોજ પણ પડનાર છે.

કેન્દ્ર સરકાર અત્યાર સુધી દિગ્ભ્રમિત રહી છે અને હજુ સુધી નિર્ણય કરી શકી નથી કે આ સુધારાના કારણે તે કયા માધ્યમ દ્વારા બાળકોને શિક્ષણ આપશે. બધી પ્રાદેશિક સરકારો પણ અંધ બનીને અંગ્રેજી પાછળ દોડી રહી છે. આપણો દેશ જરૂર મહાન છે, પરંતુ ભારતીય બાળકો આજે પણ ગલીઓમાં રમવા વિવશ છે; કેમકે આજ સુધી બધાં બાળકો માટે પર્યાપ્ત વિદ્યાલયો ઉપલબ્ધ નથી તથા યોગ્ય શિક્ષકોની પણ ભારે અછત છે.

આપણે સમયસર જાગવું પડશે તથા પુનર્વિચાર કરવો પડશે કે આપણાં બાળકો ક્યાં સુધી અંગ્રેજીની ગુલામી કરતા રહેશે. જો આ પ્રવૃત્તિ તત્કાળ રોકવામાં નહિ આવે તો દેશમાં અત્યારે જે નવો વર્ગ પેદા થઇ રહ્યો છે તેની તાનાશાહી વિરુદ્ધ અભણ-ગરીબ જનતાના રોષને રોકવાનું શક્ય નહિ બને અને દેશમાં આંતરિક યુદ્ધની સંભાવના પણ નકારી ન શકાય. શું ગાંધી-દયાનંદ-વિનોબાના સપનાનું ભારત ક્યારેય અસ્તિત્વમાં આવી શકશે ખરું? આપણે આશાવાદી બનીએ.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

### માતૃભાષા અને ગાંધીજી

*'..પ્રાથમિક પાયરીએથી બાળકો ઉપર અંગ્રેજી લાદવું એ તો એમનો સ્વાભાવિક વિકાસ ઊગતો ડામવા બરાબર અને કદાચ તેમનામાંની સ્વયં પ્રેરણાને મારી નાખવા બરાબર છે. ભાષા શીખવી એ મૂળે તો સ્મરણશક્તિ કેળવવાની જ તાલીમ છે. શરૂથી જ અંગ્રેજી શીખવું એ બાળક ઉપર એક સાવ બિનજરૂરી બોજો છે. બાળક માતૃભાષાના ભોગે જ તે શીખી શકે. હું તો માનું છું કે ગામડાંના બાળકના જેટલું જ શહેરી બાળકને માટે પણ એ જરૂરી છે કે તેના વિકાસનું ચણતર માતૃભાષાના સંગીન ખડક પર જ રચાય. આવી દેખીતી અને ખુલ્લી વાત કેવળ હિન્દુસ્તાન જેવા દુર્ભાગી દેશમાં જ સાબિત કરવી પડે...'*

*દેશમાંથી અંગ્રેજોની વિદાય પછી રાષ્ટ્રપિતાએ કહી દીધું હતું કે કહી દો, ગાંધી અંગ્રેજી ભૂલી ગયા છે. આજે એ જ ગાંધી-દયાનંદ-વિનોબાના અનુયાયી દેશમાં અંગ્રેજી માધ્યમના શિક્ષણ દ્વારા એક એવો વર્ગ નિર્માણ થઇ રહ્યો છે, જે ભવિષ્યમાં વર્ગભેદ જ નહિ, અરાજકતાનું કારણ પણ બની શકે એમ છે.*

*માણસ મોતના ભય કરતાં જીવનમાં મળેલી નિરાશા, બદનામી, અસંતોષ, અધૂરી તૃષ્ણા વગેરેથી વધુ ભયભીત હોય છે.*

નર્મદા - સરદાર સરોવર
TISS REPORT
સંશોધન લેખ શ્રેણી
(૪)

# વિસ્થાપિતોના પુનર્વસનના આયોજન /અમલમાં પારાવાર અરાજકતા

પ્રવીણચંદ્ર શાહ

અત્યાર પહેલાના લેખોમાં જેનો સવિસ્તર ઉલ્લેખ થઈ ચૂક્યો છે અને જે રિપોર્ટ આ લેખશ્રેણીનો મૂળ પાયો અને પિઠીકા છે તે 'તાતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સીઝ, મુંબઇ' ટૂંકા નામે 'TISS'ના અંગ્રેજી ૧૦૨-પૃષ્ઠના અભ્યાસ તપાસ-પૃથક્કરણીય-સરવૈયા-રિપોર્ટને કુલ્લે ૯ (નવ) વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. તે ૯ વિભાગો આ પ્રમાણે છે :

(૧) પ્રસ્તાવના, (૨) એક્ઝિક્યુટિવ સમરી, સારાંશ, (૩) પ્રકરણ ૧: સરદાર સરોવર પ્રકલ્પ; સામાજિક, પર્યાવરણીય અને નાણાંકીય મૂડી રોકાણ-ખર્ચની ચકાસણી; (૪) પ્રકરણ-૨ : સરદાર સરોવર પ્રકલ્પ; શું અપેક્ષિત લાભો હાથવગાં કરી શકાયા છે? (૫) પ્રકરણ-૩, આખરી નિરીક્ષણો, (૬) એપેન્ડિક્સ-જોડાણો, ૧: ઘટનાક્રમ, (૭) એપેન્ડિક્સ જોડાણો ૨. ડૂબાણ, જમીન-પ્રાપ્તિ અને વિસ્થાપિતોના પુનર્વસવાટ અંગેના સૂચના-આદેશો, (૮) એપેન્ડિક્સ જોડાણો. ૩. વિવિધ કિસ્સા (કેસ)ના અભ્યાસ, અને અંતના વિભાગ (૯)માં ગ્રાફ્સ, નક્શા વગેરે.

આ અંગ્રેજી 'TISS' રિપોર્ટનું નર્યુ ગુજરાતી ભાષાંતર અહીં આપવાનો મૂળ ઉદ્દેશ નથી. આ સંશોધન લેખ શ્રેણીનો બહોળો હેતુ વાચકો અને ગુજરાતની જાહેર જનતા સમક્ષ સરદાર સરોવર પ્રોજેક્ટ - 'SSP'ના વાસ્તવિક તથ્યોની રજૂઆત, પૃથક્કરણ અને સરવૈયા રજૂ કરવાનો છે. કેમકે, કચ્છ, સૌરાષ્ટ્ર અને તળ ગુજરાતની પાંચ - સાડા પાંચ કરોડની પ્રજાના વર્તમાન અને ભવિષ્યના કલ્યાણ સાથે આ બાબતને ગાઢ નિસ્બત છે.

આ યોજનાને આરંભાયાને બે અઢી દાયકાથી વધુ વર્ષો વીતી ચૂક્યાં છે. આ યોજના ૪ રાજ્યો સાથે-મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન-સાથે સંકળાયેલી યોજના છે. **સાથે સાથે નર્મદા નદી પર માત્ર સરદાર સરોવર એક જ ડેમ નથી બંધાઇ રહ્યો પણ નદી પર ૩૦ મોટા ડેમ, ૧૩૫ મધ્યમ કદના ડેમ અને ૩૦૦૦ (હા, ત્રણ હજાર) નાના ડેમ બાંધવાની પ્રક્રિયા ચાલે છે.**

નર્મદા નદી મધ્ય પ્રદેશના અમરકંટક પાસેથી નીકળી પશ્ચિમ તરફ વહેતી મહારાષ્ટ્ર, ગુજરાતમાંથી પસાર થઇને અરબી સમુદ્રના ખંભાતના અખાતમાં વીલિન થાય છે. નદીની લંબાઇ કુલ ૧૩૧૨ કિ.મી. છે. દેશની લાંબી નદીઓમાં તેનું સ્થાન પાંચમું છે. નર્મદા ખીણ (વેલી)નું કુલ ક્ષેત્રફળ ૯૭૪૧૦ (સત્તાણું હજાર ચારસો દસ) ચો.કિ.મી. છે અને ગુજરાતમાં ૯૮૯૪ (નવ હજાર આઠસો ચોરાણુ) ચો. કિ.મી. છે. સરકારી આંકડા પ્રમાણે સરદાર સરોવર ડૅમ પાસે નદીના પાણીનો વાર્ષિક પ્રવાહ ૨૮.૦૦ 'MAF' મિલિયન એકર ફીટ છે. એક મિલિયન એકર ફીટમાં ૧૦ લાખ એકર જમીન ઉપર ૧ (એક) ફૂટ જેટલી ઊંચાઇના પાણીના જથ્થાનો સમાવેશ થાય.

- **પાણી :**

આવી યોજનાનું વિશ્લેષણ કરવામાં ટેક્નિકલ, સામાજિક, આર્થિક, પર્યાવરણીય જેવા ઘણા બધા પાસાંનો વિચાર કરવો પડે. આ રિપોર્ટમાં આમેજ કરાયેલા ઘણા બધા તારણોને સરળતાથી સમજવા ડૅમ અંગેની કેટલીક પાયાની માહિતીનો અહીં સમાવેશ કર્યો છે. નર્મદા નદીના પાણીના કુલ જથ્થાની વહેંચણી આ પ્રમાણે છે :

| | |
|---|---|
| મધ્ય પ્રદેશ | ૧૮.૨૫ MAF |
| ગુજરાત | ૯.૦૦ MAF |
| મહારાષ્ટ્ર | ૦૦.૨૫ MAF |
| રાજસ્થાન | ૦૦.૫૦ MAF |

**વીજળી :** સરદાર સરોવર ડૅમ દ્વારા પેદા થતી વીજળીની વહેંચણી આ પ્રમાણે છેઃ

મધ્યપ્રદેશ ૫૭%, મહારાષ્ટ્ર ૨૭% ગુજરાત ૧૬%

સરદાર સરોવર પ્રોજેક્ટ (SSP) દ્વારા ૨ સ્થાને વીજળીનું ઉત્પાદન થાય છે. ડૅમની તળેટીમાં આવેલા જલવિદ્યુત મથકમાં ૨૦૦ (બસ્સો) મેગાવોટના ૬ (છ) એકમે કુલ ૧૨૦૦ (બારસો) મેગાવોટ પેદા કરી શકે તેમજ ડૅમમાંથી નીકળતી કેનાલના માર્ગમાં આવેલા ૫૦ (પચાસ) મેગાવોટના ૫ (પાંચ) ટર્બાઇન યુનિટ છે, જે કુલ ૨૫૦ (અઢીસો) મેગાવોટ પાવર પેદા કરી શકે. ડૅમ જ્યારે પૂરો ભરાય ત્યારના ફૂલ રિઝર્વોયર લેવલ (FRL) ૧૩૮.૬૪ (એકસો આડત્રીસ પોઇન્ટ ચોસઠ) મીટર થાય ત્યારે ડૅમના સરોવરમાં ૩૭૦૦૦ (સાડત્રીસ હજાર) હેક્ટર જમીન ડૂબમાં જાય. જેનાથી ૨૪૫ (બસો પીસ્તાલીસ) ગામોને અસર થાય. આ ઉપરાંત કેનાલ નેટવર્કની લંબાઇ ૭૫૦૦૦ (પંચોતેર હજાર) કિ.મી. છે. આ નેટવર્કમાં કુલ ૮૦,૦૦૦ (એંસી હજાર) હેક્ટર જમીન વપરાશે.

ડૅમના કારણે વિસ્થાપિત થનારા માટે પહેલાં કોઇ સુવ્યવસ્થિત નીતિ-નિયમો ન હતા. પરંતુ ૧૮ ઓક્ટોબર ૨૦૦૦ ના સુપ્રીમ કોર્ટના ચુકાદાથી નર્મદા યોજનાના વિસ્થાપિતો માટે ચોક્કસ નિયમો નક્કી કરવામાં આવ્યા છે. નર્મદા વોટર ડિસ્પ્યુટસ ટ્રિબ્યુનલ-(NWDTA) એ પેકેજ જાહેર કર્યું છે. આ જાહેરાત પ્રમાણે દરેક વિસ્થાપિતને સિંચાઇની સગવડવાળી ખેતીલાયક જમીન તેમજ ઘર માટેનો પ્લોટ આપવાનું નક્કી થયું છે. ગુજરાત

*કોઈપણ સદ્કાર્ય તેનો બદલો તમને જરૂર આપશે.*

સરકાર જેમ જેમ ડેમનું કામ આગળ ચલાવે તેમ વધુને વધુ વિસ્તાર ડૂબમાં જાય. આ અંગે એવું નક્કી કરવામાં આવ્યું કે જમીન ડુબાણમાં જાય તે પહેલાં ૧૮ (અઢાર) મહિના અગાઉથી જે રાજ્યની જમીન ડૂબમાં જવાની હોય, મધ્યપ્રદેશ કે મહારાષ્ટ્ર, તેને જાણ કરવી તેમજ વિસ્થાપન કરવું પડે તેના ૬ મહિના અગાઉથી પુનર્વસનનું કામ પૂરું કરવામાં આવે. TISS રિપોર્ટની નોંધ પ્રમાણે આ વ્યવસ્થા બરાબર જળવાઈ નથી. આ વાત નર્મદા કંટ્રોલ ઓથોરિટી અને સુપ્રીમ કોર્ટના ધ્યાન પર લાવતાં વિસ્થાપન માટે નક્કી કરેલા નીતિ-નિર્ધારોનો અમલ ન થયો તે અંગે પગલાં લેવાના સ્થાને Grievance Redressal Authority (GRA)ની રચના કરવામાં આવી. આ ફરિયાદ નિવારણ કેન્દ્રને ૭ (સાત) વર્ષ કામ કરવું પડ્યું. મતલબ કે વિસ્થાપનની જટિલ પ્રક્રિયા બરાબર ચાલી નથી. આ કેન્દ્ર-(GRA) વિસ્થાપનના પ્રશ્નને વ્યક્તિગત ધોરણે ઉકેલવા પ્રયત્ન કરતું હતું.

વિસ્થાપિતની સંખ્યાની ગણતરીનો પ્રશ્ન પેચીદો રહ્યો છે.

વર્ષ ૧૯૭૯માં ૬૪૧૭ (છ હજાર ચારસો સત્તર) પરિવારો ગણ્યા હતા. ૧૯૮૬માં ડિપાર્ટમેન્ટ ઓફ એન્વાયરનમેન્ટ એન્ડ ફોરેસ્ટની ગણતરી પ્રમાણે પરિવારોની સંખ્યા ૧૩૩૩૫ (તેર હજાર ત્રણસો પાંત્રીસ) અને પરિવારજનોની સંખ્યા ૬૬૬૭૫ (છાસઠ હજાર છસો પંચોતેર)ની હતી. ૧૯૯૪માં પાંચ-મેમ્બરના જૂથે તૈયાર કરેલા અહેવાલ પ્રમાણે ૪૦૨૪૫ (ચાલીસ હજાર બસો પીસ્તાલીસ) પરિવારોની સંખ્યા ડૂબમાં જશે તેમ ગણતરી થઇ. વર્ષ ૨૦૦૬માં ભારત સરકારે (Union of India) સુપ્રીમ કોર્ટમાં કરેલા સોગંદનામામાં ૪૩૦૦૦ (તેંતાલીસ હજાર) પરિવારો ડૂબમાં જશે તેવું જણાવ્યું છે. વર્ષ ૨૦૦૨ પછી રાજ્યોનું વલણ વિસ્થાપિતોની સંખ્યા ઓછી દર્શાવવા તરફનું રહ્યું છે. હવે તો આવી સંખ્યા નહિંવત્ જ બતાવાય છે.

આમ આદિવાસીઓ કેવી મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકાઇ શકે છે, તેનો ખ્યાલ આવે છે. **સરદાર સરોવરના કારણે સૌથી વધુ વિસ્થાપન મધ્ય પ્રદેશમાં થશે. તેના ૧૯૩ (એકસો ત્રાણુ) ગામોને અસર થશે.** વર્લ્ડ બેંક, CAG તેમજ અન્ય કમિટીઓના અહેવાલો પ્રમાણે મધ્ય પ્રદેશમાં વિસ્થાપનના પ્રશ્ને લેવાવી જોઈતી કાળજી લેવાઇ નથી. ૧૯૮૫માં મધ્યપ્રદેશની સરકારે વર્લ્ડ બેંક સમક્ષ જણાવ્યું હતું કે મધ્યપ્રદેશના બધાજ વિસ્થાપિતો ગુજરાતમાં જશે. ૧૯૯૮માં રિવ્યૂ મિશનની નજરમાં આવ્યું કે મધ્યપ્રદેશે ગુજરાતમાં વિસ્થાપિતોના પુનર્વસનની દિશામાં કાંઇ જ કામ કર્યું નથી. ૧૯૮૯ એપ્રિલ, મે અને ૧૯૯૦ એપ્રિલ, મે માં મધ્યપ્રદેશની સરકારે રિવ્યૂ મિશનને જણાવ્યું હતું ડુબાણ વિસ્તારમાં જવા જેવું નથી કારણ કે ત્યાં ડેમનો વિરોધ થઇ રહ્યો છે. વર્ષ ૧૯૯૨માં વિસ્થાપન અંગેનો રિવ્યૂ રિપોર્ટ જણાવે છે કે ગુજરાતમાં જ્યાં મધ્યપ્રદેશના વિસ્થાપિતો આવીને વસ્યા હતા તેમને નવી જગ્યાના પ્રશ્નો સતાવતા હતા. મધ્યપ્રદેશની સરકાર પોતાના વિસ્થાપિતોને વસાવવા માટે માત્ર ૧૦% જમીન જ ખરીદી શકી હતી ૩૩૦૧૪ (તેત્રીસ હજાર ચૌદ) પરિવારોમાંથી માત્ર ૭૪૬ (સાતસો છેતાલીસ) પરિવારોને જ વસાવી શકાયા છે. **સુપ્રીમ કોર્ટના જસ્ટીસ કિરપાલને કહેવું પડ્યું કે મધ્ય પ્રદેશની સરકારને ડૂબમાં જનારા પરિવારોને પોતાના રાજ્યમાં જ યોગ્ય જગ્યાએ વસાવવા માટેના કામમાં કોઇ ઉતાવળ દેખાતી નથી.** કોર્ટે ત્રણેય રાજ્યોની સરકારોને ચાર અઠવાડિયામાં પુનર્વસન અંગેનો માસ્ટર પ્લાન તૈયાર કરી નાખવા જણાવ્યું હતું. મધ્ય પ્રદેશની સરકાર પર કોઇ ખાસ અસર થઇ નહોતી. ડૂબમાં જનારા પરિવારોને મધ્યપ્રદેશની સરકાર જાણે એવા સંકેત આપતી લાગતી હતી કે તમારા માટે હવે મધ્યપ્રદેશમાં કોઇ સ્થાન નથી. તમે ગુજરાતમાં જ જઇને વસો.

નર્મદા વૉટર ડિસ્પ્યુટસ ટ્રિબ્યુનલે વિસ્થાપિત પરિવારોને એમના પોતાના મૂળ રાજ્યમાં વસવા માટે હક્ક આપેલો છે. છતાં મધ્ય પ્રદેશ સરકારે વિસ્થાપિતોને એવા પત્રો મોકલ્યા કે તમારા માટે ગુજરાતમાં જમીનો ફાળવાઇ છે. આવા પત્રો દ્વારા ત્યાંના વિસ્થાપિતોને એમનું મૂળ રાજ્ય-પ્રદેશ છોડવા મજબૂર કરાયા હતા. આવા પત્રો, સરદાર સરોવર પુનર્વસન એજન્સી દ્વારા મોકલવામાં આવતા હતા. **સામાન્યજનની ભાષામાં જો બોલીએ તો આ એક પ્રકારની અસહાય આદિવાસીઓ સામેની સાંગામલબારી હતી.** સાંગામલબારી વિવિધ રીતોથી અમલી બનાવાતી હતી. સરદાર સરોવર પુનઃવસન એજન્સીની ૩૧ ડિસેમ્બર, ૨૦૦૭ની વેબસાઇટમાં જણાવાયું હતું કે મધ્યપ્રદેશના ૧૪૧૨૪ (ચૌદ હજાર એકસો ચોવીસ) ડુબાણમાં જતા પરિવારો ગુજરાતમાં મોટે ભાગે વસવા માટે જશે; જ્યારે ૨૦૦૮માં નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરિટી (NVDA)ના જણાવ્યા પ્રમાણે મધ્ય પ્રદેશના (માત્ર) ૫૮૧૫ (પાંચ હજાર આઠસો પંદર) પરિવારોએ ગુજરાતમાં વસવા જવાની તૈયારી બતાવી છે.

છેલ્લા ૫૭ વર્ષોથી પ્રકાશિત થતા ગુજરાતના સુપ્રસિદ્ધ પાક્ષિક 'ભૂમિપુત્ર'માં આ વિષયે વિસ્તૃત છણાવટમાં લેખક-પત્રકાર-એક્ટિવીસ્ટ રજનીભાઇ દવેએ પોતાનો ઉગ્ર અજંપો વ્યક્ત કરતાં નોંધ્યું છે કે આના પરથી ખ્યાલ આવી શકે છે કે. "ગુજરાતમાં સરદાર સરોવર અંગેની ચર્ચા થાય છે ત્યારે કહેવામાં આવે છે કે પાણી વિહોણા લોકોને લાભ અપાવવા કોઇકે તો ભોગ આપવો પડે ને! અને તેમને (વિસ્થાપિતોને) અન્ય સ્થળે વસવાની સારી વ્યવસ્થા તો કરી આપીએ છીએ. પછી પ્રશ્ન ક્યાં છે? ઉપરની નોંધ પરથી સ્પષ્ટ બને છે કે વિસ્થાપિતોની સંખ્યાની ગણતરી હોય કે જમીનની ફાળવણી હોય, કામ તો ગોકળગાયની ગતિથી ચાલે છે.."

(હવે પછી, ગુજરાતમાં ખાતર પર દિવેલ)

***(ક્રમશઃ)***

***મો. ૦૯૯૩૦૬ ૬૦૨૪૨***

# 69-70
# 4-COLOUR PAGES

# 69-70
# 4-COLOUR PAGES

# જીવન દર્શન

અહીં કેટલાક જીવનોપયોગી શબ્દો આપવામાં આવ્યા છે. તે કેટલા અર્થસભર છે તે તે અનુસંધાનમાં સમજાય એ ખૂબ જરૂરી છે.

❀ **જીવન :** જીવન જીવવું હોય તો દર્પણની માફક જીવો. જેમાં સ્વાગત સર્વનું, પણ સંગ્રહ કોઈનો નહીં.

જીવનની સાચી સાધનાનો અંતિમ ઉદ્દેશ તો આ છે.... મેળવવું, આપવું અને છોડી દેવું.

❀ **કાર્ય :** સારા કામમાં સફળ થતા વાર લાગે છે પણ ખરાબ કામમાં જલદીથી સફળતા મળે છે.

વધારે પડતા કાર્યનો બોજો નહીં પણ અનિયમિતતા માણસની માનસિક શાંતિને હણી નાખે છે.

❀ **પ્રેમ :** જેમ કાચું ફળ બેસ્વાદ લાગે છે તેમ છીછરો પ્રેમ ત્રાસદાયક લાગે છે.

પ્રેમનું તત્ત્વ રૂપાંતરકારી છે. તમે જેને પ્રેમ કરશો તેના જેવા જ તમે બની જશો.

❀ **શિક્ષણ :** શિક્ષણ દ્વારા ડૉક્ટરો, વકીલો, પ્રાધ્યાપકો, પ્રધાનો પેદા કરી શકાય; માણસ તો સંસ્કરણ દ્વારા જ પેદા થાય.

જે માણસ નથી તેવા ડૉક્ટર વગેરેની શું કિંમત?

❀ **સુખ :** આપણે જો સુખી થવા માંગતા હોઈએ તો તે સહેલું બને પણ આપણે તો બીજાઓના કરતાં વધુ સુખી થવું છે. અને જે બહુ મુશ્કેલ છે કારણકે તેઓ ખરેખર હોય તેના કરતાં વધુ સુખી આપણે બીજાઓને માનતા હોઈએ છીએ.

❀ **અપેક્ષા :** અલ્પદ્રવ્યનું સેવન પેટને હળવું રાખે છે. અલ્પ અપેક્ષાઓ મનને પ્રસન્નતાસભર રાખે છે.

જેની પાસે ઘણું બધું છે તે સુખી નથી પરંતુ ઘણીબધી વસ્તુ વગર જ ચલાવી શકે છે, એ જ સાચો સુખી છે.

❀ **વિચાર :** સારા વિચારો એ મહેમાન જેવા છે. આમંત્રણ આપીને મનમાં લાવવા પડે છે.

ખરાબ વિચારો ગુંડા જેવા છે. વગર આમંત્રણે મનમાં અડ્ડો જમાવી બેસે છે.

❀ **બુદ્ધિ :** બુદ્ધિ છે બાપ જેવી. એને કમાઉ દીકરો જ ગમે છે. જ્યારે હૃદય છે મા જેવું. એને કમજોર દીકરો પણ ગમે છે.

હૃદયની વિશાળતા, બુદ્ધિની મંગળમયતા અને ચારિત્ર્યની નિર્મળતા એ જ સાચી સફળતાનો પાયો છે.

❀ **મન :** પરમાત્માના અસ્તિત્વને માનવામાં મનને ખાસ તકલીફ પડતી નથી પણ પરમાત્માનું માનવામાં મન ખળભળ્યા વગર રહેતું નથી. આળસુ મન શેતાનનું ઘર છે.

❀ **વાણી :** બીજાની જીભ અને તમારા કાન કામમાં લેશો તો તમને જીવનમાં કામ આવે તેવી ઘણી વાતો જાણવા મળશે.

મીઠા બોલ બોલજો. એટલે મીઠા પડઘા સંભળાશે.

❀ **ધન :** વૈભવ, વ્યસન અને વ્યાજ વહાલા થઈને કરશે તારાજ. વધારશો તો ખોશો લાજ; ઘટાડશો તો કરશો રાજ.

ઉદાર હૃદય વિનાનો પૈસાદાર માણસ ભિખારી છે.

ધન ખાતર જેવું છે એને ફેલાવી ન દો તો તે ગંધાઈ ઊઠે છે.

❀ **કરુણા :** બીજાના હિતમાં પરોવાયેલા સજ્જન વિનાશ થાય તો પણ વેરવૃત્તિ પામતો નથી. ચંદનનું વૃક્ષ કાપતા પણ કુહાડીની ધારને સુવાસિત કરે છે.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

## વિચાર કણિકા

૧. **તમારી બુદ્ધિ :** આવેગને નહીં પણ વિવેકને અનુસરનારી હોવી જોઇએ.
૨. **તમારું હૃદય :** તમારાથી પાછળ રહેલાઓ માટે કરુણાળુ હોવું જોઇએ.
૩. **તમારી શ્રદ્ધા :** જીવનનાં મંગળ તત્ત્વો ઉપર હોવી જોઇએ.
૪. **તમારી ધર્મભાવના :** માનવકેન્દ્રી અને વૈશ્વિક હોવી જોઇએ.
૫. **તમારો આદર :** વ્યાપકહિત માટે ઝઝૂમનારા પ્રત્યે હોવો જોઇએ.
૬. **તમારો વિશ્વાસ :** લોકશાહી અને સ્વતંત્રતા માટે હોવો જોઇએ.
૭. **તમારું સ્થાન :** સત્તામાંથી નહીં પણ પ્રેમમાંથી જન્મેલું હોવું જોઇએ.
૮. **તમારો વ્યવસાય :** તમને સાત્ત્વિક આનંદ આપનારો હોવો જોઇએ.
૯. **તમારી કાર્યપદ્ધતિ :** બંધુતા અને સહકારલક્ષી હોવી જોઇએ.
૧૦. **તમારા મિત્રો :** સાચું કહેનારા અને દુઃખમાં ભાગીદાર હોવા જોઇએ.
૧૧. **તમારા જીવનસાથી :** ઉદાર અને સમજદાર હોવા જોઇએ.

*- મનસુખ સલ્લા*

*નિવૃત્ત આચાર્ય, લોકભારતી સણોસરા ('નયા માર્ગ' તા. ૧-૧૧-૦૯ અંકમાંથી)*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

## મનોવૃત્તિ

★ જ્યારે નાઝીઓ સામ્યવાદીઓને પકડી ગયા ત્યારે હું ચૂપ રહ્યો-કારણ કે હું સામ્યવાદી ન હતો.

★ જ્યારે નાઝીઓએ ડેમોક્રેટ્સને કેદ કર્યા ત્યારે હું ચૂપ રહ્યો-કારણ કે હું ડેમોક્રેટ ન હતો.

★ જ્યારે નાઝીઓએ વ્યાપારી સંઘોના પ્રતિનિધિઓને પકડ્યા ત્યારે હું ચૂપ રહ્યો-કારણ કે હું એ સંઘનો સભ્ય ન હતો.

★ જ્યારે નાઝીઓએ યહૂદીઓ પર અત્યાચાર કર્યા ત્યારે હું ચૂપ રહ્યો-કારણ કે હું યહૂદી ન હતો.

★ જ્યારે નાઝીઓ મને પકડવા આવ્યા ત્યારે હું કશું ન કરી શક્યો-કારણ કે મારો બચાવ કરનારું કોઇ બચ્યું ન હતું.

*- વિક્ટર ફ્રેન્કલ*

આજ મનોવૃત્તિને કારણે આપણે ગુલામ બન્યા, ને ૭૫૦ વર્ષ ગુલામ રહ્યા અને આ જ માનસિકતાને કારણે ભવિષ્યમાં આપણે ગુલામ બનીએ એવી શક્યતા છે.

*શાંતિલાલ સંઘવી*

# ધૂળે ઢંકાયેલાં રત્નો

આપણે શહેરની એપાર્ટમેન્ટ જીવનશૈલીને અપનાવી છે એને કારણે પડોશીઓ સાથે નિકટતા કેળવવાનું અને એની મધુરપ માણવાની તક આપણે ગુમાવી બેઠા છીએ. ઇ.સ. ૨૦૦૮ના ચાતુર્માસ દરમિયાન મારા ગામ લૂણી, કચ્છ ખાતે મારું રહેવાનું થયું ત્યારે ફળિયાના સહજીવનને માણવાનો અનેરો મોકો મને અનાયાસે મળી ગયો. ચાતુર્માસ દરમિયાન ફળિયાના એકાદ અપવાદ સિવાય બધા ઘર ખૂલી ગયા હતા. આ સહવાસ દરમિયાન ધૂળે ઢંકાયેલા ત્રણેક જેટલા રત્નોના પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું.

ફળિયામાં મારા પડોશમાં રહેતા માવજીભાઇ જીવનની પ્રારંભિક કઠણાઇઓને પાર કરી, કેટલાક વર્ષોના પરિશ્રમ પછી ધંધાર્થે સ્થિર અને સુખી થયા હતા. કુટુંબ વત્સલ માવજીભાઇએ પોતાના ભાણેજ પ્રફુલ તથા કેટલાક કુટુંબીજનોને ધંધામાં સાથે રાખી એમને જીવનમાં સ્થિર થવામાં સારી મદદ કરી હતી. જીવન સુખરૂપ વહી રહ્યું હતું. ત્યાં અચાનક માવજીભાઇએ પોતાના ધર્મપત્નીને ખોયા. એમના અવસાન બાદ થોડા સમયમાં સ્વસ્થતા પ્રાપ્ત કરી વહેવારકુશળ માવજીભાઇ પોતાના ચારે સંતાનોને પરણાવી પોતાની એ અંગેની જવાબદારીથી મુક્ત થયા. સમય વહી રહ્યો હતો ત્યાં તો એમના પર લકવાના હુમલાનો બીજો વજ્રઘાત થયો; જેથી એઓ પંગુ બની ગયા અને પોતાની યાદદાસ્ત બિલકુલ ખોઇ બેઠા.

આજકાલ કરેલ ઉપકારોને તરત જ ભૂલી જનારા નગુણાઓની સંખ્યા ખૂબ જ વધી રહી છે ત્યારે માવજીભાઇના સદ્‌ભાગ્યે એમના પુત્ર હેમંત, પુત્રવધૂ ભાવનાબહેન, ત્રણ પુત્રીઓ અને એમનો ભાણેજ પ્રફુલ્લ સહિત એમના પરિવારજનો એમની લાચાર અવસ્થામાં એમના પડખે અડિખમ ઊભા રહ્યા. **આજે જીવનમૂલ્યોનું ધોવાણ થયું છે ત્યારે આ પરિવારનું આદર્શ દૃષ્ટાંત આપણને સૌને પ્રેરણા આપે એવું છે.**

ચાતુર્માસ દરમિયાન માવજીભાઇ પણ લૂણી બધા સાથે રહે જેથી એમને કુટુંબની હૂંફ મળી રહે એ હેતુસર એવું નક્કી કરવામાં આવ્યું કે સંબંધકર્તા સૌએ વારાફરતી લૂણી આવી માવજીભાઇની સેવા કરવાનો લાભ લેવો. **સેવા કરનારાઓમાં સૌથી અગ્રેસર કોઇ વ્યક્તિ હોય તો તે માવજીભાઇની પુત્રવધૂ ભાવનાબહેન.** એકલે હાથે નાજુક શરીરવાળી પુત્રવધૂ ભાવનાબહેન પોતાનાથી વધુ વજનવાળા શ્વસુર માવજીભાઇના પુરુષદેહને કોઇપણ જાતના અણગમા કે સ્ત્રીસહજ સંકોચ વગર ઊંચકી લે, એમને વ્યવસ્થિત રીતે પથારીમાં ગોઠવીને પલંગ પર સૂવડાવી દે, મા બાળકને ખવડાવે તેમ પંગુ શ્વસુરને ખુરશી પર બેસાડી કોળિયા ભરાવી પ્રેમથી જમાડે, એમનું મોઢું તથા શરીર પાણીથી ધોઇ ટુવાલથી લૂછી સાફ કરી આપે – આ તથા આવી અનેકવિધ સેવાઓ દીકરીની જેમ ખડે પગે ઊભી રહીને કરે. એ જોઇને હું તો દંગ જ રહી ગયો. પર્યુષણ પર્વ દરમિયાન પોતે આઠ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી ત્યારે પણ ભાવનાબહેને શ્વસુરની આ સેવાઓ કરવાનું, કોઇ જાતનો ભંગ કર્યા વગર ચાલુ રાખ્યું હતું. **ખરેખર સેવાઓની આ પરાકાષ્ટા હતી અને એમાં ઉચ્ચ કોટિનું બાહ્યાંતર અને અભ્યંતર તપ મને દૃષ્ટિગોચર થયું.**

થોડા દિવસ પછી પુત્રવધૂ ભાવનાબહેનને પોતાના પુત્રના શિક્ષણ અર્થે શ્વસુરની સેવા પોતાના પતિ હેમંતને સોંપી મુંબઇ જવાનું થયું ત્યારે જે હૃદયદ્રાવક દૃશ્ય સર્જાયું એને હું ક્યારે પણ ભૂલી શકીશ નહીં. વિદાય લેતી વેળાએ ભાવનાબહેન બીમાર શ્વસુરને ગાલે હાથ ફેરવતી ફેરવતી કેટલીક મિનિટો સુધી સતત રડતી રહી અને આજુબાજુ ઊભેલા સૌને રડાવતી રહી. રડતી જાય અને બિમાર શ્વસુરને કહેતી જાય, 'શરીરની સંભાળ રાખજો; હું જલદીથી દિવાળીની રજાઓમાં તમારી સેવામાં આવી જઇશ.' ખરેખર પોતાના આ વચનને પાળવા ભાવનાબહેન અને અન્ય પરિવારજનો ૨૨મી ઓક્ટોબર, ૨૦૦૮ના રોજ ટ્રેન દ્વારા કચ્છ જવા નીકળી ચૂક્યા હતા પણ એઓ બધા લૂણી પહોંચે તે પહેલા માવજીભાઇ આયુષ્ય પૂર્ણ કરી ગયા હતા. પરમકૃપાળુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે.

**ભાવનાબહેન જેવી આદર્શ પુત્રવધૂઓ, હેમંત જેવા સંતાનો, પ્રફુલ જેવા ભાણેજ તેમજ જરૂર પડ્યે સહકારનો હાથ લાંબો કરતા કુટુંબીજનો માવજીભાઇની જેમ વધુને વધુ પરિવારોને પ્રાપ્ત થાય અને એ દ્વારા વધુને વધુના જીવનબાગ મઘમઘતા બને એવી પ્રાર્થના હું મનોમન કરતો રહ્યો.**

*૪૦૯, હિંદ રાજસ્થાન બિલ્ડિંગ, ૪થે માળે, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : ૨૪૧૦૫૫૦૦, ૨૪૧૦૪૨૨૨, (રહે.) ૨૪૧૪૪૦૧૦, ૨૪૧૪૫૧૬૧*

***'પંથે પંથે પાથેય'માંથી સાભાર***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

# મારા મુલાકાતીઓ

• ડૉ. ગિરીશ વીછીવોરા •



હોસ્પિટલમાં દાખલ થવાની બહુ જરૂરત ન હતી. મોટા સાહેબને લાગ્યું તે સાચું. ઘરે ટ્રીટમેન્ટ થઇ શકે એમ હતું. મેડિકલ કૉલેજમાં નવોસવો દાખલ થયેલો. ડૉક્ટરી ભણનાર વિદ્યાર્થીની છાપ લાગી ગયેલી એટલે સહેજે વધુ ધ્યાન અપાય ને એમાં ક્યારેક વાતનું વતેસર પણ થાય.

વોર્ડમાં દાખલ થવાના પેસેજની આજુબાજુ બે ખાસ કમરા આવે. એમાં હોસ્પિટલના ડૉક્ટરો કે વિદ્યાર્થીઓ માંદા પડે ને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂરત લાગે તો ત્યાં રાખે સ્પેશિયલ રૂમ.

મને અપાયેલ રૂમ મોટો. બે દરવાજા ને એક મોટી બારી. હવા ઉજાસ મબલખ. બારી બારણા પર ધવલ પડદા. બીજો પલંગ હતો પણ દર્દી એકજ. દિવસ કે રાત દરમિયાન એ રૂમમાં ચકલું ન ફરકે. સારવાર કરનાર ડૉક્ટર કે નર્સ આવે ને ક્યારેક ગપ્પા મારવા ચડી આવતા સહવિદ્યાર્થીઓ કે મિત્રો આવે. ખાવાનું પણ સ્પેશિયલ. કંઇ ખાવાનું મન થાય, વોર્ડ સીસ્ટરને કહીએ તો બહુધા એની પણ વ્યવસ્થા થાય. આખો દિવસ ને રાત આરામ કરો, ઊંઘો યા વાંચો. કોઇ વાળ વાંકો ન કરે. સોનાની થાળીમાં લોઢાની મેખ હતી જ ને તે મુલાકાતીઓનો સમય. સાંજના ચાર થી છ. એ બે કલાકમાં અવનવા અનુભવ થતા, વ્યક્તિની માનસિક હાલત જે એનો મારા પ્રત્યેનો અભિગમ સમજાતાં. બે કલાકને અંતે બહુધા થાકીને લોથપોથ થઇ જતો.

કોઇ મુલાકાતી જેવો કમરાની અંદર દાખલ થાય કે એનું બારીકાઇથી નિરીક્ષણ કરે. ખાટલો, એની પરનું ગાદલું, ચાદર, રજાઇને ઓશીકાને ફંફોસે. નેપકીનને નીરખી પોતાના વદન પરનો પસીનો પણ લૂછી કાઢે. બેસીનનું નળ ખોલી ખાતરી કરે કે પાણી આવે છે કે નહિ. અરીસામાં જોઇ ટોપી ઠીક કરે. બારીનો પડદો હટાવી બહારના દૃશ્યનું વિહંગાવલોકન કરે. બધું પત્યા બાદ પોતાની વેપારીદૃષ્ટિથી કયાસ કાઢે કે એ રૂમ અને ખાટલાનું કેટલુંક ભાડું હશે, ને કહે. જેવી એને ખબર પડે કે બધું મફત છે કે મોં ફાડી, આંખો પટપટાવી બીજા સામે જોયા જ કરે. મનમાં ખરાખોટાની ચાલતી અવઢવનો આપણને અણસાર આવે. એને મારી તબિયતની હાલત સાથે સ્નાનસૂતક ન હોય. બીજો મુલાકાતી ભટકાઇ જાય તો સહેજે કહેશે, બધું ધર્માદા છે.

દક્ષા ચાચી તો હમણા જન્મ્યાં. મારા એવા એક ચાચી હતા. દરવાજામાં એન્ટ્રી માર્યા બરાબર અર્‌ર્‌ર્‌ થાય તે એટલે સુધી પહોંચે કે જાણે એ મારી મરણ પથારી હોય. પણ તું માંદો કેમ પડ્યો? સીધો સવાલ કરે. આજના છોકરા, ખાવાપીવાના ઠેકાણા ન હોય પછી માંદા ન પડે તો શું થાય! બહાર જતાં જતાં રીતસર ધમકાવી સંભાળ રાખવાનું કહેતા જાય. એમને શી બીમારી છે એની કંઇ નિસ્બત ન હોય.

કોઇક આવે તેવા જ અવાચક બની ચહેરા પર બને એટલા કરુણાભાવ ઉપસાવી મારી સામે જોતા જ રહે. ન બોલે ન ચાલે. દૃષ્ટિભંગ પણ ન કરે. પોતાની હસ્તિથી આપણા પર સંપૂર્ણ વર્ચસ્વ જમાવી દે. હરામ બરોબર એક હરફ એમના મુખમાંથી સરે. જાણે કોઇ કાણમાં આવ્યા હોય ને દુઃખ સહન ન થતું હોય તેમ વારેવારે લાંબા ઉચ્છ્વાસ કાઢતા રહે. વિદાય લે.

હોય નહિ! આવા લાલચોળ હોઠને હફોડફો બની ભલે ખાટલે બેઠો છે, એને નખમાં રોગ નથી. હોસ્પિટલ વિના ખર્ચે બધી સગવડ આપે તો શું કામ લાભ ન લેવો. લ્યો ભાઇ લ્યો. બાકી બીમારી ફિમારી જેવું કંઇ લાગતું નથી. પોતાનો અતિત જેવો અભિપ્રાય આપી ચાલતા થનાર પણ નીકળે.

હું બહુ જ દિલગીર છું. હૃદયના ઊંડાણમાંથી શોક વ્યક્ત કરતા એક વડિલ ખુરશી પર બેસતાં બેસતાં બોલ્યા. એમની દિલગીરીએ ગ્લાનિનું રૂપ પકડી લીધું. આટલું બોલી, વાતાવરણ ભારેખમ કરી પોતે તો ચૂપ થઇ ગયા, એમની દિલગીરીનો ચેપ બીજાને પણ લાગ્યો ને થોડીવાર મને રાહત થઇ.

કહો જોઇએ આમ કેમ થયું? આમ બીમાર પડો તે કેમ ચાલે? કોઇ પોલીસ ઇન્સ્પેક્ટરની અદાથી એક નજદીકના સગાએ પોતાનું આસન મારા પલંગ પર જ જમાવ્યું. ચૂપ રહી શકું એમ નો'તું. એમને અથથી ઇતિ સુધીની ઝીણામાં ઝીણી મારી માંદગીની માહિતી જોઇતી હતી. ઇલાજ સાથે એમને નિસ્બત નો'તી. વાતવાતમાં વાંસામાં ધબ્બો મારતા જાયને હું કહી પણ ન શકું કે ગમે તેવો પણ હમણાં બીમાર વ્યક્તિ છું. રોગની રામાયણ બધાને કહી કહી ક્યારેક મારું ગળું બેસી જતું. ઘરના જે હાજર હોય ને બોલે તેનો છડેચોક ઉપાલંભ કરે ને કહે, તું જ કહેને, તારા સ્વમુખેથી સાંભળવું સારું.

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૯ ઉપર)

*શ્વાસ તે પ્રાર્થના છે, ને ઊંઘ તે શરણાગતિ, શ્રમ તે દેવ-પૂજા, ને કર્મ તે પરમા ગતિ!*

(લેખાંક-૪)

# પુનઃ સ્થાપન

• પ્રા. પૃથ્વી શાહ •

એનું જીવન પાછલા ચારેક વરસથી આંટીઘૂંટીવાળું બની ગયું હતું. યાતનાપૂર્ણ અને સંઘર્ષમય બન્યું હતું. ક્યારેક થાય કે એની સાથે આવી ક્રૂરતા શા માટે થતી હશે? પોતાના ઘરના ઘરમાંથી આમ રસ્તા ઉપર કોઇ સહારા વિના જીવવાનું. એકલવાયાપણું, કોઇની હૂંફ નહિં, બે સારા શબ્દ સંભળાવનારું કોઇ નહિં. પોતાની સામે દિવસે સૂર્ય ઝળહળતો હોવા છતાં જીવનમાં માત્ર અંધકાર. નસીબ પણ કેવા ખેલ દર્શાવી શકે છે! અલબત્ત એ જ નસીબ આવી હાલાકીમાંથી એવી જગ્યાએ ખેંચી લાવે છે જ્યાં પોતીકું કોઇ ન હોય છતાં પ્રેમાળતાથી માવજત કરી યાતનાભરી જિંદગીમાંથી બહાર કાઢી એક દિવસ પાછલી મૂળ જિંદગીના દરવાજા ખોલી આપી પોતાનાઓની સાથે પુનઃસ્થાપન કરાવી આપે છે. આવો રસપ્રદ કિસ્સો અમદાવાદની સરકારી માનસિક આરોગ્યની હોસ્પિટલમાં બન્યો છે.

નીતિન પૂના નજીકના ચીંચવડમાં સંયુક્ત કુટુંબમાં રહેતો. માતા-પિતા બન્નેની ઠીક-ઠીક નોકરી. એક ભાઇ ઇજનેર. બહેન સી.એ.નો અભ્યાસ કરે. નીતિને બારમાં ધોરણની પરીક્ષા માટે ખૂબ સારી મહેનત કરેલ, પરંતુ સારું પરિણામ લાવવાની ચિંતામાં તે અટવાયો. **પરિણામ વિપરીત આવ્યું. વિપરીત પરિણામની નીતિનના મન પર ઘેરી અસર થઇ. તે ઘરમાં ગૂમસૂમ બેસવા લાગ્યો. સૂનમૂન થવા લાગ્યો.** સમજુ વડીલોએ તાત્કાલિક નીતિનની સારવાર પ્રત્યે લક્ષ આપ્યું. ઘરમાં તેના પર કામનો બોજ નંખાતો નહિં, પરંતુ દવાની અસર થાય એ પહેલાં ફરી નીતિન સાથે કુદરતે ખેલ કર્યો. નીતિન માનસિક રીતે છિન્ન-ભિન્ન થાય એવો ખેલ. નીતિન પોતાની જાતને જ ભૂલી જાય એવો ખેલ.

વર્ષ ૨૦૦૫ના જુલાઇમાં પૂનાની આસપાસ ભારે વરસાદ પડ્યો. એ દિવસે કોઇને કહ્યા વિના નીતિન ઘર છોડી બહાર નીકળી ગયો. ક્યાં જવું એ સમજ્યા વિના તે ચાલવા લાગ્યો. રસ્તા ઉપર રખડવા લાગ્યો. નીતિન પોતાના મનની ગડમથલને સમજી શકતો ન હતો. વરસાદને લીધે શહેર ખામોશ જેવું ભાસતું હતું. તેથી પડોશીઓએ નીતિનને બહાર જતા જોયેલ નહિ. રખડતા તે ઘરથી જ નહિ સોસાયટી અને ગામથી પણ દૂર નીકળી ગયો.

સાંજે મા-બાપ નોકરીએથી પરત આવ્યા. નીતિન ન દેખાતા તમામ રૂમમાં તપાસ કરી. નીતિન ન મળતાં સૌ બેબાકળા થયા. વરસતા વરસાદમાં નીતિનની શોધખોળ આરંભી. આખરે થાકી પુત્ર ખોવાયાની પોલીસ ફરિયાદ નોંધાવી. પુત્ર ખોવાયા અંગે વર્તમાન પત્રોનો સહારો પણ લીધો. પુત્ર ગુમ થયા બાબતના સમાચાર વર્તમાનપત્રમાં ફોટા સાથે છપાયા. પણ માત્ર નિષ્ફળતા સાંપડી. **જે પુત્ર કેટલાય વખતથી ઘરની બહાર નથી નીકળ્યો, સિનેમા જોવા નથી ગયો, ફરવા પણ નથી ગયો એ ક્યાં ચાલ્યો ગયો હશે એની ચિંતામાં કેટલાય દિવસ જાગતા વિતાવ્યા. અનિંદ્રામાં વિતાવ્યા.** ભૂતકાળને યાદ કરી વિતાવ્યા. કેટલીય રાત્રીનું એકાંત મા-બાપને પીડાકારક રીતે વિતાવવું પડ્યું. કેટલીય રાતો વ્યગ્રતાભરા ઉજાગરામાં વિતાવી. નીતિનના ઘરનું વાતાવરણ કેટલાય દિવસ ગમગીન રહ્યું. સૌની આંખો રડ્યા બાદ સૂની રહી.

સમય પસાર થતાં આખરે મા-બાપે માની લીધું કે ખોવાયેલ નીતિનનો હવે ક્યારેય મેળાપ નહિં થાય. તે માત્ર આંખનું સપનું બની ચૂક્યો છે. હવે માત્ર તેની તસવીર જોઇ સંતોષ માની દિવસો ગુજારવાના છે.

નીતિન કુટુંબથી, પરિચિતોથી, જાણીતા ચહેરાઓથી સંપૂર્ણ વિખૂટો પડ્યો હતો. એકલવાયો બન્યો હતો. અજાણી જગ્યાએ અજાણ્યો બન્યો હતો. નીતિનનું સુખ ખોવાયું હતું. ભવિષ્ય ભૂલાયું હતું. તે રસ્તાની ઠોકર ખાઇ રહ્યો હતો. એની સૂઝ, સમજ અને યાદશક્તિ સમયની સાથે નાશ પામ્યા હતા. તોફાનમાં સપડાયેલ વહાણની માફક એ દિશાવિહીન બની ભટકતો હતો. કેટલાય દિવસ અપમાનિત થતો, લોકોથી હડધૂત થતો, હાંસીપાત્ર બનતો ભૂખ્યો-તરસ્યો ચાલ્યો હતો. આખરે ભીખ માંગી ગુજરાન ચલાવવાનું શરૂ કર્યું હતું.

**એક દિવસ અમદાવાદના એક સામાજિક કાર્યકરે તેને કાલુપુર વિસ્તારમાં ભીખ માંગતો જોયો.** નીતિનના ચહેરા પાછળ છુપાયેલ માસુમિયત તેમને સ્પર્શી ગઇ. તેમને મનોમન થયું કે આ વ્યક્તિ જન્મજાત ભિખારી જણાતો નથી. કોઇ વ્યવસ્થિત ઘરનો માનસિક અસ્થિર વ્યક્તિ જણાયો. નીતિનને તેમણે ચા-બિસ્કીટ ખવડાવ્યા. સામાજિક કાર્યકરે માનસિક આરોગ્ય હોસ્પિટલના મનોચિકિત્સક સામાજિક કાર્યકર શ્રી ગિરીશભાઇ ત્રિવેદીનો સંપર્ક સાધી બીના જણાવી અને નીતિન માટે હોસ્પિટલમાં દાખલ થવાનો રસ્તો ખૂલ્યો.

હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ શ્રી ગિરીશભાઇએ વિધિવત નીતિનની પૂછપરછ આરંભી. પ્રારંભમાં તે માત્ર પોતાનું નામ જણાવે પરંતુ મમતાભરી પૂછપરછ બાદ તેણે પિતાનું નામ અને પૂનાની નજદીક ચીંચવડનો વતની હોવાનું જણાવ્યું. સ્વાભાવિક છે કે પ્રારંભમાં માનસિક અસ્થિર વ્યક્તિ યોગ્ય સુધબુધ ન હોવાથી પૂછનારની સામે શંકાસ્પદ રીતે જોયા કરે, નીતિન તો ચારેક વરસથી ઘરથી અળગો થયો હતો. અને છેલ્લે ભીખ માંગી પોતાનું ગુજરાન ચલાવતો હતો. શરીરે કૃશ થયો હતો. તેના ચહેરાનું નૂર પણ કંઇક અંશે હણાયું હતું. રઝળપાટે તેને ક્ષય કર્યો હતો. થકવી નાખ્યો હતો. વાસ્તવમાં તે

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૬ ઉપર)

*પૂછો ના રૂપ કે કુળ, પૂછો ગુણ અને શીલ, પૂછો ના પદ કે નાણું, પૂછો યત્ન અને શ્રમ!*

# પ્રેરણામૂર્તિ નારી

(સત્ય ઘટના)

• હીરાભાઈ શાહ •

નારી બચપનમાં પિતાની આશ્રિત, યુવા અવસ્થામાં પતિની, વૃદ્ધાવસ્થામાં સંતાનોની આશ્રિત. મોટાભાગની આવી આશ્રિત, અબળા નારીને 'લાડકી' પ્રેરણા આપતા, કહે છે કે, નારી તું નારાયણી છો. ઊઠ, જાગ, દુનિયા વિશાળ છે. ભાગ્યમાં શું લખ્યું છે, તેનો વિચાર પડતો મુક. આત્મવિશ્વાસ મનોબળ, પોઝિટિવ થીન્કિંગ. આ લેપટોપ, કોમ્પ્યુટર યુગમાં મહેનત કરી, સ્વાવલંબી બન.

'લાડલી'ની આ સત્યઘટના છે.

- **બચપન :**

બા, ઓ બા. ઊઠ્યો, મારો લાડલો. દાદીમાં હાથમાં લીધેલ બધું કામ પડતું મૂકી, લાડલીની પથારી પાસે જાય. બેઠો થા. હવે શું કરવાનું? નવકાર મંત્ર. હવે? પલાંઠી વાળી, આંખ બાંધ કરી, બે હાથ જોડી, ઉપર નજર નાખીને, શું કહેવાનું? હે દાદા દિવસ ઉગ્યો છે. દિવસ પસાર કરવાની જવાબદારી તારી છે. શાબાશ મારા દીકરા.

દાદીમા અને લાડલીનું આ નિત્ય ક્રમ.

દાદીમાની ફરજ શાળામાં મૂકવા લઇ જવાની.

લાડલી, ભણવામાં હોંશિયાર. લંગડી, હુતુતુ, એ પ્રિય રમત. હારીને આવવું શીખી જ ન હતી. જ્યારે હારે ત્યારે ઉદાસ થઇ ખૂણામાં બેસીને રડી પડે. આમ લાડલીનું બચપન વીત્યું.

- **યુવાની :**

બાપુની બદલી અમદાવાદ થઇ. મારે અમદાવાદ નથી જવું. બા હું તમારી પાસે અહીં જ રહીશ. બા, બાપુજી ભલે જાય. લાંબી રજાઓમાં અમદાવાદ એકલી જાય અને આવે.

ઉચ્ચ અભ્યાસ માટે બાના આગ્રહને વશ થઇ અમદાવાદ આવી. જાણીતી કન્યાશાળામાં દાખલ થઇ.

લાડલીને વાંચવાનો શોખ. લેંગ લાઇબ્રેરીમાં મેમ્બર. અઠવાડિયામાં બે નવલકથા. રાત ઉજાગરા કરીને વાંચવાનું. રમણલાલ દેસાઇ, ધૂમકેતુ, સોપાન, હરકિશન મહેતા, ગુણવંતરાય આચાર્ય પ્રિય લેખકો. વાંચનને કારણે લખવામાં હથરોટી આવી. ટૂંકી વાર્તા, મેગેઝીનોમાં છપાવા માંડી. લેખન ઉપરાંત શાયરીનું ગજબ આકર્ષણ. બાલકનજી-બારીમાં પ્રવેશ કરે ત્યાં બાળકો, લાડલીને તાળીઓથી વધાવી લે.

કાર્યક્રમ પૂરો થાય ત્યાં ફરમાયશ એક શાયરી થવા દે. હવે લાડલી ગ્રેજ્યુએટ. કૉલેજની ડિગ્રી મળી. નવરા નથી બેસવું. નોકરી કરવી છે. બાપાનો આગ્રહ, કારકિર્દી કરતાં લૉ ગ્રેજ્યુએટ થઇ જા. ઍડવોકેટ સાથે ત્રણ વરસ ગાળ્યા પછી મેજિસ્ટ્રેટની નોકરી મળી જશે.

સમય વીતતા, જ્ઞાતિના સંયુક્ત કુટુંબના ધર્મપ્રેમી યુવક સાથે લગ્ન થયા. બે બાળકીનો જન્મ થયો. પતિને અમેરિકા જવાનું થયું. ટૂંક સમયમાં લાડલી અને બે નાની પુત્રી અમેરિકા પહોંચ્યા.

પતિને સ્ટોરમાં નોકરી, ઘરે આવીને સૌ સાથે જમે. વીક એન્ડમાં ફરવા જાય. સુખના દિવસો ક્યાં પસાર થવા માંડ્યા ખબર ન પડી.

સુખના દિવસોમાં કોની નજર લાગી. ૨૫મી જાન્યુઆરીનો દિવસ. પોસ્ટ ઓફિસમાંથી ખબર મળ્યા કે, અમુક જગ્યાએ તાત્કાલિક ચાર્જ લઇ લેજો. સરકારી નોકરી, ઘરે લાપસીનું આંધણ મુકાયું. ૨૬મી એ રાત્રે, સૂરજ ડૂબવાની તૈયારી કરતો હતો. સ્ટોરની ચાવી માલિકને આપતાં પહેલાં થોડુંક કામ હતું તે પૂરું કરવાનું હતું.

શેઠને આવતીકાલથી નહીં આવું અને હિસાબના પૈસા આપી દેવા જવાનું હતું ત્યાં સ્ટોરમાં ચાર કાળીયા આવ્યા. જોઇતી વસ્તુ લીધી. વસ્તુના પૈસા માગ્યા. પૈસાને બદલે ઠા, ઠા, ઠા ચાર ગોળીઓ સીના ઉપર, ત્યાંને ત્યાં ઇશ્વરે પ્રાણ લઇ લીધા. આ બાજુ જમવાની તૈયારી, ખુશીનો દિવસ. ૨૬મી જાન્યુઆરી ભારત માટે આઝાદીનો દિવસ. લાડલી અને બે માસૂમ બાળકો માટે જિંદગીનો અશુભ દિવસ.

લાડલી ડિપ્રેશનમાં. સ્વસ્થ થવા માટે અમદાવાદ બે વરસની મુદત લઇને આવ્યા.

અનેક મુશ્કેલી, હાડમારી, ડિપ્રેશન. શું કરવું અને શું ન કરવાનું. નાની બે બાળકીઓ પિતા વગર કેમ મોટી કરીશ?

સગાંવહાલાં, ઓળખીતા વગેરેનો આગ્રહ, હજુ તું નાની છો. પુનઃ લગ્ન કરી લે. જેથી સંતાનોને બાપની ખોટ ન સાલે. પરંતુ વિચાર કરતા કરતા લાડલીને લાગ્યું કે, પરાયા એ પરાયા. મારે બીજા લગ્ન નથી કરવા. માતા અને પિતાનો પ્રેમ આપીને છોકરીઓને મોટી કરીશ.

મુદત પૂરી થતાં ફરી અમેરિકા ગઇ. બંને બાળકીઓને એના માતા-પિતા પાસે અમદાવાદ રાખી થોડાક દિવસ સગાને ત્યાં રોકાણી. સવાર પડે, ચાલીને નોકરી માટે એક સ્ટોરથી બીજા સ્ટોરમાં. NO VACANCY બોર્ડ વાંચીને નિરાશ થાય. ખાધા પીધા વગર ભૂખ લાગે ત્યારે એક બ્રેડથી ચલાવી લે. દિવસો વીતવા માંડ્યા. અમેરિકન અંગ્રેજી ભાષા આવડે નહીં. અમુક સ્ટોરમાં અર્ધા કલાક, બે કલાક કે ચાર કલાકની નોકરી મળે તો સ્વીકારી લે.

દિવસે દિવસે અનુભવ થવા માંડ્યો. પછી તો ત્રણ મહિનાનો ઓર્ડર મળ્યો. સમય વીતવા સાથે પાર્ટટાઇમ બે-ત્રણ જગ્યાએ નોકરી કરવા માંડી.

છોકરીઓ યાદ આવી. પંદર દિવસની રજા લઇ છોકરીઓને લઇ ગઇ. નાની એક

*સુખ દુઃખ તણી વ્યાખ્યા, ટૂંકમાં કહું, સાંભળો, પરાધીનપણું દુઃખ, સુખ સ્વાધીનતા મહીં!*

રૂમ ભાડે લીધી. બંને છોકરીઓને સ્કૂલમાં દાખલ કરી. બંનેને આંગળી પકડી સ્કૂલે મૂકી આવે, લઇ જાય અને સાથે જોબ પણ કરતી થઇ ગઇ.

- **પ્રૌઢ :**

છોકરી બંને મોટી થવા માંડી. અમેરિકન અંગ્રેજી ફટાફટ બોલવા લાગી. બંને સમજુ. મમ્મીને કષ્ટ પડે છે. સમજી ગયા. કષ્ટ દૂર કરવા બંનેએ નોકરીની તપાસ કરી. લેપટોપ કોમ્પ્યુટરની મદદથી બંનેને ત્રણ ત્રણ માસ, છ માસ કે વધારેની નોકરી મળતી થઇ. હવે ઘર વ્યવસ્થિત રીતે ચાલવા માંડ્યું. ફક્ત બ્રેડ બટર, ચા ને બદલે, ઘરમાં રસોઇ શરૂ કરી રોટલી, દાળ, ભાત, ખાવાનું શરૂ કર્યું. બંને બાળાઓએ નોકરીની સાથે આગળ ભણવાનું ચાલુ રાખ્યું.

મોટી બેબીએ કહ્યું, મમ્મી, આમ આપણે કેટલા દિવસો કાઢીશું. નાનો રૂમ, ઠંડીમાં પાથરવાનું અને ઓઢવાનું એકજ. ત્રણેયની હૂંફમાં. આપણે બે બેડરૂમનાં મકાનમાં રહેવા જઇએ તો. અમારી આવકમાંથી ભાડું આપીશું. સૂચનનો અમલ થયો. નાની બેબીએ કહ્યું, મમ્મી, તારી સવારના ચાર વાગ્યે જોબ. મારી બપોરના- અને દીદીની સાંજે. બસમાં ટાઇમ વધારે જાય છે. મોડા પડીએ તો પોઇન્ટ મળે છે. એક ગાડી વસાવીએ તો? વિચારનો અમલ થયો. લેટેસ્ટ મોડલની ગાડી વસાવી. સમય જતાં, મોટી બેબીએ કહ્યું કે, હવે આપણી આવક સ્થિર થઇ છે. પપ્પા-મમ્મીને બોલાવીએ. આપણી સાથે રહે અને ત્રણ બેડ રૂમનું મકાન ભાડે લઇએ. એ વિચારનો પણ અમલ થયો.

ત્રણેયનો જોબનો સમય અલગ-અલગ. કોલેજનો સમય અલગ. નવી ગાડી લેટેસ્ટ મોડલની બીજી ગાડી વસાવી. આમ લાડલીને ત્યાં ત્રણ બેડ રૂમના ફ્લેટ, બે ગાડીઓ અને લેટેસ્ટ ટાઇપની અતિ આધુનિક વસ્તુઓ સામેલ થઇ.

આસ્તે આસ્તે દુઃખના દિવસો ભૂલાતા ગયા. મંદીનો દોર શરૂ થયો તો પણ જોબ વ્યવસ્થિત ચાલવા લાગી.

અચાનક એક દિવસ પપ્પાને સંદેશો મળ્યો કે અમો આપણું નવું ઘર ખરીદવા વિચારીએ છીએ. અમારા પ્રયત્નો ચાલુ કરી દીધા છે. દલાલો સાથે શનિ-રવિવારે મકાનો જોઇએ છીએ. મકાન મળશે તો પણ અમો રહેવા નહીં જઇએ. ભાડાના મકાનોમાં રહીશું. પહેલા પગલાં તમારા બંન્નેના પડવા જોઇએ.

મકાન ખરીદ્યું. ત્રણ બેડરૂમ, નીચેનો ટેનામેન્ટ. મોટું બૅકયાર્ડ, પૂજા વિધિ મા-બાપને હાથે કરાવી. પૂજા વખતે લાડલી એક ખૂણામાં બેસી મોટેથી રડતી હતી. કારણ જાણવા મળ્યું, બંન્ને છોકરીઓએ કહ્યું, આખરે મારા ડેડીનું સ્વપ્નું અમોએ પૂરૂં કર્યું. મારા ડેડી કહેતા હતા કે, આજ દેશમાં એક સુંદર મકાન લઇશું. બંન્ને બાળકો અને મમ્મી પપ્પા સાથે આનંદથી જિંદગી વિતાવીશું.

પપ્પા નવા જમાનામાં તમારા વિચારો ખોટા છે. દીકરીના ઘરે પાણી પણ ન પિવાય. અમો ત્રણેય દીકરીઓ નથી પરંતુ તમારા દીકરા છીએ. દેશમાં તમો બધું સંકેલો કરી, હવે અમારી સાથે રહો. ઉંમર પણ થઇ છે. ન કરે નારાયણ અને બેમાંથી એક થઇ જાઓ તો?

વિચારો તમારા ઉમદા છે પરંતુ આટલા વરસો સગાં, સંબંધીઓ, મિત્રો-આડોશ પાડોશમાં રહીને સમાજથી છૂટા પડવા માગતા નથી. વળી અહીં અમો એકલા થઇ જઇએ છીએ. એક જ દિવાનખંડમાં રહીને અમને કારાવાસ જેવું લાગે છે. હા, અમો શક્તિ છે ત્યાં સુધી આવતા-જતા રહીશું. આમ નવી પેઢી અને જૂની પેઢીના વિચારોનો સંઘર્ષ ચાલ્યા કરે છે.

**આ છે લાડલીની સત્ય ઘટના.**

**લાડલી અબળા નારીને સંદેશો આપવા માંગે છે કે દુઃખનો પહાડ ઊંચો છે. પરંતુ મહેનત, આત્મવિશ્વાસ, પોઝિટીવ થીકિંગને સામે રાખીને એક પછી એક પગથિયાં ચડીએ તો ભવિષ્યમાં, કોઇનો પણ આશ્રય લીધા વગર પહાડની ચોટી ચડી શકાય.**

**પ્રેરણા મૂર્તિ નારી. લાડલીનું નામ છે. અલકા. બંને બાળકીઓ સાથે વરસોથી અમેરિકા જેવા દેશમાં નારી જીવન વિતાવે છે.**

*૬૦, પાયલ પાર્ક, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

## પુનઃસ્થાપન

(અનુસંધાન : પાના નં.-૭૪ ઉપરથી ચાલુ)

જીવનમાં ચક્રવાતમાં સપડાયો હતો અને હવે તેને કળ વળી રહી હતી.

શ્રી ગિરીશભાઇ ત્રિવેદીને નીતિન પાસેથી ગામની માહિતી સાંપડતા પોલીસ કમિશનર કચેરીમાંથી ગ્રામ્ય પોલીસ અધિક્ષકનો નંબર મેળવી ત્યાંના પી.એ.ઓ.ને વર્ધી લખાવી. નીતિનની જાણકારી આપી. સંપર્ક માટે પોતાનો મોબાઇલ નંબર પણ આપ્યો. પોલીસ સ્ટેશનેથી નીતિનને ઘેર સંપર્ક સધાતાં આનંદિત બનેલ નીતિનના પિતાએ મધરાતે શ્રી ગિરીશભાઇનો મોબાઇલથી સંપર્ક કર્યો. પૂનાથી મળતી પ્રથમ ગાડીમાં અમદાવાદ આવવા પિતા રવાના થયા. પિતા-મિત્ર અને નીતિનનો ભાઇ પણ સાથે હતા.

નીતિન આટલા વરસ કેવા તોફાનમાં સપડાયો હશે, કેવી તકલીફ વેઠી હશે, કેવા ખરાબ દિવસ પસાર કર્યા હશે, કેવી હેરાનગતિમાં જીવતો હશે એ જ વાતો રસ્તામાં ચાલતી રહી અને ત્રણે વ્યક્તિઓ જાગતા-જાગતા અમદાવાદ પહોંચ્યા. મિલનની ઘડી આવી ચૂકી હોય એટલી અધીરાઇ તેમનામાં હતી. **અસંભવ લાગતી પળ વાસ્તવિક બની નજર સામે દેખાતી હતી. પરીકથા જેવી ઘટના જીવનમાં સત્યરૂપે ઘટી રહી હતી. પિતા લાગણીના પૂરમાં તણાઇ રહ્યા હતા. મનમાં ચાલતા વિચારો અને ઉમળકાની ગતિ તેજ બની રહી હતી. પિતાની મનની એ પળની ખુશી વર્ણવા શબ્દો ઓછા પડે.** દીકરાનું પાછલા ચારેક વરસનું અતીત દુઃખદ હશે પરંતુ હવે પછીની પળથી તેનું ભવિષ્ય પોતાના હાથમાં સુરક્ષિત હોવાનો ભાવ-એક મોટી ઘટના ઘટવાની પળ સાવ પાસે હતી. મનમાં દીકરાની તસવીર સિવાય બીજા કોઇ વિચારને એ ક્ષણે અવકાશ પણ ન હતો. જાણે અત્યારે પિતાના શરીરમાં લોહી સ્વરૂપે નીતિન જ ફરતો હતો.

હોસ્પિટલ આવી, જરૂરી વિધિ પતાવી હોસ્પિટલની પુનઃસ્થાપન પ્રવૃત્તિને ખરા દિલથી બિરદાવી ચારેક વરસથી ખોવાયેલા પોતાના દીકરા નીતિનને લઇ પુલકિત હૈયે, ભીની આંખે બપોરની ટ્રેનમાં પિતા અમદાવાદની સરકારી માનસિક આરોગ્ય હોસ્પિટલની અવિસ્મરણીય સ્મૃતિઓ સાથે લઇ વિદાય થયા. ■

*જેનું જીવન સાદું, તેનું નામ સાધુ.*

# અધૂરી સાધના

## (છાત્રાવાસની અલગારી જિંદગીની સત્ય ઘટના)

• ટોકરશી વોરા •

આમ જોવા જાઓ તો ભણવામાં હું કંઇ ઠોઠ ન હતો. ઇતિહાસ, ભૂગોળ અને ગુજરાતી ચોપડીઓના બધા પાઠો મોઢે રહેતા. બાબર કઇ સાલમાં દિલ્હીની ગાદીએ બેઠો, અકબર કઇ સાલમાં મરણ પામ્યો, બધું મોઢે યાદ. બસ એક વિષય ન આવડે — ગણિત. ગણિતનો 'ગ' ક્યાંથી શરૂ થાય તેની સમજ જ ન પડે. અલબત્ત આંકોડીના પાડા એટલે સવાયા, દોઢા, અઢિયા, ઊંઠા મોઢે મોઢ યાદ. પલાખા પૂછો તો પળ માત્રમાં જવાબ આપું. પણ ગણિતના દાખલા ન આવડે. ભેજું ગેપ થઇ જાય. બાળપોથી ભણતો ત્યારથી ગણિતમાં ચાંચ ન ડૂબી તે ન જ ડૂબી.



મારા ગામની પાઠશાળા છોડી, કચ્છના ગામ દુર્ગાપુરે આવેલા કચ્છી વીસા ઓસવાલ છાત્રાલયમાં મારા પ્રવેશ સાથે ગણિતની નબળાઇ પડછાયાની જેમ સાથે આવી. સારા નસીબે ખુશીની વાત એ હતી, કે અમારા વર્ગ શિક્ષક શ્રી માણેકલાલ (બાબુલાલ) માસ્તર ઘણા સારા હતા. ભણાવે ઓછું, વાર્તાઓ વધુ કરે. તેમાં પણ ભીમની વાર્તાઓ પર એમની હથરોટી ગજબની. એક દિવસ ભીમની વાર્તા કહેતા કહે, "ભીમ આખો ગાડો ભરેલા લાડવા કે જે બકાસુર નામના રાક્ષસને આપવાના હતા તે બધા ગાડા પર બેઠો બેઠો ખાઇ ગયો. ને બકાસુર જેવો ગુફામાંથી બહાર આવ્યો તેવોજ તેના વાળ પકડી ગોળ ગોળ ફેરવી, તેને જમીન ચાટતો કરી દીધો." વાર્તા પૂરી થઇ ત્યારે અમારા રોમાંચ ઊભા થઇ ગયા. ગણિત જેવા નીરસ વિષયમાં માણેકલાલ માસ્તર પણ ઉદાસ.

ખુશીના દિવસો પસાર થઇ રહ્યા હતા, ત્યાં અચાનક સમાચાર મળ્યા, ઉનાળાની લાંબી રજાઓ પછીના નવા સત્રથી ગણિતનો વર્ગ લેવા માટે કોઇ નવા શિક્ષક આવી રહ્યા છે. મનમાં અજંપો થયો. કેવા હશે નવા શિક્ષક?

જોત જોતામાં લાંબી રજાઓ પૂરી થઇ ગઇ. શરૂ થતા નવા સત્રનો પહેલો દિવસ. 'ગણિત'નો પિરીયડ શરૂ થતાં અમારી બધાની નજર વર્ગના બારણાં તરફ મંડાઇ. ગણિત શિક્ષકે બારણાંની અંદર પગ મૂક્યો, ને અમારી ઇંતેજારીનો અંત આવ્યો.

માથા પર સફેદ ગાંધી ટોપી. આખી બાંયના સફેદ ખમીશ પર આખી બાંયનો કોટ. નીચે ધોતિયું. પગમાં ચંપલ, ગોરો વાન, કરચલી વાળો કરડો ચહેરો. નાકની દાંડીએ લટકતા ચશ્માં, ઘુવડની જેમ ઘૂડતી ગોળ આંખો. વય હશે ૪૦ થી ૪૫ વર્ષની. ગણિત શિક્ષકે ખુરશી પર સ્થાન લઇ, એક નજર વર્ગ પર ફેંકી. ઊંડો શ્વાસ લઇ ઊભા થયા. ગયા બ્લેક બોર્ડ પાસે. અને ગણિતના એક દાખલાના ઉકેલ માટે ચોકથી કેટલાક આંકડા લખ્યા. નીચે લખ્યું, જવાબ લખો. પલ ભર વર્ગ સામે તાકતા રહ્યા. એક પછી એક બધા પર નજર ફેરવતા ફેરવતા નજર અટકી મારા પર. મારી સામે આંગળી ચીંધી કહે, "શું નામ છે તારું?"

"ટોકરશી" ઊભા થઇ ડરતા ડરતા મેં કહ્યું.

"આ લે ચોક અને આ દાખલાનો જવાબ નીચે લખ."

તો જયંતીલાલ માસ્તરના સ્વાંગમાં આવેલા આ બાબરાભૂતે એકજ નજરમાં મને ઓળખી પાડ્યો. ચોક હાથમાં પકડી, માથું ખંજવાળતો બ્લેકબોર્ડની સામે તાકતો રહ્યો. આવડે તો લખું ને!

જયંતીલાલ માસ્તર સહેજ રાહ જોઇ તાડૂકી ઊઠ્યા "આટલી વાર? જલદી કર, લખ નીચે જવાબ."

મારા હાથમાંથી ચોક સરીને નીચે પડ્યો.

"નાલાયક! આટલા સહેલા દાખલાનો જવાબ નથી આવડતો? ભણવા આવ્યો છે, કે હજામત કરવા?" સહેજ નીચે નમીને મારી ઉગાડી સાથળ પર એવો તો ચીમટો ખેંચી કાઢ્યો કે રાડ નીકળી ગઇ. સેંકડો વીંછી ડંખ દેતા હોય તેવી કારમી વેદના થઇ. આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા..." કહે, "જા પાટલી પર ઊભો રહે, ને કાલે દાખલા પાકા કરીને આવજે..."

સાથળ પર ચીમટાની વેદના ચાલુ હતી. માસ્તરે જ્યાં ચીમટો ખેંચ્યો હતો ત્યાં લાલચોળ ચાંઠો ઉપસી આવ્યો. તો પહેલાજ દિવસે અમારા વર્ગના નવા ગણિત શિક્ષક જયંતીલાલ માસ્તરનો પરચો મળી ગયો. પરચો મારા પર અજમાયો, પણ વર્ગ આખો થરથરી ઉઠ્યો.

ખેર! બીજા દિવસથી એકસરખા ચીમટા ખણવાનો એવો તો સીલસીલો શરૂ થયો, કે ઊંઘ હરામ થઇ ગઇ. જ્યાં જ્યાં માસ્તરે

*વાંચવો ગ્રંથ એ રુડું, મનન એથીયે રુડું, જીવવું એ પ્રમાણે, એ રુડાથીય રુડું રુડું!*

ચીમટા ખણ્યા ત્યાં ત્યાં લાલચોળ ચાંઠા ઊભારાતા ગયા. વેદનાની વાત જ પૂછો નહીં. કદાચ નરકમાં પણ એટલી વેદના થતી નહીં હોય. આ વાતની ખબર પડી માણેકલાલ માસ્તરને. મને બોલાવીને કહે, 'શું જયંતીલાલ બહુ મારે છે?' લાલચોળ ચાંઠાવાળી સાથળ બતાવીને હું રડી પડ્યો. સાથળ જોઇ માણેકલાલ માસ્તર અચંબામાં પડી ગયા. એમના મોંમાંથી અરેરાટી નીકળી ગઇ. બોલ્યા, 'હેવાન લાગે છે.. પણ તું ડરતો નહીં. તારી ફરિયાદ હું ગૃહપતિના કાને નાખીશ.. રસ્તો કાઢવો જ પડશે...''

અનુભવીઓ કહે છે, 'જેની શરૂઆત છે, તેનો અંત પણ છે.' વળી કહ્યું છે, 'ઇશ્વરના ઘેર દેર છે, અંધેર નથી.' તો વાત આમ બની....

વર્ગમાં મારો એક પરમ મિત્ર હતો ધભો. મારા દુઃખે તે પણ દુઃખી હતો. ગણિતમાં બહુ હોંશિયાર. મને ગણિત શીખવવાના ઘણા પ્રયત્નો કર્યા, પણ વ્યર્થ. કૂવામાં હોય તો અવાડામાં આવે ને! એનું ખરું નામ હતું વેલજી. શરીરે જાડો એટલે બધા છાત્રો એને 'ધભા'નામથી જ બોલાવે. એક દિવસ મારા હાથમાં મંત્રજંત્રની ચોપડી મૂકતા કહે ''હવે આપણો બેડો પાર.'' પળભર મારા મોં સામે જોઇને કહે, ''આ ચોપડીમાં મા સરસ્વતી દેવીને પ્રસન્ન કરવાનો મંત્ર છે. સવા લાખ મંત્રના જાપ પૂરા કરો એટલે મા પ્રસન્ન થઇ હાજરા હજૂર દર્શન આપી વરદાન માગવાનું કહે. આપણે માગવાનું કે ગણિત આપણી જીભે આવી જાય..'' તો મિત્ર હજો તો આવા હજો.

ચોપડીના પાના ઝડપથી ઉથલાવીને મા સરસ્વતી દેવીના મંત્રને જોઇ ગયો. માથું આપે તે મિત્ર કહેવત ખોટી નથી. આનંદથી નાચી ઊઠ્યો. મંત્રની સાધના એજ ઉકેલ હતો આ ચીમટામાંથી છૂટવાનો.

જાપ જપવા માટેની જોઇતી સામગ્રી ગામમાંથી મંગાવી લીધી. એ પણ નક્કી કર્યું, કે બધા સૂઇ ગયા પછી એકાંત સ્થળે જઇ જાપ શરૂ કરવા. એ એકાંત સ્થળનું પણ નિરીક્ષણ કરી લીધું. છાત્રાલયની દખણાદિ કોણે એક નાનકડો બગીચો અમે બનાવેલો. બગીચાને અડીને છાત્રાલયની ચારે તરફ બાંધેલી દિવાલ હતી. આ બગીચો જાપ કરવા માટેની સલામત જગ્યા હતી.

રાતે નવ વાગે અમે જોઇ લીધું, કે છાત્રો સૂવા માટે છાત્રાલયના મોટા હોલમાં ચાલ્યા ગયા છે. દસ વાગ્યા છે. દસ વાગ્યા ન વાગ્યાને ગૃહપતિ પણ પોતાના ઘરનું બારણું વાસી જંપી ગયા. અમે અમારું કાર્ય શરૂ કરી દીધું. અવાજ ન થાય તેમ હળવેથી સરકીને આવ્યા કૂવાના પરથાળ પર. જાપ કર્યાથી પહેલાં સ્નાન કરવું જરૂરી હતું. અમારી પાસે ટુવાલ કે ગમછા કંઇ જ ન મળે. અંગ પર જે બે કપડાં તેજ અમારી વિરાસત. ઉતારીને બન્યા દિગબંર. કૂવામાંથી ડોલ વડે પાણી સીંચીને નાખ્યો માથા પર. પોષ માસની થીજવી નાખતી ઠંડી. શીત પવનના સૂસવાટા. ને તેમાં નાખ્યો પાણી માથા પર..! દાંતો કડકડાટી બોલી ગયા. ટાંટિયા ધ્રૂજી ઊઠ્યા. હાથપગના આંગળા બોથડ વળી ગયા. જલદી જલદી કપડાં ધારણ કરી લીધા.

અલબત, અંગોમાં ગજબનો ઉત્સાહ હતો. સાધના સિવાય કોઇ ધૂન મગજમાં ન હતી. પહોંચી ગયા અમે અમારા નાનકડા ચમનમાં. સાધના કરવાની જગ્યા પરનો પટ સાફ કર્યો. અમારા રક્ષણાર્થે મોટો એક ગોળાકાર લીંટો દોર્યો. મા સરસ્વતી દેવીની તસ્વીરનું સ્થાપન કર્યું. માના કપાળે ચાંદલો કર્યો. ગળે ફૂલોનો હાર પહેરાવ્યો. ધૂપ-દીપ અગરબત્તી વગેરે કરીને ધીમા સાદે આરતી કરી. આસન પાથરીને તે પર બેઠા. માળા હાથમાં લીધી. અમને જાણ હતી કે જાપ શરૂ કર્યા પછી તેમાં વિઘ્ન નાખવા ક્યારે પણ ભૂત-પ્રેત પિશાચની આવવાની શક્યતા હતી. પણ પેલા ગોળાર્ધમાં તેઓ પ્રવેશી ન શકે. તેમ એમને જોઇને ડરવું પણ નહીં. ડર્યા એટલે ગયા. સાધના તૂટે. સાધના તૂટે એટલે ચીમટા શરૂ થાય. પેલા ભૂત-પ્રેતો જાત જાતના રૂપ-રંગ વેશ ધારણ કરીને આવે.

માળાના મણકા ૧૦૮.. જાપ શરૂ કર્યા. મંત્ર હતો,

*ૐ હ્રીં શ્રીં ... કલ્લીમ્*
*ભાગ્યાવાહિની.. મા સરસ્વતી*
*મમ્ જીવાગ્રે વાશંમ્*
*કુરુ કુરુ સ્વાહા....*

એક માળા પૂરી થાય એટલે એક કાગળ પર ૧૦૮ મંત્રના જાપ પૂરા થયા તેમ ટપકાવી લઇએ. બારેક વાગ્યે જાપ સમેટી થઇએ પથારી ભેગા.

દસ બાર દિવસ તો કોઇપણ જાતના વિઘ્ન વગર પસાર થઇ ગયા. પણ એક દિવસ સહેજ અવાજ આવ્યો. નીરવ શાંતિની વચ્ચે સહેજ પણ અવાજ અમને સાવધ કરવા પૂરતો હતો. જરા આંખ ઉઘાડી અવાજની દિશા તરફ જોયું. સામેનું દશ્ય જોઇ ભયથી કંપી ઊઠ્યા. મા સરસ્વતી દેવીની તસવીરની બરાબર પાછળ અને અમારી ઠીક સામે અમારા ગૃહપતિનો વેશ ધારણ કરીને એક ભૂત બેઠો હતો. જો કે અંધારું ઘોર હોઇ મોં સ્પષ્ટ દેખાતું ન હતું. અંધારી ઘોર રાત. ચારે તરફ સૂમસામ સન્નાટો. આભમાં ટમટમતા તારા અને અમે બે એકલા. પરીક્ષાની ઘડીઓ ગણાઇ રહી હતી. ભયની માત્રા વધતી જતી હતી. લક્ષ્મણ રેખાથી બહાર જાઓ તો ભૂત ખાઇ જાય.

બારથી ચૌદ વર્ષ વયની કુમળી કાયા. તેમાં વગર વિચારે ખેડ્યા ખેતર.... સહનશીલતાના બંધ તૂટવા લાગ્યા. ધભાને કોણી મારીને સાવચેત કર્યો. સામે બેઠેલા ભૂતને જોઇને એ પણ છળી ગયો. માળાના મણકા ઝડપથી ફરવા લાગ્યા. આંખો ભયથી ઉઘાડ બંધ થવા લાગી. જાપના શબ્દો અસ્પષ્ટ બોલાવા લાગ્યા. ચીસ પાડી ધભાને કહ્યું 'ધભા, ભાગ' તે ભાગવા તૈયાર જ હતો. મુઠ્ઠીઓ વાળીને નાઠા. થોડે છેટે જઇને પાછળ જોયું. હત્તારીની, ભૂત આરામથી અમારી પાછળ પાછળ ચાલ્યો આવતો હતો. આટલી ભયંકર ઠંડી હોવા છતાં પરસેવે રેબઝેબ થઇ ગયા. સીધા જઇને પડ્યા ગાદલામાં અને માથા પર ઓઢી લીધો બનુસ. થોડી જ વારમાં બનુસ ખેંચાયો. ભૂત!!! કેડો નહોતો મૂક્યો. છેક અહીં સુધી આવી ગયો. ગૃહપતિના અવાજની નકલ કરતો ભારેખમ અવાજ આવ્યો. ''કાલે સવારે ઓફિસમાં આવજો.'' ભૂત ચાલ્યો ગયો કે ટૂંટિયાવાળીને સૂઇ ગયા.

ખેર! બીજા દિવસની સવારે રોજિંદા ક્રિયાકર્મ પતાવી ગયા ઓફિસમાં. ગૃહપતિ શ્રી રણછોડ માસ્તર પોતાની ખુરશીમાં બેઠેલા હતા. ટેબલ પર સીસમનો રૂલ પડ્યો હતો. એક અન્ય ખુરશી પર બાબુલાલ માસ્તરને

*ભર્તા ભાર્યાથી સંતુષ્ટ, ભાર્યા ભર્તા થકી વળી, જે કુળે તે કુળે, નિત્ય જલે કલ્યાણનો દીપ!*

અમે વાકેફ કરેલા. તેઓ પહેલેથી છેલ્લે સુધી અમારી ટચમાં હતા. સલાહ સૂચન પણ આપતા રહેતા હતા. હાથ જોડી અમે રડતલ મોંએ ગૃહપતિના સામે ઊભા રહ્યાં.

"શું કરતા હતા?" ગૃહપતિ ગરજ્યા. અમારી કલ્પના ખોટી ઠરી. ગૃહપતિના વેશમાં અમે રાત્રે જોયેલો તે ભૂત નહોતો. ગૃહપતિ જ હતા. ત..ફ.. સિવાય એક શબ્દ અમારા મોં માંથી બહાર ન આવ્યો. હાથમાં રૂલ લઇ ટેબલ પર જોરથી પછાડ્યો. કહે, "સાચું બોલો..નહીં તો હાડકાં ખોખરા કરી નાખીશ. શું કરતા હતા ત્યાં?"

ડરતા ડરતા ચીમટાથી માંડીને સાધના સુધીની હકીકત તેમને કહી. સાથળ પર ઉપસી આવેલા લાલચોળ ચાંઠા પણ બતાવ્યા. ગૃહપતિ રાતી આંખે સાથળની હાલત જોઇને અવાક્ થઇ ગયા. અમે રડી પડ્યા. એક તરફ જયંતીલાલ માસ્તરનો ડર અને બીજી તરફ ગૃહપતિ અમારા કેવા હાલહવાલ કરશે તેનો ડર. આંસુ થમવાનું નામ નહોતા લેતા. ગૃહપતિ ઊભા થયા. મારી બાજુમાં આવી ખભે હાથ મૂકતા કહે "આટઆટલું વીતી ગયું તોય તેં આવીને ક્યારેય ફરિયાદ ન કરી! અરે હું તો તારા પિતા ઠેકાણે છું. આતો બાબુલાલ માસ્તરે બધી વાત કરી એટલે ખબર પડી અને તમે બન્ને આટલી રાતે કઇ રીતે સાધના કરો છો તે જોવા આવ્યો." પછી મેતાજી તરફ ફરીને કહ્યું, "મેતાજી જયંતીલાલ માસ્તરને બોલાવો."

જયંતીલાલ માસ્તરે ઓફિસમાં જેવો પગ મૂક્યો, કે ગૃહપતિ ગરજી ઊઠ્યા, "અરે! ભણાવતા ન આવડતું હોય તો બેસો ઘરે. સમજ્યા? જુઓ શા હાલ કર્યા છે આ કુમળા બાળકના. જુઓ એની સાથળ જુઓ.. કોઇ જગ્યા કોરી મૂકી છે? ક્યાંક મરી ગયો હોત ને તો એના મા-બાપને જવાબ શું તમારો બાપ આપત? મહેતાજી! આ કસાઇનો હિસાબ પતાવી કરો છૂટા.."

કાપો તો લોહી ન નીકળે એવી હાલત જયંતીલાલ માસ્તરની થઇ ગઇ. ગૃહપતિને પગે લાગી બાબુલાલ માસ્તર સાથે અમે બહાર આવ્યા. છાત્રમિત્રો બહાર આવવાની અમારી રાહ જોતા ઊભા હતા. બહાર આવીને અમે બાબુલાલ માસ્તરને પગે લાગ્યા. ધભાની ને મારી આંખોમાં હર્ષના આંસુ આવી ગયા. છાત્ર મિત્રો અમારી અદ્‌ભુત સાહસ કથા સાંભળી હેબતાઇ ગયા. જયંતીલાલ માસ્તર છૂટા થયા. બાબુલાલ માસ્તરની ચડતી થઇ. અમારી યાતનાઓનો અંત આવ્યો. સરસ્વતી માની અપાર કૃપાદૃષ્ટિથી અમે ગદ્‌ગદ્ થઇ ગયા. સાધના ભલે અધૂરી રહી પણ અમારા અંતરનો અવાજ જરૂર સંભળાયો. બધા સંકટોમાંથી મુક્ત થયા. વાત નાની સૂની નથી. કહે છે ને ભગવાન પાસે જવાની જરૂર નથી એ તો એટલો માયાળું છે, કે ભક્તનો સાદ સુણી ખુદ ત્યાં હાજર થઇ જાય છે. આ ઘટનાને હકીકત કહો, ચમત્કાર કહો, થવા કાળ કહો, અકસ્માત કહો, જે કહો તે પણ જે બન્યું તે અક્ષરશઃ સત્ય છે. ને તેનું મહત્ત્વ એટલા માટે છે કે, સીતમમાંથી છુટવા બાળવયે કેટ કેટલા ખેતર ખેડવા પડ્યા.

"ઇશ્વરના ઘરે દેર છે અંધેર નથી" આ કહેવત સદાકાળથી પરમ સત્ય છે.

*૨૦૨, અરિહંત આશિયાના, ૩/૪/૬/૭, બરકતપુરા,*
*ડો. બુમ્મન લેન, હૈદ્રાબાદ-૫૦૦ ૦૨૭.*

## મારા મુલાકાતીઓ

**(અનુસંધાન : પાના નં.-૭૩ ઉપરથી ચાલુ)**

મારા માસીએ માંડ પૂછ્યું હશે કે ભાઇ કેમ છે? આવ્યા તેવાજ પોતાની બીમારીની રામાયણનું કાંડ વદવું શરૂ કર્યું. દસેક મિનિટ બધાને આરામ મળ્યો. એમની બીમારીને ઇલાજના ઇતિહાસથી સૌ કોઇ માહિતગાર થયા તેના સંતોષના ઓડકાર સાથે માસીએ વિદાય લીધી.

ઇશ્વરઇચ્છા! અમારા એક પડોશી પોતાનો ધર્મ બજાવવા આવ્યા તે કંઇ પણ બોલે તે ભેગા ઇશ્વર ઇચ્છા શબ્દો એમના મુખમાંથી સરી પડે. વદન પણ એવું ગંભીર રાખે કે મારું હમણાં જ મૃત્યુ થયું હોય!

મોટાભાઇના એક મિત્ર આવ્યા બરોબર. એકદમ આનંદથી હસ્તધૂનન કર્યું ને મારા કુશળ પૂછ્યા. આટલેથી પત્યું હોત તો ઠીક રહેત, પણ, એમણે તો કંઇ પણ વાત થાય, તેઓશ્રી કંઇપણ બોલે તેવાજ ઉકળીને હાથ મિલાવે, છેલ્લું હસ્તધનૂન જતાં જતાં કરતા હતા ત્યારે ખરેખર મારો હાથ દુખતો હતો.

એક ઓળખીતા આવ્યા. બરાબર બીજું કંઇ ન કરતાં મશ્કરી કરવાનું જ શરૂ કર્યું. મશ્કરી કરતા જાય ને બધાને હસાવતા જાય. ઘડીભર ત્યાં હાસ્ય દરબાર ભરાયો હોય એવું થઇ ગયું. બધાનો મૂડ સુધાર્યો છે એવા સંતોષના ઓડકાર સાથે એમણે વિદાય લીધી.

મોટી બહેન આવ્યા કે ચૂપચાપ દૂર ઊભા રહ્યા. થોડીવારે બધું મહાજન હુડુડુ કરતું ઊઠ્યું, ત્યારે મારી બાજુમાં બેસી માથે હાથ મૂક્યો ને ફક્ત કેમ છે એટલું જ માંડ પૂછી શક્યા. એ બે શબ્દમાં પોતાના ભાઇ માટેનો એક બહેનનો પ્રેમ નીતરતો હતો. બહેનને નાનપણમાં બહુ હેરાન કર્યા હતા ને માર પણ માર્યો હતો. છતાં ત્યારે ને અત્યારે એમના હેતમાં ઓટ નો'તી આવી. બહેનની આંખ ભીની થઇ. મને ગળે ડૂમો ભરાઇ આવ્યો ને મોટેથી રડી પડ્યો. થોડીવાર અમે બન્ને હિબકાં ખાતા રહ્યાં. બહેને પોતાના આંસુ છાયલના છેડાથી લૂછ્યાં ને હૈયાધારણ આપી. મને બહુ ગમ્યું.

મારો એક લંગોટિયો દોસ્ત મળવા આવ્યો. દોસ્તારી એવી કે વાત મૂકો. જિંદગીભરની મિત્રતામાં અમે ક્યારે પણ ઝઘડ્યા નથી કે મન ઊંચા થયા નથી. મેટ્રિક સુધી ભણી એ ધંધે વળગ્યો હતો. આવી, ચૂપચાપ બેસી રહ્યો. હંમેશાં તો કંઇ વાત કરે, હસાવે. આ વખતે બેઠો જ રહ્યો. એનું વદન ગંભીર. વાત કરવાનો પ્રયત્ન કર્યો પણ કંઇ ન બોલે. થોડીવાર આમ ચાલ્યું. બીજા એક ઓળખીતા આવ્યા તે તરફ ધ્યાન ગયું ને આ ભાઇ ખુરશી પર બેઠેલો તે ધબ કરતોકને નીચે પડ્યો ને બેભાન થઇ ગયો. પરસેવે રેબઝેબ. વોર્ડમાંથી નર્સ આવી. ડોક્ટર પણ આવ્યા. તપાસ્યો. એનું બ્લડ પ્રેશર ઘટી ગયેલું. એને કંઇ દવા આપી થોડીવાર સૂઇ રહેવા કહ્યું. દસ મિનિટમાં જ સ્વસ્થ થઇ ગયો. કહે, હું હવે જાઉં છું. તું જલદી સાજો થઇ જા. પાછળથી વાત પરથી વાત નીકળી ત્યારે એણે કહ્યું કે તું માંદો થઇ પલંગ પર સૂતેલો એ જોઇ મને બહુ દુઃખ થયેલું.

હોસ્પિટલમાં કામ કરતાં કે પ્રેક્ટિસ કરતાં પછી તો દર્દીને એના સગાંવહાલાંના અનેક અવનવા અનુભવ થયા. તારણ એવું જ છે કે માનવીના મનને કળવું મુશ્કેલ છે. માનવી જેટલો સીધો દેખાય છે યા દેખાવાનો પ્રયત્ન કરે છે એટલો નથી. છતાં આપણો અભિગમ કેવો છે એના પર બધું અવલંબે છે. હકારાત્મક અભિગમ અપનાવો, સાવ છેલ્લે પાટલે બેઠેલા પણ 'લાઇનસર' થઇ જતા હોય છે.■

*નહીં વાઘ, નહીં હાથી, નહીં સિંહ, ન અશ્વ યે, બલિ દેવાય છે બકરો, દેવો દુર્બળને હણે!*

# બાળલગ્નથી નુકસાની

• સંજય પી. ઠાકર •

*નાની ઉંમરે થયેલા લગ્નને પરિણામે સ્ત્રી વહેલી ઉંમરે પ્રસૂતા બને છે. આ પરિસ્થિતિ બાળમરણનું પ્રમાણ વધારવામાં પણ ફાળો આપે છે. આથી યોગ્ય ઉંમરે જ લગ્ન કરવાં જોઈએ. વળી, વહેલી ઉંમરે લગ્ન થવાથી પ્રસૂતિની સંખ્યા વધવાની શક્યતા રહે છે. નાની ઉંમરે સગર્ભા થવાથી અને પ્રસૂતિની સંખ્યા વધવાથી સ્ત્રીના મરણનું અને જન્મનાર બાળકના મરણનું જોખમ વધી જાય છે.*



દરેક સમાજને પોતપોતાના પરંપરાગત રિવાજો, રૂઢિઓ અને પ્રણાલિકાઓ હોય છે. એ રિવાજો સામાજિક પ્રસંગોને આનંદમય અને ઉલ્લાસમય બનાવે છે. સમાજના સારા રીતરિવાજોને લીધે લોકો એકબીજાની નિકટ આવી શકે છે. એને લીધે સમાજ વ્યવસ્થા તંદુરસ્ત રહી શકે છે. સમય સાથે સામાજિક રીતરિવાજોમાં પણ પરિવર્તન થાય છે અને તે પરિવર્તન જરૂરી છે. રિવાજોમાં વિકૃતિ આવે છે ત્યારે જટિલ સામાજિક સમસ્યાઓ ઊભી થાય છે. રિવાજો કુરિવાજો બની જાય અથવા જડ રૂઢિ સ્વરૂપે કાયમી બની જાય ત્યારે તે સામાજિક દૂષણ બની જાય છે. **આપણા સમાજમાં આવા ઘણા કુરિવાજો પ્રચલિત છે, તેમાંનો એક છે બાળલગ્ન પ્રથા. ખાસ કરીને અશિક્ષિત અને ગ્રામ્ય સમાજમાં એ કુરિવાજોનું પ્રચલન વધુ જોવા મળે છે.**

જુદા જુદા સમાજમાં લગ્નની વય માટે ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રવર્તે છે પરંતુ શારીરિક પરિપક્વતાં કરતાં માનસિક અને સામાજિક પરિપક્વતા લગ્ન જીવન માટે અગત્યની છે. બાળલગ્નનાં ઘણાં ભયસ્થાનો છે. અપરિપક્વ પ્રાણીઓ પણ જીવન વ્યવહારમાં પડતાં નથી. જ્યારે માનવીમાં કશેક બાળલગ્નો થાય છે. આવાં લગ્નોને કારણે અપરિપક્વ શારીરિક વિકાસ હોય ત્યારે જ જાતીય સંબંધો શરૂ થાય છે પરિણામે શારીરિક ઇજા, ચેપ, સોજો, માંદગી, ઢીલાં અંગો, અકાળે વૃદ્ધત્વ, દેહની ક્ષીણતા વગેરે થાય છે. અકાળે આવતા માતૃત્વને પરિણામે અપરિપક્વ બાળજન્મનું પ્રમાણ દોઢગણું થાય છે. પરિણામે આવાં જન્મેલાં બાળકો વહેલાં મૃત્યુ પામે છે. ગર્ભસ્રાવનું પ્રમાણ બમણું જોવામાં આવ્યું છે. માતૃમરણ પ્રમાણ પણ બમણું થઇ જાય છે. ગર્ભાવસ્થામાં સોજાના કેસ પણ બમણા થઇ જાય છે. પેશાબમાં ચેપ અને મનોવિકારનું પ્રમાણ ચારગણું થઇ જાય છે. આથી બાળલગ્નને ઉત્તેજન આપવું ન જોઇએ. નાની વયે લગ્ન થતાં પ્રજનનગાળો લાંબો રહે છે અને તે તીવ્ર જનસંખ્યા વધારવામાં કારણભૂત બને છે તેથી બાળલગ્નો ટાળવાં જોઇએ. જો કે આધુનિક યુગમાં શિક્ષણના પ્રસારને લીધે આવાં બનાવો બનતાં અટક્યાં છે પણ હજુ ક્યાંક ક્યાંક આ દૂષણે ઘેરો ઘાલ્યો છે. **અભ્યાસના આંકડા સૂચવે છે તેમ ૧૯૬૧માં ભારતમાં લગ્નની સરેરાશ વય પુરુષોમાં ૨૧.૩ અને સ્ત્રીઓમાં ૧૬.૧ હતી જે ૨૦૦૧ માં પુરુષોની ૨૫.૦ અને સ્ત્રીઓની ૨૧.૩ થઇ છે જે પ્રોત્સાહક નોંધનીય બાબત છે.**

બાળલગ્નને કારણે સ્ત્રીઓની શિક્ષણ ઝંખના સંતોષાતી નથી. તેને અધવચ્ચે કમને શિક્ષણ છોડવા મજબૂર બનવું પડે છે. બાળલગ્નો થવાથી સમય જતાં દંપતી વચ્ચે અનુકૂલનનાં પ્રશ્નો ઊભા થાય છે અને ઘણી વખત તે છૂટાછેડામાં પણ પરિણમે છે. કુટુંબમાં યુવાન થતાં છોકરા-છોકરીઓમાં જવાબદાર માતૃત્વ-પિતૃત્વ અંગેના સંપૂર્ણ ખ્યાલો વિકસે પછી જ લગ્નો ગોઠવાય તે જરૂરી છે. તેથી જ એક સુંદર ઉક્તિમાં કહેવાયું છે કેઃ **"લગ્ન કરે જે મોડાં, સુખી થાય તે જોડાં."**

શિક્ષણ સામાજિક-આર્થિક વિકાસનું ચાવીરૂપ બળ છે. વિશ્વ વિકાસ અહેવાલ-૧૯૯૮માં પણ દર્શાવાયું છે કે અજ્ઞાનતા, એ ઓછા-નીચા વિકાસ માટેનું મૂળ કારણ છે. શિક્ષણ અને વસતિ અને પરિવર્તન વચ્ચેનો સંબંધ અન્યોન્યાશ્રયી છે. શિક્ષણ, લગ્નની વય, ફળદ્રુપતા અને મરણાધીનતા વચ્ચે પણ ગાઢ અને સંકુલ સંબંધ છે. સ્ત્રીઓ અને છોકરીઓના શિક્ષણમાં વધારો સ્ત્રીઓના સશક્તીકરણમાં ફાળો આપે છે-વધારો કરે છે અને લગ્નની વય લંબાવે છે. તેને પરિણામે બાળકોના જીવિત રહેવાના દરમાં વધારો થાય છે અને સગર્ભા માતાના મૃત્યુદરમાં ઘટાડો થાય છે.

ભારતીય અર્થવ્યવસ્થાની મુખ્ય સમસ્યાઓ ગરીબી અને બેરોજગારી છે. ગરીબીનાં મુખ્ય કારણોમાં એક કારણ સામાજિક પણ છે. ભારતમાં ગરીબીનાં સામાજિક કારણોમાં નિરક્ષરતા, સંગઠનનો અભાવ, કુટુંબોનું મોટું કદ અને સામાજિક પછાતપણાનો સમાવેશ થાય છે. બાળલગ્નની પ્રથાને લીધે વહેલાં લગ્ન થવાથી કુટુંબનું કદ

*કાયરો હારની બીકે, કશું કાર્ય નહીં કરે, કિંતુ અજીર્ણની બીકે, ખાવાનું નહીં છોડશે!*

વધે છે તેમ ગરીબી પણ વધે છે. સ્ત્રીનું આરોગ્ય જોખમાય છે. અધિક સંતાનોને લીધે તેનો યોગ્ય ઉછેર થઇ શકતો નથી અને પૂરતા પોષણને અભાવે બિનઆરોગ્યપ્રદ જીવન જીવવું પડે છે. આમ, ગરીબી અને વસતિવધારાની જે સમસ્યા છે તેમાં બાળલગ્ન પણ ખલનાયકની ભૂમિકા ભજવે છે. ગુણવત્તાસભર જીવન માટે અને માનસિક, શારીરિક અને સામાજિક પરિપક્વ ઉંમરે થતાં લગ્ન તંદુરસ્ત અને પ્રસન્ન કુટુંબ અને સમાજનું સર્જન કરે છે. **ભારતમાં જન્મદરની સરખામણીમાં મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થયો છે તેથી વસતિ ઝડપથી વધી છે.** વસતિવૃદ્ધિ ઝડપી થવાના અનેક કારણો પૈકી એક કારણ વહેલાં લગ્ન પણ છે. આ સંદર્ભે મહિલા અને બાળવિકાસના કાર્યક્રમો તથા વસતિ વધારાને નિયંત્રણમાં લેવાના કાર્યક્રમો ચલાવાય છે. આરોગ્ય અને શિક્ષણની સવલતો વિસ્તરી ચૂકી છે તેથી દેશના આર્થિક વિકાસને અવરોધક બાબતો સામે ઝિંક ઝીલવા પ્રયત્નો કરાઇ રહ્યા છે. માનવ વિકાસ સામાજિક સર્વગ્રાહી પરિવર્તનની પ્રક્રિયા છે. માનવ વિકાસને લોકોના કલ્યાણ, જરૂરિયાતની પ્રાથમિકતાઓ તથા આકાંક્ષાઓ સાથે સંબંધ છે. **માનવ વિકાસનો ઉદ્દેશ છે સૌ માટે જીવનની સમાન પરિસ્થિતિઓનું સર્જન કરવું.** તે માનવીને તેની પોતાની રુચિ, આવડત, બુદ્ધિ અનુસાર સફળ અને સર્જનાત્મક જીવન જીવવામાં સહાયક બને છે. માનવવિકાસ એ માનવીમાં રહેલી શારીરિક અને માનસિક શક્તિઓના વિકાસ માટે હાથ ધરવામાં આવેલી પ્રક્રિયા છે. કોઇપણ રાષ્ટ્રની સાચી સંપત્તિ અને સાચી મૂડી તેના નાગરિકોની ઊંચી ગુણવત્તા છે. અંતે આ માનવમૂડીનો રાષ્ટ્રના આર્થિક વિકાસમાં સર્વોત્તમ ઉપયોગ શક્ય બને એ જરૂરી છે અને તેથી જ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP)નો મુખ્ય એજન્ડા માનવ વિકાસ છે. આ કાર્યક્રમ અંતર્ગત માનવ વિકાસ આંકની વિભાવનાનો સ્વીકાર થયો છે તેમાં સરેરાશ આયુષ્યના પરિમાણને માપવા લાંબા અને તંદુરસ્ત જીવન માટે બાળકના જન્મસમયનું અપેક્ષિત આયુષ્ય, પોષણક્ષમ આહારમાં થયેલી પ્રગતિ, બાળમૃત્યુ દરમાં ઘટાડો, પીવાના ચોખ્ખા પાણીની સવલતો, ઓરી-અછબડા-ક્ષય વગેરેથી મુક્ત બાળકો, આરોગ્યવર્ધક સુવિધાથી પ્રસૂતિકાળમાં સ્ત્રી મૃત્યુ દરમાં ઘટાડો વગેરે સુવિધાથી અપેક્ષિત આયુષ્યમાં વૃદ્ધિ થઇ છે. આ વૃદ્ધિની પછવાડે બાળલગ્ન નાબૂદી અને પુખ્ત વયે જ લગ્ન કરવાની બાબત પણ મહત્ત્વની બની રહે છે.

ઓગણીસમી સદીમાં ભારતીય સમાજ અંધશ્રદ્ધા, વહેમો, અજ્ઞાનતા, કુરિવાજો, જ્ઞાતિપ્રથા જેવા અનિષ્ટોની ચુંગાલમાં ફસાયેલો હતો. સંકુચિત અને કૂપમંડૂક સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ બદતર હતી. બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ, બાળલગ્ન, સતીપ્રથા, વિધવા વિવાહ-નિષેધ વગેરે જેવા કુરિવાજો વ્યાપેલા હતા. આધુનિક શિક્ષણના પગરણને કારણે આવા અનિષ્ટોને દૂર કરવા માટે ઓગણીસમી સદીમાં નવજાગૃતિ આવી તથા સામાજિક અને ધાર્મિક સુધારણાના આંદોલનો શરૂ થયા હતા.

ભારતમાં શિક્ષિત વર્ગમાં બૌદ્ધિક જાગૃતિ આવી. પરિણામે ભારતીય સમાજ અને ધર્મમાં પ્રસરેલા અંધશ્રદ્ધા, વહેમો, કુરિવાજો વગેરેને નાબૂદ કરીને ભારતમાંથી વિદેશી શાસન દૂર કરવાની શિક્ષિત લોકોને પ્રેરણા મળી. ભારતમાં સામાજિક સુધારણાના આંદોલનો થયા. આમાં રાજા રામ મોહનરાય સૌપ્રથમ હતા. તેમણે ઇ.સ. ૧૮૧૪માં આત્મિય સભા, ઇ.સ. ૧૮૨૭માં બ્રિટિશ ઇન્ડિયા યુનિટેરિયન એસોસિએશન અને ઇ.સ. ૧૮૨૮માં બ્રહ્મો સમાજની સ્થાપના કરી.

બ્રહ્મો સમાજનો હેતુ સામાજિક વહેમો, અંધશ્રદ્ધા, કુરિવાજોને દૂર કરી એકેશ્વરવાદનો પ્રચાર કરવાનો હતો. ઇ.સ. ૧૮૫૭માં કેશવચંદ્ર સેન બ્રહ્મો સમાજમાં જોડાયા અને પૂર્ણ સમયના કાર્યકર્તા બન્યા. કેશવચંદ્ર સેનને દેવેન્દ્રનાથ ટાગોર સાથે મતભેદ થતાં તેમણે ઇ.સ. ૧૮૬૬માં ધી બ્રહ્મસમાજ ઓફ ઇન્ડિયા નામના નવા બ્રહ્મો સમાજની સ્થાપના કરી. નવો બ્રહ્મસમજ પ્રગતિશીલ સમાજ સુધારણાની તરફેણ કરતો હતો. આ સમાજ આંતરજ્ઞાતિય લગ્ન, વિધવા વિવાહ પુનર્લગ્ન, પડદા પ્રથાનો વિરોધ વગેરે સુધારાઓમાં માનતો હતો. તેની અસરને લીધે સરકારે ઇ.સ. ૧૮૭૨માં બાળલગ્ન વિરોધી નેટિવ મેરેજ એક્ટ બનાવ્યો. જેમાં વર માટે ૧૮ વર્ષ અને કન્યા માટે ૧૪ વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી. બ્રહ્મોસમાજે હિંદુ સમાજની દૃષ્ટિ બદલાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.

ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે કોલકાતામાં હિન્દુ બાલિકા વિદ્યાલય સ્થાપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તો ઇ.સ. ૧૮૬૭માં ડૉ. આત્મારામ પાંડુરંગે પ્રાર્થના સમાજની સ્થાપના કરી હતી. સ્વામી દયાનંદે વર્ગ અને જ્ઞાતિવિહીન સમાજરચના દ્વારા ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ દેશની એકતા સાધવાનો પ્રયાસ કર્યો. સર સૈયદ અહમદખાને મુસલમાનોને અંગ્રેજી કેળવણી લઇને તેમનું પછાતપણું અને રૂઢિચુસ્તતા દૂર કરવાનો આગ્રહ કર્યો. દાદાભાઇ નવરોજી અને બીજા સુધારકોએ શિક્ષણના પ્રચાર ઉપર અને સ્ત્રી-ઉન્નતિ પર ભાર મૂક્યો. તે બધાએ બાળલગ્નોનો વિરોધ કર્યો અને બીજા કુરિવાજોને દૂર કરવા હામ ભીડી. બહેરામજી મલબારીના પ્રયત્નોને લીધે સરકારે ઇ.સ. ૧૮૯૧ માં લગ્ન માટે પુખ્ત વય ઠરાવતો કાયદો ઘડ્યો હતો. આમ ઓગણીસમી સદી દરમિયાન ધાર્મિક માન્યતાઓ, વલણો અને અંધશ્રદ્ધામાં પરિવર્તન આણી શકાયું. એટલું જ નહિ, પરંતુ ભારતની પ્રજામાં અપૂર્વ આત્મવિશ્વાસ જગાડી શકાયો. અનેક સામાજિક સુધારક નેતાઓએ હિંદુ સમાજમાં સદીઓથી ઘર કરી બેઠેલાં અનિષ્ટોને સમાજનાં જક્કી અને જિદ્દી વલણ સામે લડતો લડીને દૂર કર્યા.

**ભારતમાં છેલ્લા સુધારેલા કાયદા અનુસાર લગ્નની વય પુરુષ માટે ૨૧ વર્ષ અને સ્ત્રી માટે વય ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ.** શિક્ષણના પ્રસાર અને નવજાગૃતિના કારણે તેમજ કાયદાકીય જોગવાઇને લીધે આધુનિક યુગમાં બાળલગ્ન ખૂબ ઘટી ગયાં છે. કુરિવાજ ચાલુ રાખવાનું સમાજ અને રાષ્ટ્રના હિતમાં નથી તે બાબત દરેકે સમજી લેવી પડશે. દરેક જ્ઞાતિસમાજો-સાંસ્કૃતિક-શૈક્ષણિક સંસ્થાઓએ જનજાગૃતિ ઝુંબેશ ચલાવી બાળલગ્નની પ્રથાને નાબૂદ કરવા સહિયારા પ્રયત્નો આરંભવા પડશે. કાયદાનું કડકાઇથી અમલીકરણ કરાવવું પડશે. સામાજિક-ધાર્મિક નેતાઓએ પણ આ માટે દબાણ ઊભું કરવું પડશે. રેડિયો, ટીવી અને વર્તમાનપત્રો જેવાં પ્રસાર માધ્યમો પણ

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૩ ઉપર)

*તેજસ્વી તેજ પુષ્પો તો, માનપાત્ર નહીં રહે, રાખને લાત મારે સૌ, અંગારાને નહીં અડે!*

# બે વચ્ચેનું રહસ્ય

**• પ્રેષક : શાંતિલાલ ગાલા •**



મોન્ટ્રીયલ કેનેડાનું એક ખૂબ મોટું શહેર છે, અને તેમાં પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ જેવી કેટલીક ખૂબ પહોળી અને મોટી શેરીઓ છે. પિઅરે ડ્યુપિન જેટલું આ શેરીને કોઇ જાણતું નહિ. ત્રીસ ત્રીસ વરસ સુધી આ શેરીમાં રહેતાં કુટુંબોને તેણે દૂધ પહોંચાડ્યું હતું. એક દૂધની કંપની માટે કામ કરતા ઘણા દૂધ-વાહન ચલાવનારાઓમાંનો તે એક હતો.

છેલ્લાં પંદર વર્ષથી પિઅરે તેનું દૂધ-વાહન ખેંચવા જોસેફ નામના એક કદાવર સફેદ ઘોડાનો ઉપયોગ કરતો હતો. જ્યારે તે કદાવર સફેદ ઘોડો આ દૂધ કંપનીમાં આવ્યો ત્યારે તેનું કોઇ નામ નહોતું. તેમણે પિઅરેને કહ્યું કે તે સફેદ ઘોડો વાપરી શકે. પિઅરેએ ઘોડાની ગરદન પંપાળી અને તેની આંખોમાં જોયું. "આ ઘોડો સરસ છે, ભલો અને નમ્ર," પિઅરેએ કહ્યું. "હું તેને અત્યંત ભલા અને નમ્ર સંત જોસેફનું નામ આપીશ."

એક વર્ષમાં તો જોસેફ દૂધ વહેંચવા માટેનો રસ્તો પિઅરેના જેટલો જ જાણતો થઇ ગયો. પિઅરે કહેતો કે તેને લગામની જરૂર નથી- તે કદાપિ લગામને અડકતો નહિ. દરરોજ સવારે પાંચ વાગ્યે પિઅરે દૂધ કંપનીના ઘોડારમાં આવી જતો. ગાડી ભરાતી અને તેમાં જોસેફ જોતરાતો.

પિઅરે હળવેકથી જોસેફને કહેતો, "ચાલ, મારા દોસ્ત" અને તેનો અઝીઝ સાથી ગર્વભેર શેરીના ઉતારમાં દમામભેર ચાલવા માંડતો.

પિઅરેના કોઇ પણ દિશાસૂચન વગર ગાડી પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટમાં આવી પહોંચતી. ઘોડો પહેલા ઘરે ઊભો રહેતો અને પિઅરેને માંડ ૩૦ સેકન્ડ જેટલો સમય તેની બેઠકથી ઊતરી દરવાજા આગળ દૂધની બાટલી મૂકી આવવા માટે જતો. ફરી ઘોડો ચાલવા માંડતો. બે-ત્રણ ઘર છોડીને (ફરી) ત્રીજા ઘરે ઊભો રહી જતો.

આમ, બન્ને આખી શેરી ફરી વળતા, પછી જોસેફ પાછો વળતો અને શેરીની બીજી બાજુએ પરત આવતો. માનવું જ પડે કે જોસેફ ખરેખર એક હોશિયાર ઘોડો હતો.

ઘોડારમાં પણ પિઅરે ઘોડાની કાબેલિયતના વખાણ કર્યા કરતો : "હું લગામને ક્યારેય હાથ લગાવતો નથી. તે જાણે છે ક્યાં રોકાવું. અરે, જો જોસેફ ગાડી ખેંચતો હોય તો અંધ માણસ પણ મારું કામ કરી શકે."

આમ, વર્ષો સુધી ચાલ્યું. પિઅરે અને જોસેફ એકસાથે વૃદ્ધ થતા જતા હતા, પણ ધીમે ધીમે, એકદમ નહિ. પિઅરેની મસમોટી ભરાવદાર મૂછો હવે તદ્દન સફેદ બની ચૂકી હતી, અને જોસેફ પણ તેના ઘૂંટણ વધારે ઊંચા ઊઠાવી શકતો નહોતો.

એક દિવસ પિઅરે એક મોટી લાકડીનો ટેકો લઈને આવ્યો ત્યાં સુધી ઘોડારના મુકાદમ જેક્વિસને ક્યારેય ધ્યાનમાં આવ્યું નહોતું કે તેઓ બન્ને વૃદ્ધ થતા જતા હતા.

"અરે! પિઅરે," જેક્વિસ ખડખડાટ હસ્યો, "કદાચ તને સંધિવા થયો લાગે છે!"

"હા, જેક્વિસ," પિઅરે એ અસમંજસ માં જવાબ આપ્યો. "પણ માણસ ઘરડો થાય (ત્યારે) પગ (પણ) થાકે જ ને."

"તારે ઘોડાને તારા ગ્રાહકોના ઘરના બારણે દૂધની બાટલીઓ મૂકી આવતાં શીખવવું જોઇએ," જેક્વિસે તેને કહ્યું, "તે તારે માટે બીજું બધું (જ) કરે છે."

એક સવારે દૂધ કંપનીનો મેનેજર વહેલી સવારે થતી (દૂધની) વહેંચણીના કામની તપાસ માટે આવ્યો. પિઅરે તરફ ધ્યાન દોરતાં જેક્વિસે તેને (ઇન્સપેક્ટરને) કહ્યું, "જુઓ તે તેના ઘોડા જોસેફ સાથે કેવી રીતે વાતો કરે છે! ઘોડાની આંખોમાં ચમક તો જુઓ. મને લાગે છે કે આ બે વચ્ચે કોઇ રહસ્ય છે. કેટલીક વાર તો જ્યારે તે સવારે તેમના ફેરામાં જતા હોય ત્યારે આપણી સામે મનોમન હસતા હોય તેવું લાગે છે. પિઅરે ભલો માણસ છે પણ હવે એ વૃદ્ધ થવા લાગ્યો છે. તમને નથી લાગતું કે હવે તેને નિવૃત્ત કરવો જોઇએ અને થોડુંક નિવૃત્તિવેતન બાંધી આપવું જોઇએ?"

"અલબત્ત," મેનેજરે કહ્યું, "છેલ્લા ત્રીસ વર્ષથી તે આ રસ્તા પર ફેરી કરતો રહ્યો છે અને એક પણ વાર તેની વિરુદ્ધ કોઇ જ ફરિયાદ આવી નથી. એને કહો કે હવે તેને આરામ કરવાનો સમય થયો છે. તેનો પગાર પણ જેટલો છે તેટલો જ ચાલુ રહેશે."

*ક્ષમા શત્રુ અને મિત્રે, સાધુ કેરું એ ભૂષણ, દંડ ના દુષ્ટને દે તો, રાજવીનું એ દૂષણ!*

પણ પિઅરેએ નિવૃત્ત થવાની ના પાડી દીધી. તે રોજ જોસેફને નહિ હંકારવાનો વિચાર પણ સહન નહોતો કરી શકતો. તેણે જેક્વિસને કહ્યું, "અમે બન્ને વૃદ્ધ છીએ- હું અને જોસેફ. અમને એકસાથે જ છૂટા થવા દો. જ્યારે જોસેફ નિવૃત્ત થવા તૈયારી બતાવશે ત્યારે હું પણ છોડી દઇશ."

જેક્વિસ એક દયાળુ માણસ હતો. તે સમજી ગયો. પિઅરે અને જોસેફ વચ્ચે એવું કાંઇક હતું જેનાથી પિઅરે ખુશ રહેતો.

એ કાંઇક એવું હતું જાણે બંને જણા એકમેક પાસેથી કશીક છૂપી શક્તિ મેળવતા. જ્યારે પિઅરે તેની બેઠક પર હોય અને જ્યારે જોસેફ ગાડીએ જોતરાતો હોય તો બેમાંથી એકેય વૃદ્ધ લાગતા નહિ. પણ જ્યારે તેઓ કામ પૂરું કરી લેતા ત્યારે શેરીમાંથી ખોડંગાતો આવતો પિઅરે ખરેખર ખૂબ જ વૃદ્ધ દેખાતો. ઘોડાનું માથું પણ નમી પડતું અને તે થાકેલા પગે ઘોડાર તરફ ચાલતો.

એક સવારે, જેક્વિસ પાસે પિઅરે માટે એક ત્રાસદાયક સમાચાર હતા. તેણે કહ્યું, "પિઅરે, આજે સવારે જોસેફ ઊઠ્યો નહિ. તે ખૂબ જ વૃદ્ધ હતો. પિઅરે તું જાણે છે કે તે પચીસ વર્ષનો હતો, અને તે માણસનાં પંચોતેર વર્ષ બરાબર છે."

"હા," પિઅરે ધીમેથી બોલ્યો, "હું પંચોતેરનો થયો છું. હવે હું એને ફરી ક્યારેય મળી નહીં શકું. બિચારો મારો જોસેફ."

જેક્વિસે પિઅરેનો ખભો થાબડી આશ્વાસન આપ્યું : "આપણે જોસેફના જેટલો જ સારો બીજો ઘોડો શોધી લઇશું. અરે ભલા, એક મહિનામાં તો તું તેને તારી ફેરીનો માર્ગ શીખવાડી દઇશ."

"આપણે..."

પણ જેવું તેણે પિઅરેની આંખોમાં જોયું કે તે થંભી ગયો.

વર્ષોથી પિઅરે એક ભારે ટોપી પહેરતો, જેનો આગળનો ભાગ એની આંખો ઢાંકી દેતો હતો. અત્યારે જ્યારે જેક્વિસે પિઅરેની આંખોમાં જોયું તો તેને એવું કાંઇક દેખાયું જેનાથી તે હલબલી ગયો. તેની આંખોમાં ચેતના (દૃષ્ટિ) નહોતી. તે આંખો પિઅરેના હૃદય અને આત્મામાં જે દુઃખ હતું તેને પ્રતિબિંબિત કરતી હતી. જાણે કે તેનું હૃદય અને આત્મા મરી પરવાર્યા હતાં.

"પિઅરે, આજે રજા લઇ લે," જેક્વિસે કહ્યું. પણ જેક્વિસ તેનું વાક્ય પૂરું કરે તે પહેલાં તો લંગડાતો-લથડતો પિઅરે શેરીના ઉતારમાં ચાલતો થયો હતો. તેની આંખોમાંથી તેના ગાલ પર થઇ અશ્રુધારા વહી રહી હતી અને તે ડૂસકાં લેતો હતો. ત્યાં તો પૂરઝડપે આવી રહેલી એક વિશાળ ટ્રકના ચાલકે જોરથી ચેતવણીની ચીચિયારી પાડી અને બ્રેકની તીણી ચીસ સંભળાઇ પણ એવું લાગ્યું કે પિઅરેને એ બેમાંથી કશુંય સંભળાયું નહોતું.

પાંચ મિનિટ બાદ એમ્બ્યુલન્સના ડૉક્ટરે કહ્યું, "તે મરી ગયો છે." જેક્વિસ અને દૂધગાડી ચાલકોમાંના ઘણા બધા એટલામાં તો ત્યાં આવી ચૂક્યા હતા. અચેતન શરીરને તેઓ જોઇ રહ્યા હતા.

"હું તેને બચાવી ન શક્યો." ટ્રકના ચાલકે પોતાનો બચાવ કરતાં કહ્યું, "તે સીધો જ મારી ટ્રક ભણી ચાલી આવ્યો. મારું માનવું છે કે તેણે તે ટ્રક જોઇ જ નહોતી. તે જાણે આંધળો હોય તેમ ટ્રક નીચે આવી ગયો..."

એમ્બ્યુલન્સના ડૉક્ટરે નીચા વળી પિઅરેની આંખોમાં જોતા કહ્યું, "અંધ!" "અલબત્ત, તે માણસ અંધ હતો. જુઓ આ મોતિયા! આ માણસ પાંચેક વર્ષથી અંધ હતો." પછી તે જેક્વિસ તરફ ફર્યો અને કહ્યું, "તમે કહો છો કે તમારે માટે તે કામ કરતો હતો! શું તમે જાણતા નહોતા કે તે અંધ હતો?"

"ના .. ના... " જેક્વિસ હળવેકથી બોલ્યો. "અમે કોઇ જાણતા નહોતા. એક જ જણ તેને જાણતું હતું- તેનો એક મિત્ર, જેનું નામ હતું જોસેફ...

.. મને લાગે છે કે માત્ર તે બન્ને વચ્ચેનું એ એક રહસ્ય હતું."

*લેખક - અજ્ઞાત*

## બાળ લગ્નથી નુકસાની

(અનુસંધાન : પાના નં.-૮૧ ઉપરથી ચાલુ)

બાળલગ્ન જેવા કુરિવાજોને નાબૂદ કરવામાં અસરકારક ભૂમિકા ભજવી શકે છે. **રિવાજના કૂવામાં તરવું સારું, પણ ડૂબવું એ આત્મહત્યા છે એ સત્ય આપણે સૌએ સમજવું જ રહ્યું.** શાળા-મહાશાળાઓના વિદ્યાર્થીઓને સામાજિક કુરિવાજો સામે ઝઝૂમવાની પ્રેરણા મળે એવા અભ્યાસક્રમોનું આયોજન કરવું જોઇએ. કેવળ કાયદાથી નહિ, પરંતુ સામાજિક ચેતના દ્વારા લોકમાનસ બદલવું પડશે. વ્યક્તિને વિચારશીલ અને જવાબદાર બનાવતું તત્ત્વ શિક્ષણ છે તેથી શિક્ષણનો વ્યાપ વિસ્તારવો પડશે. ભારતના ભાવિ પર આખા વિશ્વની મીટ મંડાઇ છે ત્યારે ભારતના નવનિર્માણ માટે બાળલગ્ન જેવા સામાજિક અનિષ્ટોની નાબૂદી અનિવાર્ય છે. આપણા મહાન અને સમર્થ ભારત માટે સરકારના પ્રયાસો ઉપરાંત જનતાની ભાગીદારી પણ આવશ્યક છે અને પ્રજાજાગૃતિથી દેશવ્યાપી ભારત બચાવો અભિયાન મુશ્કેલ નથી જ. **આજે દરેક સમજદાર વ્યક્તિ એવો સંકલ્પ કરે કે, હું બાળલગ્ન કરાવીશ નહિ કે બાળલગ્નોને ઉત્તેજન આપીશ નહિ તો જ આ સામાજિક કુરિવાજનો અંત આણી શકાશે.** ■

## સુખની ચાવી સાવ હાથવગી

(અનુસંધાન : પાના નં.-૮૫ ઉપરથી ચાલુ)

કર્યો પણ પગના કારણે સાબર બચી ગયો.

આપણે પણ આ સત્ય જ સારવવાનું છે. કુદરતે જે કાંઇ આપ્યું છે તે ગણતરીપૂર્વક જ આપ્યું છે, પૂરતું આપ્યું છે.

આપણને સામેનો કિનારો રળિયામણો દેખાય, બાજુના ભાણાનો લાડવો મોટો દેખાય એ આપણી સમજદારીની કચાશ છે. ખામીઓ જ જોતા રહીએ તો ખૂબીઓ ક્યાંથી દેખાય? આથી જ આપણી અંદર રહેલી ખૂબીઓ સમજવી અને વિકસાવવી એમાંજ આપણી ભલાઇ છે. બીજાને જે મળ્યું છે તે બીજાને મુબારક. મને મળ્યું છે તેજ મારે માટે પ્રમાણ.

કોઇ કવિએ કહ્યું છે :

*અમર મરંતો પેખીયો*
*ભીખંતો ધનપાલ*
*લખમી છાણા વીણતી*
*ભલો મારો ઠંઠણપાળ*

સુખી થવાની આ ચાવી છે અને તે આપણી પાસે છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૧૬૦*

*ગુણહીન તણા સંગે, પામે મોટો ય અલ્પતા, હાથીયે આઈના સામે, અલ્પ બિંબ બની રહે!*

# સુખની ચાવી સાવ હાથવગી

• સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા •

આપણા જીવનના મોટાભાગના દુઃખો આપણે જ નોતરેલા અને આપણે જ ઊભા કરેલા, આપણે જ ઉછેરેલા હોય છે. તેના બે કારણ હોઇ શકે. અદૃષ્ટ કારણ અને દૃષ્ટ કારણ. અદૃષ્ટ કારણમાં આપણે ભાગ્ય અને કર્મને નિમિત્ત માની લઇએ છીએ, જ્યારે દૃષ્ટ કારણમાં તો આપણે સ્વયં જવાબદાર હોઇએ છીએ અને આમેય આપણા સ્વભાવને કારણે આપણાં જીવનમાં સુખ અને સુખના કારણો કરતા દુઃખ અને દુઃખના કારણો વધુ જ મળવાના.

કોઇ કવિએ કહ્યું છે કે :

***છે માનવી જીવનની ઘટમાળ એવી***
***દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.***

શરીરના રોગો અને એના દુઃખ જીવન જીવવાની આપણી અણઆવડત અને આરોગ્યના નિયમોની અણસમજની જ નીપજ છે. મોટા અને ભારે રોગોમાં પૂર્વે બાંધેલા કર્મ પણ નિમિત્ત બનતા હોય છે. જ્યારે મનની ચંચળતાને કારણે, ખોટા દૃષ્ટિકોણને કારણે, ખોટી રીતે વિચારવાની ટેવને કારણે ઊભા થતાં દુઃખો તો પારાવાર છે.

જે રીતે સુખ ઉપજે એ રીતે વિચારવાની ટેવ પાડીએ તો આપણે વિષમ પરિસ્થિતિમાં પણ દુઃખી દુઃખી થઇ જવાને બદલે સ્વસ્થ રહી શકીએ. સુખ શોધવાની એક અલૌકિક દૃષ્ટિ ઉઘડી જાય તો સર્વત્ર સુખની સૃષ્ટિનું નિર્માણ થઇ જાય. લૌકિક રીતે ભલે જીવનના તમામ સુખચેનને હરી લેનાર ઘટના બને ત્યારે પણ તેમાં ક્યાંક છુપાયેલા, લપાયેલા એક સુખ નામના પ્રદેશને શોધી લે છે. જેમ કે, ભક્ત કવિ નરસિંહ મહેતાના જીવનમાં બનેલી દુઃખદાયક ઘટનાને પોતે "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાલ" એ શબ્દોમાં નવાજે છે.

આપણે પણ આ પ્રકારની વિચારસરણી ખીલવી શકીએ કે જે કાંઇ બન્યું હોય તે ભલે બન્યું તેનાથી વધારે અનિષ્ટ તો નથી બન્યું ને?

આવી નજરથી હળવાશ અનુભવવાનું આપણે જરૂર શીખી શકીએ.

એક નાનકડો પ્રસંગ આ પ્રકારની ઘટના સમજવા પ્રેરણાદાયી બને એમ છે.

એક શહેરમાં એક નોકરિયાત ભાઇ રહેતા હતા. સીધુ સાદું એમનું જીવન. માતા, પત્ની અને ત્રણ બાળકોનો પરિવાર. નામું લખવાનું કામ કરતા અને પગાર હતો, તે જમાનામાં સાતસો રૂપિયા અને એ પણ દર મહિનાની સાતમી તારીખે મળે. રોજ નિયત સમયે નોકરીએ બસમાં જવાનું અને નિયત સમયે બસમાં ઘરે આવવાનું. આડે અવળે ક્યાંય બેઠક નહીં. એકવાર સાતમીએ પગાર થઇ ગયા પછી એક ઘટના બની.

રોજના ક્રમ મુજબ બસમાં ઘેર આવવા નીકળ્યા. રોજ જ્યાં બેસતા ત્યાંજ બેઠક પણ મળી. ઘર નજીકનું સ્ટોપ આવ્યું ત્યાં ઉતર્યા અને ઘેર આવ્યા. પત્ની રસોડામાં સાંજની રસોઇ કરી રહ્યા હતા.

ભાઇ ઘરમાં દાખલ થયા. ઝભ્ભામાંથી ચશ્મા પાકીટ કાઢવા હાથ ગજવામાં નાખ્યો તો હાથ સીધો જ બહાર આવ્યો. રસોડામાંથી પત્નીની પણ નજર પડી. હાથ સોંસરો બહાર નીકળેલો જોઇ પત્નીના હૃદયમાં ફાળ પડી. પરંતુ ભાઇ તો ખડખડાટ હસવા લાગ્યા. આ જોઇ પત્નીને ગુસ્સો આવ્યો અને કહેવા લાગી, એક તો ખિસ્સું કપાયું ને તમને હસવું આવે છે?

ભાઇ કહે, હું હસું નહીં તો બીજું શું કરું? જે થયું તે સારું જ થયું. આજે બન્યું એની બદલે કાલે બન્યું હોત તો કેવી મુશ્કેલી થાત? ગઇ કાલે મારા ખિસ્સામાં આખા મહિનાનો પગાર હતો. આજે માત્ર સાત રૂપિયા અને વાંચવા માટેના ચશ્માં હતા. આટલેથી પત્યું એટલે મને હસવું આવ્યું.

એમના પત્નીની જેમ આપણે સહુ આવું કાંઇ બને ત્યારે અકળાઇ જઇએ છીએ. જ્યારે આ ભાઇએ આજ ઘટનાને એવા ઍંગલથી જોઇ, હળવાશથી મૂલવી કે દુઃખના બદલે સુખનો અનુભવ થયો. જીવનમાં આવું બને ત્યારે આપણે પણ વધુ નુકસાનથી બચી ગયા એવું વિચારીને શૂળીનું સોયે સર્યું એમ મનને વાળીએ તો હળવાશનો અનુભવ આપણને પણ થાય.

ઘટનાને જોવાની દૃષ્ટિનો, મૂલવવાની દૃષ્ટિનો મહિમા છે. પ્યાલામાં થોડું પાણી ભરેલું હોય એને બે રીતે જોઇ શકાય. કોઇ કહેશે પ્યાલો અર્ધો ભરેલો છે. કોઇ કહેશે પ્યાલો અર્ધો ખાલી છે. બંને સાચા છે છતાં આપણને ખાલીમાં રસ નથી પણ અર્ધા ભરેલામાં રસ છે. પ્રયત્ન કરવાથી આ દૃષ્ટિ કેળવી શકાય છે. એ માટે આપણી પાસે સંતોષવૃત્તિની મૂડી હોવી જરૂરી છે. સંતુષ્ટ મનોવૃત્તિ હોય તો જે કાંઇ પ્રાપ્ત થયું હોય તે ઓછું નહીં લાગે. ફરિયાદ કે અફસોસને અવકાશ નહીં રહે. આપણને જે મળે એને કઇ અપેક્ષાએ મૂલવીએ છીએ એ વધારે મહત્ત્વનું છે.

સુખી થવું કે દુઃખી થવું એ પોતે જ નક્કી કરવાનું છે. દૃષ્ટિ પ્રમાણે જ સૃષ્ટિ રચાય છે.

પગમાં બૂટ વગરનો માણસ જો કોઇ પગ વગરના માણસને જુએ ત્યારે જ તેને સુખ સમજાઇ શકે.

ઇશ્વરે મને ઘણું આપ્યું છે એ ભાવ સતત રમતા રહે તો સુખ જ સુખ છે. આપણે ગમે તે પગથિયે ઊભાં હોઇએ, નીચે જોઇશું તો આપણને ઊંચાઇ પર હોવાનો અનુભવ થશે. અને ઉપર જોઇએ તો ત્યાં જવાની પ્રેરણા પામવી. મરોડદાર અણિયાળા શિંગડા અને વાંકાચૂકા ખરબચડા પગવાળા સાબરની વાર્તા નાનપણમાં લગભગ દરેકે સાંભળી જ હશે. સુંદરતાને લીધે શિકારીએ તેનો પીછો

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૩ ઉપર)

***નથી વિદ્યા સમું નેત્ર, નથી સત્ય સમું તપ, નથી રાગ સમું દુઃખ, નથી ત્યાગ સમું સુખ!***

# આજીવન રક્તદાન - મૃત્યુ પછી ચક્ષુદાન

• કમલેશ બાબુભાઈ શાહ •

જન્મ મરણના ફેરા કોઇ ટાળી શકે એમ નથી. અમરપટ્ટો આજ સુધી કોઇ લખાવી લાવ્યું નથી અને ભવિષ્યમાં એવા કોઇ વર્તારા દેખાતા નથી. હા, સારા વાણી, વર્તન, વ્યવહાર, સદ્ભાવના, સત્કાર્ય, માનવસેવા થકી મૃત્યુ પછી માણસ ચિર સમય સુધી લોકહૃદયમાં અમર રહી શકે છે. એક બહુ સહેલો અને સરળ રસ્તો છે આજીવન રક્તદાન અને મૃત્યુ બાદ ચક્ષુદાન - દેહદાન.

આપણે સૌ જાણીએ છીએ કે આપણા શરીરનું અતિ મહત્ત્વનું એક ઘટક છે રક્ત. માંદગી આવે કે અકસ્માત વખતે રક્ત વહી જાય અથવા આપણું શરીર રક્ત બનાવવાનું છોડી દે ત્યારે બહારથી રક્ત આપવાની જરૂર પડે છે. જો કોઇ કારણથી રક્ત ન મળે એટલે કે કોઇપણ માણસ સ્વૈચ્છિક રક્તદાન ન કરે તો... રોજના વધારાના હજારો મૃત્યુ નિશ્ચિત.

**આ રક્તને હજુ સુધી આપણે કોઇ ફેક્ટરીમાં કે લેબોરેટરીમાં બનાવી નથી શક્યા. કુદરતે આ મોનોપોલી હજી પોતાની પાસે રાખી છે** ત્યાં સુધી આપણે જ આપણા ભાઈબંધુઓને બચાવવા સ્વૈચ્છિક રક્તદાન કરવું જ રહ્યું.

આપણા અમદાવાદ શહેર અને આજુબાજુના વિસ્તારોમાં રોજ ૫૦૦ દર્દીઓને રક્તની જરૂર પડે છે. જો કે ગુજરાતના લોકો આવા ઇમરજન્સીના સમયે કે માનવતાના સાદે ક્યારેય પાછા નથી પડ્યા. **આપને જાણીને આનંદ થશે કે આપણા દેશમાં રક્તદાનમાં ગુજરાત પ્રથમ સ્થાને છે અને અખિલ વિશ્વમાં પાંચમા સ્થાને છે** જે ગુજરાતી તરીકે આપણા ગૌરવની વાત છે અને આપણા સૌના સહિયારા પ્રયત્નોથી આખા વિશ્વમાં પ્રથમ સ્થાને પહોંચાડવાનું આપણું લક્ષ્ય હોવું ઘટે. આપણે 'ગુજુ' લોકો વિશ્વમાં વેપાર માટે પથરાયેલા અને પંકાયેલા છીએ. 'ગુજુ' એટલે 'પરગજુ' એટલે કે નિઃસ્વાર્થ. બીજાની સેવા કરવી એ તો આપણા રક્તમાં છે. તો પછી અવિરત રક્તદાન કરતા રહીને આપણે દુનિયાને એ પણ બતાવી દઇએ કે ફક્ત વેપારમાં નહિ પણ 'રક્તદાન'માં પણ આ 'ગુજુ' આખા વિશ્વમાં અવ્વલ નંબરે છે.

ચક્ષુદાન તો રક્તદાન કરતાં પણ સરળતાથી અને સહેલાઇથી કરી શકાય તેવું ભવ્ય દાન છે. જરૂર છે સહેજ મન કેળવી લેવાની. સેંકડો વર્ષોથી ચાલ્યા આવતા રૂઢિ રિવાજમાંથી સામાન્ય માણસ બહાર નથી આવી શકતા. કોઇ ખોટી માન્યતા મગજમાં હોઇ શકે, તો ચક્ષુદાન ન થઇ શકે. પણ જો તેના પર થોડું જ મનન-ચિંતન કરવામાં આવે તો બહુ સહેલાઇથી વિચારોમાં પરિવર્તન આવી જાય છે. માણસ મૃત્યુ પામે એટલે પ્રાણ-પંખેરુ ઊડી જાય, ચેતના નિષ્ક્રિય થઇ જાય, આત્મા શરીરથી વિખૂટો પડી અનંતની યાત્રાએ ઉપડી જાય. આપણે જે કહીએ તે, પણ પછી શરીર 'WASTE' થઇ જાય. કંઇજ કામનું રહેતું નથી એમ સમજી કાંતો અગ્નિદાહ દઇને કે જમીનમાં દાટી દઇને કે પક્ષી-પ્રાણીઓને ખવડાવી દઇને કે અન્ય કોઇપણ રીતે નશ્વર દેહનો નિકાલ કરી દેવામાં આવે છે. આપણા જીવન દરમ્યાન તો આપણે ઘણો ટાઇમ વેસ્ટ, રૂપિયા વેસ્ટ અને ઘણું બધું બેસ્ટમાંથી વેસ્ટ કર્યું હોય છે એટલે છેલ્લે છેલ્લે પણ જો 'WASTE' માંથી 'BEST' કરી લઇએ તો 'ચક્ષુદાન' થકી પણ જીવન સાર્થક થઇ જાય. **જીવતેજીવ તો આપણે બીજાને શક્ય એટલા મદદરૂપ થયા હોઇએ અને મર્યા પછી પણ જો કોઇને મદદરૂપ થઇ શકતા હોઇએ તો એનાથી વધુ રૂડું શું હોઇ શકે?**

જો કોઇ કંપનીમાં કોઇ કર્મચારી વેસ્ટમાંથી બેસ્ટ બનાવી કંપનીને ફાયદો કરતો હોય તો તે કંપનીનો માલિક સમજી જાય છે કે આ તો કામનો માણસ છે. એનો ગ્રેડ અપ કરી હાયર પોસ્ટિંગ કરી આપે છે. એવીજ રીતે ''ચક્ષુદાન' થકી આપણો માલિક ''ઉપરવાળો'' સમજી જાય છે કે આ તો કામનો માણસ છે. એના વિચારો ઊંચા છે, એનો ભાવ ઊંચો છે. બીજા ભવમાં એનો ગ્રેડ અપ કરી હાયર પોસ્ટિંગ આપવું જ પડશે. સારા કર્મોનું સારું ફળ મળે જ તો આ ભવમાં અને આ ભાવમાં 'ચક્ષુદાન' કરવું શું ખોટું છે?

આખા વિશ્વમાં આજે પાંચ કરોડ વ્યક્તિ અંધ છે. તેમાંના ત્રીજા ભાગના અંધ વ્યક્તિઓ ભારતમાં છે. ૨૦ લાખથી વધારે કોર્નિયાની ખામીને કારણે અંધ છે. દુનિયાભરની કોઇ ફેક્ટરીમાં હજી સુધી કોર્નિયાનું ઉત્પાદન ચાલુ થયું નથી, એટલે તેમના માટે માનવનેત્ર સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. એક માણસ 'ચક્ષુદાન' કરે એટલે બે જણાને દૃષ્ટિ મળે. ભવિષ્યમાં ચાર અંધજનોને દૃષ્ટિ મળે એ માટે ચાઈનામાં ડૉક્ટરોનું રિસર્ચ ચાલુ છે. જેનું જીવન અંધકારમય છે એમાં પ્રકાશ રેડાય અને કુદરતે બનાવેલ અદ્ભુત સૃષ્ટિને જોવા જેને દૃષ્ટિ મળે એનો અખૂટ આનંદ તો કોઇ શબ્દોમાં વર્ણવી ન શકાય તેવો અવર્ણનીય હોય છે.

**મૃત્યુ પછી આ શરીર પંચ મહાભૂતમાં ભળી જાય છે. ત્યારે બે અંધજનોના નયનદીપ પ્રજ્વલિત કરવા અમૂલ્ય ચક્ષુદાન કરીને આપણે મૃત્યુને વધુ મંગલમય ન બનાવી શકીએ?**


ગઇ દિવાળીએ આપણે સૌએ ખૂબ દીપ પ્રગટાવી રોશની કરી. ચાલો હવે આપણા મૃત્યબાદ 'ચક્ષુદાન' કરી અંધજનોના નયનદીપ પ્રગટાવી તેમના જીવનમાં ઉજાસ પાથરવાનો સાથે મળીને સંકલ્પ કરીએ.

ગઇ ઉત્તરાયણમાં ખૂબ પતંગ દોરી કાપી. હવે રક્તદાન કરીને કે અવયવ દાન કરીને કોઇક જરૂરિયાતમંદની જીવન-દોરી લંબાવવાનો પ્રયત્ન કરી જીવન સાચા અર્થમાં સાર્થક કરીએ.


Make Eye Donation, Your Family Tradition.

*કમલેશભાઈ બાબુભાઈ શાહ*
*કન્વીનર, અવયવદાન - ચક્ષુદાન સમિતિ*

*નોંધ : ચક્ષુદાન તથા દેહદાન અંગેના ફોર્મ્સ આ અંકમાં અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે. તેની ઝેરોક્સ પણ કઢાવી શકાશે. વધુમાં વધુ પ્રમાણમાં આ ફોર્મ્સનો ઉપયોગ કરવામાં આવશે તો અમારી મહેનત સફળ થઈ તેવું ગણી શકાશે.*



# ચક્ષુદાન - મહાદાન



## ચક્ષુદાન કરવા માટેનું કૌટુંબિક ફોર્મ

*આંખ એ પ્રાણીમાત્રને કુદરતે બક્ષેલ અણમોલ ભેટ છે. જ્યાં સુધી આંખ ફેક્ટરીમાં બની માનવ ઉપયોગમાં આવી શકતી નથી ત્યાં સુધી માનવતાને ખાતર મૃત્યુબાદ ચક્ષુદાન કરવું જોઈએ તેવું મારું માનવું છે. આથી બે અંધજનોને દૃષ્ટિ મળે અને કુદરતની આ અજાયબ સૃષ્ટિને માણી શકે અથવા લેબોરેટરીમાં રિસર્ચ માટે ઉપયોગી થાય માટે મારા મૃત્યુ બાદ મારી શરીર સંપત્તિમાંથી ચક્ષુઓનું દાન કરવાની મારી ઉત્કૃષ્ટ ઈચ્છા જાહેર કરું છું.*

| ક્રમ | નામ | જાતિ | ઉંમર | સહી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

*કુટુંબના વડાની સહી* ____________________

નામ ____________________ ફોન નંબર ____________

સરનામું ____________________

____________________

૧. સાક્ષીની સહી ____________________

નામ ____________________

સરનામું ____________________

૨. સાક્ષીની સહી ____________________

નામ ____________________

સરનામું ____________________

CUT FROM HERE

*આ ફોર્મ કટ કરી ફાઈલમાં રાખી શકાય. જ્યારે મન માને, ઈચ્છા થાય ત્યારે આ ફોર્મ ભરીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે પહોંચાડવા વિનંતી.*

*આંખનું જતન કરો, મૃત્યુ બાદ ચક્ષુદાન કરો.*

## ચક્ષુદાન અંગેની અગત્યની જાણકારી

- જન્મથી માંડીને કોઈપણ ઉંમરની વ્યક્તિનું ચક્ષુદાન થઈ શકે છે.
- ચક્ષુદાન માટે કોઈપણ જાતિ, ધર્મ, બ્લડગ્રૂપનો બાધ નથી.
  *અથવા* કોઈપણ જાતિ, બ્લડગ્રૂપ, ધર્મની વ્યક્તિ ચક્ષુદાન કરી શકે છે.
- ચક્ષુદાનની પ્રક્રિયા ૨૦ થી ૩૦ મિનિટમાં પૂર્ણ થઈ જાય છે.
- વચનબદ્ધ પત્ર (ફોર્મ) ન ભર્યું હોય તો પણ ચક્ષુદાન થઈ શકે છે.
- ચક્ષુદાન માટે મૃત શરીરને હોસ્પિટલમાં લઈ જવો પડતો નથી.
- ચક્ષુદાન માટે કોઈપણ જાતનો ખર્ચ થતો નથી.
- ચક્ષુદાન કોઈપણ ચક્ષુબેંકમાં થઈ શકે છે.
- ચશ્મા પહેરતી વ્યક્તિ, ડાયાબિટીસ, બ્લડપ્રેશરવાળા, ગળાથી નીચેના ભાગમાં કેન્સર હોય તેઓ પણ ચક્ષુદાન કરી શકે છે.
- જે આંખની કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ માટે ન વપરાય તે સંશોધન માટે પણ અમૂલ્ય છે.

**અગત્યનાં સૂચનો :**

૧. ડેથ સર્ટિફિકેટ અને તેની ઝેરોક્ષ તૈયાર રાખવા.

૨. આંખની ગુણવત્તા જાળવવા ૫ થી ૬ કલાકની અંદર જ ચક્ષુદાન થઈ જાય તે જરૂરી છે. નેત્રદાન જેટલું વહેલું તેટલું સારું.

૩. મૃતદેહના માથાં નીચે બે તકિયા મૂકવા.

૪. મૃતદેહના પોપચાં બંધ કરી રૂના પોતાં કે રૂમાલ મૂકવા.

૫. પંખો શક્ય હોય તો બંધ રાખવો. એ.સી. હોય તો ચાલુ રખાય.

૬. શક્ય હોય તો મૃતદેહને પલંગ પર રાખવાથી ચક્ષુદાનની પ્રક્રિયામાં સરળતા રહે છે.

૭. ચક્ષુબેંકનાં તેમજ ચક્ષુદાનનું કામ કરતા સામાજિક કાર્યકરોનાં ટેલિફોન નંબર સરળતાથી મળી શકે તેમ રાખવા.

***કમલેશભાઈ બાબુભાઈ શાહ,***
***કન્વીનર, ચક્ષુદાન - અવયવદાન સમિતિ***

## ચક્ષુદાન - અવયવદાન સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧. | કન્વીનર | શ્રી કમલેશભાઈ બાબુભાઈ શાહ | મો. ૯૮૯૮૭ ૪૨૬૨૪ |
| ૨. | સભ્ય | શ્રી ટોકરશી કેશવજી શાહ | મો. ૯૮૨૫૦ ૦૮૫૦૦ |
| ૩. | સભ્ય | શ્રી નવીન જેઠાભાઈ લાલકા | મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧ |
| ૪. | સભ્ય | શ્રી કિશોરભાઈ મુળજીભાઈ લાલકા | મો. ૯૮૨૫૦ ૬૫૮૪૪ |
| ૫. | સભ્ય | ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ | મો. ૯૮૨૫૬ ૮૭૭૪૧ |
| ૬. | સભ્ય | શ્રીમતી સુલુબેન જલદીપભાઈ શાહ | ફોન : ૨૬૬૦૭૯૯૦ |

***જન્મ દિવસે ભલે હોલવો મિણબત્તીની જ્યોત, સંકલ્પ કરો – મૃત્યુ બાદ પ્રગટાવીશ અંધજનોની નયન જ્યોત.***

CUT FROM HERE

# દેહદાન – શ્રેષ્ઠ દાન

## સંકલ્પ પત્ર

નામ ______________________

સરનામું ______________________

______________________

______________________

પીન કોડ ______________________

ફોન નં. ______________________

તારીખ ______________________

પ્રતિ,
પ્રાધ્યાપક અને વડા – એનેટોમી વિભાગ,
બી.જે. મેડિકલ કૉલેજ,
અમદાવાદ-૩૮૦ ૦૧૬.

## વિષય : દેહદાન

*મારી સ્થાવર તથા જંગમ મિલકતની વ્યવસ્થાની આ વાત નથી પરંતુ મારી હયાતી બાદ મારી શરીર સંપત્તિની વ્યવસ્થા કરવા માટે ઉત્સુક હોઈ તે અંગેનું મારું વીલ યાને વસિયતનામું કરી જણાવું છું કે મારી હયાતી બાદ મારા સ્થૂળ શરીરનો કોઈપણ ધાર્મિક વિધિ અનુસાર વિસર્જન નહીં કરતા તેનો સદ્‌ઉપયોગ થાય તેમ ઈચ્છું છું. મારા મૃત્યુ બાદ મારા શરીરનો ઉપયોગ કોઈપણ મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓ અભ્યાસ/રિસર્ચ કરે તેમ ઈચ્છું છું.*

***માનનીય,***

હું નામે ______________________ ઉંમર વર્ષ ________

આથી પ્રતિજ્ઞા પૂર્વક જાહેર કરું છું કે મૃત્યુ પશ્ચાત મારા દેહને શૈક્ષણિક રિસર્ચ હેતુસર મેડિકલ કૉલેજના એનેટોમી વિભાગને સોંપવો. આ સાથે મારા વારસદારના નામ અને તેમણે આપેલ સંમતિ સૂચક સહીઓ સામેલ છે. તેઓ એનેટોમી વિભાગને મૃત્યુબાદ સત્વરે માહિતગાર કરશે.

*સહી* ______________________

૧. નિકટના સ્વજનનું નામ ______________________ ઉંમર ________

સરનામું ______________________

સહી ______________________

૨. નિકટના સ્વજનનું નામ ______________________ ઉંમર ________

સરનામું ______________________

સહી ______________________

**એનેટોમી વિભાગનો નોંધણી નં. :**

**નામ** **તારીખ :**

*આ ફોર્મ કટ કરી ફાઈલમાં રાખી શકાય. જ્યારે મન માને, ઈચ્છા થાય ત્યારે આ ફોર્મ ભરીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે પહોંચાડવા વિનંતી.*

*કોઈપણ અપેક્ષા વગર કરેલ દાન, સર્વ દાનોમાં છે શ્રેષ્ઠ દાન.*

# સફર-કેનેડાના રમણીય પ્રદેશોની

(પ્રકરણ-૧)

• કમલબહેન શાહ •

મંગલ મંદિરના અગાઉના અંકોમાં આપણે કેનેડાના પ્રોવિન્સ ટોરેન્ટોની સફર માણી. હવે આપણે કેનેડાના પ્રોવિન્સ બ્રિટિશ કોલંબિયા અને આલ્બર્ટાના જાણવા અને માણવા લાયક "કેનેડિયન રોકીઝની સફર માણીશું. **+૪૫ ડિગ્રી ટેમ્પરેચર માંથી - ૩૫ માં જવાનો અનુભવ ખરેખર ખૂબજ રોમાંચક હતો.** બરફના રળિયામણાં પ્રદેશમાં ફરતા હોઇએ ત્યારે અનાયાસે જ સ્વર્ગની સાથે સરખામણી થઇ જાય. ત્યાંની સૃષ્ટિ, ત્યાંની હવા, હરિયાળી, ત્યાંના બરફીલા પહાડો હંમેશાં સહેલાણીનું સ્વાગત કરવા તત્પર હોય છે. નિશદિન વાતા ઠંડા પવનના સુસવાટા શ્વાસને પણ થીજવી દે છે. **ત્યારે વુલનનાં ગરમ કપડાં પણ અહીંની કાતિલ ઠંડી સામે રક્ષણ આપવા સક્ષમ નથી.** કુદરતે ખોબેખોબાં ભરીને અહીં વૈભવ વેર્યો છે. ખાવાપીવાનો પ્રશ્ન દરેક જગ્યાએ રહેવાનો જ, પરંતુ 'ચાલશે' નો સિદ્ધાંત અપનાવીએ તો આપણી લગભગ બધી જ તકલીફો દૂર થઇ જાય અને પ્રવાસ પ્રવાસ ન રહેતા કુદરત સાથેનું અનુસંધાન બની રહે. કુદરતનાં આ નઝારાનું વર્ણન કરવું અશક્ય તો છે જ પરંતુ એટલું જરૂર કહી શકાય કે કુદરતનાં ખોળે ટહેલતા હોઇએ ત્યારે બધી જ વિષમતાઓ પળભર માટે ભૂલી જવાય. આપણે મંદિરમાં ઈશ્વરને શોધીએ છીએ. પરંતુ અહીં તો અત્ર-તત્ર -સર્વત્ર ઈશ્વરનાં દર્શન થાય છે. ભીડથી જોજનો દૂર રહી અને કુદરતને બને એટલું નજદીકથી માણવાનો આનંદ અનેરો હોય છે. બરફના તોફાનમાં ફસાવાનો અનુભવ ક્યારે પણ ભૂલી ન શકાય તેવો હોય છે. બ્રિટિશ કોલંબિયા અને આલ્બર્ટાના આ પ્રવાસમાં અમારો પહેલો પડાવ વેનકુંવર હતો, જે બ્રિટિશ કોલંબિયાનું લાર્જેસ્ટ સિટી છે.

વેનકુંવરની ત્રણ સાઇડ પાણી છે અને એક સાઇડ માઉન્ટેન છે. વેનકુંવર કુદરતી સૌંદર્યથી ભરપૂર કેનેડાનું એકદમ ઠંડું શહેર છે. તે એક મોટું પોર્ટ પણ છે. અહીં જંગલો ઘણા હોવાથી લાકડાનો ઉદ્યોગ મોટાપાયે ચાલે છે. ખનીજો, બાયો ટેકનોલોજી સોફ્ટવેર ઈન્ડસ્ટ્રી અને કુદરતી વૈભવને લીધે ફિલ્મ ઈન્ડસ્ટ્રી ફૂલીફાલી છે. **ઇ.સ. પૂર્વે ૫૦૦ની સાલથી લોકો અહીં સેટલ થયા છે.** ઇ.સ. ૧૭૯૨માં નેવલ કેપ્ટન જ્યોર્જ વેનકુંવર અહીં સેટલ થયેલા. તેનાં નામ પરથી સિટીનું નામ વેનકુંવર પડ્યું છે. અહીં ૧૫૦ વર્ષ જૂનું જંગલ છે. ૨૦૦થી વધારે પાર્ક અહીં આવેલા છે. અહીં આવ્યા પછી પહેલો સંપર્ક વેનકુંવર ટૂરિઝમનો કરવો જરૂરી છે. જેથી દરેક જાતની ઈન્ફર્મેશન, ટ્રાવેલ ગાઇડ, ઍકોમોડેશન અને જોવા લાયક સ્થળો વિશેની સંપૂર્ણ માહિતી મળી શકે. ટોરેન્ટોથી અમે સવારે સાડા આઠ વાગે અમારી સફર શરૂ કરી. ટોરેન્ટોથી વેનકુંવર ૬ કલાક ફ્લાઈંગ અવર્સ થાય. વેનકુંવર એરપોર્ટથી સાત દિવસ માટે ગાડી રેન્ટ કરી. વેનકુંવર વર્લ્ડ બેસ્ટ સિટી છે. ચારે બાજુ ડુંગરાઓની વચ્ચે વસેલું ૨૩ લાખની વસતિ ધરાવતું શહેર છે. સુસવાટા મારતા પવનો, બર્ફીલા પહાડો, દૂર દૂરની ક્ષિતિજો સુધી ફેલાયેલી બરફની ચાદરો, સ્નોફોલથી ઢંકાયેલા ઊંચા ઊંચા ઝાડવાઓ તેમાંથી ક્યારેક ડોકાતા સૂર્યના કિરણો વડે સોનેરી લાગતું વાતાવરણ ખૂબ જ મનમોહક લાગે છે. પેસિફિકનાં પાણી વેનકુંવરને વધારે સોહામણું બનાવે છે. **અહીં ૭૦૦ એકરના એરિયામાં ગાર્ડન આવેલું છે. ૨૫૦ વર્ષ જૂના ઝાડવાંઓ આકાશને આંબાવાની કોશિશ કરી રહ્યા છે.** અહીં બેઠા ઘાટના મકાનો છે. ડાઉનટાઉનમાં મલ્ટી સ્ટોરીઝ બિલ્ડિંગો છે. અહીં જોવા લાયક સ્થળે ફરવા માટે Hop-on, Hop-0ff નામે બસની સગવડ બહુ સારી છે. આ બસ ૨૪ સ્ટોપ કરીને જોવાલાયક સ્થળની સફર કરાવે છે. બસ વેનકુંવરના મેજર એટ્રેક્શન જેવા સ્થળે જવા આવવાની લીંક જાળવી રાખે છે. તેમાં ડ્રાઇવર દરેક સ્થળની લાઇવ કોમેન્ટ્રી આપે છે. આ ટિકિટ બે દિવસ ચાલે છે. તેમાં તમે બે દિવસ સુધી ફરી શકો છો.

અહીં સન્-યત્-સેન ક્લાસિકલ ચાઈનીઝ ગાર્ડન છે. એ ચાઈનીઝ મીગ વંશજના સમયની યાદ અપાવતું સુંદરતા અને શાંતિની ઝાંખી કરાવતું ખૂબ જ સુંદર ગાર્ડન છે.

અહીં કપિલાનો સસ્પેન્શન બ્રિજ જોવા જેવો છે. આ બ્રિજ કપિલાનો રિવર પર આવેલો છે. જંગલની સપાટીથી ૧૦૦ ફૂટ ઉપર ટ્રી ટોપ પરથી આ બ્રિજ પસાર થાય છે. આ જગ્યા અચૂક જોવા જેવી અદ્‌ભુત છે. હરદ્વાર પાસે આવેલા લક્ષ્મણ ઝૂલાની યાદ અપાવે છે. ત્યાંથી અમે ગ્રોઉસ માઉન્ટન ગયા. વેનકુંવર ડાઉન ટાઉન ૧૫ મિનિટનાં અંતરે પીકઅપ પોઇન્ટ છે. ત્યાંથી આ માઉન્ટન પર જઇ શકાય છે. ૩૬૫ દિવસ સહેલાણીઓ આ માઉન્ટન પર જઇ શકે છે. અહીં સન-સેટ-પોઇન્ટ, વાઇલ્ડ લાઇફ જોવા જેવા છે. અહીંથી ફેન્ટાસ્ટીક બ્યૂટી એન્જોય કરી શકાય છે.

પ્રિન્સ ઓફ વેલ્સ અહીંની મોટામાં મોટી ક્રુઝ કંપની છે. આ કંપની સહેલાણીઓને ક્રુઝમાં બેસાડી દરિયાઇ દુનિયાની સફર કરાવે છે.

અહીંનું એક્વેરિયમ પણ જોવા જેવું છે. આ નોન પ્રોફિટ ઓર્ગેનાઇઝેશન છે. તેનું ધ્યેય સમુદ્રી જીવ સંપત્તિનું રક્ષણ કરવું અને વિઝિટર્સને નૉલેજ આપવાનું છે. આ ઓર્ગેનાઇઝેશન સ્ટુડન્ટને તેનાં વિષય સમજવાની તક આપે છે. રિસર્ચ કરનારને સમુદ્રી જીવો ઉપર રિસર્ચ કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે તેવું વાતાવરણ ઊભું કરે છે. અહીં ડોલ્ફીન, વિકરાળ વ્હેલ માછલી અને હજારો જળચર ક્રીએચર્સ જોવા મળે છે. અહીં હોટલ, મોટલ, ગાર્ડન, કેસીનો, ગિફ્ટ શોપ, સ્ટેન-લે પાર્ક જોવા જેવા છે. અહીં રોજર્સની ચોકલેટ વખણાય છે. ૨૦૧૦માં ઓલિમ્પિક ગેઇમ રમાવાની છે. વેનકુંવરને દિલભરીને માણ્યા બાદ અમે કેમરીન જવા નીકળ્યા. ■

*(ક્રમશઃ)*

*ધાનનો કણ છોડીને, મોટા ફળની લાલચે, નાળિયેર ગયો ખાવા! તૂટી ચાંચ પોપટની!*

# માલિશ

• ડૉ. ધીરેન ગાલા •

પ્રાકૃતિક ચિકિત્સાના ઉપાયોમાં માલિશ પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વાસ્તવમાં, માલિશનો ઇતિહાસ ઘણો જૂનો છે. ભારત, ચીન, ગ્રીસ, રોમ, ઇજિપ્ત ઇત્યાદિ દેશોમાં હજારો વર્ષથી માલિશનો ઉપયોગ થતો આવ્યો છે.

શરીરનાં વિવિધ તંત્રો અથવા અવયવો પર માલિશ સ્વાસ્થ્યપ્રદ પ્રભાવ પાડે છે જેનું વર્ણન નીચે પ્રમાણે છે :

૧. **ત્વચા :** માલિશ વડે ચામડીને અપ્રતિમ લાભ થાય છે. ચામડીનાં છિદ્રો ખુલી જાય છે તેથી પરસેવા દ્વારા શરીરનાં વિષદ્રવ્યોના નિકાલમાં મદદ મળે છે.

૨. **સ્નાયુ :** માલિશ સ્નાયુઓની તાણ ઘટાડે છે અને તેમના દુખાવામાં રાહત આપે છે. ખૂબ જ મહેનતવાળું કામ કરવાથી સ્નાયુઓમાં લેક્ટિક એસિડ જમા થાય છે. માલિશ કરવાથી આ લેક્ટિક એસિડ સ્નાયુઓમાંથી ધોવાઇ જતાં સ્ફૂર્તિ અનુભવાય છે.

૩. **રક્ત પરિભ્રમણ :** માલિશ રક્ત પરિભ્રમણને વેગીલું બનાવે છે. પરિણામે શરીરના સંબંધિત ભાગને વધુ પુષ્ટિ મળે છે અને તેની રોગપ્રતિકારક શક્તિ વધે છે. રક્ત પરિભ્રમણમાં વેગ આવવાથી સોજો પણ ઓછો થાય છે. માલિશને કારણે પ્રાણવાયુ વહન કરવાની અને તેનો ઉપયોગ કરવાની લોહીની ક્ષમતા વધે છે.

૪. **જ્ઞાનતંતુઓ :** ધીમે ધીમે અને હળવા હાથે માલિશ કરવાથી જ્ઞાનતંતુઓની ઉત્તેજના શાંત થાય છે અને તેમની તાણ ઘટે છે. જોશીલી માલિશ સુસ્ત જ્ઞાનતંતુઓને ઉત્તેજિત કરીને તેમને કાર્યક્ષમ બનાવે છે.

૫. **પાચનતંત્ર :** પેટ પર માલિશ કરવાથી પાચનતંત્ર ઉત્તેજિત થાય છે અને મળનું નિષ્કાસન સારી રીતે થવા લાગે છે; યકૃતની કાર્યક્ષમતા વધવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ પ્રબળ બને છે.

૬. **મૂત્રતંત્ર :** માલિશને કારણે મૂત્રપિંડોને ઉત્તેજના મળે છે. આથી મૂત્ર વધુ બને છે. આ રીતે મૂત્ર દ્વારા શરીરમાંનાં વિષદ્રવ્યો બહાર નીકળવાની ક્રિયાને વેગ મળે છે.


૭. **હૃદય :** યોગ્ય રીતે માલિશ કરવામાં આવે તો હૃદય પરથી ઘણો બોજો ઓછો થઇ જાય છે અને તેની કાર્યક્ષમતામાં વૃદ્ધિ થાય છે.

સામાન્ય રીતે સૂકા હાથો વડે માલિશ કરવામાં આવે છે. પરંતુ ચામડી સૂકી હોય અથવા શરીરમાં ખૂબ અશક્તિ હોય તો ભીના કપડાની મદદથી અથવા તેલ વડે માલિશ કરી શકાય. માલિશ માટે તલનું તેલ સૌથી સારું છે. કેટલાક લોકો માલિશ કરતી વખતે પાઉડરનો ઉપયોગ કરે છે; પરંતુ આ પદ્ધતિ ઇચ્છનીય નથી. કારણ કે તેના વડે ચામડીનાં છિદ્રો પુરાઇ જાય છે.

- **રીત :**

સર્વપ્રથમ હાથ અને પગ પર માલિશ કરવી જોઇએ. ત્યારપછી ક્રમેક્રમે છાતી, પેટ, પેડુ, પીઠ, કમર, કૂલા અને છેવટે ચહેરા પર તથા માથા પર માલિશ કરવી. પીઠની માલિશ કરવા માટે કપડાનો ઉપયોગ કરવો. બને ત્યાં સુધી પોતે જ પોતાના હાથે માલિશ કરવી જેથી કેટલાક પ્રમાણમાં કસરતનો પણ ફાયદો મળે. અશક્ત વ્યક્તિઓ બીજાની મદદ લઇ શકે છે.

માલિશ કરવાની દિશા નીચેના ચિત્રમાં બતાવવામાં આવી છે :



માલિશ કર્યા પછી સમશીતોષણ (સાધારણ ગરમ) પાણીથી સ્નાન કરવામાં આવે એ ઇચ્છનીય છે. લોહીનું ઊંચું દબાણ હોય તો માથાથી પગની બાજુ માલિશ કરવી.

<u>*નોંધ*</u> : નીચેની સ્થિતિઓમાં માલિશ કરવી નહિ :

૧. તાવમાં માલિશ કરવી નહિ.
૨. સગર્ભા સ્ત્રીઓએ પેટ પર માલિશ કરવી નહિ.
૩. ઝાડા, પેટ કે આંતરડાંના ચાંદા, એપેન્ડિક્ષનો સોજો અથવા પેટમાં ગાંઠ હોય તો પેટની માલિશ કરવી નહિ.
૪. ચામડીના રોગોમાં પણ સામાન્ય રીતે માલિશ ન કરવાનું ઇચ્છનીય છે.

*ઉપકાર કરે નાનો, તેવો મોટો નહીં કરે, તૃષા છીપાવશે કૂવો, સમુદ્ર એ નહીં કરે!*

# ચંચળતા (Hyperactivity) : એક બીમારી

ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)

- **કેસ સ્ટડી :**

૧૧ વર્ષનો હરીન પરીક્ષામાં નાપાસ થયો. માતાપિતાને નવાઈ લાગી. ઘરમાં હરીન બધું લેસન કરતો હતો. મમ્મી બેસીને હોમવર્ક કરાવતી ત્યારે હરીન ઉત્તરો બરોબર લખતો હતો. મૌખિક બધું આવડતું હતું. પ્રશ્નોના ઉત્તરો મૌખિક બરોબર આપતો હતો.

એક જગ્યાએ કે એક વસ્તુ પર હરીન વધારે વખત ધ્યાન આપી શકતો ન હતો. ભણાવતી વખતે ટ્યુશન ટીચરને હરીનનું ધ્યાન વારંવાર ભણવા તરફ ખેંચવું પડતું હતું. ત્યારે હરીન લેસન/હોમવર્ક પૂરું કરતો.

નાપાસ થવાથી લેખકનો અભિપ્રાય લીધો. બુદ્ધિઆંક (IQ) કરાવ્યો જે નોરમલ હતો. પરંતુ સાયકોલોજિસ્ટે નિરીક્ષણ કર્યું હતું કે હરીન વધારે પડતો ચંચળ (Hyperactive) હતો તથા એકાગ્રતાની ક્ષમતા (attention span) બહુ જ ઓછી હતી.

મનોવિશ્લેષણ દ્વારા ઊંડાણમાં જતા જરૂરી માહિતી માતાપિતા પાસેથી મળી જે નીચે પ્રમાણે હતી.

૧. હરીન નાનપણથી વધારે ચંચળ હતો. જ્યારથી ચાલવાનું શીખ્યો ત્યારથી વધારે ચંચળ હતો. એક જગ્યાએ શાંતિથી લાંબો સમય બેસી શકતો ન હતો. જેટલો વખત સૂતો હોય એટલી વખત જ માતાપિતાને શાંતિ હતી. એક વખત જાગ્યો એટલે ચંચળતા, ભાગંભાગ, દોડવાનું ચાલુ. એક વખત દાઝી પણ ગયો હતો. ચંચળતાને લીધે ઘણી વખત પડી ગયો હતો. મૂઢ માર લાગતો. એક વખત ફ્રેકચર પણ થયેલ.

૨. હરીન લાંબો વખત સુધી પોતાનું ધ્યાન એક જગ્યાએ કેન્દ્રિત કરી શકતો ન હતો. (short attention span) રમકડાંથી પણ પાંચ મિનિટથી વધારે વખત રમતો નહીં. નવું રમકડું પણ પાંચ મિનિટમાં મૂકી દેતો. એકાદ બે દિવસમાં તો નવું રમકડું તૂટી ગયું હોય. ટી.વી. કાર્યક્રમ પણ વધારે વખત એક જગ્યાએ બેસીને જોઈ શકતો નહીં. ટી.વી. કાર્યક્રમ જોતી વખતે હાથપગ હલાવ્યા કરતો. સ્થિર બેસી શકતો નહીં. જગ્યા બદલતો રહેતો.

૩. હરીનને કામ સોંપતી વખતેના શરૂઆતના સૂચનો પર ધ્યાન આપી શકતો. છેવટના સૂચનો પર ધ્યાન ન આપી શકવાથી કામ યોગ્ય રીતે પૂર્ણ ન થતું, ભૂલો થતી તથા કામ અધૂરું રહી જતું.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
***એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.***
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
***એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,***
***એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક***
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

૪. ભણવામાં પણ ધ્યાન સંપૂર્ણપણે આપી શકતો નહીં. એકાગ્રતા જાળવવાની ક્ષમતા ઓછી હતી. આથી ભૂલો થતી. પૂર્ણપણે જવાબો લખી શકતો નહીં. જેથી ગુણાંક ઓછા મળતા અને છેલ્લે નાપાસ થયો.

૫. પોતાની ઈચ્છાઓ પર કાબૂ રાખી શકતો નહીં (Impulsive) વર્ગમાં જવાબ આપવા અધીરો બની જતો. પોતાના વારા (ટર્ન) સુધી રાહ જોવાને બદલે વચ્ચે જ જવાબ આપી દેતો હતો.

૬. વર્ગમાં પોતાની જગ્યાએ શાંત બેસી શકતો નહીં, ધ્યાન આપી શકતો નહી. આથી હરીનની છાપ મસ્તીખોર, તોફાની વિદ્યાર્થી તરીકે પડી હતી.

૭. મિત્રો જોડે રમતી વખતે હરીન રાહ જોઈ શકતો નહીં. અધીરો બની જતો. રમતના નિયમો પાળતો નહીં. આથી મિત્રો એને પોતાની જોડે રમાડતાં નહીં. જેથી હરીનને વધારે ગુસ્સો આવતો.

- **નિદાન :**

ઉપરના લક્ષણોને લીધે ચંચળતા તથા એકાગ્રતાની ક્ષમતા ઓછીનું (Attention Deficit Disorder with Hyperactivity) નિદાન કરેલ.

આ એક બીમારી છે જેમાં બાળકનો (હરીનનો) ચંચળતા તથા એકાગ્રતા પર પોતાનો કાબૂ હોતો નથી. બાળક જાણી બૂજીને આ પ્રમાણે કરતું નથી. પોતાની તરફથી પ્રયત્નો કરવા છતાં ચંચળતા તથા એકાગ્રતા પર કાબૂ મેળવી શકતો નથી.

- **સારવાર :**

૧. યોગ્ય દવાઓ શરૂ કરી. આ દવાઓથી મગજના જ્ઞાનતંતુમાં રસાયણોનું (neuro transmitter) પ્રમાણ નોરમલ થાય છે જેથી ચંચળતા ઓછી થાય છે તથા એકાગ્રતાની ક્ષમતા વધે છે.

૨. હરીન જોડેની વર્તણૂકમાં હૂંફભરી સમજદારીપૂર્વકનું વલણ અપનાવવા બદલ કાઉન્સેલિંગ દ્વારા ચર્ચા કરી. માતાપિતાએ યોગ્ય સહકાર આપ્યો.

એક મહિનાની સારવારમાં તો હરીનની ચંચળતા ખૂબ ઓછી થઈ. એકાગ્રતાની ક્ષમતા

*આપણી અડધી જિંદગી જૂની પેઢીને સમજવામાં જાય છે અને બાકીની અડધી નવી પેઢીને સમજવામાં જાય છે.*



વધી. છ માસિક પરીક્ષામાં ૭૫% ગુણાંક મેળવ્યા.

એકાગ્રતાની ક્ષમતા ઓછી હોવી તથા ચંચળતા (Attention Deficit Disorder with Hyperactivity (ADDH)) : વિશ્વ આરોગ્ય સંસ્થાએ (World Health Organisation) આને બીમારી તરીકે વર્ગીકરણ કર્યું છે.

આ બીમારી બાળકો તથા કિશોરોમાં જોવા મળે છે. શાળામાં જતાં વિદ્યાર્થીઓમાં ૩ થી ૬% વિદ્યાર્થીઓમાં આ બીમારી જોવા મળે છે. લેખકે કરેલા સંશોધનમાં પૂર્વના ઉપનગરની એક શાળામાં ૪% વિદ્યાર્થીઓમાં આ બીમારી જોવા મળેલી.

*અ. એકાગ્રતાની ક્ષમતા (Attention) :* આ બીમારીમાં એકાગ્રતાની ક્ષમતા ઓછી હોય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી.

૧. ભણવામાં ધ્યાન/એકાગ્રતા ઓછી રહે છે. લખવામાં ભૂલો થાય છે. લાંબા ફકરાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકાતું નથી.

૨. રમવામાં પણ એક જ રમત લાંબો સમય ધ્યાનથી રમી શકાતી નથી.

૩. વારંવાર ધ્યાન બીજી જગ્યાએ જતું રહે છે. (distractibility)

૪. આપેલાં સૂચનો પર યોગ્ય ધ્યાન આપી શકાતું નથી. આથી કાર્યો અધૂરાં રહે છે, કાર્યોમાં ભૂલો થાય છે.

૫. પોતાની વસ્તુઓ સાચવીને રાખી શકતા નથી. રોજિંદી વપરાશની વસ્તુઓ વારંવાર ખોવાઇ જાય છે.

૬. નવા રમકડાંમાં એકાદ દિવસથી વધારે વખત ધ્યાન/રસ રહેતું નથી.

*બ. ચંચળતા (Hyperactivity)*

૧. એક જગ્યાએ લાંબો વખત સુધી સ્થિર બેસી શકાતું નથી.

૨. વર્ગમાં પણ અસ્વસ્થ થવાય છે. જંપીને એક જગ્યાએ એક પીરિયડ પૂરતું પણ બેસાતું નથી.

૩. સતત હાથપગ હલાવ્યા કરે છે.

૪. બીજા વિદ્યાર્થીઓ / મિત્રોને ખલેલ (disturbance) પહોંચાડ્યા કરે છે.

૫. ઉપર નીચે થયા કરે છે, દાદરા વારંવાર ચડ-ઉતર કરે છે. આટલી દોડાદોડ કર્યા પછી પણ થાક લાગતો નથી. (“on go”, “driven by motor”)

૬. વધારે વાતચીત કરે છે.

*ક. પોતાની જાત/ઇચ્છાઓ પર બેકાબૂ (Impulsivity):*

૧. વર્ગમાં કે રમતમાં પોતાનો નંબર આવે ત્યાં સુધી રાહ જોઇ શકાતી નથી. વચ્ચે જ બોલવું કે રમવું હોય છે.

૨. રમતના નિયમો પાળવા જેટલી ધીરજ અને કાબૂ હોતો નથી. આથી ટીમ રમતોમાં તકલીફ થાય છે.

૩. વારંવાર નાની બાબતોમાં ચીડિયાપણું આવે છે.

ઉપરના લક્ષણો પર બાળક/કિશોરનો કાબૂ હોતો નથી. બાળક જાણી જોઇને મસ્તી કરતું નથી. બાળક મસ્તીખોર નથી કે ભણવામાં રસ નથી એવું નથી. આ એક બીમારી છે જેની મનોચિકિત્સક પાસે નિદાન કરાવી યોગ્ય સારવાર કરાવવી જરૂરી છે.

- **સારવાર :**

**૧. દવાઓ** : દવાઓ દ્વારા મગજના જ્ઞાનતંતુઓમાં થયેલા રાસાયણિક ફેરફારોને (neuro transmitters) નોરમલ કરાય છે જેથી ઉપરના લક્ષણો પર કાબૂ મેળવાય છે.

**૨. કાઉન્સેલિંગ :** માતપિતા, વડીલોને આ બીમારી બાબત વૈજ્ઞાનિક માહિતી અપાય છે. હૂંફભર્યું સમજણપૂર્વકનું વલણ અને વર્તણૂક બદલ વ્યક્તિગત ચર્ચા કરાય છે. નકારાત્મક અભિગમ બદલવો ખૂબ જરૂરી છે.

**૩. બીહેવિયર થેરાપી** દ્વારા બાળકની વર્તણૂકમાં યોગ્ય જરૂરી ફેરફારો અપનાવાય છે.

આ બીમારી માટે બાળકનો દોષ નથી. આથી માતાપિતા, વડીલો, શિક્ષકો નકારાત્મક વલણ ન અપનાવે અને હૂંફભર્યું સમજણપૂર્વકનું અભિગમ અપનાવે જેથી બાળકના વ્યક્તિત્વનું યોગ્ય ઘડતર અને વિકાસ થાય અને એનું ભવિષ્ય ઉજ્જવળ બને. ■

## બાળ વાર્તા

(અનુસંધાન : પાના નં.-૧૦૦ ઉપરથી ચાલુ)

બન્યો હતો ને તેના મોંમાંથી લાળ ટપકતી હતી. વળી સમડી પણ દોષિત ન ગણાય. કારણ સાપ સમડીનો ખોરાક છે. ભૂખને કારણે તેણે સાપનો શિકાર કરી ઝાડ પર બેઠી હશે. ચરણદાસ અને તેની પત્ની પણ દોષિત ન ગણાય. કેમ કે તેમણે તો શુભ આશયથી જ ભાઇને ખાવા માટે ખીર આપી હતી.

પણ ખરો દોષી તો પ્રેમદાસ પોતે જ ગણાય. કારણકે વગર વિચાર્યે અને તપાસ કર્યા વગર તે ખીર ખાઇ ગયો.

શાબાશ રાજાજી... તમારો જવાબ બિલકુલ સાચો છે. અહીં તમે શરત હારી ગયા. આમ કહી વૈતાળ પાછો વિક્રમરાજાના ખભેથી છટકી સિદ્ધવડની ડાળ ઉપર ઊંધે માથે લટકી ગયો.

બાળ દોસ્તો, હવે પછી શું થશે. રાજા વિક્રમ સિદ્ધવડ પાસે જશે કે કેમ? મડદું ઉતારશે કે કેમ? વૈતાળ તેને ફરી કઇ વાર્તા કહેશે તે જાણવા ફરી મળીશું આવતા અંકે. ત્યાં સુધી આવજો. ■

*ધર્મ-કર્મ અર્થે પણ ચોરી કરવી નહિ. ધણીની રજા વગર ફૂલ પણ લેવું નહિ.*

લઘુ નવલ

# અયોધ્યાનો રાવણ અને લંકાના રામ

• દિનકર જોષી •

## પ્રકરણ-૧૮ (છેલ્લું)

તત્કાલીન આર્યાવર્તમાં અયોધ્યાના ઇક્ષ્વાકુ વંશીઓનું શ્રેષ્ઠત્વ પુરવાર કરતો અશ્વમેઘ યજ્ઞ આખરે સંપન્ન થયો. કુલગુરુ વશિષ્ઠના આશીર્વચનથી સંતુષ્ઠ થયેલા રામે રાજકોશની છેલ્લી મુદ્રા સુધી દાનનો પ્રવાહ અવિરત રાખીને સહુને સંતુષ્ટ કર્યા. અશ્વમેઘ યજ્ઞના અનુષ્ઠાનમાં સપત્નીક પ્રતિષ્ઠાપિત થવાની પરંપરા પણ રામે રૂડી રીતે નિભાવી હતી. સીતાની આબેહૂબ સુવર્ણપ્રતિમા યજ્ઞવેદી પાસે એવી સુંદર લાગતી હતી કે જાણે હમણાં જ એની આંખની પાંપણો ફરકશે એવી આશાએ કેટલાંય નગરજનો મીટ માંડીને બેઠાં હતાં.

યજ્ઞની સમાપ્તિ પછી અતિથિઓ વિદાય થયા.

કાળ કોઇની પ્રતીક્ષા કરતો નથી- રામની પણ નહિ.

એક દિવસ અયોધ્યાના મહેલના સભાખંડમાં રાજકાજમાં પ્રવૃત્ત રામના જીવનમાં બીજી એક ઘટના બની. ઘટના તો સાવ મામૂલી હતી પણ-

સિંહાસનારૂઢ રામના જમણા હાથની તર્જનીમાં શોભતી રત્નજડિત સુવર્ણમુદ્રિકા અચાનક એમની આંગળીએથી સરકી ગઇ. મુદ્રિકાના સરકવા સાથે જ ખડિંગ એવો એક આછો ધ્વનિ પ્રગટ્યો. આ એ જ મુદ્રિકા હતી કે જે મુદ્રિકા રામે સીતાની શોધ માટે ગયેલા હનુમાનને પોતાના પ્રતીક તરીકે આપી હતી. અશોક વાટિકામાંથી મુક્ત થયાં પછી સીતાએ આ મુદ્રિકા રામને પાછી સુપરત કરી હતી. યુદ્ધકાળ દરમિયાન અત્યંત ચિંતિત અને વ્યથિત રહેલાં સીતાએ રામની આ મુદ્રિકાના સહારે જ શ્વસનતંત્ર ટકાવી રાખ્યું હતું. આ મુદ્રિકા અચાનક રામની આંગળીએથી સરકીને નીચે ભોંય પર પડી ગઇ. રામે ચોંકીને નીચે જોયું. આંખના પલકારામાં નીચે પડેલી મુદ્રિકા ક્યાંય દષ્ટિગત થઇ નહિ. રામને આશ્ચર્ય થયું. નિકટ ઊભેલા હનુમાનને એમણે કહ્યું :

‘હનુમાન, મારી મુદ્રિકા સિંહાસનની આસપાસ ક્યાંક પડી ગઇ. જુઓ, એને શોધી કાઢો.’

‘જેવી આજ્ઞા, રઘુવીર.’ આમ કહીને હનુમાને સિંહાસનની આસપાસ સર્વત્ર તીક્ષ્ણ નજરે તપાસ આરંભી, પણ મુદ્રિકા ક્યાંય નજરે પડતી નહોતી.

અચાનક હનુમાને જોયું- સુવર્ણમઢ્યા સિંહાસનના પાયા પાસે જ ભૂમિ ઉપર એક નાનકડું છિદ્ર હતું. એક નજીવી તિરાડ હતી. મુદ્રિકા અવશ્ય આ છિદ્ર વાટે ભોંયમાં ઊતરી ગઇ હોવી જોઇએ.

‘હે અયોધ્યા નરેશ, મુદ્રિકા આ છિદ્રમાં ઊતરી ગઇ લાગે છે.’ હનુમાને કહ્યું, **‘આપ અનુજ્ઞા આપો તો સુક્ષ્મ દેહ ધરીને હું આ તિરાડ વાટે અંદર ઊતરી જાઉં અને મુદ્રિકા પાછી લઇ આવું.’**

‘ભલે, કલ્યાણમસ્તુ.’ રામે આજ્ઞા આપી.

અંગુષ્ટમાત્રના છિદ્રમાં પ્રવેશી શકાય એવો સુક્ષ્મ દેહ ધરીને હનુમાન એમાં ઊતરી ગયા.

પણ અંદર ઊતરતાવેંત એમના આશ્ચર્યની અવધિ ન રહી. મુદ્રિકા ક્યાંય દષ્ટિગોચર થતી નહોતી. એમણે વધુ ને વધુ ઊંડા ઊતરવા માંડ્યું. જેમ જેમ ઊંડા ઊતરતા ગયા એમ એમ વધુ ને વધુ વિશાળ સૃષ્ટિ એમની સમક્ષ ખૂલતી ગઇ. આ સૃષ્ટિમાં ક્યાંય કશો ધ્વનિ નહોતો. ક્યાંય કશો સંચાર નહોતો. વાયુ સુદ્ધાં જાણે અહીં અલોપ થઇ ગયો હતો. અવકાશ અને માત્ર અવકાશ અનંત અને અસીમ અવકાશ સિવાય કશું જ દષ્ટિગોચર થતું નહોતું. સુક્ષ્મ દેહધારી હનુમાન આ અફાટ અવકાશમાં વિચરતા ગયા અને જ્યારે એમના પગ થંભ્યા ત્યારે એમને અનહદ આશ્ચર્ય થયું. એમની સમક્ષ હવે ત્રણ સ્ત્રીઓ ઊભી હતી. હનુમાને આ પૂર્વે સ્ત્રીઓ નહોતી જોઇ એવું તો નહોતું જ. રાવણના શયનકક્ષમાં એમણે અત્યંત રૂપવતી સ્ત્રીઓનાં દર્શન કર્યા હતાં. સ્વર્ગલોકમાં મહારાજ ઇન્દ્રની સેવાર્થે રહેલી અપ્સરાઓથી પણ હનુમાન અપરિચિત નહોતા. પણ આ સ્ત્રીઓનું ઓજસ કાંઇક અજબ પ્રકારનું હતું. હનુમાને આવું ઓજસ તો આ પૂર્વે ક્યાંય જોયું નહોતું. સ્ત્રીઓ આવી પણ હોઇ શકે?

‘હે કપિવર, તું કોણ છે અને અહીં શા માટે આવ્યો છે? એવું લાગે છે કે તું પૃથ્વી ઉપરથી કોઇક અકસ્માતના કારણે અહીં પડી ગયો છે.’

‘હે માતા,’ હનુમાન બોલ્યા, ‘હું પૃથ્વીલોક પરથી જ આવ્યો છું એ આપનું અનુમાન સત્ય છે. પણ હું પડ્યો નથી. મારા સ્વામી અયોધ્યા-નરેશ રામચંદ્રની મુદ્રિકા શોધવા માટે હું અહીં આવ્યો છું.’

ત્રણેય સ્ત્રીઓએ પરસ્પર નજર મેળવી અને પછી હસી પડી. હનુમાનને આશ્ચર્ય થયું. આમાં હસવા જેવું શું હતું?

‘કપિવર, આ પાતાળલોકની ભૂમિ છે.’ એક સ્ત્રીએ હનુમાન સમક્ષ એક સુવર્ણપાત્ર ધરીને કહ્યું, ‘તું આ પાત્રમાં ઊભો રહે એટલે અમે તને આ પાતાળ નગરીના અધિષ્ઠાતા સમક્ષ ઉપસ્થિત કરીશું. મુદ્રિકાની તારી શોધ અમારા અધિષ્ઠાતા જ પૂર્ણ કરી શકશે.’

હનુમાન વિચલિત તો ન થયા પણ પોતાના સુક્ષ્મ દેહને આ સ્ત્રીઓ વાસ્તવિક સ્વરૂપ માની રહી હતી એની એમને રમૂજ પણ થઇ. કરપાત્ર જેવા એ સુવર્ણપાત્રમાં હનુમાન સ્વેચ્છાએ જ ઊભા રહ્યા. આ પાત્ર પેલી ત્રણ પૈકી એક સ્ત્રીએ જાણે કોઇ કમળપુષ્પ

*ચડીને છાપરે બોલે કાગડો, કોણ સાંભળે? છૂપી કોયલનો ટહુકો, સાંભળી ચિત્તડું ચળે!*

હોય એમ ઊંચકી લીધું. યુદ્ધકાળમાં હિમાલયના આખા પર્વતને પોતાની હથેળીમાં ઊંચકીને ક્ષણમાત્રમાં સેંકડો યોજન દૂર પહોંચી જનારા હનુમાન એક સ્ત્રીના હાથમાં માંડ મુઠ્ઠી જેવા પાત્ર વચ્ચે ઊંચકાઇ રહ્યા હતા. સો યોજનના સમુદ્રને પ્રચંડ સામર્થ્યથી ઉલ્લંઘી જનારા હનુમાન અત્યારે માર્દવપૂર્વક પુષ્પની પાંખડી જેવા એક હાથની હથેળી વચ્ચે માર્ગ ટૂંકાવી રહ્યા હતા!

થોડીવારે હનુમાને જોયું- એક અત્યંત રમણીય અને વિશાળ ઉદ્યાનમાં ભવ્ય સિંહાસન ઉપર પાતાળલોકના અધિષ્ઠાતા બિરાજમાન થયાં હતાં. હનુમાન આખા રસ્તે સતત રામ નામનું રટણ કરી રહ્યા હતા. પેલી સ્ત્રીઓએ દેદીપ્યમાન પુરુષ સમક્ષ હનુમાન સહિતનું પાત્ર રજૂ કર્યું. પેલા પુરુષે રામનામનું રટણ કરી રહેલા હનુમાન તરફ એક ક્ષણ જોયા કર્યું અને પછી પૂછ્યું :

'વત્સ, તું કોણ છે અને અહીં શા માટે આવ્યો છે?'

થોડી વાર પહેલાં પેલી સ્ત્રીઓએ જે પ્રશ્ન કર્યો હતો એ જ આ પ્રશ્ન હતો. હનુમાને આસપાસ જોયું. પેલી સ્ત્રીઓ અદશ્ય થઇ ગઇ હતી.

'હે પુરુષશ્રેષ્ઠ,' હનુમાન બોલ્યા : 'મારું નામ હનુમાન છે અને મારા સ્વામી અયોધ્યાધિપતિ રામની મુદ્રિકા શોધવા માટે હું અહીં આવ્યો છું.'

'રામની મુદ્રિકા?' પેલા પુરુષના હોઠ ઉપર એક અકળ હાસ્ય પ્રગટ્યું. 'ઓહ! તો પૃથ્વીલોકના વર્તમાન રામની મુદ્રિકા પુનઃ એક વાર અહીં આવી પહોંચી છે!'

'એટલે?' હનુમાનને આશ્ચર્ય થયું. આ પુરુષ શું કહેવા માંગતો હતો? એના કથનનું તાત્પર્ય કશુંક ગૂઢ હતું. 'આપ શું કહેવા માગો છો, ભગવંત? જો મારા રામની મુદ્રિકા અહીં પડી હોય તો એ મને પાછી સોંપવા કૃપા કરો.'

'હનુમાન, તારા રામની મુદ્રિકા અહીં જ છે.' પેલા પુરુષે ઉત્તર દિશામાં અંગૂલીનિર્દેશ કરીને ઉમેર્યું. 'જો પેલા સરોવરમાં એ મુદ્રિકા પડી હશે તું ખુશીથી એ લઇ લે.'

હનુમાને ત્વરાપૂર્વક ઉત્તર દિશામાં નજર ફેરવી. એક રમણીય સરોવર ત્યાં હતું. હનુમાન ઉતાવળે ઉતાવળે સરોવર તટે ગયા અને બિલોરી કાચ જેવા સરોવરના નિર્મળ નીર તરફ જોયું. જળ એટલું વિશુદ્ધ હતું કે સરોવરનું તળિયું સુદ્ધાં સ્પષ્ટ દેખાતું હતું.

પણ આ તળિયામાં સેંકડો મુદ્રિકાઓ પડી હતી. રામે ધારણ કરી હતી બરાબર એવી જ અસંખ્ય મુદ્રિકાઓ સરોવરના જળમાં આરપાર દેખાતી હતી. આમાં રામની મુદ્રિકા કઇ, એ ચોકસાઇપૂર્વક કહેવું હનુમાનને અત્યંત દુષ્કર લાગ્યું. રામ ધારણ કરતા હતા એવી જ - અદ્દલોઅદ્દલ મુદ્રિકાઓ આટલી મોટી સંખ્યામાં અહીં શી રીતે એકત્રિત થઇ હશે? હનુમાનના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ બધા વચ્ચેથી રામની મુદ્રિકા ઓળખવી શી રીતે? હનુમાનને પારાવાર સમસ્યા થઇ. મુદ્રિકાઓ સન્મુખ જ હોવા છતાં ખાલી હાથે પાછા ફરવું એમને ભારે દુઃખદ લાગ્યું.

હનુમાન પાછા વળ્યા અને સિંહાસનારૂઢ પાતાળલોકના પેલા અધિષ્ઠાતા પાસે જઇને નમ્રતાપૂર્વક પૂછ્યું, 'ભગવંત! આપ મને સહાય કરશો? આપ કોણ છો એ હું જાણતો નથી, પણ આ સરોવરમાં મારા સ્વામી રામની મુદ્રિકાઓ જેવી જ અસંખ્ય મુદ્રિકાઓ જોઇને હું મૂંઝાઇ ગયો છું. આમાંથી અસલ મુદ્રિકાને હું ઓળખી શકતો નથી.'

'હે કપિવર, હું મહાકાળ છું.'

'નમસ્કાર હો, ભગવંત!' હનુમાને પુનઃપ્રણામ કર્યાં.

'અને તારા સ્વામી રામની મુદ્રિકા અહીં જ છે, પણ તું એને ઓળખી નહિ શકે એટલું જ નહિ, હું તને કશી સહાય પણ નહિ કરી શકું. કેમકે પૃથ્વીલોકના વર્તમાન રામની સમયાવધિ હવે સમાપ્ત થઇ ચૂકી છે. એનો જ આ સંકેત છે.'

'ભગવંત', હનુમાન સુદ્ધાં સહેજ કંપી ઊઠ્યા, 'આપ આ શું કહો છો? આપ કૃપા કરીને સમસ્યાનું સર્જન ન કરો, મારી સમસ્યાનું નિરાકરણ કરો.'

'હનુમાન, વત્સ, ધ્યાનપૂર્વક સાંભળી લે. પૃથ્વીલોક ઉપર સમયાંતરે સંખ્યાબંધ રામો ઉત્પન્ન થયા છે, અને મહાકાળના ચક્રમાં આ તમામ રામો લુપ્ત થયા છે. લુપ્ત થતી વેળાએ એમની મુદ્રિકા અહીં પાતાળલોકમાં આવી પડે છે અને આ સરોવરમાં એનો સંગ્રહ થાય છે. તેં જે મુદ્રિકાઓ જોઇ એ તમામ મુદ્રિકાઓ એક-એક રામની હતી અને આ બધા એક પછી એક કાળના પ્રવાહમાં લુપ્ત થયા છે. તારા વર્તમાન રામનું અવતારકર્મ પણ હવે સમાપ્ત થયું છે એટલે એની મુદ્રિકા પણ મેં અહીં મંગાવી લીધી છે અને પેલા સરોવરમાં મૂકી દીધી છે.'

હનુમાન સ્તબ્ધ થઇ ગયા. એક પણ શબ્દ બોલી ન શક્યા. માત્ર બંને હાથ જોડીને નતમસ્તકે આંખ મીંચીને ઊભા રહ્યા.

'જા વત્સ, જા!' હનુમાનને દૂર દૂરથી પ્રતિઘોષિત થતા હોય એવાં મહાકાળના શબ્દો પડ્યા, 'તું પૃથ્વીલોક ઉપર પાછો જા. જ્યારે તું અયોધ્યા પહોંચીશ ત્યારે તારા સ્વામી રામનું અવતારકૃત્ય સમાપ્ત થઇ ચૂક્યું હશે.'

હનુમાને ક્યાંય સુધી આ પ્રતિઘોષ સાંભળ્યા કર્યો. પછી આંખ ખોલી. ચોમેર સર્વત્ર સન્નાટો હતો. ક્ષણ પહેલાં જોયેલું દશ્ય અલોપ થઇ ગયું હતું. હનુમાન ક્યાંય સુધી ઊભા રહ્યા અને પછી એમણે હોઠ ફફડાવ્યાં- 'શ્રીરામ.'

એમણે પીઠ ફેરવી લીધી.

મુદ્રિકા શોધવા ગયેલા હનુમાન લાંબા વખત સુધી પાછા ફર્યા નહિ ત્યારે રામે સભા વિસર્જિત કરી અને પોતે મહેલમાં પોતાના કક્ષમાં પાછા ફર્યા. હનુમાન પાછા ફર્યા નહિ એ વિશે રામ ચિંતાની લાગણીથી પણ ઘેરાઇ ગયા હતા. ચિંતાની આ લાગણી વધુ ઘેરી થાય એ પહેલાં જ દ્વારપાળે આવીને પ્રણામ કર્યા :

'મહર્ષિ અતિબલના આ દૂત પાસે એવો તે કયો તાકીદનો સંદેશ હશે કે જે માટે એ અત્યારે કવેળાએ અહીં આવ્યો હશે?' રામના ચિત્તમાં પ્રશ્ન તો પેદા થયો, પણ એમણે તત્કાળ કહ્યું :

'દ્વારપાળ, દૂતને સન્માનપૂર્વક અંદર લઇ આવ.'

થોડી જ વારમાં તાપસ વેશધારી આ દૂતનું આગમન થયું. રામે એનો યથાયોગ્ય સત્કાર કર્યો અને પછી પૂછ્યું :

'હે દૂત, તમે મહર્ષિ અતિબલનો જે કંઇ

*યોગે શત્રુથી દુઃખ, વિયોગે દુઃખ મિત્રથી, બંને છે દુઃખ દેનારા, તો રે'વું સ્વસ્થ કેમ ના?*

સંદેશો લાવ્યા હો એ કહો.'

'હે રઘુનંદન' દૂતે કહ્યું : 'આ સંદેશ અતિ મહત્ત્વનો છે અને જ્યારે એ હું આપને સંભળાવી રહ્યો હોઉં ત્યારે, આ ખંડમાં બીજું કોઇ પ્રવેશે નહિ એવું સપ્ત આયોજન અનિવાર્ય છે. કક્ષની બહાર દ્વારપાળને બદલે કોઇક એવા વિશ્વાસુ સાથીને પ્રહરીને આ કામ સોંપો.'

રામ સતર્ક થઇ ગયા. આવો વિશ્વાસુ સાથી તો હનુમાન હતા, પણ હનુમાન અત્યારે ક્યાં છે? મહર્ષિ અતિબલ વિશે રામે કશું સાંભળ્યું નહોતું. એવાં અજાણ્યા મહર્ષિ પાસેથી સંદેશો લઇને આવનારો આ દૂત આવી પૂર્વશરત કરે છે એમાં અવશ્ય કશુંક રહસ્ય હોવું જોઇએ. રામે તત્કાળ લક્ષ્મણને બોલાવ્યા.

'લક્ષ્મણ' રામે કહ્યું, 'મંત્રણાકક્ષમાં હું આ અતિથિ જોડે એક મહત્ત્વના કામે રોકાયેલો છું. આ અતિથિની ઇચ્છા પ્રમાણે અમારો આ સંવાદ ચાલુ હોય ત્યારે બહારથી કોઇ અંદર પ્રવેશે નહિ એની સંભાળ તું સ્વયં દ્વાર પર ઊભો રહીને લેજે.'

'જી, મોટાભાઇ.' લક્ષ્મણે મસ્તક નમાવ્યું.

'પણ એટલું પૂરતું નથી. 'મહારાજ!' દૂતે, વાત આગળ વધારી. આ પૂર્વશરત છતાં, જો કોઇને આ ખંડમાં પ્રવેશ આપવામાં આવશે તો દ્વારપાળને એટલે કે લક્ષ્મણને આપે મૃત્યુદંડ દેવો, એવું પણ વચન આપો.'

રામ અને લક્ષ્મણ બંને ચોંકી ઊઠ્યા. અજબ હતો આ તાપસ! અજબ હતું એનું આ દૂતકર્મ! કોણ હશે આ મહર્ષિ અતિબલ?

'મોટાભાઇ!' લક્ષ્મણ બોલ્યા : 'આપ વિના સંકોચે આ દૂતને વચન આપો. હું અંદર કોઇનેય પ્રવેશ નહિ આપું.'

રામનું વચન મેળવીને તાપસ સંતુષ્ટ થયો. લક્ષ્મણ બહાર ચાલ્યા ગયા. રામ અને પેલો દૂત અંદર મંત્રણા ગૃહમાં પ્રવેશ્યા.

'દૂત', રામે કહ્યું, 'મહર્ષિ અતિબલની હું શું સેવા કરી શકું, એ તમે હવે વિના સંકોચે કહો.'

'હે વીરા!' તાપસ બોલ્યો, 'મહર્ષિ અતિબલ મહાકાળની વાણીને સમજે છે. મહાકાળ જોડે સંવાદ કરતા એમને જે સંદેશો પ્રાપ્ત થયો છે, એજ મારે આપને આપવાનો છે.'

'મહાકાળને હું પ્રણામ કરું છું.' રામે કહ્યું : 'એમનો જે કંઇ સંદેશ હશે, એનું હું વિનાસંકોચ અનુસરણ કરીશ.'

'હે રામ, મહાકાળે મહર્ષિ અતિબલ દ્વારા આપને સંદેશ મોકલ્યો છે કે પ્રત્યેક મનુષ્ય એક ચોક્કસ અવતારકૃત્ય માટે જ પૃથ્વી ઉપર જન્મ ધરે છે. આ અવતારકૃત્ય સમયોચિત સમજી લેવું અને જીવનમાંથી નિવૃત્ત થવાનું સૌભાગ્ય બહુ ઓછાને જ મળે છે. મહાકાળે આપને સંદેશ પાઠવ્યો છે કે જે હેતુ માટે આપનો જન્મ થયો હતો એ હેતુ સંપન્ન થઇ ચૂક્યો છે. આપનું અવતારકૃત્ય સમાપ્ત થયું છે, એટલે હવે આપ આ સ્થૂળ દેહ સંકોરી લ્યો.'

રામના ચહેરા ઉપર સ્મિત વિલસ્યું. અત્યંત હળવાશથી તેઓ બોલ્યા :

'હે તાપસ, આપ મહર્ષિ અતિબલના દૂત નથી, પણ સ્વયં મહાકાળ છો એમ માનીને આપને હું વંદન કરું છું. આપના આ અદ્દ્ભુત સંદેશનો હું સ્વીકાર કરું છું. વસ્તુતઃ છેલ્લાં કેટલાય સમયથી હું આપના દર્શનની અને આવા પાવનકારી સંદેશની જ પ્રતીક્ષા કરી રહ્યો હતો.'

મંત્રણાકક્ષમાં આ સંવાદ ચાલી રહ્યો હતો ત્યારે દ્વારપાળના સ્થાને ઊભેલા લક્ષ્મણ સમક્ષ એક જટિલ સમસ્યા પેદા થઇ હતી. મહર્ષિ દુર્વાસાનું બરાબર આ સમયે જ આગમન થયું હતું. લક્ષ્મણે એમને વંદન કર્યા અને યથોચિત સત્કાર પણ કર્યો. સત્કારનો સ્વીકાર કર્યા પછી તત્કાળ દુર્વાસાએ કહ્યું :

'હે લક્ષ્મણ, મારે આ જ ક્ષણે શ્રી રામચંદ્રને મળવું છે. તું એક પળમાત્રનો વિલંબ કર્યા વિના મને એમની પાસે લઇ જા.'

લક્ષ્મણ દ્વિધામાં મુકાઇ ગયા. રામની આજ્ઞા સ્પષ્ટ હતી. એ આજ્ઞા મહાકાળને અપાયેલું એમનું વચન હતું. એ વચનનું ઉલ્લંઘન થાય નહિ. એમણે નમ્રતાપૂર્વક કહ્યું:

'હે મહર્ષિ, આપની જે કંઇ સેવા હોય, એની મને આજ્ઞા કરો. શ્રી રામચંદ્ર અત્યારે એક વિશેષ અગત્યના કામમાં રોકાયેલા છે. આ ક્ષણે એમને કોઇ મળી ન શકે એવી એમની આજ્ઞા છે.'

'સુમિત્રાકુમાર', દુર્વાસા અપ્રસન્ન ભાવે બોલ્યા : 'શું તું એ જાણતો નથી કે રામની આવી કોઇ આજ્ઞા મહર્ષિ દુર્વાસા માટે હોઇ શકે ખરી?

'ક્ષમા કરજો, ભગવંત!' લક્ષ્મણ બોલ્યાં : 'હું રામનો સેવક છું, અને એટલે એમની આજ્ઞા મારા માટે બંધનકર્તા છે.'

'લક્ષ્મણ!' દુર્વાસા કુપિત થઇ ગયા, 'તારી આ ઉદ્દંડતા સમગ્ર અયોધ્યાનગરી માટે વિનાશ સર્જી શકે એવી છે. મારી અવજ્ઞા હું સાંખી શકતો નથી. જો તું હમણાં જ મને રામ પાસે નહિ લઇ જાય તો હું રામ સહિત સમગ્ર અયોધ્યાનગરીને અને એના ભાવિ વંશજોને સુદ્ધાં શાપિત કરીને નષ્ટ કરી દઇશ.'

લક્ષ્મણ ચોંકી ઊઠ્યા. દુર્વાસાની પ્રકૃતિ એ જાણતા હતા. દુર્વાસાએ જે કહ્યું છે એ તત્કાળ અક્ષરશઃ સિદ્ધ કરી શકે એવું એમનું સામર્થ્ય હતું. જો દુર્વાસાની ઇચ્છા મુજબ લક્ષ્મણ એમને રામ સમક્ષ નહિ લઇ જાય તો-

તો ક્ષણ બે ક્ષણમાં આ મહાક્રોધી ઋષિ સ્વયં રામ સુદ્ધાંને શાપિત કરી દેશે. આ સમગ્ર નગરી નામશેષ થઇ જશે, અને જો પોતે દુર્વાસાને અત્યારે રામની આજ્ઞા ઉલ્લંઘીને અંદર લઇ જશે તો-

તો રામ વચનબદ્ધ હતા. લક્ષ્મણ માટે મૃત્યુદંડ નિશ્ચિત હતો. લક્ષ્મણે એક ક્ષણમાં નિર્ણય કરી લીધો. એક પક્ષે રામ સહિત સમગ્ર અયોધ્યાનગરી હતી અને બીજા પક્ષે લક્ષ્મણ એકલો હતો. રામ સહિતની અયોધ્યાને ઉગારી લેવા લક્ષ્મણે પોતાનું બલિદાન આપે તો એમાં ખોટું શું છે? એ જ તો લક્ષ્મણનો ધર્મ છે અને આમેય હવે આ જીવનમાં લક્ષ્મણ માટે બીજું કયું શેષ કર્મ હોઇ શકે?

દુર્વાસાને સાથે લઇને લક્ષ્મણ મંત્રણાગૃહમાં પ્રવેશ્યાં ત્યારે રામ સસ્મિત ચહેરે મહાકાળને કહી રહ્યા હતા, 'આપના આ અદ્દ્ભુત સંદેશનો હું સ્વીકાર કરું છું. વસ્તુતઃ છેલ્લા કેટલાંય સમયથી હું આપના દર્શનની અને આવા પાવનકારી સંદેશની જ પ્રતીક્ષા કરી રહ્યો હતો.'

બરાબર આ જ વખતે રામની દૃષ્ટિ અંદર પ્રવેશેલા લક્ષ્મણ તથા દુર્વાસા પર પડી.

*પામું હું અન્યથી, તેથી વધુ હું આપતો રહું, આટલી પ્રાર્થના મારી, પ્રભુ, તું માન્ય રાખજે!*

અપરાધ વૃત્તિથી ઘેરાયેલા લક્ષ્મણે બીજું કોઇપણ કશુંય બોલે એ પહેલાં જ રામને પ્રણામ કર્યા અને નમ્રતાભર્યા સ્વરે બોલ્યા :

'મોટાભાઇ, આપની આજ્ઞાનું મેં ઉલ્લંઘન કર્યું છે. આપે હવે આ તાપસને આપેલા વચન મુજબ મારો વધ કરવો જોઇએ. આપના હાથે સ્વર્ગારોહણ કરીને હું ધન્ય થઇ જઇશ.'

'લક્ષ્મણ, ભાઇ, આ તું શું કહે છે? અમારો સંવાદ તો સમાપ્ત જ થઇ ગયો હતો. એટલે હવે તને આ મૃત્યુદંડની સજામાંથી હું મુક્ત કરું છું.'

'એ અસંભવિત છે, મહારાજ!' લક્ષ્મણ બોલ્યા : 'આપ મારી પ્રત્યેના પ્રેમથી દોરવાઇને વચનભંગી થાઓ, એનું મહાપાપ મારાથી લઇ શકાય નહિ. પ્રતિજ્ઞાનો ભંગ કરીને તો આપ સ્વયં નરકવાસને નિમંત્રી રહ્યા છો.'

રામ એક ક્ષણ વિચારમાં પડી ગયા. લક્ષ્મણના કથનમાં રહેલા તર્કને ઉવેખી શકાય એમ નહોતો. એમણે ધીમેથી કહ્યું :

'હે ભાઇ! પૂજનીયો દ્વારા થયેલા ત્યાગને સાધુ પુરુષો બરાબર જ કહે છે, હું તારા માટે પૂજનીય છું અને આ પળે હું તારો ત્યાગ કરું છું. હવે તારો સ્થૂલ મૃત્યુદંડનો આગ્રહ કરવાની કોઇ જરૂર નથી.'

લક્ષ્મણ રામ સામે જોઇ રહ્યા. એમની આંખમાં ભીનાશ તગતગી. રામના ચરણસ્પર્શ કરીને એમણે પીઠ ફેરવી લીધી.

પણ પીઠ ફેરવીને લક્ષ્મણ સ્વગૃહે ન ગયા. ભૂમિની આરપાર જોતા હોય એમ નજર નોંધીને એમણે ચૂપચાપ સરયૂના પ્રવાહ ભણી ગતિ કરી. સરયૂકાંઠે આવીને એમણે આકાશમાં જોયું. આ ધરતી.. આ આકાશ.. અને હવે આ જળ..

લક્ષ્મણ એક ક્ષણ આંખ મીંચીને ઊભા રહ્યા, પછી સરયૂના જળમાં એમણે પગ બોળ્યા. બરાબર મધ્યાહ્ને આવેલા સૂર્યની વંદના કરતા હોય એમ જળનો અર્ઘ્ય આપ્યો. સરયૂના પ્રવાહ વચ્ચે આકંઠ દેહને ડુબાડીને એમણે પ્રાણવાયુને રોકી દીધો. તમામ ઇન્દ્રિયો સંકોરી લીધી અને પછી વિમુક્ત થયેલા ચેતન તત્ત્વને વંદન કરતા હોય એમ એમણે મસ્તક જળના પ્રવાહમાં ખેંચી લીધું. ઓમ..ઓમ..ઓમ.. નદીના પ્રવાહે જાણે એક પ્રતિઘોષ પેદા કર્યો. પ્રવાહ ઉપર એક ક્ષણ તરંગો પેદા થયા અને પછી સરયૂનો આ જળપ્રવાહ કાળના પ્રવાહની જેમ જ કોઇનીયે કશી નોંધ લીધા વિના યથાવત વહેવા માંડ્યો.

કથા કહે છે : કે લક્ષ્મણની આ જળસમાધિ પછી રામે પણ મહાકાળના પેલા સંદેશનો સ્વીકાર કરીને સરયૂના જળપ્રવાહમાં જ પોતાના અવતારકૃત્યની સમાપ્તિ કરી હતી.

*(સમાપ્ત)*

*(સાભાર : 'કુમાર' ઓક્ટોબર-૨૦૦૯)*

## મહાત્મા

હું કાંઇ પહેલેથી મહાત્મા જનમ્યો ન હતો. મારામાં અનેક પ્રકારના દોષ હતા. તે દૂર કરવા હું સતત પ્રયત્ન કરતો રહ્યો અને એક વાણિયો જેમ અડધિયું અડધિયું ભેગું કરીને શાહુકાર બને છે તેમ ધીરે ધીરે સદ્‌ગુણ કેળવતો ગયો અને આજે તો એવી સ્થિતિ આવી ગઇ છે કે લોકો મને મહાત્મા કહે છે.

*- ગાંધીજી*

# મુંબઈમાં રહેવું હોય તો....

• અમૃતલાલ નાનજી માલદે •



સવારે વહેલા ઊઠવું પડશે. કારણ કે તમારે બાળકોને સ્કૂલમાં મોકલવા માટે તૈયાર કરવા પડશે. ત્યાર પછી તમારે આઠ દસની લોકલ પકડવાની છે.

તમારે દોડતાં શીખવું પડશે. કારણ કે તમે જગ્યા લીધી ત્યારે બિલ્ડરે સ્ટેશનથી પાંચ મિનિટના રસ્તે છે વગેરે કહેલ. આ પાંચ મિનિટ બસમાં કે દોડતાં, એની જાણકારી નહિ આપેલ.

તમારામાં ખાડાવાળા રસ્તા પર અને ભીડમાં રસ્તો કેમ કાઢવો એવી આવડત હોવી જોઈશે.

તમારામાં ટ્રેનમાં એક કલાક હાથ ઊંચા અને બાજુના પેસેન્જરના પસીનાની સુગંધ માણતા તમારે જે સ્ટેશન ઉતરવાનું છે ત્યાં ધક્કા ખાતાં ઉતરવાની તૈયારી રાખવી પડશે. જો તમે રિક્ષામાં સફર કરવાનાં હો તો આંખો બંધ કરીને ઈષ્ટદેવની પ્રાર્થના કરવાની ટેવ રાખવી પડશે. રિક્ષામાંથી ઉતરો ત્યારે ચલાવનારનો આભાર ખાસ માનવો રહ્યો. જો તમને શરદી થઈ હોય અથવા પાન-તમાકુની ટેવ હોય તે સાથે એક ફોલ્ડિંગ થૂંકદાની રાખવી પડશે. નહીંતર રૂા. ૨૦૦ નો દંડ ભરવા તૈયાર રહેવું પડશે. ફોલ્ડિંગ થૂંકદાની ચાઈનાથી આવવાની છે.

જો તમારે પોતાની કાર અથવા સ્કૂટરમાં જવાનું હોય તો સાથે ઉપરના ખિસ્સામાં ૫૦ અને ૧૦૦ રૂા. સાથે રાખવા પડશે. કારણ વગર ટ્રાફિક પોલીસ પકડે તે માટે. તમારી ગાડી રસ્તા પર પાર્ક કરવાનો અને રસ્તા પર ગાડી ધોવાનો દંડ ભરવો પડશે. રિક્ષા અને ટેક્સીવાળા આમાંથી બાકાત છે.

તમારે રોજ સવારે છાપામાં કૌભાંડ, બળાત્કાર અને મર્ડર સિવાયના સમાચાર ક્યાં છપાયા છે તે શોધીને વાંચતા શીખવું પડશે. તમને શેરમાં રસ હોય તો બી.પી.ની ગોળી સાથે રાખવી પડશે. કારણ કે 'આખલો' કાબૂમાં રાખવો મુશ્કેલ છે. તમે કોઈપણ ધંધાના માલિક હોતો ઓફિસમાં તમારે વહેલું પહોંચવું પડશે.

કારણ કે સ્ટાફ ગમે ત્યારે આવી શકે છે. સ્ટાફને કાંઈ કહ્યું તો તમારે યુનિયનનો સામનો કરવાની ક્ષમતા રાખવી પડશે.

તમારી ઓફિસમાં ગમે ત્યારે ગમે તે સરકારી અધિકારી આવે ત્યારે રોકડા પૈસા આપવાની સગવડ રાખવી પડશે, કારણ કે તમારે 'કાયદાની ચાલો'નું પાલન કરવું પડશે.

તમારી તબિયત ખરાબ થઈ અને ડોક્ટર પાસે જશો ત્યારે સૌ પ્રથમ સવાલ પૂછશે કે તમારી પાસે મેડિક્લેઈમ પોલિસી છે? કારણ કે એના વગર એમને સારવાર કરવામાં રસ નથી હોતો.

તમારે મરાઠી શીખવી પડશે અને એના તહેવારમાં 'વરગણી' આપવી પડશે.

તમે વાલકેશ્વર કે દક્ષિણ મુંબઈમાં રહેતા હો તો તમારા દીકરા/દીકરી માટે એ બાજુ જ યોગ્ય જીવનસાથી ગોતવો પડશે અને બોરીવલી/મુલુંડ બાજુ રહેતા હોતો તમારે દહીંસર, મીરા રોડ, મલાડ, ભાંડુપ, ઘાટકોપર વગેરે જગ્યાએ પરણાવવા પડશે.

આ બધું વાંચ્યા પછી તમોને થતું હશે કે શા માટે મુંબઈમાં રહેવું જોઈએ? પરંતુ તમે બીજી જ ક્ષણે કહેશો ના 'હું મુંબઈ નહીં છોડું.'' ■

## પ્રેમી પંખીડાં

(અનુસંધાન : પાના નં.-૧૦૧ ઉપરથી ચાલુ)

એક વાર એવી રીતે ખૂણે ખાંચરે બેઠેલા યુવક-યુવતીને ઝડપીને પોલીસે રૂઆબ છાંટતા કહ્યું- 'ચાલો, લખાવો નામ!' ત્યારે યુવકને પોલીસની મશ્કરી કરવાની ઈચ્છા થઈ. તેણે કહ્યું 'મારું નામ શાહજહાં છે અને આ મારી સાથે છે તે મારી પત્ની છે અને તેનું નામ મુમતાઝ મહલ છે!' પોલીસને પોતાના ઈતિહાસના જ્ઞાનને પ્રદર્શિત કરવાની ઈચ્છા થઈ' તેથી તેણે તરત જ સવાલ કર્યો- 'તો ક્યાં છે તાજમહેલ?' યુવક પોલીસના ઈતિહાસના અધકચરા જ્ઞાન અંગે મૂછમાં હસ્યો અને બોલ્યો- 'સાહેબ એ ત્રણે એક સાથે કઈ રીતે શક્ય બને?! મુમતાઝના ગયા પછી જ તાજમહેલ બંધાયને!'

આ સાંભળીને પણ શરમિંદા થયા વગર પોલીસે વિદાય લીધી! અને તેમ છતાં જતાં જતાં લાકડી તો પછાડતો જ ગયો!

આટલું વાંચ્યા પછી નથી લાગતું કે કોઈ પણ યુનિવર્સિટી આ લખનારને પી.એચ.ડી.ની ઉપાધિ આપી દેશે?!

- પ્રેમી પંખીડાંના શોધ નિબંધ માટે!

ત્યારે ફરીથી ન્યૂઝપેપરમાં બોક્સમાં સમાચાર ચમકશે-

'એન્જિનિયર બન ગયા ડોક્ટર!'

(રાજુ બન ગયા જેન્ટલમેન જેવું લાગે છે ને?!)

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

***થયો વૃદ્ધ, નથી તેમાં દુઃખનું કાંઈ કારણ, દુઃખ તો એક વાતે કે, કશું તે સિદ્ધ ના કર્યું!***

# બાળ વાર્તા

## વિક્રમ અને વૈતાળ

**(પ્રકરણ-૧૦)**

બાળ દોસ્તો... બીજાના દુઃખે દુઃખી અને સુખે સુખી એવા પરદુઃખભંજન રાજા વીર વિક્રમ આઠ-આઠ રાત્રિથી પરેશાન થવા છતાં હિંમત હારતા નથી. એમને તો બસ બીજાના દુઃખના નિવારણમાં જ રસ છે અને વળી પાછા ન્યાયપ્રિય અને સત્યવક્તા છે એટલે વૈતાળ દ્વારા પૂછાયેલ વાર્તાનો જવાબ આપ્યા વિના પણ રહેતા નથી અને આથીજ વૈતાળ પણ વિક્રમને બોલતો કરી અંતે છટકી જાય છે..

હવે આગળ... નવમા દિવસની મધરાત થતા વિક્રમરાજા ફરી પાછા સ્મશાનમાં પહોંચી જાય છે અને ત્યાં સિદ્ધવડ ઉપરથી લટકતા શબને ઉતારી ખભે નાખી જોશભેર ચાલવાનું શરૂ કરે છે.

આમ થોડે દૂર ગયા ત્યાં તો વૈતાળે એક નવી વાર્તા કહેવી શરૂ કરી.

કાશી નગરીમાં પ્રભુદાસ નામે એક વિદ્વાન બ્રાહ્મણ રહેતો હતો. પોતાની અક્કલ અને હોંશિયારીને લીધે રાજાના દરબારમાં તે ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવતો હતો અને રાજા તેની સલાહ સૂચના મુજબ જ અગત્યના કાર્યો કરતો હતો.

પ્રભુદાસને પ્રેમદાસ નામે એક પુત્ર હતો. પિતાની જેમ જ તે ખૂબ વિદ્વાન હતો. બધા શાસ્ત્રોમાં નિપુણ હોવા ઉપરાંત તે ખૂબ દેખાવડો હતો.

પુત્ર ઉંમરલાયક થતાં પિતા પ્રભુદાસે તેના લગ્ન મનોરમા નામની એક કન્યા સાથે કરી દીધાં. મનોરમા ખૂબજ મનોહર રૂપવતી અપ્સરા જેવી હતી. પ્રેમદાસ મનોરમાને ખૂબ જ પ્રેમ કરતો હતો. બંને એક ક્ષણ પણ એકબીજા વગર એકલા રહી શકતા નહીં. પ્રેમદાસને પરણ્યા પછી મનોરમા સિવાય બીજા કોઇ કામમાં દિલ લાગતું નહીં. આખો દિવસ બસ તે મનોરમાની પાસે જ બેસી રહેતો.

એક દિવસ પ્રેમદાસ પોતાની પત્નીને લઇને સરોવરમાં સ્નાન કરવા માટે ગયો. બંને પતિ-પત્ની સ્નાન કરતા કરતા એકબીજાની મજાક મશ્કરી કરતા હતા. પતિ પ્રેમદાસની મનાઇ છતાં મનોરમા થોડી વધુ આગળ પાણીમાં નહાવા ગઇ. પણ અહીં પાણીનું ઊંડાણ ખૂબ હોવાથી તે ડૂબી ગઇ.

પ્રેમદાસ પોતાની પત્નીનું અકાળે અવસાન થતાં બહાવરો બહાવરો થઇ ગયો અને અંતે પાગલની જેમ વર્તવા લાગ્યો. તેને તો ચારેબાજુ બસ મનોરમા જ દેખાતી. આખો આખો દિવસ તે સરોવરના કિનારે બેસી રહી મનોરમાનું જ રટણ કર્યા કરતો. ભૂખ તરસનું પણ તેને ભાન નહોતું.

એક દિવસ મનોરમા-મનોરમા એમ રટણ કરતો કરતો દૂર જંગલમાં નીકળી ગયો અને ત્યાંથી એક દેશમાંથી બીજા દેશમાં પહોંચી જઇ અહીં તહીં ભટકતો રહ્યો. તેની દશા ભિખારી કરતાં પણ ખરાબ થઇ ગઇ. ભૂખ તરસને કારણે તેનું શરીર સાવ કૃશ થઇ ગયું અને કપડાંનાં પણ ઠેકાણાં ન રહ્યા.

આમ ફરતા ફરતા એક દિવસ એક નગરીમાં પહોંચી ગયો. અહીં તેનો પિતરાઇ ભાઇ ચરણદાસ રહેતો હતો. તેણે પ્રેમદાસને ભિખારી જેવી હાલતમાં જોયો. પોતાના ભાઇની આવી હાલત તેણે કલ્પી નહોતી. જ્યારે બીજી બાજુ પ્રેમદાસ મનોરમાના પ્રેમમાં એવો અંધ બની ગયો હતો કે તે પણ પોતાના પિતરાઇ ભાઇ ચરણદાસને ઓળખી શક્યો નહીં.

ચરણદાસ પ્રેમદાસને સમજાવી પટાવી પોતાના ઘેર લઇ આવ્યો. તેને નવરાવીને પહેરવા માટે બીજા વસ્ત્રો આપ્યા. પછી ચરણદાસે પોતાની પત્નીને પોતાના પિતરાઇભાઇની ઓળખાણ આપી અને કહ્યું કે આજે મારો ભાઇ પહેલ વહેલા આપણે ઘેર આવ્યો છે માટે તું એને ખીર બનાવી ખવડાવજે.

ચરણદાસની પત્નીએ પ્રેમપૂર્વક મજાની ખીર બનાવી પોતાના દિયરને ખાવા માટે આપી. પ્રેમદાસ ખીરનું પાત્ર લઇ ઘરની બહાર આવેલ બગીચામાં ઝાડ નીચે જઇને બેઠો, ને ખીરનું પાત્ર બાજુમાં મૂકી મનોરમાના વિચારોમાં ખોવાઇ ગયો.

હવે પ્રેમદાસ જે ઝાડ નીચે બેઠો હતો તેની ઉપર એક સમડી મરેલા સાપને પકડીને બેઠી હતી. તે સાપના મુખમાંથી ઝેરી લાળ ટપકી ખીરના પાત્રમાં પડી. થોડીવાર પછી કાલ્પનિક જગતમાંથી પાછા ફર્યા બાદ પ્રેમદાસ તે ખીર ખાઇ ગયો. પણ ખીર પેટમાં ગઇ ત્યાં તો તેના આખા શરીરમાં બળતરા થવા લાગી. તેને ચક્કર આવવા લાગ્યા અને શરીર શિથિલ થવા માંડ્યું. તે બૂમાબૂમ કરવા લાગ્યો. તેની બૂમો સાંભળી ચરણદાસ અને તેની પત્ની ઘરની બહાર આવી બગીચામાં પ્રવેશ્યા પણ પ્રેમદાસની નજીક પહોંચે ત્યાંજ તેના પ્રાણ નીકળી ગયા.

ચરણદાસ અને તેની પત્ની આ બનાવ જોઇ ખૂબ ગભરાઇ ગયા. ચરણદાસ તેની પત્ની ઉપર ખૂબ જ ગુસ્સે થઇ ગયો અને કહેવા લાગ્યો કે તેંજ મારા ભાઇને ઝેરી ખીર આપી મારી નાખ્યો છે. ચરણદાસ ખૂબ ખૂબ દુઃખી થઇ ગયો. ગુસ્સાના આવેગમાં તેણે પોતાની પત્નીને ઘરમાંથી બહાર કાઢી મૂકી.

ચરણદાસની પત્નીએ વિચાર્યું કે મેં મારા દિયરને ઝેરી ખીર આપી જ નથી પણ મારા પતિએ મારી ઉપર ખોટું આળ મૂકી મને ઘરમાંથી બહાર કાઢી મૂકી. એટલે હવે મારે જીવીને શું કરવું. એમ વિચારી કૂવામાં પડીને તેણે આત્મહત્યા કરી લીધી.

અને..અહીં વૈતાળે વાર્તા પૂરી કરતા વિક્રમને કહ્યું કે, હે બુદ્ધિશાળી ન્યાયપ્રિય રાજન, આ આત્મહત્યાનું પાપ કોને લાગે? તેમજ પ્રેમદાસના મૃત્યુ માટે કોણ જવાબદાર ગણાય?

વિક્રમરાજાએ કહ્યું, ખીર તો ચરણદાસની પત્નીએ જ બનાવી હતી, પણ એમાં એનો શું વાંક. ચરણદાસે વગર વિચાર્યે જ પત્નીને કાઢી મૂકી હતી. વળી પ્રેમદાસના મૃત્યુ માટે પણ કોઇને જવાબદાર ગણી ન શકાય. સાપ પણ મરેલો હતો અને તે કોઇનો શિકાર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૯૪ ઉપર)**

*જીવન એક નાટક છે. તે કેટલો સમય ભજવાયું તે નહિ, પરંતુ તે કેવું ભજવાયું તે મહત્ત્વનું છે.*

# પ્રેમી પંખીડાં!

• ચિત્રસેન શાહ - ગાંધીનગર •



'પ્રેમી પંખીડાં' શબ્દ પોલીસ ડિપાર્ટમેન્ટ તેમજ ન્યૂઝપેપરવાળાઓને અતિ પ્રિય હોય છે! જેવા કોઇ યુવક યુવતીને પંખીડાંની માફક(!) અંધારામાં ગાર્ડનમાં બેઠેલા જુએ કે પોલીસ એક્શનમાં આવી જાય અને ઝડપી લે! અને બીજા દિવસના ન્યૂઝ પેપરમાં બોક્સમાં સમાચાર આવી જાય કે- 'પ્રેમી પંખીડાં' ઝડપાયા!

થોડા સમય પહેલાં ત્રણેક ન્યૂઝપેપરમાં થઇને પાંચ-સાત જગ્યાએ આવેલા આવા સમાચારે આ રસપ્રદ વિષય પર લખવા અમને પ્રેર્યા છે! બાકી આંખોની કેટલીક તકલીફોને કારણે અમે લખવાનું સદંતર બંધ તો નથી કરી શક્યા પણ ઓછું જરૂર કરી નાખ્યું છે. અને ટી.વી. ચેનલોના પ્રોગ્રામની માફક જ અમે પણ વારંવાર વચ્ચે વચ્ચે વિરામ લઇએ છીએ! ફેર ફક્ત એટલો જ છે કે ટી.વી. ચેનલોને 'વિરામ'ના પૈસા મળે છે-અમને નથી મળતાં!

આ અંગે મશ્કરી કરતાં અમારા એક મિત્ર કહે છે - 'પરંતુ લોકોને તો આરામ જરૂર મળે છે!'

પોલીસવાળાઓ લાકડી પછાડતા પછાડતા ગાર્ડનમાં આંટાફેરા મારતા હોય અને ખૂણે ખાંચરે કોઇ યુવક યુવતી 'ગોધૂલી'ના સમયે (એટલે કે ધૂળ ઉડાડતી ઉડાડતી ગાયનો ધણ જ્યારે જંગલમાંથી પાછા ફરી રહ્યા હોય તેવા સાંજના સમયે! જોકે હવે તો એ દિવસો જ ક્યાં રહ્યા છે કે આવા દશ્યો જોવા મળે! બાકી હવે તો ડેન્માર્કના કોપનહેગનમાં મળેલ ગ્લોબલ વોર્મિંગ અંગેની કોન્ફરન્સમાં એ.સી. હોલમાં બેસી ચિંતા અને ચર્ચા કરતાં લોકો જરૂર દેખાય!)

નજીક નજીક બેઠાં હોય અને પ્રેમપૂર્વક વાતો કરતાં હોય એટલે પોલીસના મનમાં શંકાના વાદળો ઘેરાય! તે તો તરત મેમો બુક કાઢીને યુવક-યુવતીને ધમકાવતાં કહેશે- 'અત્યારે અંધારામાં તમે લોકો કેમ બેઠાં છો?! ચાલો લખાવો નામ' આવા સમયે પોલીસના મુખ પર આનંદ છલકાતો હોય અને તેમાં સ્પષ્ટ વંચાતું હોય-'પ્રેમી પંખીડાં ઝડપાયા!'

એક વખત આવી રીતે ઝડપાયેલા યુવક-યુવતીને જ્યારે પોલીસે પૂછ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો-'સાહેબ, અમે પ્રેમી પંખીડા નથી! અમે તો છીએ પતિ-પત્ની! અમારા લગ્નને વીસ વર્ષ થઇ ગયા છે!' આ સાંભળી પોલીસની આંખ આશ્ચર્યથી પહોળી થઇ ગઇ! તે માની જ ન શક્યો! તેણે યુવકને કહ્યું- **'તમે જે રીતે પ્રેમપૂર્વક એકબીજા સાથે વાતો કરી રહ્યાં હતાં તે જોઇને માનવામાં નથી આવતું કે તમે પતિ-પત્ની છો!** તેમ છતાં પતિ પત્ની હો તો ચાલો, બતાવો લગ્નનું સર્ટિફિકેટ!'

યુવક-યુવતીને પોલીસવાળાના આઇ.ક્યુના આંક વિશે શંકા જાગી!

યુવકે કહ્યું- 'સાહેબ, હદ કરો છો તમે! લગ્નનું સર્ટિફિકેટ સાથે લઇને ફરવાનું?! અરે, લોકો ડ્રાઇવિંગ લાઇસન્સ પણ સાથે લઇને ફરતા નથી અને તમે લગ્નના સર્ટિફિકેટ સાથે લઇને ફરવાની વાત કરો છો?! વીસ વર્ષ પછી ઘણીવાર લગ્નજીવનના પણ ઠેકાણા ન હોય ત્યાં લગ્નના સર્ટિફિકેટના તો ક્યાંથી જ હોય?!'

અરે, કોઇ કિસ્સામાં તો એવું પણ બની શકે કે લગ્નના સર્ટિફિકેટની પાછળ જ ડાઇવોર્સનો કાચો ડ્રાફ્ટ તૈયાર કરાયો હોય!

પોલીસવાળાએ પેલા યુવક-યુવતીને કહ્યું-'ચાલો, આજે જવા દઉં છું પરંતુ આવતીકાલે પોલીસ સ્ટેશને આવી સાહેબને સર્ટિફિકેટ બતાવી જવાબ લખાવી જજો!'

પોલીસ ડિપાર્ટમેન્ટમાં 'જવાબ'નું ઘણું મહત્ત્વ હોય છે! જેવા કોઇ પણ ફરિયાદ લખાવવા જાય કે એ લોકો જવાબ લખાવવાનું કહેશે! સવાલ પૂછ્યા વગર જવાબ માગશે!

'પ્રેમી પંખીડાં' પોલીસવાળાઓના હીટ લિસ્ટ પર જ હોય છે! અમુક ગુનેગારોને પકડવાનો ક્વોટા જ્યારે પૂરો કરવાનો હોય ત્યારે 'ચેઇન સ્નેચર'ને પકડવા કરતાં પ્રેમી પંખીડાં ઝડપવા વધારે ઇઝી પડે છે!

સાચે સાચા પ્રેમી પંખીડાં જ્યારે ઘેરથી અને મા-બાપથી છુપાઇને ગાર્ડનમાં મળવા ભેગા થયા હોય અને પોલીસના હાથે ઝડપાઇ જાય ત્યારે તે લોકોને પોલીસ પ્રાઇમ મિનિસ્ટર જેવો લાગે છે!

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૯ ઉપર)

*સીધા સંબંધથી બંધાયેલા પતિ-પત્ની ઘણીવાર આખી જિંદગી એકબીજાથી આડાં ચાલતા રહે છે. અને કોઈ કોઈ આડા સંબંધવાળા સીધેસીધી ખેલદિલી સાથે જીવી જાય છે.*

# બોઘડદાસ બનશે બોગૉઘ!

• કીર્તિ શાહ •

હમણાં હમણાં અમારા બોઘડદાસ ધમાલમાં પડી ગયા છે. આમ પણ એમને પોતાનામાં પ્રતિભાના બીજ હોવાની શંકા પહેલેથી જ હતી. ત્યાં બે ત્રણ સંપાદકોએ એમનાં લખાણો સ્વીકાર્યા અને એકાદે તો એમનો પરિચય પણ માગ્યો. બસ થયું, એમને પરમ શ્રદ્ધા બેસી ગઇ કે, પોતે આવતીકાલની વિભૂતિ છે. હવે બોઘડદાસ રહ્યા લાંબી દૃષ્ટિવાળા માણસ. એમણે જોયું કે, પોતાની આજુબાજુ મોટપની AIR તો બિલકુલ નથી, એ જમાવવી પડશે. વળી મોટા માણસોની માફક થોડી ખાસિયતો પણ કેળવવી પડશે. તેમ જ પોતાનું કાર્યક્ષેત્ર પણ નક્કી કરવું પડશે. બોઘડદાસ આ બધાની તૈયારીની ધમાલમાં પડી ગયા છે.

પ્રથમ તો એમને પંડિત નહેરુની પદ્ધતિ, કોટમાં ગુલાબનું ફૂલ ખોસવાની, અનુસરવા જેવી લાગી. ખાસ વરદી આપીને નવો પહેરવેશ-શેરવાની, અચકન, જાકીટ વગેરે તૈયાર કરાવાયાં. અને ગુલાબનું ફુલ રોજ ઘેર – એને હવે સિંહદ્વાર તરીકે ઓળખાવશે – પહોંચાડે એવા માળીની તપાસમાં નીકળ્યા. પણ એવી ચાકરી કરવા માળી તૈયાર થયો નહિ. એટલે બોઘડદાસે પંડિત નહેરુના માળીનો દાખલો આપ્યો કે જે રોજ વહેલી સવારે નહેરુને ફૂલ પહોંચાડતો. જવાબમાં બોઘડદાસનો માળી બોલ્યો કે, 'મે'ર બાન હરિને માળીનો ધંધો કરતાં નહિ આવડતો હોય. આ અલારખ્ખાની તો પાંચેય પેઢીઓએ માળીનો જ ધંધો કર્યો છે. ફૂલ જોઇએ તો રોજ સમયસર આવી પૈસા ચૂકવી લઇ જવું. બાકી એક-બે ફૂલ માટે ઘેર પહોંચાડવાની વાત ખોટી." બોઘડદાસ થોડા ભોઠાં તો પડ્યા પણ નાનાં અપમાનો ગળી જવાની સિસેરોની સલાહ યાદ કરી સ્વસ્થ થયા. **જો કે શેરવાની-ફૂલનો કાર્યક્રમ પડતો મૂકાયો.**

પછી એમની નજર ગાંધીજીની ડાંગ પર ઠરી. તરત પોતાનાથી બે ઇંચ ઊંચી લાકડી ખરીદી. અને સાથે લઇ ઘર બહાર નીકળવા લાગ્યા. પણ લોકોને જાણે તમાસો મળ્યો હોય તેમ ધારી ધારીને જોવા લાગ્યા. એકાદે તો મામલો કોની સાથે બીચક્યો છે એ પૂછી નાખ્યું. અને બીજા એકે ઠેકડી પણ ઉડાવી. બિચારા અજ્ઞાન લોકો! બોઘડદાસની ખ્યાતિ પ્રસરશે (અને પ્રસરવામાં હવે વાર શી? સમયનો જ સવાલ છે.) ત્યારે બધાને માથું નીચું કરવાનો વખત આવશે.

**થોડા વખતમાં ગાંધી લાકડીનું કામ પણ ઠંડું પડી ગયું.** એટલે બોઘડદાસે વાજબી વિકલ્પની શોધમાં પરદેશ ભણી નજર દોડાવી. અને રોયલ અકાદમી તેમ જ લંડન મ્યુઝિયમ, બંનેને ગઇ સાત સદીની વિભૂતિઓના પહેરવેશ અને સાધન-સામગ્રી અંગે પૂછાવ્યું છે.

એમણે સાંભળ્યું છે કે, કોઇ જીનિયસે લીલા રંગના કાગળ પર જ લખવાનું રાખ્યું હતું. વળી બીજા એકને પીળો રંગ જ પ્રેરણા આપતો. પોતે કયો રંગ પસંદ કરશે! ઘણી મથામણ પછી પણ નિર્ણય ન થઇ શક્યો. એટલે એણે લખવા માટેના કાગળના બધા રંગના કાગળના નમૂના મંગાવ્યા. પણ સફેદ સિવાય એકે રંગ ન મળ્યો એટલે એ તો અકળાઇને બોલી ઊઠ્યો કે, 'હે મા વિધાત્રી, તેં વિભૂતિને જન્મ તો આપ્યો, પણ આ ધરતીમાં વિભૂતિને જીરવવાની ક્ષમતા જ ક્યાં છે?'

હજુ જો કે એમની હાલત એવી છે કે, એક એકને બોલાવીને કહે કે, જુઓ, અહીં મારો અભ્યાસ લેખ છપાયો છે. અમુક ઠેકાણે મારી કવિતા પ્રગટ થઇ છે. વગેરે પણ પોતાની કીર્તિને પ્રસરવામાં હવે વાર શી! (સમયનો જ સવાલ છે) પ્રશંસકોના પત્રોનો તો ઢગલો થવાનો. એને પહોંચી વળવા બર્નાડ શૉ ની રીત અજમાવવી પડશે. મુક્કરર કરેલાં વાક્યો છપાવી રાખવાનાં, લાગુ ન પડતું છેકી નાખવાનું. ના, તદ્દન એમ તો નહિ જ. **દરેક પત્રમાં પોતાના હસ્તાક્ષરથી છેવટે એકાદ અક્ષર પણ લખશે. એથી સામાવાળાને આત્મિયતા લાગે.** પોતા તરફથી આત્મિયતા મળે એ માટે લોકો કેવા ઝંખવાના? પ્રેસિડેન્ટ રુઝવેલ્ટે પણ એ જ ટેવ કેળવી હતી ને? પોતાના ચાહકોને, જે. કૃષ્ણમૂર્તિના ચાહકોને ઊભી કરી છે તેવી, રિસેપ્સન કમિટી બનાવવાનું સૂઝે તો સારું.

લોકો પ્રશંસા કરીને નહિ અટકે, માર્ગદર્શન અને આશીર્વાદ માટે મારો ચાલવાનો. લોકો પૂછશે કે એમની પ્રતિભાનું રહસ્ય શું? **'પ્રતિભામાં ટકો એક પ્રેરણા અને બાકીના નવ્વાણું પ્રસ્વેદ.' એમ કહેનાર ચર્ચિલ ખોટો હતો. એ તો એને પરસેવો વધુ વળતો હશે એટલે એવું કહ્યું. એના નિરીક્ષણની પોકળતા છતી કરવી પડશે.**

પણ ગાંધી કે ટોલ્સટોય અને ટાગોર કે રોમાંરોલાં વચ્ચે ચાલ્યો હતો તેવો ઐતિહાસિક પત્ર-વ્યવહાર તે કોની સાથે ચલાવશે? અય યુરોપ, અય અમેરિકા, તમો અત્યારે કોને ઉછેરો છો કે, જે ભવિષ્યમાં બોઘડદાસની સમકક્ષ થવાનું હોય!

શ્રી અરવિંદે અતિમનસ ભૂમિકા બતાવી. ટાગોરે અનિત્ય અને અનંત તત્ત્વોનો સંઘર્ષ જોયો. વિવેકાનંદે સત્ય વિરુદ્ધ અસત્યના બદલે અપૂર્ણ સત્ય વિરુદ્ધ પૂર્ણ સત્યની દૃષ્ટિ આપી. પોતે કેમ પાછળ રહી શકશે. પોતાને પણ કેટલાંક આધ્યાત્મિક મૂલ્યો સૂત્રબદ્ધ કરી આપવાં પડશે. અને હા, ભારતનાં ચલચિત્રોને વર્તમાન અવદશામાંથી ઉગારી ચેક અને ઇટાલીના ચિત્રોની કક્ષાએ કોણ મૂકશે.

પોતે લખશે કેટલા વિસ્તારથી? સ્પિનોઝાની માફક. બસો પાનામાં પોતાની જિંદગીભરના મંથનને સમાવશે કે વોલ્ટેરની માફક નવ્વાણું ગ્રંથો ભરશે? સારા દિવસે સિક્કો ઉછાળી એનો પણ નિર્ણય કરવો પડશે.

જન્મવાના છે હવે પછી કદાચ ચિતમન મોટાં પ્લેટોને શેક્સપિયરથી, વાળી ઉક્તિ લખનાર વિલ ડુરાંને, એની આશા ફળીભૂત થયાનું જોવા માટે, બોઘડદાસે જાતે જ આહ્‌વાન આપ્યું છે.

*સિવાય આ છે, બોઘડદાસે લીધેલા કેટલાક મહત્ત્વના નિર્ણયો.*

૧. હાલનું નામ બરાબર નથી. તે બદલાવી બોગૉદા રાખવું. ક્યાંક નોબેલ પ્રાઇસ દરવાજા ઠોકતું આવશે અને નામનુંયે ઠેકાણું નહિ હોય.

૨. એમની Intution તો કયારનીએ કહે છે કે, કાર્લ માર્કસે એની વિચારણામાં પાયામાં જ ગોથું ખાધું છે. એક સ્ટડી પેપર તૈયાર કરી, એની સમગ્ર વિચારસરણી નકામી બતાવી દેવી. સ્ટડી પેપરનું હેડિંગ રાખવું Marx's Capital Liquidated!

૩. બને તો એકાદ Existencenialism બનાવવું.

૪. I, think, therefore, I am. એવું વિધાન ડેકાર્ટે ભલે કહ્યું, પણ એ લોકભોગ્ય બની શકે તેમ નથી. એને બદલે I eat, I sleep; therefore, therefore, I am. એમ પ્રચલિત કરવું.

૫. વ્યાખ્યાનો આપવા પડશે. ત્યારે પ્રમુખશ્રી, સદ્‌ગૃહસ્થો, ભાઇઓ તથા બહેનોવાળી પ્રથાને અનુસરવાની હવે જરૂર નથી. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની માફક Friends કહીને આગળ ચલાવવું.

*બીજાં કેટલાંક પરચૂરણ નિર્ણયો.*

૧. આર્કિમિડિઝને થયો હતો તેવો યૂરેકા યૂરેકા જેવો અકસ્માત્ થોડા સમયમાં થાય તો વારું. નહિ તો એવો બનાવ ઉપજાવી કાઢવો.

૨. સમય, સ્થળ જોઇ વિચારી પોતાનું નામ તથા ઠેકાણું ભૂલી જવાનો દેખાવ કરવો.

૩. મેદાની રમતો ન રમવી. લાગી ફૂટી જાય. હવે પોતાના શરીર ઉપર પોતાનો એકલાનો જ અધિકાર ન ગણાય. શેતરંજ જેવી રમતો ન જાણનારાઓને શીખવવી. પણ જાણકાર સાથે ન રમવી. હારી જવાય.

૪. ઘરમાં હથિયાર ન રાખવાં, ક્યાંક હેમિંગ્વે જેવું થાય.

૫. આહાર-વ્યવહારમાં પથ્ય હોય તે પ્રમાણે ભીંડો વાપરવો!

(આ લખાણ મારા મિત્રોની નજરે ન પડે, એટલી સંભાળ તંત્રી-સાહેબ લે તો સારું. એ લોકો તો લાગલા જ કહેવાના કે આ બોઘડ-દાસ તે આનો લખનાર પોતે જ.)

*૧૩, ઋષભ મહલ, ઑફ હાજી બાપુ રોડ,*
*મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.*



# બાબુડે જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફ્લેટ મેં અક્ષય રે તો સે હીં તા બહુ મોજીલો ને આનંદી છોકરો આય ને ફુલફટાક થે ને કૉલેજ વેનેતો પણ ત્રે-ચાર ડિંથી અનજો મોં ઉતરે વ્યો આય ને ચિંધા મેં ફરેતો... સે કારણ કુરો આય.. જરા તપાસ ત કર...

બચુડો : તપાસ કે ને ચેં ક કારણ બ્યો કીં નાય પણ અનકે હુકડો કાગર આવ્યો આય ને અનમેં ધમકી ડે મે આવઈ આય ક મુંજી છોરી પુઠિયા ફરેજો બંધ ન કંઈને ત આંઉ તોકે મારે વજાઈંધો. અતરે ચિંધામેં આય.

અધા : તડે પોય છોરી પુઠિયા ફરેજો છડે કુલા નતો ડે...

બચુડો : સે તા આંઉ પણ ચ્યોં... પણ તકલીફ ઈ આય ક જન માડુ કાગળ લખેં આંય સે અનમેં પંઢજો ના નાય લખેં. અતરે અધીક મુંજાજે તો ક કન છોરી પુઠિયા ન ફરણું...

## ખિલજા મ ભલા

સેલ્સમેન : અમારી કંપનીની ક્રીમ વાપરવાથી ૪૦ વર્ષની સ્ત્રી પણ ૨૦ વર્ષની યુવતી જેવી લાગે છે.

ગ્રાહક મહિલા: ગપ્પા મારવા રહેવા દે... ૨૦ વર્ષની કઈ રીતે દેખાય?

સેલ્સમેન : અમારી કંપનીની ક્રીમ વાપરવાથી ચહેરા પર ખીલ નીકળી આવે છે.

☺ ☺ ☺ ☺ ☺

મનોચિકિત્સક : (પાગલને) તું આમ વારેવારે તાળીઓ કેમ વગાડે છે?

પાગલ : વાઘ નજદીક ન આવે માટે.

મનોચિકિત્સક: પણ અહીં આ કેબિનમાં એક પણ વાઘ નથી.

પાગલ : જોઈને, મારી તાળીની અસર.

☺ ☺ ☺ ☺ ☺

ભિખારી : આજે જમવામાં શું છે?

ભિખારણ : પાંચ જાતના શાક, ચાર જાતની દાળ, સાત જાતના ભાત, શીરો, શ્રીખંડ પૂરી, રોટલી, નાન, ભાખરી અને રોટલો.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : સવારમાં ઘડિયાળમાં એલાર્મ વાગે છે તે જાણે તોપમાંથી ગોળા છૂટતા હોય એવું લાગે છે.

સોહન : તો, તો તું ગભરાઈને પથારીમાંથી ઊઠી જતો હોઈશ.

મોહન : ના રે, હું તો મરી ગયો હોઉં તેમ પથારીમાં હાલ્યા ચાલ્યા વગર પડી રહું છું.

☺ ☺ ☺ ☺ ☺

રેખા : વક્તૃત્વ કળાના વર્ગો ભર્યા પછી તારું પહેલું ભાષણ કેવું ગયું?

શિખા : ગળા સિવાયના બધા જ અંગ પાણી પાણી થઈ ગયા.

☺ ☺ ☺ ☺ ☺

ચંપા : જમનાબહેન હવે તમને પત્તા કેમ નથી રમાડતા?

મંછા : પાના ચીપવામાં, વહેંચવામાં, ઉતારવામાં લૂચ્ચાઈ કરે તેની સાથે તું પાના રમે ખરી?

ચંપા : ના.

મંછા : જમનાબહેન પણ નથી રમતા.

☺ ☺ ☺ ☺ ☺

બબીતા : સાંભળ્યું, હવે તો ટેલિફોન પર વાતચીત કરતી વખતે એકબીજાને જોઈ શકાશે એવી શોધ આવી રહી છે.

કવિતા : તો.. તો.. ઉપાધિ વધી. ફોન ઉપાડતા પહેલાં ઘંટડી વાગતા જ તરત મેક-અપ અને શણગાર કરવો પડશે, પછી જ ફોન ઉપાડાશે.

☺ ☺ ☺ ☺ ☺

મોહિની : ડૉક્ટર સાહેબ, આમને ઉંઘમાં નખ કરડવાની આદત પડી ગઈ છે.

ડૉક્ટર : પણ આમના નખ તો સાજાસમા છે.

મોહિની : પણ એ તો મારા નખ કરડે છે.

☺ ☺ ☺ ☺ ☺


પત્ની : હું ખરેખર મૂરખ છું કે તમારી સાથે લગ્ન કર્યા.

પતિ : સાચી વાત છે.... લગ્ન પહેલાં હું તારા રૂપ પાછળ અંજાઈ ગયો હતો કે આ સાદા સત્ય તરફ મારું ધ્યાન જ ન ગયું.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*સુખ, બીજાને સુખ આપવાથી જ મળે છે.*




## એક પ્રશ્નોત્તર

જાન્યુઆરીના અંકમાં શ્રી શાંતિલાલ સંઘવીએ જાહેરમાં બે પ્રશ્નો પૂછ્યા હતા. પહેલો પ્રશ્ન હતો : માત્ર વૈશ્યો જ કેમ જૈન બન્યા છે, અન્ય વર્ણોના લોકો કેમ નહીં? બીજો પ્રશ્ન હતો : બધા તીર્થંકરો ક્ષત્રિયો જ કેમ છે?

આ પ્રશ્નોના જવાબ ધર્મશાસ્ત્રોમાંથી નહીં પણ સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રની મદદથી મેળવી શકાય છે. આજ સુધી જે પણ ઈતિહાસ વાંચ્યો છે, માનવ પ્રકૃતિ-પ્રવૃત્તિ અને સમાજ રચનાનું નિરીક્ષણ કર્યું છે એના આધારે આ પ્રશ્નોનો તાર્કિક ઉત્તર અહીં પ્રસ્તુત કરેલ છે.

બુદ્ધ અને મહાવીરના સમયમાં આર્યોની આક્રમક (aggressive) રાજ્ય વ્યવસ્થા તેમજ યજ્ઞોના અતિરેકને લીધે વેદિક જીવન પદ્ધિતમાં હિંસા ઘણી વધી હતી. એના વિકલ્પ તરીકે બુદ્ધ અને મહાવીરે અહિંસક અને અપ્રતિકારક (passive) વિચારધારા આપી અને એનો પ્રચાર કર્યો.

સ્થળાંતર હોય કે ધર્માંતર હોય, સમાજના જે વર્ગને એનાથી વધારે ફાયદો થતો હોય છે તેઓજ આ પગલું ભરે છે. જે વર્ગને મેળવવા કરતાં ગુમાવવાનું વધુ હોય છે તેઓ આવો બદલાવ કરતા નથી. વર્તમાનમાં સ્વેચ્છાએ થતા સ્થળાંતરો તેમજ ધર્માંતરો પાછળના કારણ તપાસતાં આ વાત સહેલાઈથી સમજી શકાય છે.

વેદિક સમાજ રચનામાં શાસ્ત્રાભ્યાસ માત્ર બ્રાહ્મણો પૂરતો મર્યાદિત હતો. બધા જ વિષય શાસ્ત્રોમાં સમાયેલા હતા. એનો તેમણે ભરપૂર લાભ ઉઠાવ્યો. કોઈપણ પ્રકારના શારીરિક શ્રમ વગર, બીજા વર્ણોના અનુદાનથી બ્રાહ્મણો માન મરતબા સાથે સગવડભર્યું જીવન જીવતા હતા. આ અનુદાન ક્ષુદ્રો પાસેથી શ્રમરૂપે તેમજ ક્ષત્રિયો અને વૈશ્યો પાસેથી પૈસા / વસ્તુઓ રૂપે મળતું. સમજી શકાય એમ છે કે બ્રાહ્મણોને પોતાનું મહત્ત્વનું સ્થાન છોડી દેવા જરૂરી આકર્ષણ જૈન વિચારધારા પાસે નહોતું.

રાજસત્તા, શાસન વ્યવસ્થા અને સૈન્ય ક્ષત્રિયો હસ્તક હતા. સત્તા સાથે મળતી બીજી સગવડો છોડવાનું એમને પણ કોઈ કારણ નહોતું. તે ઉપરાંત રાજ્ય વ્યવસ્થા અને સૈન્યને અહિંસા સાથે મેળ ન ખાય. શાકાહારી બનવામાં કરવી પડતી બાંધછોડ પણ ક્ષત્રિયોને મંજૂર ન હોય.

તે સમયના ખેતીપ્રધાન સમાજનો મોટોભાગ ખેડૂત હતો. પાલતું પ્રાણીઓ એમની જીવાદોરી હતા. પ્રાણીઓ પ્રત્યેની એમની મમતા અને કરુણા સહજ હતી. પરિણામે અહિંસા અને અપ્રતિકારકતા અપનાવવી એમના માટે સહેલી હતી. છતાં ઘણા ઓછા વૈશ્યોએ જૈન વિચારધારા અપનાવી. જેના કારણ વળી અલગ છે.

આ ત્રણેય વર્ણોના કારણ આંતરિક એટલે પોતપોતાના હતા, જ્યારે ક્ષુદ્રોના કારણ બાહ્ય એટલે કે બીજાઓ દ્વારા લાદેલા હતા.

રાજાશાહી હોય, વર્ગશાહી હોય, સરમુખત્યારી હોય, સામ્યવાદ હોય કે મૂડીવાદ હોય; દરેક પ્રકારની સમાજ વ્યવસ્થાને લઘુત્તમ વેતને કામ કરતા મોટા મજૂર (શ્રમિક) વર્ગની જરૂર રહી છે. (એક યા બીજા નામે તે સમસ્ત દુનિયામાં મોજૂદ હતી અને હજી છે.) આ વ્યવસ્થા જાળવવા જરૂરી વર્ગને અજ્ઞાની, અંધશ્રદ્ધાળુ, પરાવલંબી અને ગરીબ રાખવા જરૂરી છે જેથી તે મજૂરી કરતા રહે અને બળવો ન કરે.

સમાજ રચનાનો આ વણલખ્યો સિદ્ધાંત સ્વીકારીએ તો સમજી શકાય કે પ્રાચીન ભારતના ઉપલા ત્રણેય વર્ણોનું જીવનધોરણ ક્ષુદ્રોના શ્રમ પર આધારિત હોવાથી એમની સ્થિતિ બદલાય તે ઉપલા વર્ણોના હિતમાં નહોતું. એમના પર પરાણે લદાયેલી અને એમણે સ્વીકારેલી લઘુતાગ્રંથિ ધર્માંતરને લીધે જતી રહેવાની શક્યતા હતી. એમની ઈચ્છા હોય તોયે એમના ધર્માંતરનો બધી દિશાએથી વિરોધ થયાની પૂરી શક્યતા છે.

આ બધા સિવાય એક મોટું બાહ્ય કારણ એ છે કે મહાવીરના સમયથી આજ સુધી જૈન ધર્મને ખાસ કોઈ રાજ્યાશ્રય મળ્યો નથી. રાજ્યાશ્રય વગર કોઈપણ ધર્મનો ફેલાવો થયો નથી કે થવો શક્ય નથી. "આપણો ધર્મ સૌથી સારો છે, ઉત્તમ છે માટે સૌએ સ્વેચ્છાએ અપનાવવો જોઈએ" એવી મનોવૃત્તિ નરી આત્મશ્લાઘા છે, આત્મવંચના છે. કોઈપણ અપવાદ વગર બધાજ ધર્મોને આ લાગુ પડે છે. આ ઉપરાંત એક મોટું આંતરિક કારણ છે જેની ચર્ચા અત્યારે ટાળીએ.

જૈન ધર્મમાં ભલે વર્ણભેદ ન હોય પણ સૌની જેમ જૈનોના માનસમાં આજે પણ વર્ણભેદ જોવા મળે છે. ખાસ કરીને સમાજના નીચલા સ્તરની જાતિઓ પ્રત્યેનો અણગમો અને ભેદભાવ આજેય મોજૂદ હોવાના દાખલા બધે જોવા મળે છે, કચ્છ સુદ્ધામાં.

આજે ભારતમાં જે ધર્માંતર થાય છે તે મુખ્યત્વે દલિતો દ્વારા ખ્રિસ્તી ધર્મ અપનાવવાના રૂપમાં છે. એમનામાં ખ્રિસ્તી બન્યા પછીની કેટલીક પેઢીઓ પણ પૂર્વજોની જાતિ પ્રમાણે ભેદભાવ જાળવે છે. વર્ણવ્યવસ્થાના મૂળ આટલા ઊંડે ગયેલા છે.

ડૉ. આંબેડકરની હિલચાલને લીધે ઘણા દલિતોએ બૌદ્ધ ધર્મ અપનાવ્યો છે. એમની સરખામણીએ સ્વેચ્છાએ જૈન ધર્મ અપનાવનાર ભાગ્યે જ કોઈ હશે. જો આજે કોઈ દલિતને જૈન ધર્મ અંગીકાર કરવો હોય તો એનો સ્વીકાર કેટલો સહેલો-અઘરો છે તે કોઈ વાચકને

ખબર હોય તો અવશ્ય જણાવે. અન્ય જૈનોનો એની સાથે કેવો વ્યવહાર હશે તે પણ એક પ્રશ્ન છે.

શ્રી શાંતિલાલભાઇના બીજા પ્રશ્નમાં રહેલ "માત્ર ક્ષત્રિય જ તીર્થંકર થઇ શકે" એ સૂચનમાં પણ આપણા મનમાં રૂઢ થયેલી વર્ણવ્યવસ્થા છતી થાય છે. આ પ્રશ્નનો ઉત્તર પણ સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્ર દ્વારા મેળવી શકાય છે. પણ તે કરવામાં એક મુશ્કેલી છે. આ ઉત્તર ઘણા શ્રદ્ધાળુઓને ઉદ્વિગ્ન કે અસ્વસ્થ કરે એવું હોવાથી હાલ પૂરતો મુલતવી રાખ્યો છે. માત્ર એટલું કહેવું છે કે જો માત્ર ક્ષત્રિયો જ તીર્થંકર થઇ શકે તો કોઇપણ તીર્થંકર જન્મે જૈન નહોતા, કારણ કે જૈનોમાં વર્ણભેદ નથી. એનો મતલબ એમ થયો કે જે વ્યક્તિ જન્મે જૈન હોય તે ક્યારે પણ તીર્થંકર ન બની શકે? થોડું વિચિત્ર તો ખરું.

*- મૂરજી ગડા*

• • • • •

**મંગલ મંદિર – જાન્યુઆરી-૨૦૧૦ના અંકનું વિશ્લેષણ**

સૌપ્રથમ મારી એક ભૂલનો સ્વીકાર કરી લઉં. સ્વ. કલાકારોના નામોમાં ઉ. અલી અકબરખાંની જગ્યાએ ઉ.અમજદ અલીખાંનું નામ આવી ગયું. ધ્યાન દોરવા બદલ તથા પૂરક માહિતી માટે ભાઇ મયૂરનો આભાર. ઉ. અમજદઅલીખાંને પ્રભુ લાંબું આયુષ્ય આપે.

જાન્યુઆરી અંકમાં આપણા સાધુ સાધ્વીજીઓને નડેલા જીવલેણ અકસ્માતો ઉપર શ્રી લાહિરીભાઇનો પત્ર છે. આવા બનાવથી દુઃખની લાગણી થવી સ્વાભાવિક છે, પણ તેઓને વાહનમાં મુસાફરી કરવાની છૂટ આપવાથી સમસ્યાનો ઉકેલ આવે કે કેમ? અકસ્માતોને લાગે વળગે છે ત્યાં સુધી વાહનોના જીવલેણ અકસ્માતના સમાચાર સિવાય ભાગ્યે જ કોઇ દિવસ કોરો જતો હશે, એટલે વાહનોમાં પણ સલામતી કેટલી એ સવાલ થાય.

લગભગ બધાજ ધર્મોમાં સાધુ સાધ્વીઓ ઉપરાંત પણ ધાર્મિક પદયાત્રાઓનું મહત્ત્વ છે. એવું ન થઇ શકે કે દરેક રાજમાર્ગ સાથે પદયાત્રીઓ માટે એક અલગ જગા (ટ્રેક) રાખવામાં આવે. ધર્મના આગેવાનોએ મળીને સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવી જોઇએ. એમાં બધાંજ ધર્મોનો ટેકો મળી રહેશે. અત્યારે તો અકસ્માત વખતે ઉહાપોહ થયો, રાબેતા મુજબ સરકારે સમિતિ નીમીને તપાસ સોંપી દીધી, અને બધું ભૂલાઇ ગયું. ફરી યાદ આવે એ માટે બીજા અકસ્માતની રાહ જોવાની છે? જૈન સાધુ સાધ્વીઓ જ પગપાળા વિહાર કરે છે, અન્ય ધર્મના સાધુઓને પગપાળા જવું ફરજિયાત નથી, પણ લોકોમાં પગપાળા તીર્થયાત્રાનું મહત્ત્વ પણ છે, અને તેઓની સલામતી પણ જરૂરી છે.

ખરેખર તો ગરમ પ્રદેશોમાં ભરઉનાળે વિહાર કરતા સાધુ સાધ્વીઓને તેઓ ઇચ્છે તો વાહનનો ઉપયોગ કરવાની અને કપડાના પગરખા પહેરવાની છૂટ હોવી જ જોઇએ. અર્થ વગરની તિતિક્ષા જરૂરી નથી.

હકીકતમાં સાધુ ભગવંતોએ પણ ઘણા રિવાજો છોડ્યા છે. પગે કપડાં બાંધીને વિહાર, જરૂર પડ્યે વાહનોમાં મુસાફરી તેમજ ટોઇલેટનો ઉપયોગ અંદરખાને તો સ્વીકારાઇ જ ગયો છે તો રીતસરની મંજૂરી આપતાં સંઘોને ક્યાં વાંધો આવે છે?

સાધુ સાધ્વીજીઓની વાત આવી છે તો જાન્યુ. અંકના જ પાના ૪૪ ઉપર ભાઇશ્રી અમૃતલાલ માલદે દ્વારા સંકલિત બાળદીક્ષા ઉપરના લેખમાં તેમણે શાળામાં ભણતા વિદ્યાર્થી અને બાળ દીક્ષિત સાધુ વચ્ચે સરખામણી કરવાની કોશિશ કરી છે. તેમને કદાચ પ્રાચીન કાળના ગુરુકુળોની યાદ આવી હશે. બે વચ્ચેનો મૂળભૂત તફાવત ભૂલાઇ ગયો છે. એક જગાએ બાળકને પોતાનો રસ્તો પસંદ કરવાની, નિર્ણય બદલવાની, ઇચ્છા મુજબની તાલીમ લેવાની છૂટ હોય છે, જ્યારે બીજી તરફ બાળદીક્ષિત સાધુને આવી કોઇ જ છૂટ નથી હોતી. આ બાળદીક્ષિત સાધુ પુખ્ત ઉંમરે અગર જુદો વિચાર થાય તો પણ સમાજમાં પાછા ફરી શકતા નથી. કારણ અર્થઉપાર્જન કરી શકવાની તાલીમ જ ન મળી હોતાં મજબૂરીથી સાધુ બની રહેવું પડે એવું બનતું હોય છે. તેમણે આદિશંકરાચાર્ય અને સહજાનંદ સ્વામિના દાખલા આપ્યા છે. તેઓના જીવન અને આપણી બાળદીક્ષાની સરખામણી થઇ શકે? મા કે બાપ અથવા બન્ને દીક્ષા લેતા હોય ત્યારે બાળકોને સંભાળવા તેઓને પણ એક સાથે દીક્ષા અપાઇ હોવાના અનેક દાખલાઓ બનેલા છે, આવે વખતે ગુરુજી એમ ન કહી શકે કે બાળકો પ્રત્યેની ફરજ પૂરી કરીને જ દીક્ષા લેજો?

જોકે છેવટે લેખક મૂળ મુદ્દા ઉપર આવી જ જાય છે કે સંપ્રદાયને મેનેજ કરવા આ બધાંની જરૂર પડે છે, જ્યારે શુદ્ધ અધ્યાત્મને આવી કોઇ જરૂર નથી!

વધુ એક લેખ દિલને સ્પર્શી ગયો. અંકના પાના-૫૫ ઉપર "સમાજ કલ્યાણ દર્પણ"માં અખબારો શું કરી શકે એનો જીવંત દાખલો કચ્છમિત્રના લેખે પૂરો પાડ્યો, અને કાર્યકરો અને દાતાઓએ સુંદર પ્રતિભાવ આપ્યો. પથ્થરો ઉપર તકતીઓ લગાવવા કરતાં જીવંત માનવીઓના દિલ ઉપર તકતી લગાવવાનું આ વલણ સમાજમાં વધી રહ્યું છે એ બહુ સારી વાત છે.

પૂ. 'અધા' ની કલમ પ્રસાદી પણ અવારનવાર મળતી રહે તો સારું (સત્ય કથા, જાન્યુ. પાના ૨૪) દરરોજ વાંચવા મળતી અપરાધ કથાઓના રણમાં આવી મીઠી વીરડીઓની ખરેખરી જરૂરત છે.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

**મંગલ મંદિર – જાન્યુઆરી-૨૦૧૦ની વિગતો અન્વયે**

મંગલ મંદિરનો જાન્યુ.નો અંક મળ્યો. દિવસાનુદિવસ મંગલ

મંદિર વધુ સમૃદ્ધ-વધુ વૈવિધ્યસભર થતું જાય છે, જે માટે આપ સહુને હાર્દિક અભિનંદન.

આપે મારું જૈનાચાર્યો...વાળું લખાણ પ્રકાશન માટે યોગ્ય ગણ્યું, તે માટે આપનો આભારી છું.

નર્મદાના નીર બાબતે કચ્છને જે અન્યાય થાય છે. થયો છે તે પ્રશ્નને જનતા સમક્ષ રજૂ કરવાના આપના તથા પ્રવીણ શાહના લખાણો પ્રશંસનીય છે. આ પ્રશ્નની અગત્યતા, કચ્છના વિધાનસભ્યોને હજી સમજાઇ નથી (કે પછી પક્ષની શિસ્તના કારણે મોં ખોલતા નથી, ખોલી શકતા નથી) તેને કચ્છની કમનસીબી જ ગણવી રહી. કચ્છ કેનાલના કામો વહેલી તકે પૂરા થાય તે માટે આપ સતત પ્રયાસ કરતા રહેજો એવી વિનંતી.

આપ સહુની કુશળતા અને પ્રગતિ ઇચ્છતા.

તા.ક. : અમદાવાદ સ્થિત શતાયુ ફોટોગ્રાફર પ્રાણલાલ પટેલનો સંપર્ક સાધવા ઈચ્છા છે. આપ તેમનો ફોન નં. કે સરનામુ જાણતા હો તો જણાવવા વિનંતી.

*લાહિરી શાહ - હૈદ્રાબાદ*

• • • • •

**મંગલ મંદિર – જાન્યુઆરી-૨૦૧૦**

જાન્યુઆરી ૨૦૧૦ ના મંગલ મંદિરમાંનો તંત્રી લેખ વાચતાં લાગણી સાથે જે વિચારો આવ્યા તે –

"શ્રી કે.કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ-વાત્રક" સંચાલિત "શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ" ને આરતી ગ્રૂપના ચેરમેન શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીએ રૂા. એક કરોડ ત્રણ લાખનું દાન આપેલ છે.

આ વિસ્તારમાં આ નર્સિંગ સ્કૂલ અને હોસ્ટેલની નામકરણ વિધિ પ્રસંગે પ્રવચન કરતાં તેઓશ્રીએ જણાવ્યું કે આ દાનની રકમમાંથી રૂા. ૩૪ લાખ તો ભારતની જનતાના છે. આવો વિચાર કોણ કરી શકે?

શ્રી ચંદ્રકાંતભાઇએ "કચ્છજી કચ્છીયત વતાઇ" જો આ પ્રમાણે દરેક દાતાશ્રીઓ વિચારે અને એનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરતા થાય તો દેશ, સમાજ કે પછી જ્ઞાતિ તેમની પ્રાથમિક સમસ્યાઓમાંથી બહાર આવી શકે.

શ્રી ચંદ્રકાંતભાઇએ આવો સુંદર વિચાર વહેતો મૂક્યો છે તે માટે તેઓને અને તેમના ગ્રૂપને મારા વંદન.

આવો સુંદર વિચાર મંગલ મંદિરમાં પ્રગટ કરીને વહેતો મૂકવા માટે તંત્રી મંડળને પણ અભિનંદન.

*ઘનશ્યામ પ્રેમજીભાઇ ઠક્કર - અમદાવાદ*

• • • • •

**GREAT DEAL OF INFORMATION**

I have received the January 2010 issue of Mangal Mandir. I am very happy to peruse the same. There is a great deal of information, very good articles on different subjects and I am pleasantly surprise that you have included my own article on 'Swami Anand'.

***Mohan Patel - Mumbai***
***Ex Sheriff of Mumabi***

• • • • •

## મંગલમંદિરે કાઠું કાઢ્યું છે

મંદિરનો જીર્ણોદ્ધાર થયા પછી તે પાછું દેદિપ્યમાન બની જાય છે. એજ રીતે આપશ્રીના પ્રયાસ અને ધગશથી મંગલ મંદિરની પણ કાયા પલટ થઇ ગઇ છે. નવા રૂપ-રંગ સજજા સાથે મંગલમંદિરે ગજબનું કાઠું કાઢ્યું છે. કાયાપલટ પછી પણ કાયાકલ્પની પ્રક્રિયા પણ ચાલુ જ છે અને એથી જ મંગલ મંદિર વધુને વધુ જાણવા માણવા લાયક બનતું જાય છે. આજ પ્રક્રિયા ચાલુ રહે, આપ સૌ તેના વિકાસમાં વણઅટક્યા ચાલુ રહો, એજ અંતરની અભ્યર્થના.

હે મંગલ મંદિર તું જ્ઞાનદાત્રી છે, સંસ્કાર દાત્રી છે, પ્રેરણાદાત્રી છે. તારા સ્પર્શથી, વાંચનથી બધાને નવી દૃષ્ટિ મળે. તારા થકી જ્ઞાન-શાંતિ અને સ્નેહની મૂડી મળે જેથી જીવનમાં ઉદાર દૃષ્ટિ કેળવી શકીએ. તું તો શુભનું પ્રતીક છે. તારા સામિપ્ય-સાનિધ્યથી અમારા હૃદયમાં સંસ્કારી ઉલ્લાસની જમાવટ થશે જ એમાં શંકા નથી.

મંગલ મંદિર પ્રસાદરૂપે વધુ લોકોને મળે અને ફળે એજ અપેક્ષા.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

• • • • •

## વડીલ વિહાર – એક કરવા જેવો પ્રયોગ

*મિઠા ભામાડુ,*

*જોઆરીયું.*

સંજોગવસાત આપણે માદરે વતન છોડી મુંબઇ આવ્યા. યથાશક્તિ નામ, દામ, કમાયા; ઠરીઠામ થયા. હવે મોટાભાગની જવાબદારીઓ પૂરી થઇ ગઇ છે અથવા નિવૃત્તિકાળની ઝંખના સતત થતી રહે છે. કારણ કે તન શાતા અને મન શાંતિ ઝંખે છે. થોડું ધર્મધ્યાન કરવાની પણ ઇચ્છા છે. પણ મોહનગરી મુંબઇમાં આ બધું અશક્ય લાગે છે. અહીં તો છે ટ્રાફિકજામ, ઘોંઘાટ, પ્રદૂષણ, ગરદી અને ફલેટની ચાર દીવાલો વચ્ચેની એકલતા. કચ્છમાં પોતાને ગામ જવું ગમે છે, મન મોકળાશ અનુભવે છે, તબિયતને પણ માફક આવે છે. પણ, ચાતુર્માસ સિવાય ગામમાં વસતિ જ નથી હોતી. મેળાવો કોની સાથે કરવો? બચપણ, યુવાનીના સંભારણા કોની સાથે

વાગોળવા? પ્રૌઢાવસ્થાનો સત્સંગ કોની સાથે કરવો? આ બધું શક્ય છે. માણસ ધારે તો શું ન કરી શકે? નિરાશા ખંખેરી નાંખો. કારણ કે મહામૂલા જીવતરના ઉત્તરાર્ધને આમ ગુંગળાવી ન દેવાય.

કઇ રીતે?

*એક પ્રયોગ કરીએ.*

મોટાભાગના આપણા ગામોમાં સર્વસુવિધા સંપન્ન સેનેટારિયમ છે. દેરાસર, મહાજનવાડી, ધર્મસ્થાનકો, વાંચનાલય તો ખરાં જ! ચાતુર્માસ અને અલપઝલપ ઉતારા સિવાય મોટાભાગે સેનેટોરિયમ ખાલી રહે છે. અહીં માસિક ધોરણે સામૂહિક 'વડીલ વિહાર' કરીએ. ૧૫/૨૦ નિવૃત્ત ગામાઇ ભાઇબહેન પરિવાર રોટેશનમાં કાયમ સેનેટોરિયમમાં હોય એવી વ્યવસ્થા ગોઠવીએ. એમના ખાનપાન, સફાઇ, ધુલાઇ, આરોગ્ય, મનોરંજન, ઇત્યાદિ તમામ સગવડોનો લાભ આપીએ.

સાધુ-સાધ્વીઓનો પણ ધર્મલાભ લઇએ.

રોજ નિયમ સમયે સવારના પ્રાર્થના, યોગ, પ્રાણાયામ, ગરમા-ગરમ ફરફરતો ચા-નાસ્તો, દેવદર્શન, વ્યાખ્યાનવાણી, બપોર/સાંજે સાત્ત્વિક ભાવતાં ભોજન, મનગમતું વાંચન, સંગીત, રમી, નોટ્રમ, ડચોળી, ફિલ્મ શૉ, જાપ, ધ્યાન.. અને રાત્રે ગામના વથાણ, ચોક, બજાર કે નદીમાં ગામ ગપાટા!?!

જરા કલ્પના તો કરો કે જન્મભૂમિ ધરતી માને ખોળે નૈસર્ગિક, તંદુરસ્ત વાતાવરણમાં બચપણના ગોઠિયાઓ જોડે જીવન કેવું હર્યુભર્યું લાગે?

પણ આ માથાકૂટ કરે કોણ?

આ માથાકૂટ નથી, સાધર્મિક ભક્તિ છે, વડીલવંદના છે, સામાજિક ઋણ અદાયગી છે, વતન પરસ્તિ છે. લાખો, કરોડોના ખર્ચે ગામેગામ બંધાયેલી મહાજનની આપણી સામાજિક અસ્કયામતો બંધિયાર રહેવાથી જલદી જીર્ણ થવાની શક્યતા છે, નિવૃત્તિકાળમાં વડીલો માટે મુંબઇનું જીવન પણ બંધિયાર બની રહ્યું છે. પ્રથમ દૃષ્ટિએ માથાકુટિયું લાગતું વડીલવિહારનું આયોજન શાંતિથી વિચારીએ તો ખૂબ સરળ છે. રહેવા માટે સેનેટોરિયમ, ચા-પાણી ભોજન માટે મહાજનવાડી, ધર્મધ્યાન માટે દેરાસર, ઉપાશ્રય, સ્થાનક; વાંચનાલય, દવાખાનું, મોકળાશ આ બધું તો છે જ! સ્થાનિકે પગારદાર કર્મચારીઓ પણ મળી રહે. જરૂર છે સંસ્થાના મહાધિકારીઓ હામી ભરે એની તથા જશ અપજશથી પર એવા બેચાર ખંતીલા કાર્યકરોની! (ન નફો, ન નુકસાન ધોરણે જેઓ ખમી શકે એમની પાસેથી અઠવાડિક કે માસિક ધોરણે પૂરા પૈસા, અન્યો માટે રાહતદર પ્રાયોરિટી-ગામાઇઓને, ખાલી રહે તો ગામાઇઓના નિકટતમ સગાંસ્વજનોને) વિગતવાર ચર્ચા, આયોજન ખુલ્લા મને, હકારાત્મક ભાવે રૂબરૂ મળીને કરી શકાય.

તો ચાલો.. ગામાઇઓ સાથે, મિઠારે પાં કચ્છજા માડું સાથે ધરતીમા ના ખોળે, ખુલ્લી હવા ઉજાશમાં નિરામય જીવનશૈલી તરફ સામૂહિક ડગ માંડીએ.

***દૃષ્ટિકોણ : ચંદ્રકાંત ગોગરી, પ્રેરણા : વડીલ વંદના (ગુંદાલા)***

શુભમ્ ભવતુ

*લાલ રાંભિયા*

• • • • •

## કલાકારોની જીવનરેખા

મંગલ મંદિરના ડિસેમ્બરના અંકમાં પ્રકાશિત થયેલ શ્રી મગનલાલ સંઘવીનો પત્ર ધ્યાનપૂર્વક વાંચ્યા બાદ મંગલ મંદિરના ઓક્ટોબરના અંકમાંનો શ્રી અશોક મહેતાનો લેખ ફરી વાર વાંચ્યો. બેઉ લેખક એક મહત્ત્વના મુદ્દે એકમત છે કે "કેટલું જીવ્યા કરતાં કેવું જીવ્યા" એજ અગત્યનું છે.

ભાઇ શાંતિલાલ સંઘવી સાથે આછો પાતળો પરિચય ખરો. પણ મગનલાલભાઇનો નહીં. તેમના લખાણની પૂરક માહિતી સ્વરૂપે આ લખાણ પ્રસ્તુત છે.

### *પૂર્વ ભૂમિકા*

વિશ્વમાં જન્મ લેનાર પ્રત્યેક વ્યક્તિની જિંદગીની અવધિ નિશ્ચિત હોય છે. તેની આવરદાને, તેની પ્રવૃત્તિને- તેની કારકિર્દીને કોઇ સંબંધ-કોઇ કનેકશન- હોય/હોઇ શકે, એમ માનવું ભૂલ ભરેલું છે. કર્મના સિદ્ધાંતમાં માનનાર-શ્રદ્ધા ધરાવનાર તો કહેશે કે બનવાકાળ બધું જ યથા-યોગ્ય સમયે બનેજ છે. તેમાં મીન-મેખ થતી નથી- થઇ શકતી નથી.

### *કવિ કલાપીનું યોગદાન :*

"કેવું જીવ્યા"ની સાર્થકતાના પુરાવા રૂપે ગુજરાતના રાજવી કવિ, લાઠીના સૂરસિંહજી ગોહિલ ઉર્ફે કવિ "કલાપી" (જ્યાં જ્યાં નજર મારી ઠરે..) ભર યુવાનીમાં અવસાન પામ્યા. પણ આટલા ટૂંક સમયમાં જ તેમણે ગુજરાતી કવિતાને સમૃદ્ધ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું.

### *અલખની આરાધના :*

મગનભાઇના લખવા પ્રમાણે સંગીતને પૂર્ણપણે સમર્પિત કલાકારો લાંબું જીવે છે. સંગીત સંજીવની જરૂર છે. તેને "નાદ-બ્રહ્મની" ઉચ્ચ કક્ષાએ મુકાયું છે. પણ તેની સાધના કઠોર તપસ્યા માંગી લે છે. સંગીતની સાધના કરતાં કરતાં અલખની સંભવી શકે. આનો અનુભવ કચ્છના અંતરિયાળ ગ્રામિણ વિસ્તારમાં, માત્ર એકતારાના સહારે ગવાતા ભજનિક "આલા અને થાલા" ના ભજન, એક ચિત્તે સાંભળનારને ક્યારેક તો થયોજ હશે. આવી જ અનુભૂતિ, "ખાં સાહેબ, અબ્દુલ કરીમખાં' ને રાગ કેદારમાં ભજન ગાતા સાંભળનારને પણ ક્યારેક તો થઇજ હશે. ગુજરાતના ભક્તકવિ નરસિંહ મહેતાએ

"રાગ કેદાર" ગીરવી મૂક્યો હોવાની લોકકથા ખૂબ જાણીતી છે.

***કલાકારોની જીવનરેખા***

મગનભાઇએ દક્ષિણ ભારતની કોકિલા એમ.એસ. સુબલક્ષ્મીનો ઉલ્લેખ કર્યો છે. આમ તો ઘણા અન્ય નામો આપી શકાય પણ વર્તમાનમાં કાર્યરત દિગ્ગજ ગાયક બાલમુશલી LIVING LEGENDને કેમ ભૂલી શકાય? આ ગાયકે દૂરદર્શનની રાષ્ટ્રવાદી શોર્ટ "મિલે સૂર મેરા તુમ્હારા" ખૂબ જ ભાવવાહી રીતે એક કડી ગાઇ હતી. કર્ણાટક શૈલીના, દક્ષિણ ભારતીય શાસ્ત્રીય સંગીતનું માધુર્ય, સરળતાથી સમજવું-માણવું હોય તેવા સુજ્ઞ રસિકજનોએ, દોઢ-બે દાયકા અગાઉ બનેલ તેલુગુ ફિલ્મ. "શંકરા ભરણકા" જોવાની ભલામણ કરવી અસ્થાને નહી ગણાય.

***રસિક અંધારિયા*** :

ભારતીય શાસ્ત્રીય સંગીતના ગુજરાતના એક માત્ર (કદાચ) જ્યોતિર્ધર, પંડિત ઓંકારનાથ ઠાકુરના, પટ્ટશિષ્ય ગુજરાતના જ રસિકલાલ અંધારિયા હતા. મુંબઇના એક સંગીત સમારંભમાં રસિકલાલને પંડિતજી સાથે સંગત કરતા સાંભળ્યા હતા. પણ બાદમાં આ આશાસ્પદ ગુજરાતી ગાયકને ગુજરાતમાં ન તો પ્રોત્સાહન મળ્યું કે ન તો પોતાની ગાયકી દર્શાવવા કોઇ મંચ મળ્યો. પરિણામે રસિકલાલ અંધારિયા, વિસ્મૃતિના અંધારામાં અટવાઇ ગયા.

***માસ્ટર વસંત*** :

આવી જ કાંઇક-પણ આનાથી વધારે કરુણ કથની, સુરતના માસ્ટર વસંતની છે. શાસ્ત્રીય સંગીતના અચ્છા જાણકાર અને ગાયક હોવા ઉપરાંત તે દેશ ભક્તિના રંગે રંગાયેલા હતા. "મેરી માતા કે સર પર તાજ રહો.." જેવા ગીતો જાહેર સભાઓમાં ગાઇને, સરકારની ખફગી વહોરી લીધી હતી અને કદાચ જેલના સળીયા પણ ગણવા પડ્યા હતા. વધતી ઉંમરે આ દેશભક્ત કલાકાર દારુણ ગરીબીમાં દિવસો ગુજારતો હતો. કેટલાક કદરદાન પ્રશંસકોએ આ વાત ગુજરાત સરકારના ધ્યાન પર લાવતાં, ગુજરાત સરકારે માસ્ટર વસંતને માસિક રૂા. ૫૦૦/- (પાંચસો) ની જીવાઇ મંજૂર કરી હતી. આ દેશભક્ત ગાયકના અંતિમ દિવસો સંબંધી કોઇ માહિતી મળી શકી નથી.

***શકીલાબાનુ ભોપાલી*** :

આવોજ કરુણ કિસ્સો, મુંબઇના કવ્વાલી યુગમાં, તેની હાજરજવાબી, નખરા અને મારકણી અદાઓના કારણે, પ્રેક્ષકોના દિલ અને દિમાગ પર કવ્વાલીની મહારાણી ગણાયેલી ગાયિકા શકીલાબાનુ ભોપાલીનો છે. પણ તેની દાસ્તાં ફરી ક્યારેક.

***દોરાઇ સ્વામી વીણા વાદક :***

વાદ્ય સંગીતમાં મગનભાઇએ કેટલાક બહુ જાણીતા નામોનો ઉલ્લેખ કર્યો છે. તેમાં સરસ્વતી વીણા જેવું વાદ્ય વગાડતા મૈસુર વિદ્વાન દોરાઇ સ્વામીનું નામ ઉમેરી શકાય. મારા ખ્યાલથી આ વીણા હવે કદાચ કોઇ વગાડતું પણ નથી.

***વિનાયક વોરા***

ભૂલાયેલા કલાકારોની વાત કરીએ કે તરત જ કચ્છ માંડવીના વિનાયક વોરાનું નામ યાદ આવે. વિનાયકભાઇએ "તાર શરણાઇ" જેવું વિશિષ્ટ વાદ્ય વિકસાવ્યું હતું અને તેને શાસ્ત્રીય સંગીતની મહેફિલોમાં પણ માનભર્યું સ્થાન અપાવ્યું હતું.

***ઉદય શંકર***

છેલ્લે વાત કરીએ, ભારતના મહાન નૃત્યકાર ઉદયશંકરની. રશિયાની વિશ્વ-વિખ્યાત નર્તકી "આના પાવલોવા" સાથે રહી, આધુનિક નૃત્યશૈલી શીખ્યા બાદ ઉદયશંકર તેમની ફ્રેંચ સહાયક "સીમ્કી" સાથે ભારત આવ્યા. આ મહાન કલાકારે ભારતની પ્રાચીન નૃત્ય કલાને આધુનિકતાનો ઓપ આપી વિશ્વભરમાં જાણીતા કરી દીધા. આ મહાન નૃત્યકાર પણ દારુણ ગરીબીમાં મૃત્યુ પામ્યા. વિશ્વ વિખ્યાત આ નૃત્યકારને પણ આપણે ભૂલીએ નહીં.

મારી અંગત સમજ અને માન્યતા પ્રમાણે કલાકારોની સમયોચિત કદર કરવામાં આપણે-ગુજરાતીઓ ઉણા ઉતર્યા છીએ.

અલબત્ત, "બહુ રત્ના વસુંધરા"ના હિસાબે સેંકડો કલાકારો એવા જરૂર હશે, જેમને પ્રકાશમાં-જાહેરમાં આવી, પોતાની કલા-કૌશલ્ય દ્વારા જન ચાહના મેળવવાની તક જ નહી સાંપડી હોય. આવા કલાકારોને લગતી એક અતિ વિખ્યાત અંગ્રેજી કાવ્યની એક પંક્તિ ટાંકવાનું મુનાસિબ સમજું છું.

*MANY A GEM OF PUREST RAY SERENE,*
*DARK UNFATHOED CAVES, OF OCEAN BEAR,*
*MANY A FLOWER IS BORN TO BLOOM UNSEEN,*
*AND WASTE ITS FRAGRENCE, IN DESERT AIR.*

આવા અનામી અજાણ્યા-અણપ્રિછ્યા કલારત્નોને આ લખાણ સમર્પિત છે.

***લાહિરી શાહ - હૈદ્રાબાદ***

• • • • •

## ગાંધી દીક્ષિત દંપતી

મંગલ મંદિરના જાન્યુઆરી અંકમાં શ્રી શાંતિલાલ વ. શાહે પાના નં. ૭૨ ઉપર 'રાજુ-દીપ્તિ'ના નામનો ઉલ્લેખ કરેલ છે.

આવા જ ગાંધીદીક્ષિત બીજા પણ થોડા દંપતી સેવાયજ્ઞમાં સમર્પિત થયેલા, ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં પાયાનું કામ કરી રહ્યા છે જેવાં કે :

- અનિલ-દક્ષા પટેલ
- ધીરેન્દ્ર-સ્મિતા
- નીતા-મહાદેવ
- કૃષ્ણા-ગોપાલ
- ચૈતન્ય-સોનલ
- સંજય-તુલા

- સુપ્રત-સુસ્મિતા
- વિનય-ચારૂલ
- સુરેશ-ઇન્દિરા સોની

***- શાંતિલાલ સંઘવી***

• • • • •

**મંગલ મંદિર - જાન્યુઆરી ૨૦૧૦ના અંક વિશેનો પ્રતિભાવ**

જય જિનેન્દ્ર સહ જણાવવાનું કે આજ રોજ જાન્યુઆરી, ૨૦૧૦ નો "મંગલ મંદિર" નો અંક અમોને મળ્યો. નર્મદા યોજના બાબતમાં આપશ્રી દ્વારા સરકારશ્રી પાસેથી અવારનવાર મેળવાતી માહિતી અને તે બાબતમાં તમારી કોઠાસૂઝ કાબિલે દાદ છે. અમદાવાદમાં પણ રહીને આપશ્રી કચ્છ માટે સાચા અર્થે નર્મદાના પાણી માટે વિચારો છો ત્યારે ગર્વની લાગણી અનુભવવા સાથે આપશ્રી તથા આપશ્રીની ટીમને શત શત નમન કરીએ છીએ.

***'રૂપાલી' પરિવાર વતી દીપેશ વી. દોશી - માંડવી, કચ્છ***

• • • • •

***<u>કચ્છીયત</u>***

*શ્રી કચ્છી જૈન સેવા-સમાજ-અમદાવાદ*
*આપ સૌના કાર્યોને સલામ - અભિનંદન.*

*એકાદ ભીની ઝંખના*
*ક્યારે ફળે તમે જાણો છો?*
*વૃક્ષનું હોય આયખું*
*ને હો ઋતુ વરસાદની.*

*આપની હૃદયપૂર્વકની ઝંખના અને*
*દાતાઓ રૂપી વરસાદ પછી શું*
*અશક્ય હોય છે?*

*આપના ભગીરથ પ્રયાસે*
*અમદાવાદને ચાર ચાંદ લગાવ્યા છે.*

*નવનીત ભવન - આવાસ યોજનાને*
*આપે જે રીતે પાર પાડી છે*
*એ કચ્છીયત પુરવાર થઈ છે.*
*જ્યાં હોય એક પણ કચ્છી*
*ત્યાં કચ્છ બની જાય.*

*આપ અમદાવાદમાં રહીને કચ્છના નામને રોશન કરી રહ્યાં છો. આપ થકી અમે સૌ કચ્છીઓ ગૌરવ અનુભવીએ છીએ અને આપને, દાતાઓને સલામ કરી શુભેચ્છા પાઠવીએ છીએ.*

***ઉમેદ નંદુ - દાદર (વેસ્ટ), મુંબઈ***

• • • • •

## દાતાશ્રીઓ વતી દાનની વહેતી અવિરત દાનસરિતા

જાન્યુઆરી-૧૦ના મંગલ મંદિરમાં દાનેશ્વરીઓનાં લેખ વાંચ્યાં. દાતાશ્રીઓ દ્વારા દરેક ક્ષેત્રે જ્યારે જરૂરત પડે ત્યારે દાનની સરિતા વહેતી રહે છે જે વંશપરંપરાગત ચાલુ છે.

હમણાં હું પાલિતાણા ગયેલ ત્યારે નંદા-પ્રભુ-પ્રસાદ દહેરાસરમાં રાત્રિ પ્રોગ્રામમાં ગયેલ ત્યારે પોગ્રામર શ્રી દીપકભાઇએ એક સરસ દાખલો આપેલ તે લખી મોકલું છું.

પાલિતાણાની બાજુમાં એક પટેલભાઇ ગૌશાળા ચલાવે છે. હવે એ ગૌશાળા/પાંજરાપોળના શ્રી પટેલભાઈએ શ્રી કલ્યાણજી આણંદજીની પેઢીના ટ્રસ્ટી શ્રી જયુભાઇ પાસે આવીને કહ્યું કે મને આ પેઢીને ગૌશાળા આપી દેવી છે. શ્રી જયુભાઇએ કહ્યું કે શરત શું? તો તેમણે કહ્યું પહેલી શરત અમારા નામની તક્તી ન રાખવી. બીજી શરત એ જગ્યા પર અમારો હક્ક નહીં. ત્રીજી શરત એ કે જેટલો ખર્ચો દરેક વર્ષે અમો કરીએ છીએ તે ખર્ચ અમો આપતા રહીશું. જયુભાઇ અવાક્ થઇ ગયા કે આવા કલિયુગમાં આવા જગડુશાઓ પડ્યા છે. ધન્ય છે તેઓને.

બીજી બાજુ કચ્છમાં કુદરતી આફતો ધરતીકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ તેમજ વાવાઝોડા વખતે કચ્છ સિવાય અન્યત્ર વસવાટ કરનાર કચ્છી ભાઇ-બહેનો સાંબેલાધારે કચ્છ તથા કચ્છી પ્રજા માટે વરસે છે, તેમજ કચ્છ કે મુંબઇમાં જેટલી ક્ષેત્રીય સંસ્થાઓ, હોસ્પિટલો છે તેનો મોટાભાગનો લોકફાળો આ કચ્છી કે કચ્છી સંસ્થાઓનો છે. શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનની આવાસ કમિટીની મિટિંગમાં ચાર કલાકમાં છૂટે હાથે કરોડો રૂપિયા ભેગા થયેલ એવા કચ્છી દાતાઓ-જગડુશાઓનો વિશ્વમાં જોટો જડવો મુશ્કેલ છે.

***હીરાલાલ વેલજી ઉનડોઠવાલા - ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ***

• • • • •

**મંગલ મંદિર - જાન્યુઆરી ૨૦૧૦ના અંક વિશેનો પ્રતિભાવ**

મંગલ મંદિરના દરેક અંકમાં જૈન સમાજ ઉપરાંતના કચ્છના પ્રશ્નો અને પ્રગતિના અહેવાલો વાંચીને ઘણું જાણવા મળે છે.

***જાન્યુઆરી-૨૦૧૦ ના અંકમાં ખાસ કરીને***

★ પાના નં. ૯ પરનો તંત્રી લેખ, 'એક પ્રેરક કહાની'.

★ પાના નં. ૪૪ પર ભૂકંપ : ૧૫ લાખની મિલકતની અણધારી નવાજેશનો પ્રામાણિક અસ્વીકાર.

★ પાના નં. ૪૫ પર પિતાનું વાત્સલ્ય-(આ લેખ દિવ્ય ભાસ્કરના તા. ૧૦-૧૦-૨૦૦૮ ના શેષનાગનું માનવરૂપ-હરદાસ વ્યાસ; પ્રગટ થયેલ છે.)

★ પાના નં. ૫૮ પર - પુનઃસ્થાપન (સત્ય ઘટના)

★ આંજો કાગરમાં - શ્રી મધુકાંત બજરિયા તેમજ શ્રી લાહિરી શાહના પત્રો

વાંચીને ઘણી જાણકારી મળી. માનવજીવનના મૂલ્યો, નીતિમત્તા, ત્યાગ, સમાજ સેવાના પ્રસંગો વાંચીને આસ્થાની ડગમગી જતી જ્યોત સ્થિર થવા લાગી છે.

તંત્રી મંડળની ઉદાર-વિશાળ દૃષ્ટિથી 'મંગલ મંદિર' માત્ર જૈન સમાજનું મુખપત્ર બની ન રહેતા એક સારું 'ડાયજેસ્ટ' બનવા તરફ ધપી રહ્યું જણાય છે.

આપ સૌને ધન્યવાદ-શુભેચ્છા..

*કિશોર જે. શાહ - ભુજ, કચ્છ*

• • • • •

## મંગલ મંદિર — જાન્યુઆરી-૨૦૧૦નો અંક

નવા વર્ષમાં આકર્ષક મુખપૃષ્ઠ સાથેનો અંક જોઇ આનંદ થયો. પર્વોના પ્રતીક ઉત્તરાયણ અને પ્રજાસત્તાક દિવસ આર્ટ ચિત્તાકર્ષક છે. શક્યત દરેક પૃષ્ઠ નીચેના સુવાક્યો પ્રકાશિત કરવાનો વિચાર સુંદર છે. ટૂંકમાં અંકમાં કોઇપણ જગ્યા વ્યર્થ નથી. આખો અંક વાંચવાલાયક દમદાર બની જાય છે. દરેક અંક દિવાળી અંક જેટલો સમૃદ્ધ હોય છે. આ માટે તંત્રી મંડળ તથા લેખકો ધન્યવાદને પાત્ર છે. તંત્રીલેખમાં એક પ્રેરક કહાની સુંદર વાત લઇને આવેલ છે. ફાલ્ગુનીબહેન તથા તેમની ટીમને કચ્છના રણમહોત્સવમાં સફળતાપૂર્વક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવા બદલ અભિનંદન. સફેદ રણનું તેમણે કરેલું વર્ણન સચોટ છે. મેં પોતે પણ અનુભવ્યું છે. આ મહિનાની સત્યકથા હૃદયને સ્પર્શી જાય તેવી રહી. સ્વામી આનંદ વિશે શ્રી મોહનભાઇ પટેલનો લેખ તથા તેમાં વર્ણવેલા પ્રસંગો રૂંવાડા ઊભા કરી દે તેવા છે. શ્રી શાંતિલાલ શાહ 'અંગ્રેજી શબ્દોની મજા' લેખમાં જ્ઞાન સાથે ગમ્મત પૂરું પાડે છે. યુવાનો, બાળકો, મહિલાઓ, વડીલો સહિત સર્વે વયજૂથ લોકોને અનુરૂપ સમાચાર, વાર્તા, લેખો, માહિતી, પ્રસંગકથાઓ શબ્દરમત, પ્રશ્ન વિભાગ, જાણવા જેવું, જોક્સ, સુડોકુ જેવા વૈવિધ્યસભર વિભાગોથી મંગલમંદિર એક બીજમાંથી સમૃદ્ધ વટવૃક્ષ બની ગયેલ છે. આ વટવૃક્ષ હજુ વધુને વધુ ફળ વાંચકોને આપતા રહે તેવી અભ્યર્થના.

*અશોક વી. શાહ - ગાંધીનગર*

• • • • •

## કરસેવા માટે જૈન કેમ તૈયાર નથી?

મંગલ મંદિરમાં શ્રી શાંતિલાલ સંઘવીએ જૈનો માટે કર સેવાનો મુદ્દો છેડ્યો છે અને તેના કારણોની શોધ કરી રહ્યા છે? શાંતિલાલ સંઘવી તો આપણા વડીલ કહેવાય અને આટલા વર્ષોથી સમાજ સાથે સંકળાયેલ છે તેમને જો ઉત્તર ન મળતો હોય તો હું શું આપી શકું? તેમ છતાં એક નાજુક પ્રયત્ન કરું છું.

૧. જૈનો જન્મથી જ લગભગ શ્રીમંત હોય છે અને એના કારણે તેઓ વ્યાપારમાં પોતાનું પ્રભુત્વ જમાવતા હોવાથી માત્ર બુદ્ધિના જોરે જ કામ પાર પાડવામાં માને છે. શારીરિક શ્રમ તો બહારના માણસોથી કે પૈસાથી પણ થઇ શકે છે તેવું માને છે.

૨. ટ્રસ્ટીઓ મોટા ભાગના વડીલો હોય છે અને આજ સુધી વડીલોએ લગભગ આજ્ઞા જ આપી છે. આજ્ઞાપાલન કરવાનો અવસર જ નથી મળતો અને સંયુક્ત કુટુંબમાં રહેવાના કારણે ઘરકામમાં પણ મદદ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થતી નથી, જેથી તેઓ વાંકા વળી શકતા નથી.

૩. ટ્રસ્ટીઓ ક્યારેય પોતે સંઘના સેવક છે એવું પોતાની જાતને પ્રતિપાદિત થવા દીધું નથી. પોતે માત્ર સંચાલક હોવાનું કે માત્ર વહીવટ કરવાનું જ માનતા હોય છે.

૪. ઇતર કામના સાધુ સંતો પણ જાતે કામ કરતા હોય છે. જેનાથી તેના ભક્તોમાં એની ટેવ પડે છે જ્યારે જૈનોમાં સાધુ સંતોનો રાહ અલગ હોય છે.

૫. કર સેવાની વાત બાજુએ મૂકીએ તો ઘણી વખત ટ્રસ્ટીઓ સામાન્ય શ્રાવકની સાથે જમતા પણ નથી કારણ કે તેમનો અહમ્ ઘવાય છે.

૬. સરકારી નોકરીમાં આવી ગયેલા જૈનો પોતે પોતાને મળેલા હોદ્દાને (લાંછન લાગે એવું) એટલે કે ખુરશી ઉપાડવાનું કે જાજમ પાથરવાનું કામ કરવામાં નાનમ અનુભવે છે.

૭. વ્યાખ્યાનમાં પણ ટ્રસ્ટીઓ મોડા આવે છતાં આગળ બેસવાનો આગ્રહ રાખતા હોય છે.

૮. ખરેખર જે વર્ગ કામ કરવા કે ભોગ આપવા તૈયાર થાય છે તેને આગળ ધપાવવામાં તેમજ તેઓને મોટીવેટ કરવામાં ટ્રસ્ટીઓ પાછી પાની કરે છે.

૯. સત્તાનો નશો પૈસા કરતાં પણ વધારે ખરાબ છે.

૧૦. અંતમાં જૈનોને પોતાના નામની કે તકતીની પડી હોય છે. જો એવું જાહેર કરવામાં આવે કે જે જૈનો કર સેવા કરશે અને તેને ઇનામ રૂપે તેની તકતી મુકવામાં આવશે તો શાયદ!

કારણ જૈન, ધર્મશાળા, ઉપાશ્રય વગેરેમાં ફોટા, તકતી સિવાય શું હોય છે જે ઇતર જ્ઞાતિઓમાં ખાસ હોતું નથી.

કોઇને મન દુઃખ થાય તો ક્ષમા સાથે.

*નીતિન સંઘવી - ગાંધીનગર*

• • • • •

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

★ **એક નજર :**

૧. આ વિભાગમાં વાંચકવર્ગ વધારે સંખ્યામાં રસ દાખવતા રહેશે તેવી અપેક્ષા છે.

૨. આ વિભાગ સંબંધી આપના સૂચનો આવકાર્ય છે.

૩. મંગલ મંદિરના અંકમાં પ્રસિદ્ધ થતી દરેક વિગત મોટાભાગે પ્રત્યેક માસની ૨૦ તારીખ સુધીમાં છાપકામ માટે મોકલવામાં આવે છે. એટલે જવાબ આપવા માટે તે અંતિમ તારીખ હોય છે.

૪. ત્યારબાદ પ્રત્યુત્તર આપનારના નામ તે પછીના અંકમાં પ્રસારિત થાય છે, જેની નોંધ લેવા વિનંતી છે.

***માસ ડિસેમ્બર-૨૦૧૦ના ખરા ઉત્તર અને તે લખી મોકલનારના નામ:***

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાના | પાન-૧૮ |
| ૨. | 'ન કૌંસમાં ન કૌંસ બહાર' સરોજ પાઠક | પાન-૩૦ |
| ૩. | કચ્છી ભાષાને | પાન-૪ |
| ૪. | માલદીવ ટાપુ | પાન-૪૭ |
| ૫. | વૈદ્ય ચંદ્રકાંત પ્રભુશંકર શુક્લનું | પાન-૮૯ |
| ૬. | નારીનું સન્માન - મહાત્મા ગાંધીએ | પાન-૫૭ |
| ૭. | વિશ્વની પ્રજાઓના માનવ હક્કોના ઉલ્લંઘનો તરફ | પાન-૫૨ |

★

| | | |
|---|---|---|
| ૧. | જ્યોતિબહેન લક્ષ્મીચંદભાઈ શાહ | - અમદાવાદ |
| ૨. | મૈત્રીબહેન જયેશભાઈ શાહ | - અમદાવાદ |
| ૩. | કલ્પનાબહેન શશીકાંતભાઈ ગાલા | - અમદાવાદ |
| ૪. | કૃપાલીબહેન ભરતભાઈ શાહ | - અમદાવાદ |
| ૫. | જયશ્રીબહેન ભરતભાઈ શાહ | - અમદાવાદ |
| ૬. | રમણિકલાલ કુંવરજીભાઈ ગોસર | - અમદાવાદ |
| ૭. | મધુરીબહેન રમણિકલાલભાઈ ગોસર | - અમદાવાદ |
| ૮. | અશોકભાઈ વી. શાહ | - ગાંધીનગર |
| ૯. | જિતેન્દ્રભાઈ ચંદુલાલભાઈ શાહ | - અમદાવાદ |
| ૧૦. | દીપલબહેન તુષારભાઈ શાહ | - અમદાવાદ |
| ૧૧. | વિનોદભાઈ કે. મોરબિયા | - મુંદ્રા (કચ્છ) |
| ૧૨. | જ્યોત્સનાબહેન અરવિંદભાઈ શાહ | - અમદાવાદ |
| ૧૩. | અમરભાઈ ઉમરશીભાઈ રાંભિયા | - નડિયાદ |
| ૧૪. | નવલ શાંતિલાલભાઈ શાહ | - અમદાવાદ |
| ૧૫. | ભારતીબહેન સુરેન્દ્રકુમાર જૈની | - અમદાવાદ |
| ૧૬. | રતનબહેન હરખભાઈ શાહ | - કોલકત્તા |
| ૧૭. | શાંતિલાલભાઈ ખીમજીભાઈ દેઢિયા | - આકોલા |

***૮થી ઓછા ખરા જવાબવાળાના નામ :***

| | | |
|---|---|---|
| ૧. | વર્ષાબહેન રવિલાલભાઈ પારેખ | - અમદાવાદ |

★ **નવા પ્રશ્નો માટે સંદર્ભ :**
મંગલ મંદિરનો અંક જાન્યુઆરી, ૨૦૧૦

★ **ઉત્તર સંબંધી વિકલ્પ :**
૧૧ પ્રશ્નોમાંથી કોઈપણ ૮ ખરા ઉત્તર હશે તો બધા સાચા જવાબમાં ગણતરી થશે.

★ **ખરા ઉત્તર અને નામની પ્રસિદ્ધિ :**
મંગલ મંદિર માર્ચ-૨૦૧૦ના અંકમાં

★ **સરનામું :**
ઉપર મુજબ વિભાગનું નામ કવર પર લખીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે સમયસર મોકલાવવા વિનંતી છે.

★

★ **માસ જાન્યુઆરી-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. 'અને મુશ્કેલી પણ એ જ છે કે આપણે બધા ધાર્મિક તો છીએ પરંતુ ધર્મનિષ્ઠ નથી.' આવું કયા લેખમાં જણાવવામાં આવ્યું છે?

૨. 'લોકશાહીની સાચી કિંમત એ પરિપક્વ થાય ત્યારે સમજાય છે, આપણે હજી ત્યાં નથી પહોંચ્યા.' કયા પાના નંબર પર આવું લખાણ છે?

૩. 'સેવા અને ત્યાગ શક્તિ અનુસાર થાય,ત્યારે એનો આનંદ અનહદ હોય છે. એમાં મન પર કશો બોજો રહેતો નથી.' આ વાક્યના પછીના ફકરાનું પ્રથમ વાક્ય જણાવશો.

૪. 'પૃથ્વી પરની સમગ્ર દુનિયા એક યુનિટ તરીકે ઊભરી આવે એ દિવસો હવે બહુ દૂર નથી.' આ લખાણ તંત્રીલેખના કયા ફકરામાં વાંચવા મળે છે?

૫. 'અખંડ આનંદ' માસિકનો આરંભ થયો ત્યારે તેનાં પ્રથમ તંત્રી તરીકે કોની વરણી થયેલી?

૬. સ્ત્રીઓને સૌપ્રથમ મતાધિકાર કઈ સાલમાં અને ક્યાં આપવામાં આવ્યો હતો?

૭. 'જીવન એક ફૂલ છે, પ્રેમ એની સૌરભ છે' આવું લખાણ કયા સ્થળે મૂકાય તો સુંદર લાગે?

૮. 'મહાપુરુષોના સુવાક્યો'ના નામે પોકેટ સંગ્રહ કોના દ્વારા પ્રકાશિત થયેલો છે?

૯. 'પ્રેમ ત્યાં હોય છે જ્યાં વ્યક્તિ પોતાના કરતાં બીજા માટે વધુ કાળજી ધરાવતી હોય' આવું કોણે કહ્યું છે?

૧૦. સામાજિક રીતે જોઈએ તો સંસારમાં ત્રણ વ્યક્તિઓનો આપણા ઉપર મોટો ઉપકાર છે. આ ત્રણ વ્યક્તિ કોણ છે?

૧૧. 'અહીં કચરો ફેંકવો. નહિં ફેંકનારને દંડ થશે.' વિરામ ચિહ્નની ભૂલ સુધારીને તે વાક્ય કેવી રીતે લખાય?

★

માસ ઓક્ટોબર-૨૦૦૯ના અંકમાંથી પૂછાયેલા પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદીમાં નીચે મુજબના નામો ઉમેરવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| ૧. | શાંતિલાલભાઈ ખીમજીભાઈ દેઢિયા | - આકોલા |
| ૨. | નવીનચંદ્ર નેમચંદભાઈ મહેતા | - મુંદ્રા (કચ્છ) |
| ૩. | વિનોદભાઈ કે. મોરબિયા | - મુંદ્રા (કચ્છ) |

***– દિનેશ મહેતા***

*બુદ્ધિ યુક્ત હિંસા, અન્ય હિંસા કરતાં વધુ હિંસક છે.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*ડિસેમ્બર-૨૦૦૯ તથા જાન્યુઆરી-૨૦૧૦ માસ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **લક્ષ્મીચંદ લાલજી પોલડિયા**
  ૧૧૬/૮૬, અંબે નિવાસ,
  મુલુંડ કોલોની, હિંદુસ્તાન રોડ,
  જૈન દેરાસરની સામે,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
- **કાંતિલાલ મેઘજી મહેતા**
  C/o. ગીત ગુંજન, ગોપાલ ભુવન,
  ૧૩, રાજમહેલ શોપિંગ સેન્ટર,
  અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
- **દિનકર કે. ગડા**
  ૫૩, શાહ નિવાસ,
  આર.આર.ટી. રોડ,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
- **લીલાધર લખમશી વીસરિયા**
  એમ/૨, પ્રતીક્ષા નગર,
  ફ્લેટ નં.-૫૦૧,
  સાયન (કોલીવાડા), મુંબઈ-૪૦૦ ૦૨૨.
- **કાનજીભાઈ જે. મહેશ્વરી**
  ૧૫૦, ગણેશ નગર,
  ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.
- **એરીડ કોમ્યુનિટીઝ એન્ડ ટેક્નોલોજી**
  શૈલેષ વ્યાસ
  પો.બો. નં.-૧૩,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **હિંમતભાઈ શાહ**
  મે. એચ.પી. ગેસ
  દુકાન નં.-૧૩, સેક્ટર નં.-૨/માર્કેટ,
  રૂરકેલા-૭૬૯ ૦૦૨.
- **કમલેશ મનસુખભાઈ શાહ**
  ૧૬૯, જલારામ સોસાયટી,
  હોસ્પિટલ રોડ,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **નૂતન નીલેશ લાપસિયા**
  ૧૨, ૧લે માળે, 'સાહેકેર',
  ચેતના હોસ્પિટલ પાસે,
  આર.આર.ટી. રોડ,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
- **જનકબહેન એસ. ભાલાણી**
  એ-૧૦૩૩, શુભ સ્નેહા ફ્લેટ,
  જજીસ બંગલા રોડ, બોડકદેવ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **પ્રવીણચંદ્ર એન. બાવીશી**
  ૪૦૩, વાટીકા એપાર્ટમેન્ટ,
  સંજીવની હોસ્પિટલની બાજુમાં,
  નવા શારદા મંદિર રોડ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **ડિ. વી. બુચિયા**
  ૪, સપના નગર,
  ગાંધીધામ, ભુજ, કચ્છ-૩૭૦ ૨૦૧.

### ૩ વર્ષનું લવાજમ

- **વિશનજી માણેક શાહ**
  રામજશ સોસાયટી, એ-વિંગ, ૩૦૧/૩૦૨,
  દેવીદાસ લેન,
  મંડપેશ્વર, બોરીવલી (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૧૦૩.
- **શાંતિલાલ સી. દેઢિયા**
  મીરા કો.ઓ.હા. સોસાયટી,
  ફ્લેટ નં.-૧૫૧, બિલ્ડિંગ નં.-૧૦,
  સેલીસબેરી પાર્ક, પૂણે-૪૧૧ ૦૩૭.
- **ડૉ. ચુનીલાલ ભારમલ વોરા**
  વોર્ડ નં.-૧૨/સી, પ્લોટ-૪૦૫,
  લીલાશા નગર, ગાંધીધામ-૩૭૦ ૨૦૧.
- **ગુલાબચંદ એ. શાહ**
  બંગલા નં.-૯,
  જલદર્શન કો.ઓ.હા. સોસાયટી,
  ન્યુ કોલોની, જી.આઈ.ડી.સી.
  અંકલેશ્વર-૩૩૦ ૦૦૨.
- **મનીષ નવીન મહેતા**
  પારસીવાડ, રાંદેર રોડ,
  સુરત-૩૯૫ ૦૦૫.
- **શશીકાંત પી. શાહ**
  શશીકાંત પ્લાસ્ટિક,
  ૭૯, જનરલ મર્ચન્ટ માર્કેટ,
  ગાંધીબાગ, નાગપુર-૪૪૦ ૦૦૨.
- **જિતેન્દ્ર લહેરીભાઈ શાહ**
  ૩૦૫, અરિહંત આશિયાના,
  ભૂમાણા લેન, બરકતપુરા,
  હૈદ્રાબાદ-૫૦૦ ૦૨૭.

### ૫ વર્ષનું લવાજમ

- **મહેન્દ્ર આણંદજી શેઠિયા**
  "આનંદ", શાંતિનિકેતન સોસાયટી,
  હેપ્પીનેસ આઈસ્ક્રીમ સામે,
  શીલા પાર્ક, વલસાડ-૩૯૬ ૦૦૧.
- **દિનેશ રતનશી શાહ (મૈશેરી)**
  ડી/૭૧૪, ભાદરણ નગર,
  જૈન દેરાસર પાસે,
  એન.સી. હાઈસ્કૂલ પાછળ,
  એસ.વી. રોડ, મલાડ (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૬૪.
- **વલ્લભભાઈ પ્રેમજી સાવલા**
  'કલ્પવૃક્ષ',
  ડી-૧૫/૧૬, સુધન લક્ષ્મી સોસાયટી,
  ઈલોરા પાર્ક, સુભાનપુરા,
  વડોદરા-૩૯૦ ૦૨૩.

### આજીવન

- **કિરીટ કે. દેઢિયા**
  ૪૦૨, સી.એચ.એસ. લિ.,
  જગદીશ નગર, જે.વી.કે. માર્ગ,
  અંધેરી (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૬૯.
- **જીતુભાઈ છગનલાલ શાહ**
  ૩, મહાવીર સોસાયટી, 'વિરાગ',
  નિર્મળા સ્કૂલ પાસે,
  રાજકોટ-૩૬૦ ૦૦૧.
- **શૈલેષ દેવજી ધુલ્લા (દૌલત)**
  બી-૩, મહાવીર બંગ્લોઝ,
  બસ ડેપોની પાછળ, ઊંઝા-૩૮૪ ૧૭૦.

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **ઠક્કર એન.પી.એન. હાઈસ્કૂલ**
  અંજાર એજ્યુકેશન સોસાયટી,
  જી.એમ.ડી.સી. કેમ્પસ,
  સર્વે નં.-૧૫૬, મેઘપર (કુંભારડી),
  અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.
- **મુકેશ ઝુમખલાલ સંઘવી**
  ૧૫-૧૬, ભારત જોશી બિલ્ડિંગ,
  બીજે માળે, દેવી ચોક,

*જ્ઞાન મેળવવાની પ્રવૃત્તિ કર્યા વિના જે ધર્મ કરે છે, એ ધર્મ નહિ, ક્રિયા કરે છે. ધર્મ કરનારને તત્ત્વજ્ઞાન મેળવ્યા વિના ચેન ન જ પડે.*

મોડર્ન ઈંગ્લિશ સ્કૂલ લેન,
ડોંબીવલી (વેસ્ટ),
થાણા-૪૨૧ ૨૦૨.

- **રાધિકાબહેન મોદી**
૧૩, ગોકુળ રો-હાઉસ,
હિમાલી ટાવરની ગલીમાં,
શ્યામલ ચાર રસ્તા પાસે,
માણેકબાગ હોલ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

- **હંસરાજ આર. રાંભિયા**
C/o. સુપર કેમિકલ એજન્સી,
૧૬૯, એ.એસ.આર. સ્ટ્રીટ,
બેંગ્લોર-૫૬૦ ૦૫૩.

- **મુલચંદ શામજી સાવલા**
એ/૯૧, રૂસ્તમજી રોયલ,
જેવંત સાવંત રોડ, દહીંસર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૮.

- **મણશીભાઈ ભીમજી મહેશ્વરી (નાયબ મામલતદાર)**
સૂર્યા સોસાયટી, પ્લોટ નં.-૬,
મામલતદાર કચેરીની બાજુમાં,
મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧.

- **નવીનભાઈ નરશી સાવલા**
૧૦૮, શિલ્પા એપાર્ટમેન્ટ,
જગડુશા નગર,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

- **વિનોદ હીરજી વીરા**
૪૧, કૃષ્ણમાઈ એપાર્ટમેન્ટ,
પ્લોટ નં. ૧૦૭/૧૦૮,
જયપ્રકાશ નગર, રોડ નં.-૫,
ગોરેગાંવ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.

- **સંદીપ કાંતિલાલ દોશી**
'સંગીત' સાડી શો રૂમ,
વાણિયાવાડ,
ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

- **હીરેન ખીમજી વીરા**
૪૪૯/૬/બી, નાકોડા પાર્શ્વનાથ નગર,
આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૧.

- **તલકશી દેવજી ગોસર**
એ-૧૩, સપ્તઋષિ બિલ્ડિંગ,
બીજે માળે, દફતરી રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.

- **મણિલાલ રામજી શાહ**
લક્ષ્મી સ્વામિ નિવાસ,
રૂમ નં.-૧૨, બીજે માળે,
કોકીલ બિલ્ડિંગની સામે,
વાલજી લધા ક્રોસ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

- **શ્રી મણિલાલભાઈ**
ભારતીય સ્ટોર્સ, વૈભવ બિલ્ડિંગ,
ડોંબીવલી (વેસ્ટ)
થાણા-૪૨૧ ૨૦૧.

- **લાલજીભાઈ આર. શાહ**
બિમલા ભુવન, ૧લે માળે,
ન્યુ નાગરદાસ રોડ, અંધેરી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૯.

- **મહેશ રાઘવજી શાહ (મૈશેરી)**
બી-૧૩, ૧લે માળે,
નવરંગ સોસાયટી, સપના હોટલ પાસે,
શાહદ, જિલ્લો : કલ્યાણ.

## ૩ વર્ષનું લવાજમ

- **હરખચંદ નાનજી નાગડા**
૨૨, સૂર્યા કોમ્પ્લેક્સ,
દુર્ગાનગર સોસાયટી, પંજાગુટ્ટા રોડ,
હૈદ્રાબાદ-૫૦૦ ૦૮૧.

- **નીતિન વશનજી છેડા**
એ/૩, બિંદુ શોપિંગ સેન્ટર, તિલક રોડ,
સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૪.

- **નાનજી લખમશી દેઢિયા**
એ/૫૦૪, સમર કાસ્ટર ટાવર,
કેસર મિલ કમ્પાઉન્ડ,
વિકાસ કોમ્પ્લેક્સ પાસે,
એલ.બી.એસ. રોડ,
થાણા (વેસ્ટ)-૪૦૦ ૬૦૨.

- **ધીરજલાલ અનુપચંદ મહેતા**
શેર મર્ચન્ટ, પલ્લઈ હાઉસ, પાંચમો માળ,
શંકરમઠ રોડ, કિંગ્સ સર્કલ પાસે,
માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.

## ૫ વર્ષનું લવાજમ

- **ગિરીશ શામજી શાહ**
૭૦૪, અમિધારા,
મામલતદાર વાડી, રોડ નં.-૪,
મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.

- **હરખચંદ કે. ગંગર**
દેવી સદન, બીજે માળે,
૨૦૯, આંબેડકર રોડ,
માટુંગા (સી.આર.) મુંબઈ-૪૦૦ ૦૧૯.

## આજીવન

- **તલકશી હીરજી ગાલા**
૬/૨૫, મેઘછાયા એપાર્ટમેન્ટ,
સાંઈબાબા માર્ગ, લાલબાગ,
મુંબઈ-૪૦૦ ૦૧૨.

- **મૂરજી દામજી નાગડા**
જી વિંગ, ૨૨૭, બીજે માળ,
ગોવર્ધન નગર,
પ્રિઝન જિમખાના સામે,
રઘુલીલા મૉલ પાસે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.

- **ચંદુલાલ સી. શાહ**
૬૭/૧૫, ફોર્ટ,
કુરનુલ (એ.પી.)-૫૧૮ ૦૦૧.

- **હરેશભાઈ કે. છેડા**
૩૦૯/એ, આરાધના,
જી.ડી. આંબેડકર રોડ,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪.

- **ચંદ્રકાંત હરખચંદ હરિયા**
૧, નારાયણી,
૨૦/૭, આર.એ. કિડવાઈ રોડ,
વડાલા, મુંબઈ-૪૦૦ ૦૩૧.

- **કિશોર ચંદ્રકાંત સાવલા**
એ/૧૭, છાડવા નગર,
એચ.પી.કે. માર્ગ, કુર્લા (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૭૦.

- **દેવજી શિવજી પરિવાર**
૧/૨, સતી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ,
આઈ.બી. પટેલ માર્ગ,
ગોરેગાંવ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩.

- **મહેન્દ્રભાઈ સંગોઈ**
૪૦૧, દહીંસર પરીખ એપાર્ટમેન્ટ,
એસ.વી. રોડ,
મુંબઈ-૪૦૦ ૦૬૮.

## 'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૦૯/જાન્યુઆરી-૨૦૧૦ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | કેટેગરી | ડિસેમ્બર-૦૯ | જાન્યુઆરી-૨૦૧૦ | રિમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧. | હંસરાજ કે. શેઠ | બેંગ્લોર | સભ્ય | પરત | — | "લેફ્ટ" |
| ૨. | કાલીદાસ સભાગૃહ | મુંબઈ | સભ્ય | પરત | — | "લેફ્ટ" |
| ૩. | છબીલદાસ પટેલ | ગાંધીનગર | વી.આઈ.પી. | પરત | — | — |
| ૪. | ભદ્રિક લક્ષ્મીચંદ ધરોડ | અમદાવાદ | સભ્ય | પરત | — | — |
| ૫. | મધુકાંત વિશનજી શાહ | મુંબઈ | સભ્ય | પરત | — | "લેફ્ટ" |
| ૬. | પ્રવીણ એમ. મૈશેરી | છત્તીસગઢ | સભ્ય | પરત | — | — |
| ૭. | જિતેન ઝવેરચંદ ગાલા | મુંબઈ | સભ્ય | પરત | પરત | "લેફ્ટ" |
| ૮. | કમલેશ નલીન શાહ | અમદાવાદ | સભ્ય | પરત | પરત | "લેફ્ટ" |
| ૯. | પરાગ ગટ્ટાણી | અમદાવાદ | કોમ્પ્લિમેન્ટરી | પરત | પરત | — |
| ૧૦. | અરજણ દેવજી ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ | મુંબઈ | સભ્ય | પરત | પરત | "લેફ્ટ" |
| ૧૧. | હિતેશ વીરચંદ નાગડા | અમદાવાદ | સભ્ય | પરત | પરત | "લેફ્ટ" |
| ૧૨. | ચંદ્રકાંત લીલાધર શાહ | અમદાવાદ | સભ્ય | | પરત | "લેફ્ટ" |

ઉપરોક્ત નોંધ મુજબ જેઓના મંગલ મંદિર બે મહિનાથી પરત આવે છે, તેવા નીચે મુજબનાં મહાનુભાવોને ફેબ્રુઆરી-૨૦૧૦થી અંકો મોકલવાનું બંધ કરવામાં આવે છે. અગર તેઓ પત્રવ્યવહાર કરી, અમને જણાવશે તો તેઓને અંકો મોકલવાનું ફરીથી શરૂ કરવામાં આવશે.

૧. શ્રી જિતેન જવેરચંદ ગાલા - મુંબઈ
૨. શ્રી કમલેશ નલીન શાહ - અમદાવાદ
૩. શ્રી પરાગ ગટ્ટાણી - અમદાવાદ
૪. શ્રી અરજણ દેવજી ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ - મુંબઈ
૫. શ્રી હિતેશ વીરચંદ નાગડા - અમદાવાદ

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની મિટિંગનો અહેવાલ

કચ્છના સર્વાંગપણે ઇતિહાસના આલેખન અંગેની એક મિટિંગ રવિવાર તા. ૩-૧-૨૦૧૦ ના કચ્છ યુનિવર્સિટી, ભુજ ખાતે ડૉ. કાંતિભાઇ ગોરના પ્રમુખપણા હેઠળ મળેલી. તેમાં વિવિધ લેખકો તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સભ્યો સહિત અંદાજિત ૩૦ વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી.

અત્યાર સુધી આવી ગયેલ વિવિધ લેખો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. કેટલાક વિષયોમાં લેખો લખવા અંગે પડતી મુશ્કેલીના સૂચન મુજબ નવા તજ્જ્ઞોનો ઉમેરો પણ કરવામાં આવેલ હતો.

કેટલાક વિષયે લેખો આવેલ ન હોતાં જે-તે લેખકશ્રીઓએ પોતાના લેખો પહોંચતા કરવાની નવી તારીખ ૩૧-૧-૨૦૧૦ થી ૨૮-૨-૨૦૧૦ની જણાવેલ હતી.

આ મિટિંગ દરમ્યાન કેટલાક નવા વિષયે લેખો લખવા સૂચન કરવામાં આવેલા હતા કે જેને માન્ય રાખવામાં આવેલ હતા.

ખૂબજ સારા વાતાવરણમાં નિખાલસતાપૂર્વક ચર્ચાઓ કરવામાં આવેલ હતી. આ મિટિંગ લગભગ ૩ કલાક સુધી ચાલી હતી.

ત્યારબાદ સહુ વિખરાયા હતા.

*સેક્રેટરી, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ*

## નવનીત ક્રિકેટ કપ ગામ ગ્રૂપની વિજેતા ભુજપુર સ્પોર્ટસ કલબ

શ્રી ક.વી.ઓ. સેવા સમાજનાં નેજા હેઠળ છેલ્લા ૨૫ વર્ષથી નવનીત કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. કચ્છનાં ઇતિહાસમાં ભુજપુરનું આગવું સ્થાન છે. કચ્છનાં અન્ય ગામોને પ્રેરકબળ પૂરું પાડતું ભુજપુર શરૂઆતથી જ નવનીત કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લે છે. જનરલ અને ગામ ગ્રૂપમાં હંમેશાં ઝંપલાવે છે. અત્યાર સુધી જનરલ ગ્રૂપમાં સેમી ફાઇનલ સુધી પહોંચી શકેલ છે. પણ ગામ ગ્રૂપમાં ૪ વખત ચેમ્પિયન, બે વખત રનર-અપ તથા સેમિ ફાઇનલ સુધી ઘણી વખત પહોંચનાર ભુજપુરનાં રમતવીરોમાં હંમેશાં જોમ અને જુસ્સો જોવામાં આવે છે.

આ વર્ષે ૩૧ ટીમોએ ગામ ગ્રૂપમાં ભાગ લીધેલ.

પ્રથમ રાઉન્ડમાં નાની ખાખર ક્રિકેટ ટીમ સામે ભુજપુરને બાય મળેલ.

બીજા રાઉન્ડમાં આધોઇની ટીમ સામે એક વિકેટથી વિજયી થનાર ભુજપુર ટીમનાં વીરેન કીર્તિ દેઢિયાના શાનદાર ૫૬ રનનાં કારણે મેન ઓફ ધ મેચ થયેલ.

ત્રીજા રાઉન્ડમાં ભૂતપૂર્વ વિજેતા ગુંદાલા ટીમને ફક્ત ૮ રનથી પરાજિત કરી સેમિ ફાઇનલમાં ભુજપુર ટીમે પ્રવેશ કરેલ. મેન ઓફ ધ મેચ ગુંદાલાનાં ખેલાડીને આપવામાં આવેલ.

ચોથા (સેમિ ફાઇનલ) રાઉન્ડમાં નાંગલપુર (ગત વર્ષના વિજેતા) ક્રિકેટ ટીમને ૨૬ રનથી હાર આપી ભુજુપર ક્રિકેટ ટીમે ફાઇનલમાં પ્રવેશ કરેલ.

ગુરુવાર તા. ૭-૧-૨૦૧૦નાં MIG Ground (બાંદ્રા)માં ફાઇનલ મેચમાં નાની તુંબડી ક્રિકેટ ટીમને ૬૦ રનથી પરાજિત કરી સિલ્વર જ્યુબિલી નવનીત ક્રિકેટ ગામ ગ્રૂપ કપ ભુજપુરની ટીમે અંકે કરી, ફરી પોતાના બેટ અને કાંડાની કરામતનો પરચો બતાવી આપેલ છે.

*કીર્તિકુમાર કે. દેઢિયા*

## નવનીત કપ ક્રિકેટ ટુર્નામેન્ટ - રજત જયંતી વર્ષ

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ (મુંબઇ)ના નેજા હેઠળ તથા નવનીત પ્રકાશનનાં સૌજન્યથી છેલ્લા ૨૫ વર્ષથી કચ્છી ક્રિકેટ ટુર્નામેન્ટનું ખૂબજ સચોટ અને વ્યવસ્થિત રીતે આયોજન થાય છે. જેમાં જનરલ ગ્રૂપની લગભગ ૪૦ ટીમો ભાગ લે છે. જ્યારે ગામ ગ્રૂપમાં ૩૦ થી ૩૨ ટીમો ભાગ લે છે. આમ બે ગ્રૂપ જનરલ અને ગ્રામ ગ્રૂપની ટીમો વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષ રજત જયંતી વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. આ સમાચાર મોકલતાની સાથે ગામ ગ્રૂપની ૩૧ ટીમોની ટુર્નામેન્ટનું પરિણામ આવી ગયેલ છે. જેમાં ફાઇનલની રસાકસી ભરી મેચમાં નાની તુંબડીની ટીમની સામે ભુજપુરની ટીમે ૬૦ રનથી જવલંત વિજય હાંસીલ કરેલ છે.

સમાજના વધુમાં વધુ ખેલાડીઓ રમત ક્ષેત્રે આગળ વધે અને સમાજનું નામ રોશન કરે એવા ઉદ્દેશથી દર વર્ષે સેવા સમાજ જુદી જુદી- ઈન્ડોર તથા આઉટ ડોર રમતોની ટુર્નામેન્ટનું આયોજન છેલ્લા ૩૭ વર્ષથી કરે છે. ગાલા સ્પ્રિંગ વોલીબોલ ટુર્નામેન્ટ પણ ત્રણ ગ્રૂપમાં વિભાજિત કરવામાં આવેલ છે. આ વર્ષે ગામ ગ્રૂપમાં બિદડા તથા જનરલ ગ્રૂપમાં રોઝ વોલીબોલ ટીમ વિજેતા થયેલ છે. અન્ય રમતોમાં ચેસ, કેરમ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, સ્વીમિંગ તથા એથ્લેટિક્સનું આયોજન બહુ જ રસાકસી ભર્યા તબક્કામાંથી પસાર થાય છે. આ ટુર્નામેન્ટોના ફળશ્રુતિ રૂપે આપણાં સમાજનાં ખેલાડીઓ રાજ્ય તથા આંતરરાજ્ય કક્ષા સુધી આગળ વધી સમાજનું નામ રોશન પણ કરે છે. ટૂંકમાં જુદી જુદી ટુર્નામેન્ટોનાં સૌજન્યદાતાઓ વતી નીચેનાં કપો દર વર્ષે વિજેતાઓને એનાયત કરવામાં આવે છે.

૧. નવનીત ક્રિકેટ કપ

૨. ગાલા સ્પ્રિંગ વોલીબોલ કપ
૩. લાલજીભાઇ શિલ્ડ
૪. મટુબાઇ શિલ્ડ
૫. શાંતિ કપ
૬. ગાલા ઇન્ટરનેશનલ કપ
૭. ડુંગરશીભાઇ કપ
૮. પ્રેમજીભાઇ કપ
૯. શાંતિલાલ નાથાલાલ શેઠિયા કપ

*કીર્તિ કે. દેઢિયા*

## પશુરક્ષા ક્ષેત્રે દીવાદાંડી સમાન "એંકરવાલા અહિંસા ધામ"

જીવદયાની સમગ્ર સંસ્થાઓ, પાંજરાપોળો અને ગૌશાળાઓમાં કચ્છ જિલ્લામાં મુંદ્રા તાલુકામાં પ્રાગપર રોડ જંકશન સ્થિત આવેલ ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર સંચાલિત શેઠશ્રી લાલજી વેલજી શાહ "એંકરવાલા અહિંસા ધામ" નામની સંસ્થાએ એક અનોખું ઉદાહરણ સર્જ્યું છે. જેના પ્રેરક જાદવજી રવજી ગંગર છે. આ અહિંસા ધામે અનોખી સુવ્યવસ્થા અને પૂર્ણ સ્વરૂપે વિકાસ સાધીને આજે સમગ્ર જગતને પ્રેરણા આપી રહ્યું છે. આ ધામની એક માત્ર મુલાકાત જીવદયાની અનુભૂતિથી ભાવવિભોર બનાવી આપે છે.

૧૭ વર્ષની વિકાસયાત્રામાં આ સંસ્થાએ જીવદયા પ્રેમીઓના સહયોગ દ્વારા ખૂબ ઝડપથી પ્રગતિના સોપાનો સર કરી લીધા છે. સને ૧૯૯૦માં ભૂમિ પૂજન વખતે પાંચ એકર જમીનથી મંગલ પ્રારંભ કરીને આજે ૬૦૦ એકર જમીનમાં આ સંસ્થા પથરાયેલી છે.

અહીં પશુ ચિકિત્સા માટે એક વિશાળ અને આધુનિક ઇન્ટેન્સિવ કેર યુનિટ (ICU)નું નિર્માણ કરવામાં આવ્યું છે. તે સિવાય ભોજનકક્ષ, ડોરમેટરી હોલ, અવાડા, સ્ટાફ ક્વાર્ટસ, નવનીત ઑડિટૉરિયમ, કાર્યાલય, બાલવાટિકા, ઔષધાલય વગેરેનું પણ નિર્માણ થયું છે. જેનો ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ તા. ૯-૦૧-૨૦૧૦ અને ૧૦-૦૧-૨૦૧૦ ના રોજ રાખવામાં આવ્યો હતો. તે સાથે સંપૂર્ણ સગવડવાળી એમ્બ્યુલન્સ વાનનું ઉદ્‌ઘાટન પણ થયું હતું. આ પ્રસંગે ગુજરાતની તમામ પાંજરાપોળ અને જીવદયા પ્રેમીઓનું એક વિશાળ સંમેલનનું આયોજન થયું હતું. સંસ્થાના વિવિધ વિભાગોની ઉદ્‌ઘાટન વિધિ મહાનુભાવો અને દાતા પરિવારોના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. અબોલ જીવોના ઉત્સવના આ આનંદમય અવસરે દેશવિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રેષ્ઠી પરિવારો અને જીવદયા પ્રેમીઓ અહીં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સર્વશ્રી મીઠુભાઇ માવજી ગડા, મનસુખભાઇ સુવાગીયા (ગીર ગાયના પ્રણેતા), દોલતભાઇ જૈન (એનિમલ વેલફેર બોર્ડ), ગિરીશભાઇ શાહ (સમસ્ત મહાજન), રમેશભાઇ જૈન, વસનજીભાઇ સોની, દેવકીનંદન જિંદાલ (કેશવસૃષ્ટિ ગૌશાળા), ડૉ. કે.એસ. પટેલ (ગૌસેવા આયોગ), ડૉ. સુભાષ વણકર (પશુપાલન નિયામક), સ્વામિનારાયણ વલ્લભદાસજી, પ્રેમપ્રકાશજી આદિ સંતો, પદ્મશ્રી આણંદજીભાઇ (મ્યુઝિક ડાયરેક્ટર), ડુંગરશીભાઇ ગાલા (નવનીત), જિતેન્દ્રસિંગ (ઠાકુર કૉલેજ, કાંદિવલી), નાગજીભાઇ (ઇન્વેન્ચર ગ્રૂપ), નેમજીભાઇ ગંગર (દહીંસર), નયનભાઇ ભેદા (નેપ્ચ્યુન ગ્રૂપ), શામજીભાઇ વોરા (અમરસન્સ), જાદવજીભાઇ એંકરવાલા, વિજયભાઇ છેડા (યુ.એસ.એ), નેમચંદભાઇ ગાલા વગેરે અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના ઉત્થાન અને વિકાસમાં મહત્ત્વ ધરાવતી ગાય માતાની સારી માવજત કરવાના શુભ આશયથી આ સંકુલમાં વિવિધ વિભાગોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મોટાભાગના વક્તાશ્રીઓએ સર્વપ્રકારની સમૃદ્ધિનું સ્રોત ગણાતી કચ્છભૂમિ અને ગાયને પરમ ધન ગણાવીને પૌરાણિક મહત્તાના દાખલાઓ ટાંકીને માનવીઓએ ગૌવંશના વૃદ્ધીકરણ માટે ગાયને પાળવી જોઇએ, તે તરફ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. અગર ગાયની કતલ કરવામાં આવશે તો ગૌવંશનો નાશ થશે અને તેનાં પરિણામે સમગ્ર માનવજાત અને દેશનો વિનાશ થશે તેવું જણાવીને તે પ્રત્યે જાગૃત રહેવા અનુરોધ પણ કરવામાં આવ્યો હતો. સંસ્થા માત્ર અબોલ પશુઓનું આશ્રય સ્થાન નહીં પરંતુ પશુઓના છાણનો સદ્‌ઉપયોગ કરીને ગોબર ગેસ પ્લાન્ટ દ્વારા જરૂરિયાતમંદ લોકોને રોજગારી આપે છે. પીવાના પાણી અર્થે નંદી-સરોવર, વિનેશાલય મ્યુઝિયમ, ચબૂતરા, અતિ આધુનિક હૉસ્પિટલ, પ્રવચન અને મિટિંગ માટે નવનીત ઑડિટૉરિયમ જેવી સગવડોથી અહિંસાધામનો સર્વાંગી વિકાસ થયો છે. ગુરુ ભગવંતોના દર્શન માટે સાધના ધામ પણ ઊભું કરવામાં આવ્યું છે.

પશુ ચિકિત્સા હોસ્પિટલમાં કેન્સર, પેરાલીસીસ, પથરી જેવા ગંભીર રોગોના દર માસે ૧૦૦ જેટલા ઑપરેશન થાય છે. બીજી તરફ, વિનેશાલય મ્યુઝિયમમાં પશુઓ પર કેવી ક્રૂરતા કતલખાનામાં થાય છે, તે હિંસાનું વર્ણન નિહાળતાં કોઇપણનું હૃદય દ્રવી ઊઠે છે. આ દૃશ્ય જોનાર વ્યક્તિ અહિંસાના મહિમાથી પ્રભાવિત બની જાય છે. **૯.૨ ફૂટ લાંબું શીંગડું અને ૭૬૫ કિલો વજન ધરાવનાર 'ગોપાલ' નામના બળદે વિશ્વની અજાયબી નોંધનાર લીમકા બુક અને ગિનીઝ બુક્સ ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન મેળવીને આ સંસ્થાને સમગ્ર દુનિયામાં ગૌરવવંતી બનાવી છે.** આ બળદનું સને ૨૦૦૩માં કરુણ મૃત્યુ થયું હતું. જેની સમાધિ રૂપે 'ગોપાલ મંદિર' ભવ્ય છે.

૬૦૦ એકર જમીનમાં ઘાસચારાનું આયોજન, પર્યાવરણના જતન માટે ૧૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરીને આ સંસ્થા મંગલમય

ઉપવન સમાન છે. "ગૌ સંવર્ધન વિશ્વની સમગ્ર જીવ સૃષ્ટિથી જીવાદોરી" ગ્રંથનું શ્રીમતી મેનકા ગાંધીના હસ્તે વિમોચન કરાવીને આ સંસ્થાએ એક યાદગાર ઇતિહાસ સર્જયો હતો.

આ સંસ્થાની સિદ્ધિઓ તરફ એક નજર કરતાં, **ગુજરાત સરકાર દ્વારા જીવદયાની સંસ્થાઓને અપાતા પારિતોષિકોમાં સને ૨૦૦૨માં શ્રેષ્ઠતાનો પ્રથમ પુરસ્કાર, રાજ્યમંત્રી દ્વારા જીવદયાના કાર્ય માટે પ્રમાણપત્ર, એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયા તરફથી ૨૦૦૬ માં ગુજરાતની મુલાકાતી એજન્સી તરીકે નિમણૂક, ઓલ ઇન્ડિયા હ્યુમન રાઇટસ એસોસિએશન તરફથી સને ૨૦૦૭માં કાર્યશૈલી અને કાર્યનિપુણતા માટે એવૉર્ડ, ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રીના હસ્તે મહાવીર જીવદયા એવૉર્ડ સને ૨૦૦૮માં – વગેરે પ્રાપ્ત કરનાર આ એકમાત્ર સંસ્થા છે.**

આ રીતે છેલ્લાં દોઢ દાયકાથી ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર અબોલ જીવોની સેવા કરી રહ્યું છે. અત્યારે આ સંસ્થામાં લગભગ ૨૭૦૦ પશુપક્ષીઓ આશ્રય લઇ રહ્યા છે. ચારે તરફ વાહનોની અતિ અવરજવરમાં દરરોજ ૪ થી ૫ અકસ્માતના અબોલ જીવોને સમયસર સારવાર આપીને અહીં નવજીવન આપવામાં આવે છે. અંદાજે પ્રતિ માસ ૩૦૦ પશુપક્ષીઓને અહીંની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવે છે.

બે દિવસના કાર્યક્રમમાં તમામ દાતાશ્રીઓ, મુખ્ય કાર્યકર્તાઓ, ટ્રસ્ટી મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ સંગોઇ, સાધુ-સંતો અને સોનગઢ આશ્રમના વિદ્યાર્થીઓની એક ટીમને યોગ્ય રીતે સન્માનિત કરાયા હતા. રાત્રિ દરમિયાન કચ્છની અસ્મિતાની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો તરફથી લગભગ રૂા. ૭ કરોડ જેટલા વિવિધ ક્ષેત્રના દાનોની જાહેરાતો કરવામાં આવેલ હતી.

**આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના પ્રતિનિધિશ્રીઓ શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી દિનેશ રતિલાલ મહેતા ઉપસ્થિત રહેલ હતા.**

એક વસ્તુ ચોક્કસ છે કે, આવી સંસ્થાઓની મુલાકાતથી પરિવારના દરેક સભ્યો, ખાસ કરીને નાના બાળકોમાં જીવદયા અને જૈન ધર્મના સંસ્કારોનું અચૂકપણે સિંચન થાય છે. ઉપરોક્ત વિવિધ વિભાગોની સુવિધા અનોખી અને અજોડ હોતાં સહુ કોઇને આકર્ષી રહી છે. માનવીની માનવી તરીકેની માનવતાને જાગૃત કરતી આ સંસ્થાની મુલાકાત સૌ કોઇએ અવશ્ય લેવી ઘટે.

આ 'એંકરવાલા અહિંસા ધામ' મુન્દ્રાથી ૧૩, માંડવીથી ૫૦, ગાંધીધામથી ૬૫ અને ભુજથી ૪૪ કિ.મી.ના અંતરે છે.

*- દિનેશ આર. મહેતા*

## મધ્યપ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ-સ્નેહ સંમેલન

તા. ૨૬-૨૭ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજે શ્રી મધ્યપ્રદેશ કચ્છી વીસા ઓસવાલ વિદિશા દ્વાર આયોજિત ૧૪મા અધિવેશનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાના શ્રી હીરજી પાસુભાઇ શાહ, શ્રી રમણિકભાઇ ગોસર, શ્રીમતી મધુરીબહેન ગોસર તેમના આમંત્રણને માન આપી હાજર રહેલ હતા.

અધિવેશનનું પ્રમુખ સ્થાન જાણીતા ફિલ્મી સંગીતકાર શ્રી આણંદજી વીરજી શાહે શોભાવ્યું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે મધ્યપ્રદેશના નાણાપ્રધાન શ્રી રાઘવજીભાઇ સાવલા, વિદિશાના મેયર શ્રીમતી જ્યોતિ શાહ, દાનવીર શ્રી ચંદ્રકાંત ગોગરી, શ્રી ભૂપેન છેડા, શ્રી લક્ષ જૈન, શ્રી રમણિકભાઇ છગનભાઇએ હાજરી આપી પ્રસંગને શોભાયમાન બનાવેલ.

આ પ્રસંગે શ્રી મધ્યપ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ તરફથી વિદિશાના મેયર શ્રીમતી જ્યોતિબહેન શાહને 'મહિલા રત્ન' એવૉર્ડથી સન્માન કરેલ. તેમજ સમાજના અગ્રગણ્ય દાનવીર રોમન વિઝનના શ્રી ભૂપેન છેડા તરફથી વિદિશા મધ્યે ભવનનો હોલ બનાવવા તથા બીજા હોલ માટે એ.સી. બેસાડવા માટે રૂા. ૧૫ /-લાખનું અનુદાન જાહેર કરેલ. તદ્ઉપરાંત આ પ્રસંગે વિદિશા સમાજને શૈક્ષણિક સહાય માટે રૂા. એક લાખનું અનુદાન ત્યાં ઉપસ્થિત રહેલ મહાનુભવોએ જાહેર કરેલ.

શ્રી આણંદજીભાઇ વીરજી શાહે તે પ્રસંગે "કચ્છ-નાદ" સ્મરણિકા-૨૦૦૯નું વિમોચન કરેલ.

શુભ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અગ્રણી વડીલ શ્રી હીરજી પાસુભાઇ શાહે સમાજ દ્વારા ચલાવાતી વિવિધ પ્રવૃત્તિઓનો ચિત્તાર આપેલ.

*રમણિકલાલ કે. ગોસર*

## દ.ગુ.ક.વી.ઓ. જૈન સમાજનો ૧૧મો સ્નેહ મિલન કાર્યક્રમ

શ્રી દક્ષિણ ગુજરાત ક.વી.ઓ. જૈન સમાજ આયોજિત ૧૧મું સ્નેહ મિલન હાલારી સમાજ વાડી - વાપી સ્થિત શ્રી કચ્છી જૈન સમાજ - ભુજ (કચ્છ)ના પ્રમુખ લોકલાડીલા શ્રી તારાચંદભાઈ છેડાના સમારંભ પ્રમુખપદે અને શ્રી કચ્છી મહિલા ફેડરેશન - મુંબઈના ચેરમેન આદરણીય શ્રીમતી તરલાબહેન છેડા (પ્રિન્સ પ્લાસ્ટિક)ના અતિથિ વિશેષપદે રવિવાર તા. ૩-૧-૨૦૧૦ના યોજવામાં આવેલ.

આમંત્રિતો અને મહેમાનોનું ઢોલ-શરણાઈથી સ્વાગત કરવામાં આવ્યું હતું. દહાણુથી અંકલેશ્વર સુધીનું કાર્યક્ષેત્ર અને ૪૦૦ પરિવારોને સાંકળતા શ્રી કચ્છી જૈન સમાજના આ સ્નેહ મિલનની શરૂઆત સ્વાગત ગીતથી અને નવકાર મહામંત્રથી કરવામાં આવી હતી. ત્યારબાદ દરેક



*દીપ પ્રાગટ્ય : તરલાબહેન, તારાચંદભાઈ, મનસુખભાઈ અને શ્રી હીરજીભાઈ*



*નવકાર મંત્ર*

એકમના માનદ્ સભાસદ જેઓ આજે આ સમાજની વચ્ચે નથી રહ્યા તેઓને શ્રદ્ધાંજલિ આપી, બે મિનિટનું મૌન પાળવામાં આવેલ.

ત્યારબાદ સમારંભ પ્રમુખ અને અતિથિ વિશેષને સમાજના પદાધિકારીઓ સ્ટેજ ઉપર સહમાન દોરી ગયા હતા. સૌપ્રથમ સમારંભ પ્રમુખ, અતિથિ વિશેષ અને સમાજના પદાધિકારીઓના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવતા સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લઈ પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

આ મહા મેળાવડામાં પધારેલ સૌનું, પ્રમુખ શ્રી મનસુખભાઈ છેડા (સુરત)એ ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સમાજના મહામંત્રી શ્રી અમૃતલાલ ગાલા (વાપી)એ સંસ્થાની વર્ષ દરમ્યાન થયેલી કાર્યવાહીનો અહેવાલ વિસ્તૃત રીતે આપ્યો હતો.

ત્યારબાદ લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતીઓનું તેમજ ૭૦ વર્ષની વયે પહોંચેલા વડીલોનું વડીલ વંદના દ્વારા, વર્ષ દરમ્યાન ધોરણ ૧૦-૧૨માં સર્વોચ્ચ ગુણાંક મેળવનારાઓને ચાંદીના મેડલ આપીને અને ૬૫%થી વધુ ગુણાંક મેળવનાર ઉપરાંત કૉલેજની ડિગ્રી, ડિપ્લોમા મેળવનાર કે અન્ય સ્નાતક થયેલાઓનું અને રાજ્ય સ્તરે વિવિધ સિદ્ધિ મેળવનારાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

બંને પક્ષે દક્ષિણ ગુજરાતમાં વ્યવસાય અને વસવાટ કરતા લગ્નજીવનથી જોડાયેલા દંપતીઓનું સન્માન કરી કન્યાદાન આપવામાં આવ્યું હતું. ૨૦ વર્ષથી ઉપરના અપરિણીત યુવક-યુવતીઓની, સપરિવાર સ્ટેજ ઉપરથી ઓળખવિધિ કરાવવામાં આવેલ.

બપોરના ભોજન બાદ બીજા સત્રમાં નાના બાળકોનો ફેન્સી ડ્રેસ અને ફેશન શો રાખી વિજેતાઓને 'ફેરી ઑફ દક્ષિણ ગુજરાત' તેમજ 'એન્જલ ઓફ દ. ગુજરાત'નું બિરુદ આપવામાં આવેલ. ૧૬ વર્ષથી ઉપરના અપરિણીત વિજેતા બાલિકાઓને 'પ્રિન્સેસ ઑફ દ. ગુજરાત' અને બાળકોને 'પ્રિન્સ ઑફ દ. ગુજરાત', ૩૫ વર્ષ સુધીના પરિણીત વિજેતાઓને 'કિંગ ઑફ દ. ગુજરાત' અને 'ક્વીન ઑફ દ. ગુજરાત' તેમજ ૫૦ વર્ષની ઉપરના પુરુષો - મહિલાઓને 'મહારાજા ઑફ દ.ગુજરાત' અને 'મહારાણી ઑફ દ.ગુજરાત'નું બિરુદ આપી તાજ પહેરાવી બહુમાન કરવામાં આવ્યું હતું. આ બ્યૂટી કમ પર્સનાલિટી કોમ્પિટીશનમાં ૮૦ની સંખ્યામાં નાના-મોટા ભાઈ-બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓના નિર્ણાયકો તરીકે મુંબઈથી (ગામ ભુજપુર) પારૂલબહેન ભેદા તથા ડૉ. દીપ્તિ ગાલા (દેશલપુર) પધાર્યા હતા. પ્રોગ્રામ દરમ્યાન એન્કરિંગ શ્રી વિજ્ઞેશ ભેદા - મુંબઈ તથા કુસુમ ગડા - વાપીએ કર્યું હતું. સવારના સત્રનું સંચાલન શ્રી જયેશ વીસરિયા (સુરત)એ કર્યું હતું. સમારંભ પ્રમુખ શ્રી તારાચંદ છેડા તથા અતિથિ વિશેષ શ્રીમતી તરલાબહેન છેડાનું શાલ - બુકેથી બહુમાન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાઓ પૂર્ણ થતાં લકી ડ્રો રાખવામાં આવેલ. આભારવિધિ માનદ્ મંત્રી શ્રી પ્રફુલ હરિયા (નાંગલપુર)એ કરી હતી.

શ્રી તારાચંદભાઈ છેડાએ રૂા. ૫૧,૦૦૦/- અને શ્રીમતી તરલાબહેન છેડાએ આ પ્રસંગે શૈક્ષણિક ફંડમાં રૂા. ૨૧,૦૦૦/-ના દાનની જાહેરાત કરી હતી જેને તાળીઓથી વધાવી લેવામાં આવી હતી.

આખા દિવસના આનંદસભર સ્નેહ મિલનમાં ભાગ લઈ આનંદિત વાતાવરણમાં સૌ છૂટા પડ્યા હતા.

***અમૃતલાલ ધારશી ગાલા***

## માનવ જ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

શ્રી મીઠુભાઈ માવજીભાઈ ગડાના પ્રમુખપણા હેઠળ મુલુંડ (પશ્ચિમ) મધ્યેની માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ નામની સંસ્થા લાંબા સમયથી લોકોપયોગી સામાજિક વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી હોતાં માનવ સેવાના ક્ષેત્રે તેનું નામ અગ્ર સ્થાને રહ્યું છે.

માનવજ્યોત ટ્રસ્ટે સમાજ ઉપયોગી સાહિત્ય પ્રકાશિત કરીને પોતાનું સેવાક્ષેત્ર દીપાવ્યું છે. આજ પર્યંત આ સંસ્થાએ ૧૫૦૦૦થી વધુ જરૂરતમંદ વ્યક્તિઓને હાર્ટ, કિડની અને કેન્સર જેવા ગંભીર દર્દોનાં ઑપરેશન, મોંઘી સારવાર વગેરેમાં જરૂરી માર્ગદર્શન તેમજ નાની-મોટી આર્થિક સહાયની સગવડ ઊભી કરવામાં આ સેવાભાવી

સંસ્થા હંમેશાં મદદ કરતી રહે છે.


મુંબઇ વિસ્તારમાં મેડિકલ સેવાઓ સંબંધી સને ૨૦૧૦ના નવા વર્ષે એક મહત્ત્વનું લોકોપયોગી પ્રકાશન આ ટ્રસ્ટે બહાર પાડ્યું છે. આ પુસ્તકનું વિમોચન પ્રખર તત્ત્વચિંતક શ્રી હરિભાઇ કોઠારીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આજે કપરી મોંઘવારીના આ સમયમાં મેડિકલ ક્ષેત્રની અનેક સારવાર, ટેસ્ટ, પ્રોસેસ, સર્જરી વગેરે ખૂબ મોંઘા થયા છે. યોગ્ય માર્ગદર્શન અથવા તો તેની માહિતીના અભાવે લોકોને મેડિકલ સારવાર માટે સમય અને પૈસાનો વ્યય કરવો પડે છે. આવા સંજોગોમાં મધ્યમ તેમજ નીચલા વર્ગના લોકોને મેડિકલ સારવાર માટે ક્યાં જવું, સરનામું, ફોન નંબર અને એ સંસ્થાના નેજા હેઠળ ઉપલબ્ધ એ બધી સેવાઓની માહિતી આ પુસ્તકમાં આપવામાં આવી છે.

૩૪૫ પાનાનું આ પુસ્તક રૂા. ૫૦/- ના દાન પેટેની રકમથી માનવજ્યોત ટ્રસ્ટ, નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ. આર. પી. રોડ, સિન્ડીકેટ બેંકની પાછળ, મુલુંડ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦ ૦૮૦ (ફોન નં. ૨૫૬૭૩૫૮૭, ૨૫૯૧૯૭૫૫) પર ઉપલબ્ધ છે.

*- દિનેશ આર. મહેતા*

## સ્વ. રવિલાલભાઇ લવજીભાઇ પારેખ
## શ્રદ્ધાંજલિ



બેંગ્લોર જૈન સમાજના અગ્રીમ આગેવાન અને અંજાર (કચ્છ), અમદાવાદ, મહારાષ્ટ્ર, યુ.પી. વગેરે સ્થળોની સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક તેમજ તબીબી સંસ્થાઓ સાથે વર્ષોથી સંકળાયેલા અંજાર (કચ્છ)ના શ્રી રવિલાલભાઇ પારેખનું મંગળવાર, તા. ૫-૧-૨૦૧૦ ના રોજ બેંગ્લોર મુકામે નિધન થયું છે. આ દુઃખદ સમાચારથી દરેક સ્થળના જૈન સમાજમાં શોકની લાગણી ફરી વળી છે.

બેંગ્લોર મધ્યે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંદિર, શ્રી નાહર જૈન ભવન, દક્ષિણ ભારત કચ્છી ગુર્જર જૈન સમાજ, શ્રી વીસા ઓસવાળ કચ્છી ગુજરાતી જૈન સંઘ, જૈન શ્વેતાંબર મૂ.પૂ. સંઘ, જૈન દાદાવાડી જેવી અન્ય સંસ્થાઓના તેઓશ્રી આધારસ્તંભ જેવા હતા. તન, મન અને ધનથી આવી અનેક સંસ્થાઓમાં સેવાકાર્ય કરવાની સાથે તેવી સંસ્થાઓને વિકાસ અને પ્રગતિના પંથે આગળ લઇ જવામાં તેમનો અગ્રીમ હિસ્સો હતો. કોઇપણ પરિસ્થિતિમાં સમતાભાવ રાખીને કપરા સંજોગોમાં રસ્તો કાઢવાની સૂઝ તેઓશ્રી ધરાવતા હતા. આમ દરેક કામગીરી તેઓ અડગ આત્મવિશ્વાસપૂર્વક કરતા હતા. આ બધા કારણસર તેઓશ્રી સમાજમાં માનપાત્ર વ્યક્તિ બન્યા હતા. તેઓશ્રીની લાંબા સમયની સામાજિક, ધાર્મિક ક્ષેત્રની પ્રવૃત્તિ માટે શ્રી બૃહદ માટુંગા પાખાડી જૈન સમાજ, મુંબઇ દ્વારા સમાજરત્ન ઍવૉર્ડથી ૧૯૯૯માં સન્માનિત કરવામાં આવ્યા હતા.

જીવનમાં પ્રબળ પુરુષાર્થ, મનમાં માનવતા, દિલમાં દિલાવરી, ધર્મમાં આસ્થા અને પરોપકારમાં પ્રભુતાવાળા રવિલાલભાઇ હતા. એજ રીતે પોતાના પરિવારમાં પણ સૌને એક તાંતણે બાંધીને સાંસારિક ક્ષેત્રે અગ્રેસર રહ્યા હતા. તેઓ પોતાના જીવન અને કાર્યમાં સદાય કર્તવ્ય પરાયણ રહીને ઉચ્ચ આદર્શોને સમર્પિત રહ્યા. તેમણે પ્રેમ, લાગણી અને પ્રામાણિક્તાનો સુભગ ત્રિવેણી સંગમ પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યો.

તેમના જીવનની મધુર સુવાસ, પ્રેમાળ હૃદય અને પરોપકારી સ્વભાવ હંમેશાં દરેકના દિલમાં રહેશે. મૃત્યુ એ સમયનું સમાધાન નથી પરંતુ જીવનનું સાર્થક નિર્માણ છે. એ મોક્ષધામ આત્માને પરમ શાંતિ મળે એવી મંગલ મંદિર પરિવાર વતી પ્રાર્થના.

*- દિનેશ આર. મહેતા*


**ખુશ ખબર.... ખુશ ખબર....**

**દર મહિનાના બીજા રવિવારે**

**અમદાવાદથી મુંબઈમાં મળશે**

**"કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"**માં સેવા આપતા

**ડો. અમિત ભટ્ટ (M.D., FRHS Ayu.)**

હવેથી મુંબઈમાં નીચેના રોગો માટે મળશે.

- **સાંધાનો વા, ઢીંચણના દુઃખાવા (ઓસ્ટીઓઆર્થરાઈટીસ)**
- **ગરદન, કમરના મણકાના દુઃખાવા, ગાદીનું દબાણ, મણકાનો ઘસારો (સ્પોન્ડિયોલીસીસ)**
- **સાઈટીકા (રાંઝણ), લોહીનો વા (રુમેટોઈડ આર્થરાઈટીસ, એડીનો દુઃખાવો, પાર્કિન્સન્સ (કંપવા) તથા સર્વ રોગોનું નિદાન કરી આયુર્વેદ પદ્ધતિથી સારવાર કરશે.**

**સ્થળ**

**ભગવાન મહાવીર પોલીક્લિનિક**

**૧/૮, મોતીલાલ નગર નં.-૩, ઓફ એમ. જી. રોડ, મંથન હોટલ પાછળ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૦.**

**• એપોઈન્ટમેન્ટ અને પૂછપરછ માટે •**

**ફોન : ૦૨૨-૨૮૭૯૪૧૫૧, ૨૮૭૫૪૧૫૧ મો. ૦૯૮૨૫૦ ૮૭૨૮૯**

## શબ્દ રમત-૪૫

*સંકલન : સૂરજલાલ મહેતા*

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | ૪ | | | ૫ | ૬ | ૭ | | ૮ | | ૯ |
| | | ૧૦ | | | | | ૧૧ | | | | | | | |
| ૧૨ | | | | | | ૧૩ | | | | | | ૧૪ | | |
| | | ૧૫ | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | | ૧૯ | | | |
| | ૨૦ | | | ૨૧ | | | | ૨૨ | | ૨૩ | | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | | ૨૭ | | | ૨૮ | ૨૯ | | ૩૦ | | | | ૩૧ | |
| | | ૩૨ | | | ૩૩ | | | ૩૪ | | ૩૫ | ૩૬ | | | |
| ૩૭ | | | | | | ૩૮ | | | | ૩૯ | | | ૪૦ | ૪૧ |
| | | ૪૨ | | ૪૩ | ૪૪ | | | | ૪૫ | | | | | |
| | ૪૬ | | | ૪૭ | | | | ૪૮ | | ૪૯ | | ૫૦ | ૫૧ | |
| ૫૧A | | | | | ૫૨ | | ૫૩ | | | | | ૫૪ | | |
| | ૫૫ | | ૫૬ | ૫૭ | | | ૫૮ | | | ૫૯ | | ૬૦ | | |
| ૬૧ | | | ૬૨ | | | ૬૩ | | | | ૬૪ | | | | |
| ૬૫ | ૬૬ | | | | ૬૭ | | | ૬૮ | ૬૯ | | | ૭૦ | | ૭૧ |
| ૭૨ | | | ૭૩ | | | | | | ૭૪ | | | ૭૫ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૨-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. ફરક, તફાવત (૨)
૨. એક જાતનો પથ્થર, તણખો (૪)
૫. જડ, મૂર્ખ (૩)
૮. ઉત્સવ કે આનંદનો દિવસ (૩)
૧૦. શરમાય એવું, શરમવાળું (૪)
૧૧. ઉશ્કેરાટ, જુસ્સો, ઉત્કટતા (૬)
૧૨. વિક્રમ સંવતનો પાંચમો મહિનો (૩)
૧૩. રવિ, ભાસ્કર, ભાનુ (૩)
૧૪. ખરાબ, ગંદો (૩)
૧૫. બટન ઘાલવાનું નાકું (૨)
૧૭. દેવાદાર (૫)
૧૯. હંમેશાં, કાયમ (૨)
૨૦. જ્યાં ચોરીનો માલ વેચાતો હોય તે બજાર (૫)
૨૨. રાંધેલું અન્ન, ભોજન (૩)
૨૪. મશ્કરી, વિનોદ (૩)
૨૬. ખમીર ચડવું, અથાવું (૨)
૨૭. ખેલકીડામાં પરાક્રમી - એક્કો (૫)
૩૦. મુસલમાનોનો એક તહેવાર (૨)
૩૧. હાથ, વેરો (૨)
૩૨. ચરબી (૨)
૩૩. લાભ, સમૃદ્ધિ (૪)
૩૫. પડાવ, ઉતારો (૩)
૩૭. મોંની બે બાજુનો ભાગ (૨)
૩૮. જવું, ચાલ, ગતિ (૩)
૩૯. દુખાવો મટાડવા ચોપડાતો મલમ (૨)
૪૦. વસવાટ, ગંધ (૨)
૪૩. ચંદ્રવંશી રાજા, નહુષનો પુત્ર (૩)
૪૫. સરસ્વતી, વિદ્યાની દેવી (૩)
૪૬. ડૂંટી, મધ્યભાગ (૨)
૪૭. ફરિયાદ, ઈન્સાફ (૨)
૪૯. ત્રેવડ, જરૂરી ખર્ચ જ કરવું (૫)
૫૧એ. બી કાઢેલો કપાસ (૧)
૫૨. ગાદીએ આવેલું, ગાદી પર બેઠેલું (૫)
૫૪. સુંદર સ્ત્રી, લક્ષ્મી (૨)
૫૫. હાજર નહિ તેવું (૫)
૫૮. જંગલ (૨)
૬૦. માળ, મેળો (૩)
૬૨. વિષ, ઝેર (૨)
૬૩. જુદું, દૂર (૩)
૬૪. ગાયન, ગીત (૨)
૬૫. પ્રજાના પ્રતિનિધિની સભા, સંસદ (૪)
૬૭. કામ, કારણ (૨)
૬૮. ઈસ્લામી મજહબ પ્રમાણે બંદગી (૩)
૭૦. વા, વહેતો વાયુ (૩)
૭૨. પ્રતિજ્ઞા, ટેક (૨)
૭૩. વખતસર નહિ, સગવડે (૫)
૭૪. મજલો, મેડી (૨)
૭૫. ચાકર, સેવક (૩)

### ઊભી ચાવીઓ

૧. તફાવત, સુધારો (૪)
૨. ચંચળ, અસ્થિર, ફરતું (૨)
૩. બારણું, દરવાજો (૩)
૪. મેલ, કચરો (૨)
૫. ફરિયાદ કરનાર, અરજ કરનાર (૫)
૬. --- ઉધાર, એકઠું થયેલું (૨)
૭. વાટ, રાહ (હિં) (૩)
૮. જમીનની માલિકીવાળો (૫)
૯. આંખ સામે દેખાતું, પ્રત્યક્ષ (૬)
૧૦. શરીરને શોભાવનાર વસ્ત્ર-આભૂષણ (૪)
૧૧. ખપ, જરૂર, સ્વાર્થ (૩)
૧૩. અવાજ, સ્વર (૨)
૧૬. જોરાવર, જબરું (૫)
૧૭. જાદુ, આવડત, કુનેહ (૪)
૧૮. રાંધેલું અન્ન, ભોજન (૩)
૨૦. એક ચતુર્થાંશ ભાગ (૨)
૨૧. પ્યાલો (૨)
૨૩. મુસલમાનોના તહેવારની ખુશાલી (૬)
૨૫. મૂગું (૨)
૨૬. રેલગાડી (૪)
૨૮. બહાદુરી ભરેલું મૃત્યુ (૪)
૨૯. સંખ્યા, ગણિતના આંકડા (૩)
૩૪. શરીર, કાયા, દેહ (૨)
૩૬. મજૂર, શ્રમિક (૪)
૪૧. પ્રાતઃકાળ, વહાણું (૩)
૪૨. પરસ્ત્રી - પુરુષનો આડો વ્યવહાર (૪)
૪૩. જ્યારે (૨)
૪૪. યાદ રહી જાય તેવું (૪)
૪૮. યાંત્રિક રીતે ગોળીઓ છોડતી બંદૂક (૫)
૫૦. નસીબ, વિધાતા (૩)
૫૧. જનતાની સેવા કરનાર (૬)
૫૩. નવલું, આશ્ચર્યકારક (૩)
૫૬. નખરાં, શૃંગારયુક્ત ચેષ્ટા (૪)
૫૭. --- મારવી (૨)
૫૯. ગંગા નદીનું પવિત્ર પાણી (૪)
૬૧. અદૃશ્ય, લુપ્ત (૩)
૬૩. એક ઔષધ વનસ્પતિ (૩)
૬૬. અનાજનો દાણો (૨)
૬૭. બાળકની વાણી, તોતડું (૨)
૬૯. માના ભાઈ (૨)
૭૦. કાપડની પહોળાઈ (૨)
૭૧. --- માદા, મનુષ્ય (૨)

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

૧. અમેરિકામાં હવાઈ ટાપુ આકાશ દર્શન માટે ઉત્તમ સ્થાનો પૈકીનું એક છે. ત્યાં અત્યારે મોટું ટેલિસ્કોપ બની રહ્યું છે, જેના દ્વારા ૧૩ અબજ પ્રકાશ વર્ષ દૂર સુધી જોઈ બ્રહ્માંડના જન્મ વખતની સ્થિતિનો તાગ મેળવવા પ્રયત્નો કરવામાં આવશે.

૨. પૃથ્વી પોતાની ધરી પર સતત ગોળ ગોળ ફર્યા કરે છે, કારણકે અવકાશમાં તેની ગતિને રોકે એવી કોઈ હવા કે વાતાવરણ નથી.

૩. ઈન્ડોનેશિયાનાં વનમાં ''રેફલેસિયા'' નામનું પુષ્પ થાય છે. તે વિશ્વનું સૌથી મોટું પુષ્પ ગણાય છે. તેની પહોળાઈ ૧૦૦ સે.મી. હોય છે અને પૂર્ણપણે વિક્સિત પુષ્પનું વજન ૧૦ કિ.ગ્રામ જેટલું હોય છે.

૪. ઉત્તર અમેરિકા અને યુરોપ દર વર્ષે એકબીજાથી એક ઈંચ દૂર જઈ રહ્યા છે.

૫. વિશ્વની સૌથી મોટી કુદરતી ગુફા મલેશિયાની સરાવક ચેમ્બર છે. તેની શોધ ૧૯૮૧માં થઈ હતી. તે ૭૦૧ મીટર લાંબી અને ૨૯૯ મીટર પહોળી છે. તેની ઊંચાઈ ૭૦ મીટર છે. તેને પાર કરતાં એક કલાક લાગે છે.

૬. વિશ્વની પહેલી ટપાલ ટિકિટ ૧-૫-૧૮૪૦ના રોજ બહાર પાડવામાં આવી હતી. આ ટિકિટ સર ડોનાલ્ડ હિલના પ્રયત્નોનું પરિણામ હતું. તે ટિકિટ પર ક્વીન વિક્ટોરિયાનું ચિત્ર હતું.

૭. બ્રિટિશ ભારતની પહેલી ટપાલ ટિકિટ ૧૮૫૨માં બહાર પડી હતી. જ્યારે સ્વતંત્ર ભારતની પહેલી ટપાલ ટિકિટ ૨૧-૧૧-૧૯૪૭ના રોજ બહાર પડી હતી. સ્વતંત્ર ભારતની ટિકિટો ઉપર પુરુષોમાં મહાત્મા ગાંધી અને મહિલાઓમાં મીરાંબાઈના ચિત્રો છપાયાં હતાં.

૮. દરેક ચમકતો તારો સૂરજ જેવો હોય છે. એટલે કે તારા ચમકદાર ગેસના વિશાળ ગ્લોબ હોય છે. તે એટલા ગરમ હોય છે કે જો તેમાં સ્ટીલના ટુકડા મૂકી દેવામાં આવે તો તમે આંખ મીંચો અને ઉઘાડો એટલી વારમાં તો તે ગેસમાં ફેરવાઈ જાય છે.

૯. જેલીફિશની કેટલીક પ્રજાતિ જાણે કે કોઈ ઝગમગતું વાદળ હોય એવી લાગે છે. તેથી દુશ્મનો તેનો શિકાર કરવા જાય ત્યારે તેમનું ધ્યાન ચમકતા વાદળ તરફ જતું રહે છે. આમ જેલીફિશ તેના દુશ્મનોથી બચીને સરળતાથી ત્યાંથી ભાગી જાય છે.

૧૦. અંગ્રેજીમાં ફાયર ફ્લાય તરીકે ઓળખાતા આગિયા જીવડાંનો જ એક પ્રકાર છે. આવાં ૨૦૦૦ જાતથી પણ વધુ જીવડાંને કુદરતે પ્રકાશ ફેલાવવાની શક્તિ આપી છે. આગિયાના શરીરમાં લ્યુસિફરિન નામનો પદાર્થ રહેલો છે. જેના કારણે નાનકડા બલ્બ જેવું અજવાળું ઉત્પન્ન થાય છે. આગિયાનો આ પ્રકાશ એકદમ ઠંડો હોય છે.

## શબ્દ રમત-૪૪નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | જ | ગા | મિ | ની | | સ | | લ | હે | જ | ત | | મો | ત |
| ની | ર | | થિ | | મ | હા | વ | ત | | ટા | | ધા | | ર્જ |
| મ | | ક | લા | પ | | ચ | ર | | આ | યુ | ધ | | પા | ની |
| ત | ર | સ | | દ | મ | ક | સી | | વ | | ર | સ | મ | |
| | કા | | ભો | | જ | | | મો | ર | | પ | | ર | ત |
| આ | સ | ન | | સુ | લ | તા | ન | | દા | હ | ક | | | રુ |
| દા | | જા | ગી | ર | | | સ | મ | | | ડ | ચ | | ત |
| ન | ર | ક | | ત | રા | ઈ | | ગ | ટ | ર | | રો | ચ | લ |
| પ્ર | | ત | મ | | | લા | વા | | | સા | બિ | ત | | વા |
| દા | | | લ | વિં | ગ | | મ | ગ | દ | ળ | | ર | કા | સ |
| ન | દી | | ચા | | ર | ઢ | | જ | રા | | બૂ | | દ | |
| | વા | સે | લ | | મ | | પ | રા | જ | ય | | પા | વ | ક |
| ધ | ન | | મ | ગ | ર | | હો | | | શ | ક | ટ | | લ |
| ડ | | ઢ | | ર | | શ | ર | બ | ત | | ણ | | સ | ર |
| ક | પિ | | સ | મ | જ | ણ | | લા | | પ | ક | ડ | દા | વ |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૦૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭ | | | | |
| | | ૩ | | ૨ | | ૫ | | |
| | | | | | | | | |
| | | | | ૧ | | | | |
| ૧ | ૩ | | ૪ | | ૭ | | ૨ | ૫ |
| | | | | ૯ | | | | |
| | | | | | | | | |
| | | ૫ | ૨ | ૩ | | ૭ | ૧ | ૮ |
| | | | | ૪ | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | | | | | ૯ | |
| | | | | ૬ | | | | |
| | | | | ૧ | | | | |
| ૮ | ૯ | | ૨ | | ૧ | | ૭ | ૩ |
| | ૩ | | | | ૮ | ૪ | ૫ | |
| ૨ | ૫ | | ૭ | | ૩ | | ૧ | ૯ |
| | | | | ૮ | | | | |
| | | | | ૨ | | | | |
| | ૨ | | | | | | ૬ | |

સુડોકુ ક્રમાંક-૧૦૦૧ ભાગ - A અને Bના સાચા જવાબો મોકલનારના નામ.

૧. પ્રતાપ નારાણજી દંડ
૨. કામિની સ્નેહલ શેઠ
૩. જિતેન્દ્ર ચંદુલાલ શાહ
૪. જયંતીલાલ જીવરાજભાઈ મહેતા
૫. સ્મિતાબહેન વી. શાહ
૬. ઉષ્મા વિશાલ શાહ
૭. સુરેન્દ્ર ભોગીલાલ જૈની

## શબ્દ રમત-૪૪

શબ્દ રમત-૪૪ના ઉકેલમાં કુલ નવ સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવેલ છે.

જે પૈકી બધા સાચા જવાબ આપનાર વ્યક્તિઓ :

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ

***<u>જવાબ મોકલનાર અન્યો</u> :***

૨. હર્ષા વિનોદ મોરબિયા - મુંદ્રા — ૧ ભૂલ
૩. હેમાબહેન આર. દેઢિયા - મુંબઈ — ૧ ભૂલ
૪. પ્રવીણા રોહિત લોડાયા - અમદાવાદ — ૧ ભૂલ
૫. મોના જિતેન્દ્ર શાહ - હૈદ્રાબાદ — ૨ ભૂલ
૬. કિશોર જે. શાહ - ભુજ — ૨ ભૂલ
૭. લીલાધર એલ. વિસરીઆ - મુંબઈ — ૪ ભૂલ
૮. અરવિંદ જયંતીલાલ ભટ્ટ - અમદાવાદ — ૫ ભૂલ
૯. રોહિત આર. ગાંધી - અમદાવાદ — ૧૦ ભૂલ

*સમતા એ શાંતિનો કિલ્લો છે.*

# સુડોકુ

*સુડોકુ ક્રમાંક-૧૦૦૧, A, B, C, D – એમ ચાર ભાગમાં મંગલ મંદિર, જાન્યુઆરી-૨૦૧૦ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ હતા.*

*ભાગ A અને B યોગ્ય હતા. પ્રિન્ટીંગ ભૂલના કારણે ભાગ C તથા D છાપવામાં ભૂલ રહી જવા પામેલ હતી.*

*ભાગ A તથા Bના સાચા જવાબો મોકલનારના નામ આ પાનાના અંતે પ્રસારિત કરવામાં આવેલ છે.*

*સુડોકુ ક્રમાંક-૧૦૦૨ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૦-૨-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.*

*સાચા જવાબો મોકલનારના નામ માર્ચ-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

## ક્રમાંક - ૧૦૦૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૬ | ૨ | ૧ | ૩ | ૫ |
| | | | | ૩ | | ૯ | | |
| | ૬ | | | | | | ૪ | |
| | | ૬ | | | ૪ | | | ૨ |
| | ૫ | ૮ | | ૭ | | ૩ | ૧ | |
| ૧ | | | ૫ | | | ૮ | | |
| | ૩ | | | | | | ૫ | |
| | | ૧ | | ૪ | | | | |
| ૭ | ૪ | ૨ | ૩ | ૮ | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | | ૮ | | | | |
| | ૩ | | ૫ | | ૬ | | | |
| ૪ | ૫ | ૮ | ૩ | | | | | ૬ |
| | ૬ | ૧ | ૭ | | | ૩ | | ૫ |
| | | | | | | | | |
| ૮ | | ૪ | | | ૩ | ૧ | ૬ | |
| ૫ | | | | | ૯ | ૮ | ૩ | ૭ |
| | | | ૨ | | ૭ | | ૪ | |
| | | | | ૧ | | | | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૭ | | | ૯ | ૩ | | ૬ |
| | | ૯ | ૪ | ૧ | | | | |
| | | | | | | | ૯ | |
| | ૪ | | | ૬ | | ૯ | | ૩ |
| | | ૫ | ૧ | | | | | |
| ૯ | | | | | ૩ | | ૬ | ૪ |
| | | | | | | ૫ | | |
| ૭ | | ૮ | ૩ | | | | | |
| | ૬ | | ૯ | ૮ | ૧ | | ૩ | ૨ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૮ | ૭ | | | |
| ૨ | ૯ | | | ૩ | | | | ૪ |
| | | ૫ | | | ૨ | ૯ | ૭ | |
| | | | | ૫ | | | | ૮ |
| ૫ | | ૧ | | | | | ૪ | ૭ |
| | ૩ | | ૨ | | ૮ | ૬ | | |
| | ૭ | | ૫ | ૨ | | ૪ | | |
| | | ૬ | | | ૯ | | | |
| ૧ | | ૩ | | | | | ૮ | ૯ |

***શરતો :***

*૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*

*૨. ૧થી ૯ના આંકડા **3 X 3**ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

*જેની હસ્તરેખા જોઈને જોશીએ કહેલું કે, આ બાળક 'ઢ' થશે, તે જ બાળક વ્યાકરણશાસ્ત્રી મહર્ષિ પાણીની તરીકે પ્રસિદ્ધ થયો હતો.*



સંકલન : પોપટલાલ નેણશી ધરોડ

★ ટી.આર.સી. નેતા ચંદ્રશેખર રાવના ઉપવાસી દબાણ સામે ઝુકી જઈને કેન્દ્ર સરકારે તેલંગણા રાજ્યની રચના માટે સંમતિ આપતાં દેશમાં સુષુપ્ત કે સક્રિય માંગણીઓ ફરી જોરશોરથી ઊઠવા લાગી હતી. જેમાં કચ્છના અલગ રાજ્યની માંગણીનો પણ સમાવેશ થાય છે. કચ્છ આમ તો પોતાની અલગ સંસ્કૃતિ અને અસ્મિતા ધરાવતો અનોખો પ્રદેશ છે અને ૧૯૫૬ સુધી કચ્છનો વહીવટ અલગથી થતો હતો. કચ્છના અલગ રાજ્યની માંગણીને લોક સમર્થન ઓછું મળી રહ્યું છે. કેટલાક નેતાઓ કચ્છના અલગ રાજ્યની નહીં પણ કેન્દ્રના સીધા અંકુશ હેઠળના કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે તરફદારી કરે છે. રાજવી પરિવારના પ્રાગમલજી ત્રીજા કચ્છના અલગ રાજ્યના હિમાયતી છે.

★ ગુજરાતમાં ભરતી આધારિત વીજળી ઉત્પાદનના પ્રયાસ હાથ ધરાઈ રહ્યા છે. ખંભાતનો અખાત અને કચ્છનો અખાત વિસ્તાર ભરતી આધારિત વીજ ઉત્પાદન માટે વિશાળ સંભાવના ધરાવે છે.

★ દુષ્કાળ પિડીત કેન્યાવાસીઓની સેવા કરનારા મૂળ કોડકીના વાઘજી રવજી કેરાઈ (વય ૫૩ વર્ષ)ની લૂંટના ઇરાદે નૈરોબી ખાતે ત્રણ હબસીઓએ ગોળી મારી હત્યા કરી હતી. આથી પટેલ ચોવીસી સહિત આફ્રિકા અને ઇંગ્લેન્ડમાં વસતા જ્ઞાતિજનો, કચ્છીઓમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. તેઓ ગરીબ સ્થાનિકો માટે રાહતના કાર્યો ચલાવતા હતા. જેમાં તળાવ ખાણેત્રા, મકાઈ લોટ, કપડાં, બિયારણ - હળ વિતરણ જેવા સેવા કાર્યોમાં સક્રિય રહ્યા હતા.

★ મુંદ્રા પોર્ટ એન્ડ સ્પેશિયલ ઇકોનોમી ઝોન ખાતે અદાણી ગ્રૂપ ઓફ કંપનીના સહયોગથી અદ્યતન અને પૂર્ણ દરજ્જાની સ્ટર્લિંગ હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. મુંદ્રા સેઝમાં ૧૧૦ બેડ્સ ધરાવતી આ હોસ્પિટલ અદ્યતન સુવિધાઓ ધરાવશે.

★ મુંબઈની કચ્છી મહિલા ફેડરેશન નામની સંસ્થા સમાજની જરૂરતમંદ બહેનોને સહાયરૂપ થવા "મહિલા મેડિકલ ફંડ"ની યોજના ઘડી છે અને એ માટે આરંભિક બે કરોડ રૂપિયા એકત્ર કરાશે. કચ્છી વીસા ઓસવાળના ૯૫થી ૧૦૦ જેટલાં મહિલા મંડળો આ ફેડરેશનના સભ્ય છે.

★ કેન્દ્રના જળ સંશાધન મંત્રી વિન્સેન્ટ એચ. પાલાએ કચ્છી સાંસદને એક પ્રશ્નના જવાબમાં લોકસભામાં જણાવ્યું હતું કે ઈન્ડસ વોટર બેઝિનના હાલના લાભાર્થી રાજ્યોમાં પાણીની ફાળવણીનો મુદ્દો વિવાદિત છે અને અદાલતમાં છે તેવા સમયે કચ્છને ઈન્ડસ વોટર બેઝિન (રાવી, બિયા, સતલજ નદીઓ)માંથી પાણીની પુનઃ ફાળવણી હાથ ધરી શકાય છે.

★ મુંદ્રાના ખરતરગચ્છ જૈન દેરાસર મહાવીર જિન મંદિર ભૂકંપ દરમ્યાન ક્ષતિગ્રસ્ત થતાં સંઘ દ્વારા જર્જરિત જિનાલયને ધ્વંશ કરી નૂતન જિનાલય બનાવવાનું નક્કી કરાતાં તેનો શિલાન્યાસનો કાર્યક્રમ યોજાયો હતો.

★ માહિતી અધિકાર હેઠળ ૧૪ દિવસ મોડી તેમજ ગેરમાર્ગે દોરનારી વિગતો પૂરી પાડનાર અધિકારી વિરુદ્ધ ગાંધીધામના એક જાગૃત નાગરિકે કરેલી ફરિયાદને ધ્યાને લઈને માહિતી પંચ દ્વારા સાડા ત્રણ હજાર રૂપિયાનો દંડ અધિકારીને કરાયો હતો.

★ અબડાસાના કનકપર ગામે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા રૂા. ૪૦ લાખથી વધુના ખર્ચે નિર્માણ પામેલા મધર ડેરીના શીતકેન્દ્રનો આરંભ થયો હતો. આથી આજુબાજુના ૨૦ ગામોને ઘરઆંગણે દૂધ વેચાણની વ્યવસ્થા મળશે અને દૂધના ભાવ પણ સારા આવશે.

★ માધાપર (તા. ભુજ) પાસે આવેલા માનવ વિહોણા ખુલ્લા રેલવે ફાટક ઉપર કચ્છ એક્સપ્રેસ ટ્રેન સાથે ઉતારુ રિક્ષા અથડાતાં ચાલક સહિત બે જણના મોત થયા હતા.

★ કચ્છમિત્રમાં હપ્તાવાર પ્રસિદ્ધ થયેલી માવજી મહેશ્વરીની નવલકથા 'મેળો'ને ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૦૭ના શ્રેષ્ઠ પુસ્તકોમાં તૃતીય ઈનામ મળ્યું હતું.

★ કચ્છના દરિયામાં આવેલા ગેસ ક્ષેત્રમાંથી પ્રથમ વખત વિપુલ માત્રામાં કુદરતી ગેસનો જથ્થો શોધી કઢાયો હતો. એવું સરકારી ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓ.એન.જી.સી.)એ જાહેર કર્યું હતું. કંપનીએ આ શોધના પગલે કચ્છના ક્ષેત્રમાંથી વધુ ગેસ મળી આવવાની સંભાવના પણ દર્શાવી હતી.

★ ગુજરાત રાજ્ય સિંધી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૦૬ના જાહેર થયેલા પુરસ્કારોમાં ગાંધીધામ સંકુલના ત્રણ સાક્ષરોનો સમાવેશ થતો હતો. આથી કચ્છી સાહિત્ય પ્રેમીઓમાં હર્ષની લાગણી છવાઈ ગઈ હતી.

★ ગાંધીનગરના કચ્છ મિત્ર મંડળ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગાંધીનગર સ્થિત કચ્છી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

★ ભુજથી ત્રીસ કિલોમીટર દૂર ધ્રંગના સીમાડામાં રામ-રહીમ અશ્વ ઉછેર સહકારી મંડળી દ્વારા આયોજિત અશ્વદોડ હરીફાઈમાં અશ્વપ્રેમીઓનો મોટો વર્ગ ઉમટી પડ્યો હતો અને પોતાના અશ્વોની તાકાત, કરતબનો પરિચય આપ્યો હતો.

★ મુંબઈના લાલબાગ વિસ્તારમાં મોર્નિંગ વોક માટે નીકળેલા કચ્છી વીસા ઓસવાળ જૈન બીનાબહેન દેઢિયાની હત્યાના બનાવમાં ખુદ પતિ જતીન દેઢિયા અને ભાભી રૂપલ હત્યારા છે એવું પોલીસે જાહેર કરતાં કચ્છી વીસા ઓસવાળ સમાજમાં ઉગ્ર પ્રત્યાઘાત પડ્યા હતા અને અહિંસામાં માનનાર આ સમાજે આવી ઘૃણાસ્પદ ઘટનાથી ઊંડો આઘાત અનુભવ્યો હતો.

★ કચ્છના છેવાડાના વિસ્તાર સુધીના વેપારી સંગઠનોને એક મંચ પર લાવવાના હેતુથી વ્યાપારી સંસ્થા ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સના નેજા હેઠળ કચ્છ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ફેડરેશન (મહાસંઘ)ની રચના કરવામાં આવી હતી.

★ વાડી અને ખેતરોમાંથી પસાર થતા વીજળીના નાના-મોટા ટાવરો, વીજ રેષા તથા ડીઝલ પેટ્રોલ - ગેસ ઓઈલના પાઈપો અંગે દર માસે મોબાઈલ ટાવરની માફક લાભાર્થી ખેડૂતોને ભાડું મળવું જોઈએ એવી માંગણી ભચાઉ ખાતે યોજાયેલા ખેડૂતોના મહાસંમેલનમાં થઈ હતી.

*સુખ એ સરવાળો નથી, બાદબાકી છે. જીવનમાંથી દુઃખને બાદ કરતા જાઓ તો બાકી સુખ સિવાય કંઈ નહિ રહે.*

★ ભુજની લાંચ રુશવત વિરોધી બ્યૂરોની ટુકડીએ તલવાણા (તા. માંડવી) ગામની જૂથ ગ્રામ પંચાયતના તલાટી ઓસમાણ ગની સિધિક મેમણને રૂા. પાંચ હજારની લાંચ લેતા રંગેહાથે પકડી પાડ્યા હતા.

★ ભુજ તાલુકાના દેશલપર ગામની ભૂમિ પરમારે ભારત સરકાર અને ઓલિમ્પિક એસોસિએશન, દિલ્હી દ્વારા યોજાયેલ પંચાવનમાં નેશનલ સ્કૂલ ગેમમાં કાંસ્ય અને રજત ચંદ્રક મેળવ્યા હતા. ભૂમિ ભુજની લાલન કૉલેજમાં અભ્યાસ કરે છે.

★ અચલગચ્છાધિપતિ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી ગઢશીશા જીવ સુરક્ષા જૈન ચેરિટેબલ અને રિસર્ચ ટ્રસ્ટની સ્થાપના કરાઈ હતી અને દાતાઓના આર્થિક યોગદાનથી માંડવી - નખત્રાણા માર્ગ પર જીવદયા કેન્દ્રનું ગયા વર્ષે નિર્માણ થયું હતું. આ આ કેન્દ્રમાં ૫૦૦થી વધુ નાના-મોટા પશુઓની સેવા થઈ રહી છે.

★ સાબરકાંઠા જિલ્લાના વાત્રક ગામે ૪૩ એકરમાં પથરાયેલ કે.કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ હોસ્પિટલને પુનઃ સક્રિય કરવામાં આરતી ગ્રૂપ ઑફ કંપનીઝના ચેરમેન ચંદ્રકાંતભાઈ ગોગરીના રૂા. ૧ કરોડ ૩ લાખના દાનનો મુખ્ય ફાળો રહ્યો છે. આ હોસ્પિટલના મહાવીર સ્કૂલ ઑફ નર્સિંગ અને યશોદા ગર્લ્સ હોસ્ટેલના નામકરણનો પ્રસંગ ઉજવાઈ ગયો હતો. આ પ્રસંગે અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજના પ્રમુખ સહિત ત્રીસેક અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

★ કચ્છ અને બૃહદ્ કચ્છમાં વસતા કચ્છના મૂળ વતની એવા ત્રણ સાહિત્યકારો - કચ્છી ભાષાના સાહિત્યમાં આજીવન પ્રદાન માટે ગૌતમ શાંતિલાલ જોષી, કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કાંતિ ગોરને તેમના નાટ્ય સંગ્રહ 'મનજો મંચ' પુસ્તક માટે અને કચ્છી સિવાય ઈતર ભાષાના સાહિત્ય ક્ષેત્રમાં આજીવન પ્રદાન માટે મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'ને અને તે ઉપરાંત બે કલાકારો - કુ. દિપાલી સોમૈયા અને કુ. ગીતા ધરોડને શ્રીમતી તારામતી વિશનજી ગાલા પુરસ્કાર દ્વારા સન્માનવામાં આવ્યા હતા.

★ મહારાષ્ટ્ર સરકાર તરફથી જાહેર ક્ષેત્રમાં વિકલાંગ કેટેગરીનો 'રાજ્ય અપંગ પુરસ્કાર' મૂળ કચ્છના ભાનુશાલી અશોક ગોરીને પ્રાપ્ત થયો હતો. આ ઍવૉર્ડ આંતરરાષ્ટ્રીય વિકલાંગ દિને તેમને પ્રદાન કરવામાં આવ્યો હતો. અશોક ગોરી બેંક ઑફ મહારાષ્ટ્રના કર્મચારી છે.

★ પોલિયોના નાબૂદી માટે સમગ્ર જગતમાં ઝુંબેશ ચાલી રહી છે. અને એ માટે પલ્સ પોલિયો રસીકરણનો કાર્યક્રમ હાથ ધરાય છે. કચ્છમાં જાગૃતિના લીધે છેલ્લા છ વર્ષથી પોલિયોનો એક પણ નવો કેસ નોંધાયો નથી. પરંતુ હવે ઉદ્યોગોના આગમનને પગલે પરપ્રાંતિયોનું આગમન થતાં આ શ્રમિક કુટુંબો રોગ ન લાવે તે માટે સતત ભય રહે છે.

★ ૨૫મી ડિસેમ્બરનો દિવસ કચ્છમાં ભાઈચારાનો દિવસ રહ્યો. ભુજમાં દાદા ભગવાન સંપ્રદાયના ત્રિ-મંદિર પ્રાણ પ્રતિષ્ઠામાં હિંદુઓ અને જૈનો જોડાયા હતા. લખપતના ગુરુદ્વારામાં પ્રકાશ પર્વ પ્રસંગે શીખ સમાજ ઉમટ્યો હતો. કરબલાના શહીદોની સ્મૃતિમાં તાજિયા-સેજને સજાવવામાં મુસ્લિમ સમાજ જોડાયો હતો, નાતાલ નિમિત્તે ઈસાઈઓ પણ ચર્ચમાં પ્રાર્થનાર્થે પહોંચ્યા હતા. આ દરેક ઉજવણીમાં ગરીબ-તવંગર, આબાલ વૃદ્ધ સ્ત્રી-પુરુષો સાથે રહ્યા હતા.

★ કચ્છની ક્રીક સરહદના હરામીનાળામાં પાકિસ્તાની ઘૂસણખોરોને સીમાદળના જાંબાઝ જવાનોએ ગોળીયુદ્ધ છેડીને મારી હટાવ્યો હતો. હરામીનાળામાં ઘૂસણખોરી થવાની બાતમી સીમા સુરક્ષા દળને ચાર દિવસ પહેલાં મળી હતી. બે બોટમાં ઘૂસણખોરો આવ્યા હતા.

★ કચ્છની અટપટી અને દુર્ગમ ક્રીક સરહદે નાપાક અને હરામી તત્ત્વો માટે (હરામી લોકો માટે) હરામીનાળો પ્રખ્યાત છે. ઘૂસણખોરીના બનાવ પછી હવે સરહદ સીલ કરાશે. પોલીસ કર્મીઓની રજા રદ કરાઈ છે. સરહદી ગામોમાં બાતમીદારોના નેટવર્કને સચેત કરાયું છે અને ઊંટ, મોટર, સાઈકલ અને પગપાળા પેટ્રોલિંગ વધારાયું છે. હરામીનાળો કાદવ કીચડથી ભર્યો છે.

★ વિશાળ વિસ્તારમાં પથરાયેલા કચ્છના રણના કાચા માર્ગો પર કાર રેલી યોજાઈ હતી. ૧૫૦ કિ.મી.ની આ રેલી સ્પર્ધામાં ૩૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીધામના જયદેવ અયાચી તથા ધીરેન્દ્ર રાઠોડ પ્રથમ વિજેતા થયા હતા. આ "કાર રેલી-૨૦૦૯"માં પ્રથમ આવનાર બંને વિજેતાઓને રૂા. ૫૧,૦૦૦/-થી પુરસ્કૃત કરાયા હતા.

★ મધ્ય પ્રદેશના માઉ સ્થિત લશ્કરની ફાયરિંગ રેન્જમાં યોજાયેલી ૧૯મી ઓલ ઈન્ડિયા જી.વી. માવલંકર શૂટિંગ હરીફાઈમાં આદિપુરના નિશાનબાજ દિલીપ અયાચીએ રજત ચંદ્રક જીતી લીધો હતો. જાયન્ટ પરિવાર અને આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ (મોટા અંબાજી)ના સહયોગથી ભુજમાં જાયન્ટ્સ હૉલ ખાતે 'વૃક્ષ નારાયણ દેવ'ની કથા યોજાઈ હતી. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય ઉદ્યોગપતિ કાંતિસેન શ્રોફે કર્યું હતું. સંસ્થાના સભ્યો અને પર્યાવરણ પ્રેમીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

★ જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જીતો)ની ઈન્ટરનેશનલ કોન્ફરન્સ મુંબઈ ખાતે મળી હતી. જેમાં જીતોના પ્રમુખ હેમંત શાહે જણાવ્યું હતું કે જીતોની મહેચ્છા પાલિતાણા, શંખેશ્વર, સમેત શિખર, પાવાપુરી જેવા ચાર પ્રાચીન તીર્થસ્થાનો દત્તક લઈ તેને નંદન નગરીમાં પરિવર્તિત કરવાની છે.

★ ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષોથી અટવાયેલા અને વટે ચડેલા સિરક્રીક દરિયાઈ સીમા વિવાદને કારણે બંને દેશોને સમુદ્રમાં એક્સ્કલુઝિવ ઈકોનોમિક ઝોન (ઇ.ઇ.ઝેડ.) એટલે કે ખંડિય છાજલીમાં વધારો કરવાની આંતરરાષ્ટ્રીય તક હાથમાંથી સરી ગઈ હોવાની હકીકત બહાર આવી છે. મળનાર વધારા અંગે ૧૩મી મે, ૨૦૦૯ સુધીની સમય મર્યાદામાં યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઑન લૉ ઑફ સી સમક્ષ નોંધાવી દેવો અનિવાર્ય હતો.

★ ભુજની શાન સમા હમીરસર તળાવના સૌંદર્યને નિહાળવા પ્રવાસીઓ આકર્ષાય તે માટે છતરડી તળાવના સુશોભનના રૂપિયા ૨૫ લાખના ખર્ચે થનારા કાર્યનું ખાતમુહૂર્ત રાજ્યમંત્રી વાસણભાઈ આહીરે કર્યું હતું.

★ ધરતીકંપ બાદના ઔદ્યોગિકીકરણને પગલે કચ્છમાં જમીનોના વધેલા ભાવ અને બહાર આવી રહેલા વિવાદોને ધ્યાનમાં રાખીને ગોકુલા ચેરિટેબલ ટ્રસ્ટે નિર્દોષ, અશિક્ષિત, અલ્પજ્ઞાની અને સાચા જમીન માલિકોની મદદે આવવાનું નક્કી કર્યું હતું. આવા પ્રકરણો પોતાની પાસે આવશે તો ટ્રસ્ટ કાનૂની સલાહ ઉપરાંત તે તમામ ખર્ચ પણ ઉઠાવશે.

★ ભુજના કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન સંચાલિત અમરસન્સ ભવનના ૧૨મા વર્ષે પ્રવેશની ઉજવણી પ્રસંગે તેને ૨૫ લાખના ખર્ચે નવા રૂપરંગ અપાશે તેવું સંસ્થાના પ્રમુખ તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું.

★ મુંબઈની જેનિલેક લિમિટેડ કંપનીના ડાયરેક્ટર વિનોદ ફુરિયાએ બેલાર્ડ પિયર કોર્ટમાં કાલબાદેવી રોડ ખાતે મહાવીર રેડીમેઈડ

*ઝેર જે બાટલીમાં રહે છે એ બાટલી કદી મરતી નથી. નાગનું ઝેર નાગને મારતું નથી. પણ દ્વેષ તો માણસને પોતાને હણી નાખે છે.*

ગારમેન્ટની દુકાન ધરાવતા કચ્છી વેપારી અમરશી માનસી નીસર વિરુદ્ધ કંપની સાથે ૨૦ કરોડ રૂપિયાની કહેવાતી બનાવટ, છેતરપિંડી અને વિશ્વાસઘાત કરવાની ફરિયાદ નોંધાવી હતી. આ આરોપસર પોલીસે તેમની ધરપકડ કરી હતી.

★ અચલગચ્છ સંપ્રદાયના સાધ્વી અરુણપ્રભાશ્રીજી મ.સા. (ગામ ભુજપુરવાળા) ૭૦ વર્ષની ઉંમરે, ૫૦ વર્ષનો દીક્ષાકાળ પાળી પાલિતાણા ખાતે કાળધર્મ પામ્યા હતા.

★ કન્નડ ફિલ્મના સુપરસ્ટાર વિષ્ણુવર્ધનનું ૬૦ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. તેઓએ તેમની રચેલી સ્વૈચ્છિક સંસ્થા સ્નેહલોક દ્વારા કચ્છમાં પણ ૨૦૦૧ના ધરતીકંપ પછી સેવા અને સહાયની નોંધપાત્ર કામગીરી બજાવી હતી.

★ બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા યોજાયેલા ગિરનાર ઍવૉર્ડ વિતરણ સમારોહમાં સમાજના પ્રમુખે જણાવ્યું હતું કે મુંબઈમાં સાત માળનું ગુજરાત ભવન ત્રણ માસમાં પૂરું થશે અને તે ફાઈવ સ્ટાર કક્ષાનું હશે.

★ મૂળ તેરા (તા. અબડાસા)ના વતની અને મુંબઈના જાણીતા સામાજિક - શૈક્ષણિક અને અગ્રણી ઉદ્યોગપતિ ડૉ. શાંતિલાલ કરમશી સોમૈયાનું ૮૨ વર્ષની વયે આકસ્મિક નિધન થયું હતું.

★ વર્ષ ૨૦૦૧ના વિનાશક ધરતીકંપમાં પાયામાં ભારે નુકસાની પામેલા ગાંધીધામના ઓસ્લો સિનેમાને સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યું હતું. કચ્છના મહારાવ મદનસિંહજી જ્યારે નોર્વેના રાજદૂત હતા ત્યારે ત્યાંની રાજધાનીના નામ પરથી આ ટોકીઝને ઑસ્લો નામ અપાયું હતું અને આ ટોકીઝનું ઉદ્‌ઘાટન નોર્વેના તત્કાલીન વડાપ્રધાનના હસ્તે કરાયું હતું.

★ ચીની પડકાર, પડોશી દેશો નેપાળ, ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં ભારત વિરોધી હિલચાલ અંગે વિગતવાર વક્તવ્ય આપતાં નિવૃત્ત કર્નલ અભય બાલક્રિષ્ન પટવર્ધને ભુજમાં જણાવ્યું હતું કે બરબાદીના આરે ઊભેલા પાકિસ્તાનમાં જો તાલીબાન સરકાર આવે અને ભારત કડક વલણ ન અપનાવે તેવા સંજોગોમાં સરહદી કચ્છ આગામી લડાઈનું નિશાન બનશે.

★ મુંબઈની જર્મન કોન્સ્યુલેટમાં પશ્ચિમ ભારતના ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતી મૂળ ભુજપુર (તા. મુંદ્રા)ની નિકેતા મણિલાલ દેઢિયાના પ્રયાસોથી બિદડા ખાતે ચાલી રહેલા ૩૬મા મેગા મેડિકલ કેમ્પમાં જર્મન સરકાર તરફથી સ્ત્રી રોગ હોસ્પિટલના સાધનો માટે રૂા. ૧૧ લાખનું માતબર દાન બિદડા સર્વોદય ટ્રસ્ટને મળ્યું હતું.

★ મૂળ બિદડા (તા. માંડવી)ના પરંતુ હાલ પશ્ચિમ બંગાળમાં વસતા અને તૃણમૂલ કોંગ્રેસના એક અગ્રણી અને કેન્દ્ર સરકારના આરોગ્ય અને મહિલા કલ્યાણ વિભાગના રાજ્યમંત્રી દિનેશભાઈ ત્રિવેદીએ કચ્છની મુલાકાત લીધી હતી અને બિદડા ખાતેની બેઠકમાં કચ્છના વિવિધ પ્રશ્નોની જાણકારી મેળવી હતી.

★ ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી કમલાજીએ કચ્છ બોર્ડરની મુલાકાત લીધી હતી અને ધર્મશાળા ચોકી ખાતે સૈનિક સંમેલનને સંબોધ્યા હતા અને સૈનિકોના જુસ્સાને ગૌરવથી વધાવ્યું હતું.

★ ભુજ તાલુકાના લાખોંદ ગામની નજીક ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સંકુલમાં ગ્રામીણ વિસ્તારમાં આધુનિક ઢબે ચાલી રહેલી બી.એમ.સી.બી. સ્કૂલને ગ્રામીણ શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ બેંગકોક ખાતે યોજાયેલા ૨૧મા આંતરરાષ્ટ્રીય 'ઍચિવર સમિટ-૨૦૦૯' દરમ્યાન બેસ્ટ સ્કૂલ માટેનો ઍવૉર્ડ બી.એમ.સી.બી.ના ચેરમેન મહેન્દ્રભાઈ મોરબિયાને એનાયત કરાયો હતો.

★ વિનાશક ૨૦૦૧ના ધરતીકંપમાં ચોમેરથી ધ્વસ્ત થયેલા કચ્છને નવેસરથી ધબકતો કરવામાં જેમના ઝડપી નિર્ણયો તથા વહીવટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું તે તત્કાલીન કચ્છ કલેક્ટર પ્રદીપ શર્માની જથ્થાબંધ બજારને ફાળવવામાં આવેલી જમીનમાં કૌભાંડ આચરાયું હોવાના આક્ષેપ સાથે ભાવનગર ખાતેથી ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડોના આ દોરમાં ભુજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સહિત ત્રણ વેપારીઓની પણ ધરપકડ કરાઈ હતી.

★ ભુજના ગરીબ લોકોને બપોર અને સાંજે સ્વાદિષ્ટ ભોજન પહોંચાડનાર ભુજની માનવ જ્યોત સંસ્થાને રાયધણજરના દાતાએ રૂા. ત્રણ લાખનું દાન આવા કાર્ય માટે વાહન લેવા આપ્યું હતું.

★ બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં કચ્છના રણની સરાહના કરી હતી. તેમણે લખ્યું હતું કે શ્વેત ભૂમિનો આ વિશાળ પ્રદેશ રાત્રે એવો દેદીપ્યમાન હોય છે, જાણે હજારો હીરા ભૂમિ પર પથરાયેલા પડ્યા હોય.

★ ઝાંસી ખાતે વિદ્યાભારતી દ્વારા યોજાયેલા અખિલ ભારતીય વિજ્ઞાન મેળામાં ભચાઉના વિદ્યાભારતી સંચાલિત નાલંદા વિદ્યાલયે પ્રથમ સ્થાન અને બિદડાની શ્રીમતી નિર્મળાબહેન રવજી છેડા પ્રાથમિક શાળાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

★ ૧૩ વર્ષ પહેલાં બૌદ્ધ દીક્ષા લઈને ધર્મનું શિક્ષણ મેળવનારા આચાર્ય ભન્તેબુદ્ધે હાથસફાઈ - જાદુની કલા પણ હસ્તગત કરેલી છે. આ અંતર્ગત તેમણે ગાંધીધામમાં કેટલીક સંસ્થાઓમાં કાર્યક્રમ પણ આપ્યા છે. તેમના જણાવ્યા અનુસાર કોઈ પોતાના મૃત્યુની આગાહી કરી શકતું નથી. મંત્રતંત્ર કરનારા કે ચમત્કારનો આડંબર ઊભો કરનારા સાધુબાવાઓ મહદ્ અંશે પોતાની દુકાન ચલાવે છે. આ અભિયાનથી છેલ્લા ૭ વર્ષથી દેશના ૧૫ પ્રદેશોમાં, ૨૦૦૦ જેટલા ગામો - શહેરોમાં અંધશ્રદ્ધા નિર્મૂલનના કાર્યક્રમો આપ્યા છે.

★ ગાંધીધામ સંકુલમાં જોડિયા નગરોની મધ્યમાં જ વિશાળ વિસ્તારમાં વિવિધ સુવિધાઓથી સુસજ્જ તળાવ અને પાર્કનું નિર્માણ હાથ ધરવામાં આવનાર છે. આની તૈયારીઓ આરંભી દેવાઈ છે. આ તળાવના નિર્માણથી આસપાસના વિસ્તારોમાં જમીનમાં પાણીના તળ ઊંચા આવશે.

★ નેશનલ હાઈવે ડેવલપમેન્ટ પ્રોગ્રામના પાંચમા તબક્કા હેઠળ કેન્દ્રીય કેબિનેટે ત્રણ પ્રોજેક્ટના અમલીકરણને બહાલી આપી હતી. તેમાંનો એક પ્રોજેક્ટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૮એ તળેના સામખિયાળી ગાંધીધામના ૫૬.૧૬ કિલોમીટરના ફોર લેન માર્ગને સિક્સ (છ) લેન બનાવવાનો છે.

★ મુંબઈ અને કચ્છને જોડતી કચ્છ એક્સપ્રેસ ટ્રેન હવે દાદર સુધી લંબાશે તેવી હૈયાધારણા સી.પી.ટી.એમ.ના મેનેજરે કચ્છના સાંસદ પૂનમબહેન જાટને આપી હતી.

★ ઈસુના નવા વર્ષની શરૂઆતમાં કચ્છમાં મોસમનો તોર બદલાયો હતો. ભારતના કેટલાક અન્ય ભાગોની જેમ કચ્છમાં પણ દિવસભર વાદળછાયું આકાશ રહ્યું હતું. લખપત અને અબડાસાના વિસ્તારમાં છાંટા પડ્યા હતા અને તેથી ઠંડીની તીવ્ર અસર વરતાઈ હતી.

***(નોંધ : તા. ૧૦-૧-૨૦૧૦ સુધી પ્રાપ્ત થયેલા સમાચાર આ વિભાગમાં લેવામાં આવ્યા છે. – સં.)***

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રક્ષા પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*

***નારી માત્રને સારા પ્રસંગે શણગાર સજી બીજાની નજરે ઉજળા દેખાવાની ઉલટ જાગતી હોય છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ આયોજિત ભક્તિ સંગીતનો કાર્યક્રમ

વર્ષ ૨૦૦૯ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના સભ્ય પરિવારોમાંથી જે આપ્તજનોના અવસાન થયેલ છે તેમને અંજલિ અર્પવા એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ રવિવાર તા. ૧૦-૧-૨૦૧૦ ના સવારના સમયે શ્રી કચ્છી જૈન ભવન પર યોજવામાં આવેલ હતો કે જ્યારે અંદાજિત ૩૦૦ની સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

ગત વર્ષ દરમ્યાન સમાજના એક આધારસ્તંભ સમા શ્રી માવજી ધારશી ફુરિયા, સમાજના ટ્રસ્ટી શ્રી હસમુખભાઇ ખાંડવાલાના પિતાશ્રી બાબુભાઇ ભગવાનજી શાહ, સમાજના અન્ય ટ્રસ્ટીશ્રી શાંતિલાલ મૂળજી સાવલાના માતુશ્રી લક્ષ્મીબહેન મૂળજી સાવલા, સમાજના કારોબારી સભ્ય શ્રી બચુભાઇ રાંભિયાના માતુશ્રી લક્ષ્મીબહેન પોપટલાલ રાંભિયા, સમાજના સદાયે સહૃદયી રહ્યા છે તેવા નવભારત સાહિત્ય મંદિરના શ્રી પ્રાગજી પ્રેમચંદ કોરડિયા, સમાજના એક ભૂતપૂર્વ કર્મચારી શ્રી લક્ષ્મીચંદ લાલજી શાહ (ફુરિયા) સહિત ૨૪ સભ્યો અવસાન પામેલ હતા.

ગત વર્ષ દરમ્યાન અલગ અલગ સ્થળે ત્રણ અકસ્માત બનાવ બનેલ હતા કે જેમાં હરમેશ લક્ષ્મીચંદ વીરા, વાડીલાલ ધીરજલાલ ધરમશી મોરબિયા તથા દર્શન રસિકલાલ વોરા અને તેમના ધર્મપત્ની અંજલિ દર્શન વોરા (બંનેની લગભગ ૩૦ વર્ષની ઉંમર) ના અરેરાટીજનક અવસાન થયેલ હતા.

૨૪ સદ્ગત આત્માઓના સંબંધીઓ આ પ્રસંગે સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

સહુ પ્રથમ સમાજના પ્રમુખ શ્રી અશોક મહેતાએ સમાજ દ્વારા શરૂ કરવામાં આવેલ વાર્ષિક અંજલિ કાર્યક્રમની વિગત રજૂ કરેલ હતી. ત્યારબાદ દરેક સ્વર્ગસ્થના પરિવારજનોએ પોતાના આપ્તજનને યાદ કરી, તેમની તસવીર સમક્ષ દીપ પ્રાગટ્ય કરી શ્રદ્ધાંજલિ અર્પેલ હતી અને ત્યારબાદ ભક્તિ સંગીતનો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ હતો.

લગભગ ૧૩ ની સંખ્યાના આ ગાયકવૃંદમાં સૂર હતા શ્રીમતી રાધિકાબહેન મોદી અને શ્રી નરેન્દ્ર શાસ્ત્રીના. સંગીત આપેલ હતું શ્રી પ્રવીણ શીંદે તથા શ્રી રાજુ ગાંધર્વે. ઉદ્‌બોધક તરીકે હતા શ્રી નરેન્દ્ર શાસ્ત્રી.

શ્રીમતી રાધિકાબહેન મોદી કે જેમણે ખૂબજ ભક્તિભાવપૂર્વક અંજલિ ગીતો ગાયેલ હતા, તેઓ પ્રોફેશનલ આર્ટિસ્ટ નથી, પરંતુ આ પ્રકારના કાર્યક્રમો તેઓ સામાજિક ફરજ સમજીને આપે છે. શ્રી નરેન્દ્ર શાસ્ત્રી ગુજરાત વિદ્યાપીઠમાં સંગીત શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને તેઓ દેશ-વિદેશમાં ફરી ખૂબ જ શાસ્ત્રીય ઢબે ગીતોની રજૂઆત કરે છે. શ્રી પ્રવીણ શીંદે ખૂબ જ ઉચ્ચ શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં નિયમિતપણે સંગત આપે છે. જ્યારે શ્રી રાજુ ગાંધર્વ સારાયે ગુજરાતમાં સંગીતક્ષેત્રે વિખ્યાત એવા ગાંધર્વના પુત્રના નાતે આ લાઇનમાં પારંગત કલાકાર છે. શ્રીમતી રાધિકાબહેન મોદી તથા શ્રી નરેન્દ્ર શાસ્ત્રીએ ખૂબજ ભાવમય ગીતો ગાઇ સમગ્ર હોલનું વાતાવરણ ભક્તિમય બનાવી દીધેલ હતું. ભાગ્યે જ કોઇ આંખમાંથી આ કાર્યક્રમ દરમ્યાન પાણી નહીં વહ્યા હોય!

લગભગ ૨.૩૦ કલાક ચાલેલ આ કાર્યક્રમ દરમ્યાન સહુએ શાંતિ જાળવી પોતાની જાતને પણ આ કાર્યક્રમના ગીતોમાં ડૂબાવી દીધેલ. કાર્યક્રમના ગીતોની બુક અગાઉથી જ સહુને આપવામાં આવેલ હતી.

આ કાર્યક્રમનું સૌજન્ય નીચે મુજબના મહાનુભાવો તરફથી સાંપડેલ હતું.

| | |
|---|---|
| *રૂા. ૧૧,૦૦૦/-* | *શ્રી શાંતિલાલ મૂળજી સાવલા પરિવાર* |
| *રૂા. ૧૧,૦૦૦/-* | *શ્રી નવભારત સાહિત્ય મંદિર* |
| *રૂા. ૧૧,૦૦૦/-* | *શ્રી નવનીત પરિવાર* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી દિનેશ પ્રેમચંદ શાહ* |

કાર્યક્રમ બાદ પોતાના પ્રિય આપ્તજનોને યાદ કરતા ભીની આંખે સહુ વિખરાયા હતા અને આ પ્રકારના કાર્યક્રમનું પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે તેવો પ્રતિભાવ વ્યક્ત કરેલ હતો.



*સંસ્થાના પ્રમુખશ્રી પ્રાસંગિક પ્રવચન આપતા*



*સ્વર્ગસ્થ આપ્તજનો સમક્ષ દીવો પ્રગટાવતા*
*શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી શાંતિભાઇ સાવલા*

*લાયકાત જરૂર મેળવો છતાંય ફળની અપેક્ષા ન રાખો.*



સ્વર્ગસ્થ પિતાશ્રીની છબી સામે દીવો પ્રગટાવતા
શ્રી હસમુખભાઈ ખાંડવાલા



સ્વર્ગસ્થ માતુશ્રી લક્ષ્મીબહેનની છબી સમક્ષ
દીવો પ્રગટાવી વંદન કરતા શ્રી બચુભાઈ રાંભિયા



કારમો ઘા વેઠી વહાલસોયા પુત્ર દર્શન તથા પુત્રવધૂ અંજલિની છબી સમક્ષ
દીવો પ્રગટાવી, ખિન્ન વદને પ્રાર્થના કરતા શ્રી રસિકભાઈ અદેસીંગ વોરા



ભક્તિ સંગીત રજૂ કરતું ગાયક તથા વાદ્યવૃંદ



તબલા પર સંગત-પ્રવીણ શીંદે તથા સાથીદાર



સભાગૃહમાં ઉપસ્થિત મહાનુભાવો, સ્ટેજ પર ઉપસ્થિત
ગાયકવૃંદ, છેક પાછળ સ્વર્ગસ્થ આત્મજનોની છબીઓ.



પ્રથમ હરોળમાં જમણેથી શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી શાંતિભાઈ ગાલા,
ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી નરેન્દ્ર રામજી દેઢિયા,
શ્રી પ્રતાપ દંડ, શ્રી શાંતિભાઈ સાવલા, વગેરે.



પ્રથમ હરોળમાં ડાબેથી શ્રી રસિકભાઈ અદેસીંગ વોરા, શ્રી જયેશભાઈ
કોરડિયા, શ્રીમતી શ્રેયસીબહેન કાંતિભાઈ પૂજ, શ્રી કાંતિભાઈ અંબાલાલ
પૂજ (હાઈકોર્ટ જજ), શ્રી ગિરીશભાઈ શાહ વગેરે.

અસંતોષનો આ યુગ છે, આ કાળમાં સુખી રહેવું હોય એણે અધિક પૈસાથી દૂર રહેવા જેવું છે.



કાર્યક્રમની સમાપ્તિ બાદ સ્વર્ગસ્થ આપ્તજનોના શ્રેયાર્થે બે મિનિટ મૌન.



ગાયકવૃંદ પણ મૌન પ્રાર્થનામાં જોડાયું.

## ભક્તિ સંગીતની કેસેટ્સ

ગત વર્ષ દરમ્યાન સમાજના જે આપ્તજનોના મૃત્યુ થયેલ તેમને અંજલિ અર્પવા, રવિવાર, તા. ૧૦-૧-૨૦૧૦ના ભક્તિ સંગીતનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમની સી.ડી. તૈયાર થઈને આવી ગયેલ છે. જેઓ ભક્તિ સંગીતના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા, તેઓએ તા. ૧૦-૨-૨૦૧૦થી તા. ૨૦-૨-૨૦૧૦ સુધીમાં પોતાની સી.ડી. શ્રી કચ્છી જૈન ભવન પરની ઓફિસેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## "નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની "તબીબી સારવાર સમિતિ"ના નેજા હેઠળ "નિઃશુલ્ક નેત્ર નિદાન" કેમ્પ એટલે કે આંખના તમામ પ્રકારના રોગોની તપાસ અને તેના નિદાન માટેનું આયોન ગોઠવવામાં આવેલ છે. આ નેત્ર નિદાન કેમ્પનો લાભ લેવા જરૂરિયાતવાળા સહુ સભ્ય પરિવારને અપીલ કરવામાં આવે છે.

સભ્ય પરિવારો અન્યોને પણ સમાચાર આપીને આ નિઃશુલ્ક કેમ્પનો લાભ અપાવી શકે છે. કેમ્પની વિગત નીચે મુજ છે.

★ **સ્થળ** : નવનીત મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ-૬.

★ **દિવસ** : રવિવાર તા. ૧૪-૨-૨૦૧૦

★ **સમય** : સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦

★ **નોંધણી** : શ્રી કચ્છી જૈન ભવનના નવનીત મેડિકલ સેન્ટર પર સવારમાં ૯.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી નામ નોંધાવવાનું ચાલુ છે.

★ **ઑપરેશનમાં કન્સેશનલ દર** : કેમ્પમાં ભાગ લેનારને મોતિયાના ઑપરેશન કન્સેશનલ દરે કરી આપવામાં આવશે.

સહુને આ સોનેરી તકનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

**કન્વીનર - તબીબી સારવાર સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

## ગૃહઉદ્યોગ માટે તાલીમી કેન્દ્ર

સમાજના ભાઈ-બહેનો નાના પ્રકારના ગૃહઉદ્યોગો જેવા કે વિવિધ પ્રકારની ચોકલેટ, આઈસક્રીમ, ઠંડા પીણાં, છાશ, કોસ્મેટીક, કોમ્પ્યુટર, બ્યુટીપાર્લર (લગભગ ૧૦૦૦ થી પણ વધુ આઈટમો લિસ્ટમાં છે) વગેરે યોગ્ય રીતે બનાવવાનું અને તેના માર્કેટિંગનું જ્ઞાન મેળવી શકે એ માટે 'ધી સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ' (સીઈડી) ના સહકારથી એક તાલીમ કેન્દ્ર શ્રી કચ્છી જૈન ભવન-પાલડી અથવા તો શ્રી કચ્છી વિશ્રામગૃહ-શાહીબાગ ખાતે શરૂ કરવા માંગે છે.

આ તાલીમ તેના કોર્સની જરૂરિયાત મુજબ ૧૫ થી ૩૦ દિવસની હોય છે. તાલીમ બાદ જે લોકો પોતાના ગૃહઉદ્યોગ શરૂ કરવા માંગતા હોય તેમને લોન અપાવવા 'સીઈડી' યોગ્ય સહકાર પણ આપે છે.

દરેક બેચ ૩૦ વ્યક્તિનો રાખવામાં આવે છે.

જે ભાઈ-બહેનો આ પ્રકારની તાલીમ મેળવી, પોતાનો ગૃહઉદ્યોગ શરૂ કરવાની ઈચ્છા ધરાવતા હોય, તેઓએ મેનેજરશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ પર વહેલાસર પત્ર દ્વારા જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

વહેલા તે પહેલાના ધોરણે આ પ્રકારની અરજીઓ સ્વીકારવામાં આવશે.

આવાસ યોજનાના લાભાર્થીઓ માટે નાનો ધંધો સાઈડમાં શરૂ કરવા માટે આ એક ઉત્તમ પ્રકારની યોજના છે.

સમાજના કોઈપણ ભાઈ-બહેનને આ તાલીમી યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*મતભેદ ભલે પડે, મનભેદ ન પડવા દેજો.*

## યુવા વિકાસ સમિતિ

### યોજે છે...

**૧. શ્રીમતિ મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઇ વર્ષ ૨૦૦૯-૨૦૧૦**

આ કાવ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક સભ્યોએ પોતાની મૌલિક કૃતિ કે જે આ અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોવી જોઇએ, તા. ૨૦-૩-૨૦૧૦ સુધીમાં લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "કાવ્ય સ્પર્ધા" માટેની કૃતિ એવું લખવું.

**૨. શ્રીમતિ મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઇ વર્ષ ૨૦૦૯-૨૦૧૦**

આ વાર્તા હરીફાઇમાં ભાગ લેવા ઇચ્છતા સ્પર્ધકે પોતાની મૌલિક વાર્તા કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય તેવી, વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં, પાનાની એક સાઇડ પર સુંદર અને સુવાચ્ય અક્ષરોમાં તા. ૨૦-૩-૨૦૧૦ સુધીમાં લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "વાર્તા સ્પર્ધા" માટેની કૃતિ એવું લખવું.

*ઉપરોક્ત બંને સ્પર્ધા માટેના નીતિ-નિયમો :-*

૧. સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, ફોન નંબર સારા અક્ષરોમાં લખવું.

૨. બંને સ્પર્ધાની કૃતિઓ અલગ-અલગ કવરમાં મોકલવી.

૩. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

૪. સ્પર્ધામાં વિજેતા કૃતિઓને "મંગલ મંદિર"માં પ્રકાશિત કરવામાં આવશે.

૫. કવર ઉપર લખવાની વિગત,
કન્વીનર શ્રી, યુવાવિકાસ સમિતિ,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ,
શ્રી કચ્છી ભવન,
નવચેતન હાઇસ્કૂલની સામે, પાલડી,
અમદાવાદ

૬. આ સ્પર્ધાઓમાં અમદાવાદ અને ગાંધીનગરમાં જિલ્લામાં વસતા શ્રી કચ્છી જૈન પરિવારના સભ્યો જ ભાગ લઇ શકશે.

*નવીન જે. લાલકા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## વિવિધ હરીફાઈઓ

મંગલ મંદિરના જાન્યુઆરી-૨૦૧૦ના અંકમાં બાકી રહેતી યોજનાઓના દાતાશ્રીઓ માટે અપીલ કરવામાં આવેલ હતી.

તેના જવાબમાં અત્યાર સુધી આવેલ દાતાશ્રીના જવાબ નીચે મુજબ છે.

**મંગલ મંદિર વ્યવસ્થાપક સમિતિ આયોજિત 'શબ્દ રમત હરીફાઈ'**
**શ્રી પીયૂષ રવિવાલ પારેખ શબ્દ રમત હરીફાઈ........ રૂા. ૨૧૦૦/- વાર્ષિક**

## વયસ્ક સમિતિ

### તા. ૮-૧-૨૦૧૦ની પિકનિકનો અહેવાલ

વયસ્ક સમિતિ તરફથી તા. ૮-૧-૨૦૧૦ ના રોજ યાત્રા ક્રમ પિકનિકનો કાર્યક્રમ યોજાઇ ગયો.

સવારે ૭.૩૦ વાગે પાલડીથી બસ ઉપડી. સૌ પ્રથમ શ્રી રમણિકભાઇ ગોસરે નવકાર મંત્રની ધૂન, ભક્તામર-રત્નાકર ચોવીસી દ્વારા ભક્તિથી ધૂન મચાવતા નંદાસણ પહોંચ્યા. ત્યાં ભગવાન શ્રી મનમોહન પાર્શ્વનાથના દર્શન કરી, નવકારશીનો લાભ લીધો.

ત્યારબાદ મોઢેરા તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં શ્રી રજનીભાઇ પારેખ તથા રમણિકભાઇ ગોસરે મોઢેરા સૂર્યમંદિર, રાંતેજ તીર્થનો પરિચય આપ્યો. તથા પત્તાની હાઉસી તથા ઉખાણા અને જોક્સથી સૌને આનંદ તરબોળ કર્યા.

રાંતેજ તીર્થમાં ભગવાન શ્રી નેમિનાથના દર્શન કરી સૌએ ભાવતા ભોજનનો આસ્વાદ માણી આજના પ્રવાસ માટે સહયોગ આપનાર નીચે મુજબના દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું.

૧. શ્રીમતી વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ

૨. શ્રીમતી લક્ષ્મીબહેન આણંદજી વેલજી વીરા

૩. શ્રીમતી ચંદ્રિકાબહેન ચંદ્રકાંત કાનજી દેઢિયા

ત્યારબાદ ચા-કોફીને ન્યાય આપી સૌએ શંખલપુર શ્રી શંખલા પાર્શ્વનાથના દર્શન કરી, શંખેશ્વર પહોંચી, શંખેશ્વર પાર્શ્વનાથના દર્શન-ચૌવિહાર કરાવી અમદાવાદ તરફ પ્રયાણ કરી રાતે ૧૧ વાગે પરત ફર્યા.

શંખેશ્વર મુકામે શ્રીમતી મંજુલાબહેન દિનેશભાઇ શાહે રૂા. ૫ નું સંઘપૂજન કર્યું તથા એકતા ચિક્કીવાળા શ્રી દામજીભાઇ પ્રેમજી નીસર તરફથી સૌએ ચિક્કીનો આસ્વાદ માણેલ.

વયસ્ક સમિતિ, આવનાર તથા સહયોગ આપનાર સર્વ ભાઇ-બહેનોનો તથા દાતાશ્રીઓનો આભાર માને છે.

*કન્વીનર - વયસ્ક સમિતિ*

### વયસ્ક સમિતિનો આગામી કાર્યક્રમ

વયસ્ક સમિતિ તરફથી આગામી તા. ૨૩-૨૪ ફેબ્રુઆરી મંગળ-બુધવાર, ૨૦૧૦ બે દિવસના રાજસ્થાન યાત્રા પ્રવાસનું આયોજન કરેલ છે. આ પ્રવાસ ૨ x ૨ બસમાં યોજેલ છે. બે બસમાં ૮૦ જણના નામ તા. ૧૫-૨-૨૦૧૦ સુધીમાં વ્યક્તિ દીઠ રૂા. ૩૦૦ ભરી લખાવવાના છે. નામ કેન્સલ કરાવનારને રિફંડ આપવામાં આવશે નહિ, તેમજ તેમના બદલે બીજી વ્યક્તિ જોડાઇ શકશે નહિ. તેમજ સીટ નંબર સમિતિ જે ફાળવશે ત્યાં જ બેસવાનું રહેશે.

રાત્રિ મુસાફરી હોવાથી અનુકૂળતા વાળાઓએ જ નામ નોંધાવવું નામ નોંધાવતી વખતે પૂરું નામ અટક સાથે, ઉંમર અને ટેલિફોન નંબર અવશ્ય લખાવવા.

કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

*સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખો.*

- તા. ૨૨-૨-૨૦૧૦ રાતે ૧૨.૦૦ વાગે પાલડી કચ્છી જૈન ભવનથી પ્રયાણ.
- તા. ૨૩-૨-૨૦૧૦ ના સવારે ૫.૩૦ કલાકે દંતાણી તીર્થે આગમન. દર્શન-સેવાપૂજા-નવકારશી
- સવારે ૯.૩૦ જીરાવલ્લા તરફ પ્રયાણ
- ૧૦.૩૦ જીરાવલ્લા આગમન
- ૧૦.૩૦ થી ૧૨.૩૦ સેવા પૂજા- બપોરનું ભોજન
- ૧૨.૩૦ વાગે શિરોડી તથા ભેરૂતારક (અનાદરા) તરફ પ્રયાણ.
- બપોરે ૪ વાગે પાવાપુરી આગમન- સાંજનું જમણ, રાત્રિ રોકાણ.
- તા. ૨૪-૨-૨૦૧૦ પાવાપુરી સેવા પૂજા-નવકારશી કરી સવારે ૯.૩૦ માઉન્ટ આબુ તરફ પ્રયાણ. સવારે ૧૧ કલાકે માઉન્ટ આબુ, દેલવાડા દર્શન, બપોરનું જમણ, નખી લેક વગેરે ફરી અંબાજી તરફ પ્રયાણ.
- સાંજે ૪.૩૦ અંબાજી દર્શન-કુંભારિયાજી ચૌવિહાર
- સાંજે ૬.૩૦ અમદાવાદ તરફ પ્રયાણ
- રાતે ૧૧ વાગે પાલડી આગમન

સંજોગો અનુસાર કાર્યક્રમમાં ફેરફાર કરવાનો સમિતિને હક્ક રહેશે.

*કન્વીનર - વયસ્ક સમિતિ*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

### કેક ડેમોન્સ્ટ્રેશન તથા બ્રેડનું પુડિંગ

તા. ૧૮-૧-૨૦૧૦ને સોમવારે બપોરે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મહિલા ઉત્કર્ષ સમિતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેક ડેમોન્સ્ટ્રેશન તેમજ બ્રેડનું પુડિંગ કરવામાં આવ્યું હતું. કેક તેમજ પુડિંગનું ડેમોન્સ્ટ્રેશન આપવા અલ્પાબહેન આશિકભાઈ શાહ આવેલ. કાર્યક્રમ દરમ્યાન ૪૦ બહેનોની હાજરી હતી અને આવેલ બહેનોને કેક તેમજ પુડિંગ ચખાડવામાં આવેલ.

*વસુમતી પી. હરિયા (૨૬૬૩૭૫૪૫)*
*કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટીશ્રીની ઉપસ્થિતિ

તા. ૩-૧-૨૦૧૦ ના બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે તેની ૩૬મી શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું કે જે પ્રસંગે અમેરિકન તથા જર્મન કોન્સ્યુલેટ તેમજ મુંબઇ તથા અન્ય સ્થળેથી સમાજના વિવિધ અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. **એ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના એક ટ્રસ્ટી શ્રી મણિલાલ કુંવરજી ગોસર પણ સમાજ વતી ઉપસ્થિત રહેલ હતા.** સાંજની ડીનર પાર્ટીમાં પણ તેઓશ્રીએ ભાગ લીધો હતો.

તા. ૪-૧-૨૦૧૦ના ખેરાઉ મધ્યે "જૈન ભોજનશાળા" ના ઉદ્‌ઘાટન પ્રસંગે **શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ટ્રસ્ટીશ્રી મણિલાલ કુંવરજી ગોસર સમાજ વતી ખાસ ઉપસ્થિત રહેલ હતા.**

## 'સંકલ્પ'

### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન, અમદાવાદ

### સંકલ્પ આયોજિત શત્રુંજય છ ગાઉ પરિક્રમા યાત્રા

"સંકલ્પ" તેના સભ્યો તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના જ્ઞાતિજનોને કરાવશે ધાર્મિકયાત્રા. શ્રી શેત્રુંજય તીર્થ (પાલિતાણા)માં દર વર્ષે ફાગણ સુદ-૧૩ ના રોજ છ ગાઉની યાત્રા થાય છે. સતત ત્રીજા વર્ષે 'સંકલ્પે' તા. ૨૫-૨-૧૦ તથા ૨૬-૨-૧૦ના સવારે ૭.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન, પાલડીથી પ્રસ્થાન કરી રસ્તામાં તગડી, અયોધ્યાપુરમ, વલ્લભીપુર, કીર્તિધામ દર્શન કરી સાંજે પાલિતાણા પહોંચવાનું નક્કી કરેલ છે. પાલિતાણામાં રાત્રિ રોકાણ બાદ તા. ૨૬-૨-૧૦ ને શુક્રવારના વહેલી સવારે ડુંગરયાત્રા માટે પ્રસ્થાન કરવાનું રહેશે. ડુંગરયાત્રા બાદ રાત્રે અમદાવાદ પરત આવશું.

આ યાત્રા તા. ૨૫-૨ (ગુરુ) અને ૨૬-૨ (શુક્ર) એમ બે દિવસની છે. પાલિતાણા ડુંગરયાત્રા આપે આપના હિસાબે અને જોખમે કરવાની રહેશે. 'સંકલ્પ' ફક્ત લઇ જવા તથા લાવવાની તેમજ જમવાની વ્યવસ્થાની જવાબદારી અદા કરશે. તળેટીથી પાલ સુધી આપે આપના હિસાબે જવાનું રહેશે. 'સંકલ્પ'ની કાર્યકારી કમિટીને યાત્રા પ્રવાસમાં જરૂરી ફેરફાર કરવાનો અધિકાર રહેશે.

આ ધાર્મિક યાત્રા પ્રવાસ માટે ટિકિટનો દર વ્યક્તિ દીઠ શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક સભ્યો માટે રૂા. ૨૫૦/- રાખેલ છે. ટિકિટ વહેલા તે પહેલાના ધોરણે સભ્યોએ મેળવી લેવાની રહેશે.

*"ટિકિટ" મેળવવાનું સ્થળ* :

શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતેની ઓફિસ ઉપરથી સવારે ૯ કલાકથી સાંજે ૫ વાગ્યા સુધીમાં ટિકિટ દીઠ રૂા. ૨૫૦/- ભરીને કાઉન્ટર પરથી મેળવવાની રહેશે. યાત્રા પ્રવાસમાં આવનાર યાત્રાળુઓએ તા. ૨૫-૨-૧૦ના સવારે ૬.૩૦ વાગે અચૂક પાલડી ભવન ઉપર આવવું જરૂરી છે.

આ યાત્રા પ્રવાસ માટે આપને વધારે વિગત મેળવવી હોય તો સંપર્ક કરો

| | |
|---|---|
| કેતન લોડાયા | ૯૯૯૮૦૧૧૧૫૯ |
| સ્મિતા શાહ | ૨૬૭૬૩૬૪૮ |
| કેતન શાહ | ૯૮૨૫૬ ૮૭૭૪૧ |
| પીયૂષ પારેખ | ૯૨૨૭૨૫૬૫૬૮ |

ઉપરોક્ત યાત્રા પ્રવાસમાં 'સંકલ્પ'ના સભ્યો તેમજ સમાજના સભ્યોને જોડાવવા સંકલ્પનું ભાવભર્યું નિમંત્રણ છે.

### *મિત્રોને સંગ આવો રમીએ ધૂળેટીના રંગ*

રંગોનો ઉત્સવ એટલે ધૂળેટી. 'સંકલ્પ' આયોજન કરે છે 'ધૂળેટી ઉત્સવ' તા. ૧-૩-૨૦૧૦ ને સોમવારના સવારે ૯.૩૦ કલાકે આપણે સૌ પાલડી ભવન ઉપર ભેગા થઇને સાથે ઉજવીશું ધૂળેટીનો તહેવાર ફક્ત ગુલાલ થી જ આપણે રમશું આ રંગોનો તહેવાર, જેથી કલર કેમિકલ્સની આડ અસરોથી બચી શકાય. રંગોત્સવ બાદ સૌ અલ્પાહારની મજા, સાથે માણીશું. તો થઇ જાવ તૈયાર રંગોનો તહેવાર ઉજવવા. જો જો ભૂલતા નહીં....

*કેતન લોડાયા - પ્રમુખ, સ્મિતા વિશાલ શાહ - મંત્રી*

*પ્રભુની પ્રત્યેક ઈચ્છામાં આપણું હિત જ સમાયું છે.*

## 'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૧૦
## ભૂલ સુધાર

૧. પાના નં.-૪
શુભેચ્છક દાતા તરીકે શ્રી ધીરેન શાંતિલાલ કેશવજી શાહ (અમદાવાદ - રામાણિયા)ના બદલે

**શ્રી શાંતિલાલ કેશવજી શાહ, હા. ડો. ધીરેન શાહ (અમદાવાદ - રામાણિયા)** વાંચવું.

૨. પાના નં.-૪
શુભેચ્છક દાતા તરીકે માતુશ્રી લક્ષ્મીબહેન મુનજી વિસરિયા હા. મનહરલાલ વિશનજી વિસરિયા (દુર્ગાપુર - નવાવાસ)ના બદલે

**માતુશ્રી લક્ષ્મીબહેન વિશનજી મોનજી દેઢિયા હા. મનહરલાલ વિશનજી દેઢિયા (અમદાવાદ - નવાવાસ (દુર્ગાપુર))** વાંચવું.

૩. પાના નં.-૧૦૫
મિલિંદ પંકજ મગનલાલ દેઢિયા (ભુજપુર, ન્યુજર્સી - યુ.એસ.એ.)ની સગાઈની તારીખ સોમવાર તા. ૨૩-૧૧-૨૦૦૯ના બદલે **શનિવાર, તા. ૫-૧૨-૨૦૦૯** વાંચવી.

૪. પાના નં.-૧૧૦

- 'શ્રી શાંતિલાલ કેશવજી શાહ ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના'ના બદલે

  **'માતુશ્રી વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના'** વાંચવું.
- 'શ્રી શાંતિલાલ કેશવજી શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૦)'ના બદલે

  **"માતુશ્રી વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૦)"** વાંચવું.
- શ્રી શાંતિલાલ કેશવજી શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ)ના બદલે **"માતુશ્રી વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ)"** વાંચવું.

૫. પાના નં.-૧૧૩
'સંકલ્પ' - શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદના મંત્રી તરીકે ચિરાગ મૈશેરી લખાયેલ છે, તેના બદલે **શ્રીમતી સ્મિતાબહેન વી. શાહ**નું નામ મંત્રી તરીકે વાંચવું.

## વૈયાવચ્ચ સમિતિ

*વર્ષ ૨૦૦૯-૧૦ માટે વૈયાવચ્ચ સમિતિએ નીચે મુજબ દાન મેળવેલ છે.*

*રૂા. ૧૧,૦૦૦/- શ્રી ભુરામલ હરિકિશન (અમદાવાદ - અબોહર)*

*રૂા. ૫૧૦૦/- શ્રીમતી મંજુલાબહેન દિનેશભાઈ શાહ (અમદાવાદ - ભુજ)*

*રૂા. ૧૫૦૦/- શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા (અમદાવાદ - તલવાણા)*

સંસ્થા દાતાશ્રીનો આભાર માની, સહર્ષ દાન સ્વીકારે છે.

***પદમશી સી. ડાઘા, કન્વીનર - વૈયાવચ્ચ સમિતિ***

## સી.એ. શ્રી ભાઇલાલભાઇ કે. પટેલ જીત બદલ અભિનંદન



શ્રી કચ્છી સમાજ-અમદાવાદના ચાહક અને ટ્રસ્ટી શ્રી ભાઈલાલભાઇ કાનજીભાઇ પટેલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઑફ ઇન્ડિયાની વેસ્ટર્ન રીજિયોનલ કાઉન્સિલની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં બીજી ટર્મ માટે ફરી એકવાર જંગી બહુમતીથી ચૂંટાઇ આવેલ છે.

સમાજની તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશનની સારી એવી સેવા કરતા શ્રી બી.કે. પટેલને શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના તથા મંગલ મંદિરના ખૂબ ખૂભ અભિનંદન.

શ્રી ભાઈલાલભાઇ અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાયેલ છે. ધરતીકંપ સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજની સાથે રહી, ખભેખભો મિલાવી જે દિન-રાત જોયા વગર કાર્ય કરેલ છે એ કાર્યને આજે ફરી બીરદાવવાનો મોકો મળેલ છે.

તેઓશ્રી વર્ષ ૨૦૦૬થી સંવેદના ફાઉન્ડેશન-યુ.એસ.એ. ની ભારતની શાખાના માનદ્ મંત્રી તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલ સી.એમ. પટેલ કૉલેજ ઓફ નર્સિંગમાં તેઓશ્રી કૉલેજની શરૂઆતથી જ અને તેના મકાનના બાંધકામના સમયથી જ પોતાની સેવાઓ આપી રહેલ છે. મિડવેસ્ટ, યુ.એસ.એ.ના ગુજરાત રીલીફ ફંડના માનદ્ મંત્રી તરીકે તેઓશ્રી વર્ષ ૨૦૦૧થી સેવાઓ આપી રહેલ છે. અનેક સ્થળે તેઓ લેક્ચર આપવા જાય છે. તેઓએ પોતાના અભ્યાસપ્રદ પેપર્સ પણ અનેક સ્થળે રજૂ કરેલ છે. તેઓશ્રી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના પણ એક સક્રિય સભ્ય છે.

તીવ્ર બુદ્ધિમત્તા ધરાવતા શ્રી ભાઈલાલભાઇ કચ્છમાં નખત્રાણા તાલુકાના, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી સાબરકાંઠા વડાલી કંપાના વતની છે અને હાલમાં અમદાવાદ ખાતે સ્થાયી થયેલ છે. તેઓએ વર્ષ ૧૯૮૦ માં બી.કે. પટેલ એન્ડ કંપનીની અમદાવાદ ખાતે શરૂ કરેલ. ખારઘર-મુંબઇ ખાતે વર્ષ ૨૦૦૭થી બ્રાંચ ઓફિસની શરૂઆત કરેલ હતી.

તેઓશ્રી ૧૯૯૫માં સી.એ. એસોસિએશન અમદાવાદના પ્રમુખપદે રહી ચૂકેલ છે.

વર્ષ ૧૯૯૬માં વેસ્ટર્ન ઇન્ડિયા રીજિયોનલ કાઉન્સિલના અમદાવાદ બ્રાંચના ચેરમેન તરીકે સેવા આપેલ હતી.

વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ, અમદાવાદ શાખાના પ્રમુખપદે રહી ચૂકેલ છે. વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૦૫ દરમ્યાન ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ ટેક્ષ પ્રેકટીશનર્સની નેશનલ એક્ઝીક્યુટીવ કમિટીના સભ્ય તરીકે રહી ચૂકેલ છે. વર્ષ ૨૦૦૬થી વેસ્ટર્ન ઇન્ડિયા રીજિયોનલ કાઉન્સિલના મેમ્બર તરીકે બિરાજમાન છે,

વયમાં યુવાન અને ખૂબજ પ્રભાવશાળી અવાજ ધરાવતા શ્રી ભાઈલાલભાઇ આવતા વર્ષો સુધી સમાજની સેવા જારી રાખે તેવી શુભેચ્છા સાથે તેમને ખૂબ ખૂબ અભિનંદન.

*વધુ આપવામાં નહિ, સમજથી આપવામાં ઉદારતા છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ડિસેમ્બર-૨૦૦૯/જાન્યુઆરી-૨૦૧૦

- **શુક્રવાર, તા. ૨૫-૧૨-૨૦૦૯**

☆ શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, આવાસ યોજનાના આગોતરા આમંત્રણ આપવા માટે તથા આવાસ યોજના માટે ડોનેશન્સ એકત્રિત કરવા આજે રાત્રે મુંબઇ તરફ ગયેલ હતા.

- **શનિવાર, તા. ૨૬-૧૨-૨૦૦૯**

☆ શ્રી પ્રતાપભાઇ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ આજે મુંબઇમાં ગોરેગાંવમાં ભરાયેલ 'જીતો'ની કોન્ફરન્સમાં ભાગ લીધેલ હતો. ત્યારબાદ તેઓએ મુંબઇમાં શ્રી કીર્તિ પદમશી લોડાયા, શ્રી નયન ભેદા, શ્રી ટોકરશી આણંદજી લાલકા તથા શ્રી રમેશ ત્રીકમજી સોનીને મળી તા. ૨૬-૧-૨૦૧૦ના અમદાવાદ પધારવા તેઓશ્રીને આમંત્રિત કરેલ હતા.

- **રવિવાર, તા. ૨૭-૧૨-૨૦૦૯**

☆ આજ રોજ શ્રી પ્રતાપભાઇ દંડ તથા શ્રી શાંતિલાલ મૂળજી સાવલાએ મુંબઇ ખાતે શ્રી રાયચંદ હંસરાજ ધરમશીનો સંપર્ક સાધી તેઓને અમદાવાદ પધારવા આમંત્રિત કરેલ હતા.

- **સોમવાર, તા. ૨૮-૧૨-૨૦૦૯**

☆ સંસ્થાના ત્રણે મકાન પર ફરજ પરનો સ્ટાફ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવે તે માટેની સમજ આપવા આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ત્રણે ભવનના ક્લેરિકલ સ્ટાફ, હાઉસકીપર, એકાઉન્ટન્ટ વગેરેને એકત્રિત કરવામાં આવેલ હતા અને તેઓ સાથે દરેકની ફરજો વિશે વિગતવાર સમજ આપવામાં આવેલ હતી. આ પ્રસંગે શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નવીન વેરશી હરિયા, શ્રી કે.ડી. શાહ, શ્રી ર. કું. ગોસર, શ્રી અશોક ત્રિવેદી તથા શ્રી પરાશર વ્યાસ ઉપસ્થિત રહેલ હતા.

- **મંગળવાર, તા. ૨૯-૧૨-૨૦૦૯**

☆ આજ રોજ શ્રી પ્રતાપભાઇ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ મુંબઇ ખાતે શ્રી પ્રવીણ જખુભાઇ નંદુ, શ્રી નરેન્દ્ર શામજી દંડ, શ્રી નયન ભેદા, શ્રી અશોક કુંવરજી શાહ તથા શ્રી વિશનજીભાઇ સાવલાનો સંપર્ક સાધી તેઓને તા. ૨૬-૧ ના અમદાવાદ પધારવા આમંત્રિત કરેલ હતા.

☆ આજ રોજ અમદાવાદમાં શ્રી મનહરલાલ વિશનજી વીસરિયાની રૂબરૂ મુલાકાતે શ્રી રમણિક કુંવરજી ગોસર, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રજનીકાંત ધરમશી પારેખ આવાસ યોજનાના ડોનેશન્સ માટે ગયેલ હતા. શુભેચ્છક દાતા તરીકે શ્રી મનહરલાલભાઇએ પોતાનું નામ નોંધાવેલ હતું.

- **બુધવાર, તા. ૩૦-૧૨-૨૦૦૯**

☆ આજ રોજ મુંબઇમાં શ્રી પ્રતાપભાઇ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ શ્રી વીરચંદ પ્રેમજી ગાલા, શ્રી પારસ બાબરિયા, શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, શ્રી નાગજી શિવજી ગડા, શ્રી શામજી ટોકરશી વોરા તથા શ્રી કેશવજી ઉંમરશી છાડવાની રૂબરૂ મુલાકાત લઇ તેઓને તા. ૨૬-૧-૧૦ના અમદાવાદ પધારવા આમંત્રિત કરેલ હતા તથા આવાસ યોજના અંગેના જરૂરી ડોનેશન્સ બાબત અપીલ પણ કરેલ હતી.

તેઓએ ફોન દ્વારા શ્રી દામજીભાઇ એન્કરવાલા, શ્રી મણિલાલ નાનજી છેડા, શ્રી જયેશ જૈન, શ્રી વલ્લભજી ભાણજી ગડા, શ્રી રમણિક છગનલાલ દેઢિયા, શ્રી રસિકલાલ નાનજી શાહ તથા શ્રી વિશનજી હરશી ગાલાનો સંપર્ક સાંધેલ હતો.

☆ આજ રોજ અમદાવાદ ખાતે શ્રી હીરજી પાસુ શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી કાંતિલાલભાઇ ફુરિયાની, આવાસ યોજનામાં સહકાર મેળવવા અંગે રૂબરૂ મુલાકાત લીધેલ હતી.

- **ગુરુવાર, તા. ૩૧-૧૨-૨૦૦૯**

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક પ્રકારના સ્ટાફ સાથે તેઓની ફરજ વગેરે અંગે ચર્ચા કરવાના અનુસંધાને આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી અશોક ત્રિવેદી તથા શ્રી પરાશર વ્યાસ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ગયેલ હતા અને ત્યાંના પટાવાળા, ઝાડુવાળા વગેરે સાથે એક સંયુક્ત મિટિંગ ગોઠવી, તેઓના કાર્યો અંગે વિવિધ ચર્ચા કરેલ હતી.

☆ આજ રોજ બાળકલ્યાણ સમિતિના સભ્યોની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન ખાતે મળેલ હતી કે જેમાં શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, શ્રી પોપટલાલ નેણશી ધરોડ તથા શ્રીમતી સુલુબહેન શાહ ઉપસ્થિત રહેલ હતા અને પોતાની સમિતિના કાર્યો બાબતે વિગતે ચર્ચા કરેલ હતી.

- **શુક્રવાર, તા. ૧-૧-૨૦૧૦**

☆ આજ રોજ એકાઉન્ટ સમિતિના સભ્યોની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે મળેલ હતી કે જેમાં શ્રી મગનભાઇ સંઘવી, શ્રી હસમુખભાઇ ખાંડવાલા, શ્રી કે.ડી.શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં ત્રણે ભવનના ઓક્ટોબર-૨૦૦૯ સુધીના

*સુખથી કદી કોઈને સંતોષ થવાનો નથી.*

હિસાબોની રજૂઆત કરવામાં આવેલ હતી અને તેના પર વિગતે ચર્ચા પણ કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૨-૧-૨૦૧૦**

☆ આજે બપોર પછી શ્રી કચ્છી જૈન ભવન પર આવાસ યોજના સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી હસમુખભાઇ ખાંડવાલા ઉપસ્થિત રહેલ હતા. તેઓએ 'આવાસ યોજના' સાઇટની પણ મુલાકાત લીધેલ હતી. તા. ૨૬-૧-૧૦ના ઉદ્‌ઘાટનના અનુસંધાને હજુ સાઇટ પર ઘણું જ કામ બાકી છે અને તે અંગે જરૂરી પગલાં લેવા ચર્ચા-વિચારણ કરવામાં આવેલ હતી.

☆ આજ રોજ રાત્રે શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપ દંડ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની ઇતિહાસ આલેખન અંગેની મિટિંગ તથા આવાસ યોજનાના ઉદ્‌ઘાટન સમારોહના આગોતરા આમંત્રણ આપવા ભુજ ગયેલ હતા.

- **રવિવાર, તા. ૩-૧-૨૦૧૦**

☆ આજ રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપ દંડ કચ્છ યુનિવર્સિટી, ભુજ ખાતે મળેલ કચ્છના ઇતિહાસ આલેખન અંગેના લેખકોની સંયુક્ત મિટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. લગભગ ૩૦ લેખકો ઉપસ્થિત રહેલ હતા. તા. ૨૮-૨-૨૦૧૦ સુધીમાં ઇતિહાસ આલેખનનું કાર્ય પૂરું કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. જરૂરિયાત મુજબ નવા વિષયો તથા નવા લેખકો પણ નક્કી કરવામાં આવેલ હતા.

☆ ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી આયોજિત "વિજ્ઞાનના વિકાસ સાથે સંસ્કૃતિનો વિકાસ" વિષય પર ભુજના ટાઉન હોલ ખાતે યોજાયેલ સેમિનારમાં શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપ દંડ ઉપસ્થિત રહેલ હતા.

- **સોમવાર, તા. ૪-૧-૨૦૧૦**

☆ આજ રોજ ભુજ ખાતે શ્રી અશોકભાઇ મહેતા તથા શ્રી પ્રતાપભાઇ દંડે હરીશ પી. નાગડાની ટીસ્યુ કલ્ચર લેબોરેટરીની મુલાકાત લીધેલ હતી. આવાસ યોજનાના ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહેવા તથા આ યોજનામાં સહકાર આપવા શ્રી હરીશભાઇને વિનંતી કરવામાં આવેલ હતી.

☆ આજ રોજ લેબર સલાહકાર શ્રી અશોકભાઇ શુકલ સાથે શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકભાઇ કુંવરજી ગોસરે શ્રી કચ્છી જૈન ભવન ખાતે મિટિંગ કરેલ હતી.

- **મંગળવાર, તા. ૫-૧-૨૦૧૦**

☆ શ્રી અશોકભાઇ મહેતા તથા શ્રી પ્રતાપભાઇ દંડે ભુજ ખાતે શ્રી તારાચંદભાઇ છેડા, શ્રી રાજેન્દ્ર વી. શાહ, શ્રી મનીષ એસ. શાહ (મોરબિયા), શ્રી કમલેશ પી. સંઘવી, શ્રી સી.ડી. મહેતા, શ્રી ભરત એ. મહેતા તથા શ્રી વીરેન ધીરુભાઇ શાહની મુલાકાત લઇ આવાસ યોજનાના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેવા તેઓ દરેકને આમંત્રિત કરેલ હતા. શ્રી તારાચંદભાઇ છેડાએ અમદાવાદની આવાસ યોજનામાં એક કુટુંબને દત્તક લેવાની જવાબદારી સ્વીકારેલ હતી. શ્રી ભદ્રેશ ટી. શાહ તથા શ્રી ચિરાગ કે. શાહનો સંપર્ક સાંધી શકાયેલ ન હતો.

- **ગુરુવાર, તા. ૭-૧-૨૦૧૦**

☆ આજ રોજ આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠે આવાસ સાઇટ મુલાકાત લીધેલ હતી. એ સમયે શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી હસમુખભાઇ ખાંડવાલા ઉપસ્થિત રહેલ હતા. શ્રી મુકુલભાઇ શેઠે કેટલાક જરૂરી સૂચનો કરેલ હતા. જરૂરી નિર્ણયો પણ લેવામાં આવેલ હતા.

☆ આજ રોજ સવારમાં આવાસ યોજના માટે નવા-જૂના મળીને ૧૧ લાભાર્થીને બોલાવવામાં આવેલ હતા. આ ૧૧ લાભાર્થીઓમાંથી ૧૦ લાભાર્થી ઉપસ્થિત રહેલ હતા કે જેમાંથી ટોટલ ૩ લાભાર્થીને મકાન ફાળવવામાં આવેલ હતાં. આ સાથે અત્યાર સુધી ટોટલ ૩૩ લાભાર્થીને મકાન ફળવાઇ ગયેલ છે. આ સમયે શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પ્રતાપભાઇ દંડ, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર ઉપસ્થિત રહેલ હતા.

- **શુક્રવાર, તા. ૮-૧-૨૦૧૦**

☆ આજ રોજ વયસ્ક સમિતિના નેજા હેઠળ એક પિકનિક ટૂર તેમજ તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૬૦ જેટલા વયસ્કોએ ભાગ લીધેલ હતો. વયસ્કોને લઇ શ્રી કચ્છી જૈન ભવન પરથી બસ સવારમાં ૭.૩૦ કલાકે ઉપડેલ કે જે અમદાવાદ-મોઢેરા સૂર્યમંદિર-રાંતેજ તીર્થ-શંખેશ્વર થઇ રાત્રે ૧૧.૦૦ વાગ્યે આ બસ અમદાવાદ પરત આવેલ હતી. શ્રી રજનીકાંત પારેખ, શ્રી રમણિકભાઇ ગોસર તથા શ્રી કે.ડી. શાહે સંપૂર્ણ જવાબદારી સ્વીકારેલ હતી.

- **રવિવાર, તા. ૧૦-૧-૨૦૧૦**

☆ વર્ષ ૨૦૦૯ દરમ્યાન, સમાજના સભ્ય પરિવારના અવસાન પામેલ ૨૪ સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પવા, શ્રી કચ્છી જૈન ભવન પર એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ સમાજ તરફથી યોજવામાં આવેલ હતો કે જ્યારે સમાજના ૨૫૦ થી ૩૦૦ જેટલા કુટુંબીજનો ઉપસ્થિત રહેલ હતા. આ સમયે સમગ્ર સભાગૃહનું વાતાવરણ ભક્તિમય બની ગયેલ હતું.

- **સોમવાર, તા. ૧૧-૧-૨૦૧૦**

☆ શ્રી કચ્છી જૈન ભવન પર આજ રોજ સામાજિક સુરક્ષા સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી મગનલાલભાઇ સંઘવી, શ્રી મહેન્દ્રભાઇ વસા, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા. આવેલ અરજીઓ બાબત જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ આજે રાત્રે આવાસ યોજના સમારોહના રૂબરૂ આમંત્રણ આપવા શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ તથા શ્રી હીરજી પાસુ શાહ મુંબઇ જવા નીકળેલ હતા.

*સદ્‌ભાગ્યના સર્જકોને ઓળખો છો? એનું નામ છે ઉમંગ.*

• **મંગળવાર, તા. ૧૨-૧-૨૦૧૦**

☆ આજ રોજ મુંબઇ ગયેલ ટીમે શ્રી મહેશ પીતાંબર શાહ, શ્રી વીરચંદભાઇ ગાલા, શ્રી ધનજીભાઇ ગેલાભાઇ ગાલા, શ્રી રજનીકાંતભાઇ રવિલાલ દોશી, શ્રી જગશી જેઠાભાઇ છેડા, શ્રી હિતેનભાઇ હીરજી ગાલા, શ્રી જયેશભાઇ ભાગચંદ જૈન તથા શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીની રૂબરૂ મુલાકાત લઇ તેઓને તા. ૨૬-૧-૨૦૧૦ના આવાસ યોજનાના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવેલ હતા.

☆ શ્રી નયન ભેદા, શ્રી દામજીભાઇ એંકરવાલા, શ્રી રમેશભાઇ ધરોડ તથા શ્રી નવીનભાઇ ઉમરશી સાથે ફોન પર વાત કરી તેઓને આમંત્રિત કરવામાં આવેલ હતા.

• **બુધવાર તા. ૧૩-૧-૨૦૧૦**

☆ મુંબઇ ગયેલ ટીમે આજ રોજ શ્રી રમણિકભાઇ ધનજી હરિયા, શ્રીમતી મંજુલાબહેન મણિલાલ વોરા, શ્રી નાગજીભાઇ (નાના ભાડિયા), શ્રી હીતેન હીરજી જેઠાભાઇ (જયોતિ કેટરર્સ), શ્રી નરેન્દ્રભાઇ મૂલજી, શ્રી શાંતિલાલ દેવજી ગડા, શ્રી ટોકરશી શિવજી સાવલાની રૂબરૂ મુલાકાત લઇ તેઓને તા. ૨૬-૧ના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરેલ હતા.

☆ આજે બુધવાર હોવાથી સાયન ખાતે કચ્છી જૈન ફાઉન્ડેશન્સની ઓફિસે જઇ શ્રી શામજીભાઇ ટોકરશી વોરા, શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરી, શ્રી દીપકભાઇ ભેદા, શ્રી મહેન્દ્રભાઇ સંગોઇ, શ્રી વસંત હરસી ગલિયા, શ્રી હરેશભાઇ છેડા, શ્રી અનિલભાઇ ગાલા, શ્રી ભરતભાઇ મોરારજી શાહ વગેરેને રૂબરૂ મળી તા. ૨૬-૧ના સમારંભમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરેલ હતા.

☆ રાત્રે પારસભાઇ બાબરિયાને મળી, અતિથિ ભવનના બાંધકામના ડેવલપમેન્ટ અંગેના સમાચાર મેળવેલ હતા.

• **બુધવાર, તા. ૧૩-૧-૨૦૧૦**

☆ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર ખરીદ સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઇ ગોસર તથા શ્રી રજનીકાંતભાઇ પારેખ ઉપસ્થિત રહેલ હતા. ત્રણેય ભવનની રૂમો માટે નવી ચાદરો ખરીદવા તથા ત્રણેય ભવનના ટી.વી. માટે રિમોટ કંટ્રોલ ખરીદવા વગેરે અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા

• **ગુરુવાર, તા. ૧૪-૧-૨૦૧૦**

☆ આજ રોજ અમદાવાદથી શ્રી કાંતિલાલ વેલજી સાવલા મુંબઇ આવી જતા, તેઓ પણ મુંબઇની ટીમમાં જોડાયેલ હતા.

☆ મુંબઇ ગયેલ ટીમે શ્રી ભૂપેન છેડા, શ્રી ગુણવંત મગનલાલ શાહ, શ્રી અમરચંદભાઇ ગાલા, શ્રી ડુંગરશીભાઇ ગાલા, શ્રી રવિલાલ દેવરાજ દેઢિયા, શ્રી પારસ પદમશી મૈશેરી તથા ચેંબુરમાં શ્રી સી.એમ. શાહને રૂબરૂ મળી આમંત્રિત કરેલ હતા.

• **શુક્રવાર, તા. ૧૫-૧-૨૦૧૦**

☆ મુંબઇ ગયેલ ટીમ આજરોજ અમદાવાદ પરત ફરેલ હતી.

• **શનિવાર, તા. ૧૬-૧-૨૦૧૦**

☆ આજ રોજ સવારમાં શ્રી અશોક મહેતા, શ્રી કે.આર. શાહ, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી દર્શિત કે. શાહ રાજકોટ શ્રી હિમાંશુ જાદવજી શેઠિયાને તા. ૨૬-૧-ના સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવા ગયેલ હતા. શક્ય હશે તો તેઓના જણાવ્યા પ્રમાણે તા. ૨૬-૧-ના ઉપસ્થિત રહેશે. તેમણે એક કુટુંબને દત્તક લેવા સહમતિ આપેલ હતી.

• **સોમવાર, તા. ૧૮-૧-૨૦૧૦**

☆ આજે સવારમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી નવીન વેરશી હરિયા, શ્રી ર.કું. ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી કિશોરભાઇ લાલકા, શ્રી આણંદજીભાઇ વીરા વગેરે શ્રી સમીરભાઇ (શણગાર ડેકોરેટર્સ) સાથે આવાસ યોજના સાઇટ પર ગયેલ હતા. તા. ૨૬-૧ના કાર્યક્રમ માટે મંડપ વગેરે બાંધવા અંગે ચર્ચા-વિચારણા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

• **મંગળવાર, તા. ૧૯-૧-૨૦૧૦**

☆ આજે સવારમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી પ્રતાપભાઇ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતા અને આવાસ યોજનાના બાકી રહેતા કામ અંગે તથા તા. ૨૬-૧ ના ઉદ્‌ઘાટન સમારોહ અંગે જરૂરી નિર્ણયો લીધેલ હતા તથા પ્લાનિંગ અંગે ચર્ચા કરેલ હતી.

☆ આજે બપોરના શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા તથા શ્રી પ્રતાપભાઇ દંડ નવનીત પબ્લિકેશન્સમાં તા. ૨૬-૧નું આમંત્રણ આપવા રૂબરૂ ગયેલ હતા. શ્રી છોટુભાઇ, શ્રી રાજુભાઇ, શ્રી કલ્પેશભાઇ તથા શ્રી નવીનભાઇને રૂબરૂ મળી તેઓ સાથે મિટિંગનું એક આયોજન ગોઠવેલ હતું. આ મિટિંગમાં અત્યાર સુધી થયેલ કાર્યવાહીની રૂપરેખા રજૂ કરવામાં આવેલ હતી. આવેલ ડોનેશન-ઓફર અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. તા. ૨૬-૧ ના કાર્યક્રમનું સૌજન્ય નવનીત પબ્લિકેશન્સનું રહેશે તેવું પણ નક્કી કરવામાં આવેલ હતું.

☆ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી શાંતિભાઇ ગાલા તથા શ્રી નવીનભાઇ પોલડિયાએ ત્યારબાદ આવાસ યોજના સાઇટ પર જઇ, થયેલ કામનું નિરીક્ષણ કરેલ હતું. ભવન પર લગાવેલ તકતીઓનું પણ નિરીક્ષણ કરેલ હતું. તા. ૨૬-૧ ના કાર્યક્રમના સમયે બાંધવામાં આવનાર મંડપ વગેરે અંગે પણ વિગતવાર ચર્ચા કરેલ હતી.

☆ આજ રોજ બપોરના મેડિકલ સેન્ટર માટે ડૉક્ટરોના ઇન્ટરવ્યૂ લેવામાં આવેલ હતા. આ સમયે ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશ્વિન સાવલા ઉપસ્થિત રહેલ હતા.

☆ આજે રાત્રે જમણવાર સમિતિની એક

*ચિત્તની એકાગ્રતા એ યોગનો અંત નહિ, આરંભ છે.*

મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી કિશોરભાઇ લાલકા, શ્રી સંદીપ મહેતા, શ્રીમતી જીગીષા મહેતા, શ્રી નવીન લાલકા, શ્રી કલ્યાણજીભાઇ રાંભિયા, શ્રી પીયૂષ પારેખ તથા ડૉ. કેતન શાહ ઉપસ્થિત રહેલ હતા. તા. ૨૬-૧ ના બપોરના જમણવાર અંગે ચર્ચા કરી, જરૂરી મેનુ વગેરે નક્કી કરવામાં આવેલ હતા.

☆ આવાસ યોજના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવા આજ રોજ શ્રી હીરજી પાસુ શાહ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કું. ગોસર પ્રથમ વડોદરા ગયેલ હતા. ત્યાં તેઓએ શ્રી. ક.વી.ઓ. તથા શ્રી ક.દ.ઓ. અચલગચ્છ જૈન સંઘના આગેવાનોને રૂબરૂ મળી આમંત્રિત કરેલ હતા. શ્રી જવાહરલાલ છગનલાલ શાહને પણ રૂબરૂ મળેલ હતા. ત્યારબાદ તેઓએ સુરત જઇ શ્રી મનસુખભાઇ તથા શ્રી જયેશભાઇ વીસરિયા તથા શ્રી ભાવેશ ભેદા, શ્રી જગદીશ શાહ તેમજ વાગડ સાત ચોવીસી સમાજ તથા વાગડ બે ચોવીસી સમાજના ભાઇઓને રૂબરૂ મળી આમંત્રણ આપેલ હતા.

- **બુધવાર, તા. ૨૦-૧-૨૦૧૦**

☆ આજ રોજ સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ શ્રી ઉમેશભાઇ લવીંગિયાએ આવાસ યોજના સાઇટની મુલાકાત લીધેલ હતી કે જ્યારે શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી હસમુખભાઇ ખાંડવાલા તેમની સાથે રહેલ હતા. શ્રી ઉમેશભાઇ લવીંગિયાએ થયેલ બાંધકામ બાબત સંતોષ વ્યક્ત કરેલ હતો.

☆ આજે સવારમાં તા. ૨૬-૧ના ઉદ્‌ઘાટન સમારોહના સમયે જોઇતા વૉલન્ટિયર્સ અંગે સંકલ્પના પ્રમુખ શ્રી કેતન લોડાયા તથા મંત્રી શ્રીમતી સ્મિતા શાહ સાથે એક જરૂરી મિટિંગ કરી શ્રી અશોકભાઇ મહેતાએ વિગતવાર સમજ આપેલ હતી.

☆ આજે રાત્રે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઇ સાવલા તથા શ્રી હસમુખભાઇ ખાંડવાલા શ્રી કમલેશ મનુભાઇ શાહ પાસેથી આવાસ યોજના માટે જરૂરી સાથ સહકાર મેળવવા રૂબરૂ ગયેલ હતા.

☆ વડોદરા-સુરત ગયેલ શ્રી હીરજી પાસુ શાહ વગેરે આજે સુરતથી પાછા આવતા અંકલેશ્વરમાં શ્રી હરખચંદભાઇ, શ્રી દીપકભાઇ તથા શ્રી ક.દ.ઓ. સંઘના ભાઇઓને રૂબરૂ આમંત્રણ આપેલ હતા. તેઓએ નવસારી, વલસાડ તથા વાપીના ભાઇઓને ફોન દ્વારા આમંત્રણ આપેલ હતા.

- **ગુરુવાર, તા. ૨૧-૧-૨૦૧૦**

☆ આજે રાત્રે ૮.૦૦ વાગ્યે ટ્રસ્ટ મંડળની મિટિંગ મળેલ હતી. અંદાજિત ૧૪ ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેલ હતા. મુખ્ય એજન્ડા આવાસ યોજના અને તેના ઉદ્‌ઘાટનને લગતો રહેવા પામેલ. અત્યાર સુધી આવેલ ડોનેશન્સની ઓફરનો સ્વીકાર કરવામાં આવેલ. બાકી રહેતા નકરાઓની ચર્ચા કરવામાં આવી. ગૃહઉદ્યોગ તથા લિફ્ટના નકરા નક્કી કરવામાં આવ્યા. ગૃહઉદ્યોગ માટે બે ફ્લેટ ફાળવવા, તેવું નક્કી કરવામાં આવ્યું. બે ફ્લેટ માત્ર રહેવા માટે લાભાર્થીને આપવા તેની મંજૂરી આપવામાં આવી. અત્યાર સુધી ઉપરોક્ત બે સિવાય અન્ય ફાળવાયેલ ૩૨ ફ્લેટની મંજૂરી આપવામાં આવી. ડ્રો પદ્ધતિથી ફ્લેટની ફાળવણી સમારંભના સમયે કરવાનું નક્કી કરવામાં આવ્યું. ગૃહઉદ્યોગ માટે તાલીમવર્ગ શરૂ કરવા મંજૂરી આપવામાં આવી. ઉદ્‌ઘાટનના સમયે નવા પ્રોજેક્ટ (ગર્લ્સ હોસ્ટેલ)ના નકરાની સ્કીમ તરતી ના મૂકવી પરંતુ માત્ર નવા પ્રોજેક્ટની વિગતો જણાવી શકાય, તેવું નક્કી કરવામાં આવ્યું.

- **શુક્રવાર, તા. ૨૨-૧-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર મણિનગર જઇ ત્યાં શ્રી કમલેશભાઇ બાબુલાલ શાહ (સમ્રાટ સ્ટોર્સ), શ્રી બાબુભાઇ શાહ (રામાણિયાવાળા), શ્રી હરખચંદભાઇ (બીના મેડિકલ સ્ટોર્સ), શ્રી વિજયભાઇ ભવાનજી, (વિજય સ્ટોર્સ) શ્રી જિતેન્દ્રભાઇ દામજી (સહકાર સ્ટોર્સ) તથા શ્રી નલિનભાઇ મગનલાલ (અરિહંત સ્ટોર્સ) ને રૂબરૂ મળી આવાસ યોજનામાં આર્થિક સહકાર આપવા અપીલ કરેલ હતી.

- **શનિવાર, તા. ૨૩-૧-૨૦૧૦**

☆ આજરોજ શ્રી હીરજી પાસુ શાહ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર પ્રથમ શ્રી કાંતિભાઇ વિશનજી લાપસિયા (દિલીપ સ્ટોર્સ)ને રૂબરૂ મળેલ હતા. ત્યારબાદ તેઓએ શ્રી પ્રેમભાઇ પાસુભાઇ, શ્રી અનિલભાઇ પાસુભાઇ તથા શ્રી ભરતભાઇ ભાણજી ગાલાની રૂબરૂ મુલાકાત લઇ આવાસ યોજનામાં આર્થિક સહયોગ આપવા વિનંતી કરેલ હતી.

- **રવિવાર, તા. ૨૪-૧-૨૦૧૦**

☆ આવાસ યોજના-ઉદ્‌ઘાટન સમારોહમાં ભાગ લેવા શ્રી વિશનજી હરશી ગાલા તથા શ્રીમતી તારાબહેન વિશનજી ગાલા મુંબઇથી શ્રી કચ્છી જૈન ભવન પર આવી ગયેલ હતા.

☆ આજે 'ભક્તિ મંડળ' દ્વારા આવાસ યોજનાના ફ્લેટમાં વાસ્તુપૂજા ભણાવવામાં આવેલ હતી. સાથે સાથે આવાસ યોજનાના લાભાર્થીઓને પણ પૂજામાં બોલાવવામાં આવેલ હતા. પૂજામાં ઉપસ્થિત સહુને તથા આણંદજી કલ્યાણજી કમ્પાઉન્ડના ૧૨૦ જેટલા જૈન રહીશોના પરિવારમાં આવાસ યોજના ઉદ્‌ઘાટન સમારંભ નિમિત્તે ૦ાા -૦ાા કિલો બુંદીના લાડુ રૂબરૂ જઇને પહોંચાડવામાં આવેલ હતા.

☆ આજ રોજ આવાસ યોજનાના બધાજ લાભાર્થી ભાઇઓને સવારમાં ૧૧.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર બોલાવી તેઓને જે ફ્લેટસો ફાળવવામાં આવી રહેલ છે તેની શરતો વગેરે રૂબરૂમાં સમજાવવામાં આવેલ હતી. આ સમયે ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઇ સાવલા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

*યોગ્યતા કે પાત્રતા પામ્યા વગર મળેલું અમૃત પણ ઝેરની ગરજ સારે છે.*

- **સોમવાર, તા. ૨૫-૧-૨૦૧૦**

☆ આજે બપોરના આવાસ યોજના કાર્યક્રમના ઉદ્બોધક શ્રી ગુલાબ દેઢિયા મુંબઈથી શ્રી કચ્છી જૈન ભવન પર આવી ગયેલ હતા. આજે સાંજના આવાસ યોજનાના મુખ્ય દાતાશ્રી અમરચંદભાઈ ગાલા પણ મુંબઈથી અમદાવાદ પહોંચી આવેલ હતા.

- **મંગળવાર, તા. ૨૬-૧-૨૦૧૦**

☆ આજ રોજ કચ્છથી શ્રી રમણિકલાલ છ. દેઢિયા, શ્રી કેશવજી પદમશી ગોગરી, શ્રી અરવિંદભાઈ તથા શ્રી મહેન્દ્ર ગઢવી (ભુજપુર ગ્રામ પંચાયતના સરપંચ) તથા શ્રી મહેન્દ્રભાઈ સંઘોઈ, શ્રી બંસીલાલ ગડા તથા શ્રીમતી રસીલાબહેન અમદાવાદમાં આવી ગયેલ હતા.

દુબઈથી શ્રી નયન ભેદા પધારેલ હતા.

શ્રી પારસ બાબરિયા, શ્રી પંકજ બાબરિયા, શ્રી વીરચંદભાઈ ગાલા તથા શ્રી શાંતિલાલભાઈ શાહ મુંબઈથી આવી ગયેલ હતા.

શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી દીપકભાઈ ભેદા તથા શ્રી જયેશભાઈ જૈન સવારના વહેલી ફ્લાઈટમાં આવી ગયેલ હતા.

શ્રી જગશીભાઈ જે. છેડા પણ સમયસર મુંબઈથી આવી ગયેલ હતા.

શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી રમેશ હીરજી ધરોડ તથા શ્રી વલ્લભજીભાઈ ભાણજી ગડા પણ અન્ય ફ્લાઈટ દ્વારા સમયસર આવી ગયેલ હતા.

શ્રી ભૂપેન છેડા મુંબઈથી ગાડી લઈને ડાયરેક્ટ ઉદ્ઘાટન સ્થળે પહોંચી આવેલ હતા. બરાબર સવારમાં ૯.૦૦ વાગ્યે આવાસ યોજના સાઈટ પર ધ્વજવંદન કરવામાં આવેલ.

ત્યારબાદ નવનીત ભવનનું ઉદ્ઘાટન, વિવિધ તકતીઓના ઉદ્ઘાટન તથા લિફ્ટનું ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું.

સવારમાં ૯.૪૫ વાગે ઉદ્ઘાટન સમારંભ શરૂ કરવામાં આવેલ હતો. સમારંભ પ્રમુખ તરીકે શ્રી રમેશભાઈ હીરજી ધરોડ બિરાજમાન હતા. દીપ પ્રાગટ્ય શ્રી અમરચંદભાઈ ગાલાના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું.

સહુ મહેમાનોને સ્ટેજ પર આમંત્રિત કરવામાં આવેલ હતા.

આ સમારંભ દરમ્યાન બાકી રહેતા નકરાઓના દાતાઓના નામો જાહેર કરવામાં આવેલ હતા અને આવાસ યોજનાના નકરાઓ પૂરા થયેલ જાહેર કરવામાં આવેલ હતા. આવાસ યોજનાના બાકી રહેતા નકરાઓ પૂરા કરાવવામાં શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા તથા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તેને પરિપૂર્ણ કરાવેલ હતા. સમારંભની પૂર્ણાહૂતિ બાદ સમૂહ ભોજનની મજા માણી સહુ છૂટા પડ્યા હતા.

☆ આજે બપોર બાદ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી હરખચંદ સાવલા, શ્રી મહેન્દ્રભાઈ સંઘોઈ, શ્રી બંસીલાલ મગનલાલ ગડા વગેરે એકત્રિત થયેલ હતા અને ગર્લ્સ હોસ્ટેલ અંગે પ્રાથમિક ચર્ચા કરી તેના ફંડ કલેક્શનના આયોજનો વિચારેલ હતા. ■

## સાભાર સ્વીકાર

*__ચિ.જ્યોમ__ ની તા. ૨૩-૧૦-૨૦૦૯ના રોજ યોજેલ સગાઈ નિમિત્તે __શ્રી મહેશ કલ્યાણજી શાહ__ તરફથી મંગલ મંદિરને રૂા. ૧૦૦૧/-ની સપ્રેમ ભેટ મળેલ છે.*

*સમાજે ઉપરોક્ત ભેટનો સાભાર સ્વીકાર કરેલ છે.*

## ઊલટાવાનો અનુભવ

માણસ જે-જે કાર્ય કરે છે તેમાંથી તેને આનંદ અથવા અજંપો મળે છે પણ અહીં કેટલાક એવા કાર્યો દર્શાવ્યા છે જે કાર્યોના શબ્દો ઊલટાવી નાખવાથી મહત્તમ લાભ થાય છે.

પ્રભુની દયા મેળવવાની દરેકની ઝંખના હોય છે અને **દયા** મેળવવી હોય તો **દયા** શબ્દને ઊલટાવી નાખો. "જે પ્રભુને **યાદ** કરે છે, તેનું સ્મરણ કરે છે તે તેની દયા અવશ્ય મેળવી શકે છે."

લોભને જીવનમાંથી દૂર કરવો હોય તો **લોભ** શબ્દને ઊલટાવી નાખો. "જે માણસ **ભલો** બને છે તે **લોભ**રૂપી લૂંટારાને હરાવી શકે છે."

માયારૂપી નર્તકીના મોહપાશમાંથી છૂટવું હોય-બચવું હોય તો **નર્તકી** શબ્દને ઊલટાવી નાખો. "જે વ્યક્તિ પ્રભુનું **કીર્તન** કરે છે તે માયાની મોહિનીમાં મોહાંધ બનતી નથી."

"**દવા**થી બચવા માટે દરેક પ્રકારના **વાદ** છોડી દો."

***- ગુલાબચંદ ધારશી રાંભિયા***

## ભગવાન ક્યાં છે?

શિષ્યે પૂછ્યું : "પરમાત્મા સર્વત્ર છે-તે સમજાતું નથી. શી રીતે સમજવું?

ત્યારે ગુરુ દાખલો આપી સમજાવવા લાગ્યા : "આ પાણી ભરેલા પ્યાલામાં થોડું મીઠું નાખ અને ઉપરથી પાણી ચાખી જો. કેવું લાગે છે?

"ખારું" શિષ્યે કહ્યું.

ગુરુએ વળી પૂછ્યું : "જરા વચ્ચેનું પાણી ચાખી જો તો?"

"એ ય ખારું લાગે છે."

પણ પાછું ગુરુએ કહ્યું, "હવે નીચેના ભાગનું પાણી ચાખી જો, કેવું લાગે છે?" એ ય ખારું લાગે છે. "ત્યારે ગુરુએ સમજાવ્યું : "જેમ પાણીમાં મીઠું દેખાતું નથી, પરંતુ એ ખારું લાગે છે એટલે એમાં મીઠું છે જ. એ જ રીતે ભગવાન પણ દેખાતા ન હોય તો પણ સર્વત્ર બિરાજમાન છે જ."

***સાભાર : 'પરિત્રાણ'***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

- ★ ઓસ્ટીઓઆર્થરાઈટીસ હોય તો વોકિંગ, પગની કસરત અને વજન ઘટાડવાથી ફાયદો થાય છે.
- ★ દારૂ પીવાવાળાને નાની વયે લીવરની તકલીફોની શક્યતા રહે છે.
- ★ હર્નિયા થાય તો શસ્ત્રક્રિયા અનિવાર્ય હોય છે.
- ★ લસણ એ હાર્ટના દર્દી માટે સારું કામ કરે છે.
- ★ દાંત સાફ કરવા ફ્લોસીંગ બ્રશ વધારે અસરકારક છે.

# ઉડતી નજરે....

## ડિસેમ્બર-૨૦૦૯ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કે જેમાંથી | **૯,૦૩૩** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ........ **૪૩૯** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૮૫** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ........ **૨૨** | |
| | (ગ) | સોનોગ્રાફી ........ **૪૯૦** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........ **૧૨** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ **૨૪૭** | |
| | (છ) | અન્ય ........ **૭,૭૩૮** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........**૮૦.૧૯%** | **૨,૬૫૯** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૧,૦૦૩** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ **૧૦૩.૧૭%** | |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૬૫૯** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........**૫૬.૭૦%** | |
| ૫. | | ડિસેમ્બર-૨૦૦૯ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | **૧૩,૩૫૪** |

## આમાંથી કંઇ બોધપાઠ લેશું ખરા?

અલ્યા ટોમી! તમને કૂતરાંઓને થયું છે શું, એ જ સમજાતું નથી. તમને ગધેડાં સાથે ફાવે, ડુક્કરો સાથે ફરવામાં તમને વાંધો નથી આવતો, વાંદરાઓ સાથે મજાક કરો, ભેંસ સાથેય તમે ફરો, બળદો સાથે બેસવામાં વાંધો નથી આવતો. માત્ર તમે તમારા જાત ભાઈઓ સાથે શાંતિથી રહી શકતા નથી. કારણ શું? સિંહે કૂતરાને ખખડાવી નાખ્યો.

રાજન્! કારણ આમ તો કાંઇ નથી પણ થોડાક વખત પહેલાં અમારી જમાતના પાંચેક સભ્યો શહેરમાં જઇને માણસો સાથે રહી આવ્યા છે. આ તો સત્સંગની અસર એમને થઇ અને એમની અસર અમને થઇ હોય!

*– અમૃતલાલ નાનજી માલદે*

## કહેવાય છે કે....

| | |
|---|---|
| બત્રીસ દાંતવાળો | પુરુષ રાજા |
| એકત્રીસ દાંતવાળો | નસીબદાર |
| ત્રીસ દાંતવાળો | વૈભવશાળી |
| ઓગણત્રીસ દાંતવાળો | ઉપાધિવાળો |
| અઠ્ઠાવીસ દાંતવાળો | સંતોષી |
| લુખ્ખા અને વિકૃત દાંતવાળો | સુખી નથી |
| દાડમ જેવા દાંતવાળો | સરલ |
| મોટા દાંતવાળો | વિદ્વાન |
| જોડાયેલા દાંતવાળો | શુભ સૂચવે છે. |
| પશુ જેવા દાંતવાળો | ક્ષુધાનું દુઃખ અનુભવે. |

*– અમૃતલાલ નાનજી માલદે*